# સ્વાધ્યાયનું અજવાળું

ભારતના સંવિધાનના સર્જક, ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની પાવન સ્મૃતિમાં ગરવા ગુજરાતમાં, ગુજરાત સરકારશ્રીએ ઈ.સ. ૧૯૯૪માં યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન અને ડિસ્ટન્સ એજ્યુકેશન કાઉન્સિલની માન્યતા મેળવી અમદાવાદમાં ગુજરાતના એક માત્ર મુક્ત વિશ્વવિદ્યાલય **ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી**ની સ્થાપના કરી છે.

ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મજયંતીના અવસરે જ ગુજરાત સરકાર દ્વારા યુનિવર્સિટી માટે અદ્યતન સગવડ સાથે, શાંત જગ્યા મેળવી જ્યોતિર્મય પરિસરનું નિર્માણ કરી આપ્યું. **BAOU**ના સત્તામંડળે પણ યુનિવર્સિટીના આગવા ભવિષ્ય માટે ખૂબ સહયોગ આપ્યો, આપતા રહે છે.

શિક્ષણ એટલે માનવમાં થતું મૂડી રોકાણ, શિક્ષણ લોકસમાજની ગુણવત્તા સુધારણામાં અધિક ફાળો આપી શકે છે. અહીં મને સ્વામી વિવેકાનંદનું શિક્ષણ વિષયક દર્શન યાદ આવે છે : 'જેનાથી ચારિત્ર્યનું ઘડતર થાય, જેનાથી માનસિક ક્ષમતાનું નિર્માણ થાય, જેનાથી બૌદ્ધિક વિકાસ સાધી શકાય અને જેના થકી વ્યક્તિ પગભર બની શકે તેને શિક્ષણ કહેવાય.'

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી શિક્ષણમાં આવા ઉમદા વિચારને વરેલી છે. તેથી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત, વ્યવસાયલક્ષી, જીવનલક્ષી શિક્ષણની સગવડ ઘરે બેઠાં મળી રહે તેવા પ્રયત્નો મક્કમ બની કરે છે. બહોળા સમાજના લોકોને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત થાય, છેવાડાના માણસોને ઉત્તમ કેળવણી એમનાં રોજિંદા કામો કરતાં પ્રાપ્ત થતી રહે. વ્યવસાયિક લોકોને આગળના ભણતરની ઉત્તમ તક સાંપડે અને જીવનમાં પોતાની ક્ષમતાઓ, કૌશલ્યોને પ્રગટ કરી સારી કારકિર્દી ઘડે, સ્વાવલંબી બની ઉત્તમ જીવન જીવતાં સમાજ અને રાષ્ટ્રનિર્માણમાં પોતાનું પ્રદાન આપે એ માટે પ્રયાસરત છે.

**'સ્વાધ્યાયઃ પરમં તપઃ'** ધ્યાનમંત્રને કેન્દ્રમાં રાખીને આ ઓપન યુનિવર્સિટી અહીં પ્રવેશ મેળવતા છાત્રોને સ્વઅધ્યયન માટે સરળતાથી સમજાય એવા ગુણવત્તાલક્ષી અભ્યાસક્રમ ઉપલબ્ધ કરાવી આપે છે. દરેક વિદ્યાર્થીને પ્રત્યેક વિષયની પાયાની સમજણ મળે તેની કાળજી રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓને રસ પડે અને તેમની રુચિ કેળવાય તેવાં પાઠ્યપુસ્તકો નિષ્ણાત અધ્યાપકો દ્વારા તૈયાર કરવામાં આવે છે. દૂરવર્તી શિક્ષણ પ્રાપ્ત કરવાની ખેવના રાખતા કોઈપણ ઉંમરના છાત્રોને માટે અભ્યાસસામગ્રી તૈયાર કરવા માટે શિક્ષણવિદો સાથે પરામર્શ કરવામાં આવે છે. એ પછી જ માળખું રચી અભ્યાસ સામગ્રીને પુસ્તક સ્વરૂપે છાત્રોના કરકમળોમાં અપાય છે. જેનો ઉપયોગ કરીને વિદ્યાર્થીઓ સંતોષપ્રદ અનુભવ કરી શકે છે.

યુનિવર્સિટીના તજ્જ્ઞ અધ્યાપકો ખૂબ જ કાળજીથી આ અભ્યાસક્રમોનું લેખન કરે છે. વિષય નિષ્ણાત પ્રોફેસર્સ દ્વારા તેનું પરામર્શન થયા પછી જ પરિણામલક્ષી અભ્યાસ સામગ્રી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પહોંચે છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી જ્ઞાનનું કેન્દ્રબિંદુ બની રહી છે. વિદ્યાર્થીઓને 'સ્વાધ્યાય ટેલિવિઝન', 'સ્વાધ્યાય રેડિયો' જેવાં દૂરવર્તી ઉપાદાનો થકી પણ એમનાં ઘરમાં શિક્ષણ પહોંચાડવાનો અધ્યાપકો તેમજ કર્મઠ કર્મચારીગણને અભિનંદન અને અમારી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સફળ થવા ખૂબ મહેનત કરી, જીવન સફળ કરવાની સાથે જીવન સાર્થક કરે એવી પરમેશ્વરને પ્રાર્થના કરું છું.

અસ્તુ.


**કુલપતિશ્રી ડૉ. અમીબહેન ઉપાધ્યાય**

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, 'જ્યોતિર્મય પરિસર',

સરખેજ-ગાંધીનગર હાઈવે, છારોડી, અમદાવાદ.

*Arvacheen Sahitya Swaroop :* **GAZAL**
*A Critical study by :* **Dr. Dhwanil Parekh**

વિષય સમિતિ : **ડૉ. યોગેન્દ્ર પારેખ**
પ્રોફેસર અને નિયામક,
સ્કૂલ ઑફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ,
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ

**ડૉ. પિંકી પંડ્યા**
વિભાગાધ્યક્ષ, ગુજરાતી વિભાગ
એફ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ

**ડૉ. હેતલ ગાંધી**
આસિસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાતી વિભાગ,
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ

વિષય પરામર્શન : **ડૉ. યોગેન્દ્ર પારેખ**
પ્રોફેસર અને નિયામક,
સ્કૂલ ઑફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ,
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ

લેખન : **ડૉ. ધ્વનિલ પારેખ**
એસોસિએટ પ્રોફેસર
મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ, ગૂજરાત વિદ્યાપીઠ, સાદરા.

ભાષા પરામર્શન : **ડૉ. સ્વાતિ શાહ,** એસોસિએટ પ્રોફેસર, સંસ્કૃત વિભાગ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ

પ્રકાશક : **કાર્યકારી કુલસચિવ :** ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ

આવૃત્તિ : 2022

ISBN :

મુદ્રક : શ્રીધર પ્રિન્ટર્સ, અમદાવાદ

## સર્વાધિકાર સુરક્ષિત

આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યયન હેતુથી દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસ સામગ્રીનો કોઈપણ સ્વરૂપમાં ધંધાદારી ઉપયોગ કરતાં પહેલાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.

BAOU Education for All

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

તૃતીય વર્ષ બી.એ.
ગુજરાતી
અર્વાચીન સાહિત્ય સ્વરૂપ :
ગઝલ.
**GUJM-307**

## ગઝલ


| | | |
|---|---|---|
| **એકમ : 1** | ગુજરાતી ગઝલનું સ્વરૂપ | 05-11 |
| **એકમ : 2** | ગુજરાતી ગઝલનો ઈતિહાસ | 12-21 |
| **એકમ : 3** | બાલાશંકર કંથારિયા | 22-28 |
| **એકમ : 4** | શયદા | 29-34 |
| **એકમ : 5** | ‘ગની’ દહીંવાળા | 35-40 |
| **એકમ : 6** | અમૃત ‘ઘાયલ’ | 41-46 |
| **એકમ : 7** | મરીઝ | 47-52 |
| **એકમ : 8** | ‘શૂન્ય’ પાલનપુરી | 53-59 |
| **એકમ : 9** | ‘આદિલ’ મન્સૂરી | 60-66 |
| **એકમ : 10** | ચિનુ મોદી ‘ઈર્શાદ’ | 67-73 |
| **એકમ : 11** | મનહર મોદી | 74-80 |
| **એકમ : 12** | રાજેન્દ્ર શુક્લ | 81-87 |
| **એકમ : 13** | મનોજ ખંડેરિયા | 88-94 |
| **એકમ : 14** | ભગવતીકુમાર શર્મા | 95-102 |
| **એકમ : 15** | જવાહર બક્ષી | 103-109 |
| **એકમ : 16** | રાજેશ વ્યાસ ‘મિસ્કીન’ | 110-116 |
| **એકમ : 17** | મુકુલ ચોક્સી | 117-123 |

# પાઠ્યક્રમ પરિચય

સ્નાતક કક્ષાએ અર્વાચીન સાહિત્ય સ્વરૂપો પૈકી ગઝલનું સાહિત્ય સ્વરૂપ અભ્યાસક્રમમાં સુનિશ્ચિત કરીએ છીએ. ગુજરાતીમાં તમામ કાવ્ય સ્વરૂપોમાં 'ગઝલ'ની લોકપ્રિયતા સર્વવિદિત છે. શાળા કક્ષાએ આપણે ઘણી લોકપ્રિય ગઝલનો અભ્યાસ કરી ચૂક્યા છીએ. 'કલાપી', 'ઘાયલ', 'આસિમ રાંદેરી', 'મરીઝ', 'ગની દહીંવાલા', 'ઈર્શાદ', 'બેફામ', 'શૂન્ય', 'શયદા', આદિ ઉપનામોથી સામાન્ય વિદ્યાર્થી કહો કે સરેરાશ ગુજરાતી પણ પરિચિત છે. ગઝલના શેર શાળા-કૉલેજની ડાયરીમાં ટપકાવવાની મુગ્ધતા પણ વર્ષો સુધી ટકી જતી હોય છે. જિંદગીની સમી સાંજે જોયેલી જખ્મોની યાદી સાચવતા સુવર્ણપૃષ્ઠો આપણી ગઝલમાં સચવાયેલા છે. ગઝલનું હાર્દ છે મિજાજ. ગઝલમાં વ્યક્ત થતો સ્નેહ, ઝંખના, ખુદ્દારી, ખુમારી, અધ્યાત્મ, વફાદારી, અનેક પ્રકારની જીવનભાવના, વિવિધ વિષયવસ્તુઓ થકી આજે સંપૂર્ણપણે ગુજરાતી બની ચૂકેલું આ કાવ્યસ્વરૂપ ઇશ્કે મિજાજીથી ઇશ્કે હકીકી સુધીની અનેકવિધ અભિવ્યક્તિનો વિસામો છે.

આ અભ્યાસપુસ્તકમાં ગઝલના સ્વરૂપ-વિકાસ તથા પ્રતિનિધિ રચનાઓનો સમાવેશ કરવાની સાથે, પૂરકલેખન - સ્વાધ્યાય માટે પણ પર્યાપ્ત સામગ્રી આપેલ છે. ડૉ. ધ્વનિલ પારેખની અભ્યાસનિષ્ઠાનો પરિચય આ અભ્યાસસામગ્રીમાં અવશ્ય થશે. આપના સૂચનો આવકાર્ય છે.

એકમ ૧

# ગુજરાતી ગઝલનું સ્વરૂપ

☞ **એકમનું આયોજન**

**૧.૧ ઉદ્દેશ**

**૧.૨ પ્રસ્તાવના**

**૧.૩ ખંડ-૧ અભ્યાસ સામગ્રી**

**૧.૪ સંદર્ભ**

**૧.૫ પુનરાવર્તન**

**૧.૬ સ્વાધ્યાય-૧**

**૧.૭ ખંડ-૨ અભ્યાસ સામગ્રી**

**૧.૮ સંદર્ભ**

**૧.૯ પુનરાવર્તન**

**૧.૧૦ સ્વાધ્યાય-૨**

**૧.૧૧ લેખનપ્રવૃત્તિ**

**૧.૧૨ વિશેષ અધ્યયન**

**૧.૧૩ સ્વાધ્યાય-૩**

**૧.૧૪ વિશેષ વાંચન**

**૧.૧૫ વિશેષ સંદર્ભ**

- **ટિપ્પણ**

## ➠ ૧.૧ ઉદ્દેશ

૧. ગઝલ સ્વરૂપની આંતર-બાહ્ય લાક્ષણિક્તાઓનો પરિચય થાય.

૨. એક કાવ્યપ્રકાર લેખે ગઝલનો અભ્યાસ થાય.

૩. સૂક્ષ્મ કાવ્યપ્રકાર લેખે ગઝલ પરત્વેની સમજ વિકસિત થાય.

## ➠ ૧.૨ પ્રસ્તાવના

ગુજરાતી કવિતા ક્ષેત્રે ગઝલ આજે દોઢસો વર્ષથી પણ જૂનો કાવ્યપ્રકાર ગણાય છે. મધ્યકાલીન કવિ દયારામથી શરૂ કરીને આજના ગઝલકાર સુધીનો એનો ઇતિહાસ રહ્યો છે. ગઝલ આજે લોકપ્રિય કાવ્યપ્રકાર ગણાય છે. ઉર્દૂ અને ફારસી ભાષામાંથી ગુજરાતીમાં આવેલો આ પ્રકાર માનીએ એટલો સરળ નથી. ગઝલના આંતર-બાહ્ય સ્વરૂપને સમજ્યા પછી સાચી અને સારી ગઝલનો મહિમા સમજાય એમ છે. અહીં આ કાવ્યપ્રકારનું સ્વરૂપ અને લાક્ષણિક્તાઓનો પરિચય કરાવવામાં આવ્યો છે. જેથી વિદ્યાર્થીઓ ગઝલને બરાબર સમજી શકે, માણી શકે.

## ➠ ૧.૩ ખંડ-૧ : અભ્યાસ સામગ્રી

ગઝલ કાવ્યપ્રકારની આંતર-બાહ્ય લાક્ષણિક્તાઓ સમજવા માટે 'ગઝલ' સંજ્ઞાની સ્પષ્ટતા જરૂરી છે. જુદા જુદા વિદ્વાનોએ 'ગઝલ'ની વ્યાખ્યા આપવાનો પ્રયત્ન કર્યો છે. એમાંની કેટલીક વ્યાખ્યાઓ જોઈએ :

"ગઝલ એટલે ગોષ્ઠી" - **મકરંદ દવે**[૧]

"શાયરી એટલે જ્ઞાનની વાતો, શાયર એટલે જ્ઞાની અને મુશાયરો એટલે એવી સભા જ્યાં આવી જ્ઞાન-ગોષ્ઠિ કરવામાં આવતી હોય... શેરની વ્યાખ્યા ફારસી કાવ્યશાસ્ત્રમાં આમ આપવામાં આવી છે. ઈરાદાપૂર્વક લખાયેલી સમાપ પ્રાસ-યુક્ત વાણી" - **શૂન્ય પાલનપુરી**[૨]

"'ગઝલ' એ છંદનું નામ નથી. 'ગઝલ' એ કાવ્યનો એક પ્રકાર છે. એ મૂળ અરબી શબ્દ છે અને એનો અર્થ પ્રેમયુક્ત ભાષામાં અથવા કાવ્યરૂપે બોલવું એમ થાય છે." - **દી. બ. કૃષ્ણલાલ ઝવેરી**[૩]

"મત્લા, મક્તા અને કેટલાક સ્વાયત્ત શેઅરના સંચયને ગઝલ કહે છે. ગઝલમાં ઓછામાં ઓછા પાંચ અને વધુમાં વધુ એકવીશ શેઅર હોવા જોઈએ." - **અમૃત ઘાયલ**[૪]

"કોઈપણ કૃતિને તેનું બાહ્યરૂપ અને આંતરરૂપ હોય છે. ગઝલના બાહ્યરૂપની ચર્ચા કરીએ ત્યારે ગઝલ એટલે શું તે પ્રથમ સમજી લેવું જોઈએ. ગઝલ એટલે કાફિયા-રદીફ જાળવતો, એક સરખું વજન ધરાવતો ચોટદાર શેરોનો એક સમૂહ." - **રાજેશ વ્યાસ 'મિસ્કીન'**[૫]

ગઝલની આ વિવિધ વ્યાખ્યાઓ પરથી કંઈક અંશે એના બાહ્યરૂપનો ખ્યાલ આવે એમ છે. ઉપરોક્ત વ્યાખ્યાઓમાંથી 'કાફિયા', 'રદીફ', 'મત્લા', 'મક્તા', 'શેઅર' વગેરે શબ્દોનો પરિચય દ્વારા ગઝલના સ્વરૂપને સમજવાનો પ્રયત્ન કરીએ. સૉનેટની જેમ ગઝલ પણ આયાતી કાવ્ય પ્રકાર છે એટલે કે બીજી ભાષામાંથી આવેલો કાવ્યપ્રકાર છે. ઉર્દૂ-ફારસી ભાષામાંથી ગઝલ આવી હોવાને કારણે કેટલાક શબ્દોને સમજવામાં આવે તો ગઝલનું સ્વરૂપ સમજી શકાય એમ છે.

***મેં તજી તારી તમન્ના તેનો આ અંજામ છે,***
***કે હવે સાચે જ લાગે છે કે તારું કામ છે.***
***એક વીતેલો પ્રસંગ પાછો ઉજવવો છે ખુદા!***
***એક પળ માટે વીતેલી જિંદગીનું કામ છે.***
***આપની સામે ભલે સોદો મફતમાં થઈ ગયો,***
***એમ જો પૂછો બહુ મોંઘાં અમારાં દામ છે.***
***જિંદગીના રસને પીવામાં કરો જલ્દી, 'મરીઝ'!***
***એક તો ઓછી મદિરા છે ને ગળતું જામ છે!***

**- મરીઝ**

**કાફિયા :** કાફિયા એટલે પ્રાસ.[૬] ઉપરોક્ત ગઝલમાં રેખાંકિત કરેલા શબ્દ પ્રાસ છે, કાફિયા છે. 'મરીઝ'ની આ ગઝલમાં 'અંજામ', 'કામ', 'દામ', 'જામ' ઉપરાંત 'બદનામ', 'આરામ', 'નામ' વગેરે કાફિયા છે. કાફિયા પરિવર્તિત છે. દરેક શે'રમાં તે બદલાતા હોય છે. શે'રને સમજતી-વાંચતી-સાંભળતી વખતે એક વાત એ પણ સમજાશે કે કાફિયા આવે છે અને એક સ્ફોટ-ચમત્કૃતિનો અનુભવ થાય છે. એટલે કે શે'રમાં કાફિયાનું સ્થાન અગત્યનું છે. હેમંત દેસાઈ આ જ વાત આ રીતે કરે છે, "કાફિયાની યાદી લઈને ગઝલ રચવાનો હુન્નર કરતા ગઝલકારની વાત નહીં કરીએ. પરંતુ કાફિયો સારો માટે શે'ર સારો એવું તો ઘણા માનતા લાગે છે."[૭]

*કાજળભર્યાં નયનનાં કામણ મને ગમે છે,*
*કારણ નહીં જ આપું, કારણ, મને ગમે છે.*
*જીવન અને મરણની હરક્ષણ મને ગમે છે,*
*કે ઝેર પણ ગમે છે મારણ મને ગમે છે.*
*આવી ગયાં છો. આંસુ, લૂછો નહીં ભલાં થઈ,*
*એ બારેમાસ લીલાં તોરણ મને ગમે છે.*
*'ઘાયલ' મને મુબારક આ ઊર્મિકાવ્ય મારાં,*
*મે રોઈને ભર્યાં છે એ રણ મને ગમે છે.*

**- અમૃત ઘાયલ**

**રદીફ :** ઉપરોક્ત ગઝલમાંથી 'કામણ', 'કારણ', 'હરક્ષણ', 'મારણ', 'તોરણ', 'રણ' વગેરે કાફિયા છે, એટલો ખ્યાલ તો આવ્યો હશે. પરંતુ 'મને ગમે છે' શબ્દો પુનરાવર્તિત થાય છે એ રદીફ છે. કાફિયા એટલે પ્રાસ તો રદીફ એટલે અનુપ્રાસ. ગઝલમાં પ્રાસાનુપ્રાસ હોય છે. કાફિયા દરેક શે'રમાં પરિવર્તિત થાય છે પણ રદીફમાં પરિવર્તન આવતું નથી. અમૃત ઘાયલ રદીફની વ્યાખ્યા આ રીતે આપે છે : "શેઅરના અંત ભાગમાં કાફિયા પછી આવે તે વર્ણ કે સ્થાયી વર્ણસમૂહને રદીફ કહેવામાં આવે છે."(૮) શે'રમાં કાફિયા આવે એટલે તરત જ રદીફ આવે છે. એ બંને વચ્ચે બીજા કાંઈ શબ્દો આવતા નથી. રદીફ એક અક્ષરની પણ હોય અને લાંબામાં લાંબી પણ હોઈ શકે. ગઝલમાં લાંબી રદીફ નિભાવવી અઘરી હોય છે. મોટે ભાગે તો એ લટકણિયું - વધારાના શબ્દો જ સાબિત થાય છે. એક ઉદાહરણ લાંબી રદીફનું જોઈએ :

*"શબ્દો ઘડું, હું છંદ બંધાવું, વ્યવસ્થિત પ્રાસ પહેરાવું,*
*અલંકરો રચું, ત્યાં અંગ મરડે એક અનાદિ વેદના,*
*આયાસનો <u>આ ખેલ જે સદીઓ ઉપર સામ્રાજ્ય લઈ બેસેલ</u>*
*<u>તે આખો ને આખો મ્હેલ બસ પળવારમાં તૂટી પડે.</u>"*

**- જવાહર બક્ષી**

ઉપરોક્ત ઉદાહરણમાં રેખાંકિત કરેલા શબ્દો આખી રદીફ છે. એટલે 'છે' એકાક્ષરી શબ્દથી લઈને ઘણા શબ્દોની લાંબી રદીફ હોઈ શકે. ગુજરાતી ગઝલ ક્ષેત્રે રદીફ વૈવિધ્ય ઘણું બધું છે.

*મેં તજી તારી તમન્ના તેનો આ <u>અંજામ</u> છે,*
*કે હવે સાચે જ લાગે છે કે તારું <u>કામ</u> છે.*
*કાજળભર્યાં નયનનાં <u>કામણ મને ગમે છે,</u>*
*કારણ નહીં જ આપું, <u>કારણ, મને ગમે છે.</u>*

**મત્લા :** ઉપરોક્ત બંને ઉદાહરણને ફરી તપાસીએ. બંને ઉદાહરણમાં બંને પંક્તિમાં કાફિયા-રદીફ જોવાં મળે છે. એટલે કે, બંને પંક્તિમાં કાફિયા-રદીફ હોય એને મત્લા કહેવામાં આવે છે. ટૂંકમાં "ગઝલના પહેલા શે'રને 'મત્લા' કહેવામાં આવે છે. અનો અર્થ 'આરંભબિંદુ' થાય છે."(૯) મત્લા ગઝલમાં પ્રથમ સ્થાને હોવાને કારણે અને બંને પંક્તિમાં કાફિયા-રદીફ હાજર હોવાને કારણે આખી ગઝલનો આકાર કેવો હશે એ મત્લા પરથી નક્કી થાય છે. ગઝલમાં કાફિયા કેવા પ્રકારના હશે એટલે કે કાફિયાની શિસ્ત પણ મત્લા દ્વારા નક્કી થતી હોય છે. કેટલાક ગઝલકારો મત્લા વગરની પણ ગઝલો લખે છે તો કેટલાક ગઝલકારો એકથી વધુ મત્લાની ગઝલો પણ

લખે છે. આગળ અમૃત ઘાયલની ગઝલ એક થી વધુ મત્લા ધરાવતી ગઝલનું ઉદાહરણ છે. કેટલાક ગઝલકારો પ્રયોગ ખાતર આખી મત્લા ગઝલ પણ લખે છે.

***'જિંદગીના રસને પીવામાં કરો જલ્દી 'મરીઝ'***
***એક તો ઓછી મદિરા છે ને ગળનું જામ છે.'***
***'ઘાયલ' મને મુબારક આ ઊર્મિકાવ્ય મારાં,***
***મેં રોઈને ભર્યાં થે એ રણ મને ગમે છે.***

**મક્તા :** ઉપરોક્ત બંને ઉદાહરણ જે તે ગઝલમાં અંતિમ સ્થાને આવે છે. ગઝલના અંતિમ શે'રમાં ગઝલકાર પોતાના તખલ્લુસનો ઉપયોગ કરે તો એને મક્તા કહેવામાં આળે છે. રાજેશ વ્યાસ મક્તા વિશે જણાવે છે, ''ગઝલની અંતિમ બે પંક્તિઓને 'મક્તા' કહેવામાં આવે છે. તેનો અર્થ થાય છે 'અંત' આમાં ગઝલકાર પોતાના તખલ્લુસને મૂકતો હોય છે.''[૧૦] 'તખલ્લુસ' એટલે કે ઉપનામ. 'મરીઝ' એ ઉપનામ છે એમ 'ઘાયલ' પણ ઉપનામ છે. પરંતુ જો ગઝલકાર પોતાના તખલ્લુસનો ઉપયોગ કરતો નથી તો એ ગઝલનો અંતિમ શે'ર ગણાય છે. તખલ્લુસનો ઉપયોગ અંતિમ શે'રમાં જ થાય છે. જેમ ગઝલકાર મત્લા વગરની ગઝલ લખી શકે એમ મક્તા વગરની ગઝલ પણ લખી શકે. પ્રયોગરૂપે ગઝલકાર એક ગઝલમાં એકથી વધુ મત્લા અને એકથી વધુ મક્તાની રચના પણ કરે છે. ક્યારેક તો આખી ગઝલ મત્લા અને મક્તાની હોય છે, પ્રયોગ લેખે એનું મૂલ્ય હોય છે.

### ૧.૪ સંદર્ભ


૧. 'છીપનો ચહેરો ગઝલ', સં. અમૃત ઘાયલ, મકરંદ દવે, પા. ૦૫
૨. 'અરૂઝ-શેર શૂન્ય પાલનપુરી', રાજેશ વ્યાસ 'મિસ્કીન', પા. ૦૫
૩. 'બૃહત્ પિંગળ', રામનારાયણ વિશ્વનાથ પાઠક, પા. ૫૦૬
૪. 'ગઝલ કલા અને કસબ', અમૃત ઘાયલ, પા. ૨૮
૫. 'ગઝલ પ્રવેશિકા', 'રાજેશ વ્યાસ' મિસ્કીન, પા. ૨૩
૬. એજન, પા. ૦૨
૭. 'છીપનો ચહેરો ગઝલ', સં. અમૃત ઘાયલ, મકરંદ દવે, પા. ૨૩
૮. 'ગઝલ કલા અને કસબ' - અમૃત ઘાયલ, પા. ૮૯
૯. 'ગઝલ પ્રવેશિકા', રાજેશ વ્યાસ 'મિસ્કીન' પા. ૨૫
૧૦. એજન, પા. ૨૬


### ૧.૫ પુનરાવર્તન

ગઝલના બાહ્ય રૂપથી પરિચિત થયા પછી આ સ્વરૂપને લગતાં અન્ય પુસ્તકોનો અભ્યાસ કરો. ગુજરાતી ભાષામાં ગઝલના સ્વરૂપને ધ્યાનમાં રાખીને ઘણા પુસ્તકો લખાયાં છે. એમાંથી પસાર થઈને આ સ્વરૂપને સમજવાનો પ્રયત્ન કરો.

### ૧.૬ સ્વાધ્યાય : ૧

૧. તમને ગમતા બે ગઝલકારોની ત્રણ-ત્રણ ગઝલો પસંદ કરીને એમાંથી કાફિયા, રદીફ, મત્લા, મક્તા તારવવાનો પ્રયત્ન કરો.

### ૧.૭ ખંડ-૨ અભ્યાસ સામગ્રી

***એક વીતેલો પ્રસંગ પાછો ઉજવવો છે ખુદા!***
***એક પળ માટે વીતેલી જિંદગીનું કામ છે.***

*આવી ગયાં છે આંસુ, લૂછો નહીં ભલાં થઈ,*
*એ બારેમાસ લીલાં તોરણ મને ગમે છે.*

**શે'ર** : શે'ર બે પંક્તિનો બનેલો હોય છે. પંક્તિને મિસરા તરીકે ઓળખવામાં આવે છે. બે મિસરાના સાયુજ્યથી એક શે'ર બનતો હોય છે. ખાલી બે મિસરાના સાયુજ્યથી શે'ર બને છે એમ કહેવું જરા અધૂરું છે પણ બે મિસરાના સાયુજ્યથી એક અર્થ ઊભો થાય, મિજાજ પ્રગટ થાય ત્યારે શે'ર બને છે. શે'ર ના પહેલા મિસરામાં કાફિયા-રદીફ હોતાં નથી, એ ઉપરોક્ત બંને ઉદાહરણ દ્વારા જાણવા મળે છે. બંને શે'રના બીજા મિસરામાં કાફિયા-રદીફ જોવા મળે છે. એક ગઝલમાં એક મત્લા, ત્રણ શે'ર અને એક મક્તા હોય તો એ આદર્શ સ્થિતિ માનવામાં આવે છે. પરંતુ આગળ જોયું તેમ અમૃત ઘાયલની ગઝલમાં બે મત્લા છે. એમ પણ ઇચ્છનીય છે, કે શે'રની સંખ્યા એકી સંખ્યામાં હોય. પણ આ શિસ્ત હવે બહુ પળાતી નથી. ગુજરાતીમાં રતિલાલ 'અનિલ', અમૃત 'ઘાયલ' અને આદિલ મન્સૂરી જેવા ગઝલકારો છે કે જેમણે ૧૫ થી વધુ શે'રોની ગઝલ લખી હોય. સંખ્યાથી કોઈ ફરક પડતો નથી. શે'રની સંખ્યા વધુ હોય કે ઓછી એ અગત્યનું નથી પણ શે'ર બને છે કે નહીં તે અગત્યનું છે.

*"ખૂન, લૂંટ બળાત્કાર ને એવું કૈં -*
*સારા સમાચાર ક્યાં કોઈ છાપે છે?"*
*"ચાર બોટલ વોડકા*
*કામ મેરા રોજકા."*

**મિજાજ** : ઉપરોક્ત બંને શે'રને જરા ધ્યાનથી તપાસીએ અને ગઝલના મિજાજને સમજવાની કોશિશ કરીએ. બંને ઉદાહરણમાંથી પહેલું ગઝલની પંક્તિઓ છે જ્યારે બીજું ફિલ્મી ગીત છે. બંનેમાં કાફિયા-રદીફ અને છંદ છે. પરંતુ કાફિયા-રદીફ-છંદ હોવાથી એ શે'ર બનતો નથી, એમાં હજી પણ કશુંક ખૂટે છે. આ જે ખૂટે છે તે મિજાજ છે. બધું જ હોય અને મિજાજ ન હોય તો શે'ર અધૂરો રહે છે. માત્ર વિધાન બનીને અટકી જાય છે. શે'રના મિજાજને ચોટ, ચમત્કૃતિ, સ્ફોટ વગેરે જુદા જુદા નામે પણ ઓળખવામાં આવે છે. આ મિજાજની ચોક્કસ વ્યાખ્યા આપી શકાય એમ નથી. એ માત્ર અનુભૂતિનો વિષય છે. કોઈ એક અંધારા ઓરડામાં પ્રકાશનું એક કિરણ ક્ષણિક ઝબકે અને પછી લુપ્ત થઈ જાય એવું જ મિજાજનું પણ છે. લુપ્ત થયેલા કિરણનું અજવાળું મનમાં ઘર કરી જતું હોય છે. મિજાજ એ ઝબકારા જેવો છે પણ એની અસર લાંબા સમય સુધી રહેતી હોય છે. આ વાતને બીજા શબ્દોમાં કહીએ તો ગઝલનો મિજાજ હવાની લહેરખી જેવો હોય છે. અડીને ચાલ્યો જાય પણ એની અસર લાંબા સમય સુધી રહેતી હોય છે. ભાવકને શે'ર સ્પર્શી જાય પછી મનમાં ને મનમાં એનાં વલયો વિસ્તરતાં રહે છે. ગઝલનો શે'ર બે પંક્તિનો હોય છે. એક પંક્તિ રજૂ થાય એ પછી ભાવકની બીજી પંક્તિ વિશેની અપેક્ષા વધી જતી હોય છે અને આ બીજી પંક્તિ એવી સોંસરવી રજૂ થતી હોય છે કે ભાવકે એનો વિચાર પણ ન કર્યો હોય. ભાવકની અપેક્ષાથી જુદો જ વિચાર કે વાત ધારદાર રીતે રજૂ થાય ત્યારે મિજાજ પ્રગટ થતો હોય છે. મનોજ ખંડેરિયાના એક શે'ર દ્વારા આ વાત સમજીએ :

*"તારે કાજે ગઝલ મનોરંજન,*
*મારે માટે તો પ્રાણવાયુ છે."*

ઉપરોક્ત શે'રની બંને પંક્તિઓ (મિસરા) નો અલગ અલગ રીતે વિચાર કરીએ. જેમ કે પહેલો મિસરા 'તારે કાજે ગઝલ મનોરંજન' - અહીં કોઈ બહુ મોટી વાત કે વિચાર રજૂ થયો હોય એવું જણાતું નથી. આ એક સાદું વિધાન છે, કે ગઝલ તારે માટે મનોરંજનનું સાધન છે. હવે બીજા મિસરામાં પહેલા મિસરા કરતા જરા જુદી વાત છે પણ એય છેવટે તો એક વિધાન જ છે. ગઝલ તારા માટે આમ છે ને મારા માટે આમ છે એટલું જ અહીં

કહેવાનું છે પણ જે રીતે કહેવાયું છે એનું મહત્ત્વ છે. આખા શે'રમાં 'પ્રાણવાયુ' કાફિયા બિલકુલ શે'રના પ્રાણવાયુ જેવો છે. એ કાઢી નાખો કે આખા શે'રનો પ્રાણ નીકળી જાય.

ગઝલનો શે'ર અતિશય સૂક્ષ્મ બાબત છે. કાફિયા-રદીફ છંદમાં જોડી નાખવાથી જોડકણાં લખી શકાય પણ શે'ર બનતો નથી. ગઝલ એ રીતે એક અઘરો કાવ્યપ્રકાર છે.

**ગઝલમાં છંદ વ્યવસ્થા** : એક વાત એકદમ સ્પષ્ટ છે, કે ગઝલ છંદમાં જ લખાય છે અને છંદ વિનાની ગઝલ હોતી નથી. કાફિયા-રદીફ જોડી દેવા માત્રથી ગઝલની રચના થતી નથી, એને માટે છંદ અનિવાર્ય છે. સોનેટ લખવાં માટે જેમ છંદોનું જ્ઞાન જરૂરી છે એમ ગઝલ લખવા માટે પણ છંદોનું જ્ઞાન જરૂરી છે. ગઝલના છંદો અરબી-ફારસી ભાષામાંથી ગુજરાતી ભાષામાં આવ્યા છે. એમ પણ કહી શકાય કે ગુજરાતી ભાષામાં જે ગઝલો લખાય છે એ માટે અરબી-ફારસી ભાષામાં લખાતી ગઝલના છંદોનો ઉપયોગ કરવામાં આવે છે. આ છંદો અક્ષરમેળ, માત્રામેળ છંદોથી જુદા છે અને ઉર્દૂમાં એનું આખું પિંગળશાસ્ત્ર છે જેને 'અરૂઝ' કહેવામાં આવે છે. છંદને બહેર અથવા વજન કહેવામાં આવે છે. અમૃત 'ઘાયલ' આ રીતે સમજાવે છે : "દરેક શેઅરમાં બે મિસરા હોય છે અને દરેક મિસરાનું ખાસ વજન હોય છે. આ વજનને જ બહેર કહે છે."[૧]

છંદની સમજ કેળવવા માટે અક્ષરોના લઘુ-ગુરુ માપનો ખ્યાલ હોવો જરૂરી છે. અક્ષરો હ્રસ્વ હોય અથવા તો દીર્ઘ હોય છે. જેટલા હ્રસ્વ અક્ષરો છે એના માપ લઘુ થશે. અને એને માટે 'લ' સંજ્ઞાનો ઉપયોગ થાય છે. જેટલા ગુરુ અક્ષરો છે એનું માપ દીર્ઘ થશે અને એ માટે 'ગા' સંજ્ઞાનો ઉપયોગ થાય છે. એટલે કે 'ક', 'કિ', 'કુ' આ અક્ષરો હ્રસ્વ છે અને એ લઘુ ગણાશે અને એ સિવાયના અક્ષરો દીર્ઘ છે એટલે ગુરુ ગણાશે. ગઝલમાં લઘુ-ગુરુની વ્યવસ્થા એકદમ ચુસ્ત છે. ગઝલના છંદોનો એક નિયમ અતિ મહત્ત્વનો છે. કોઈ શબ્દમાં બે લઘુ એક સાથે આવે અને એનું ઉચ્ચારણ એક સાથે થતું હોય તો એ બે લઘુનો ગુરુ થાય છે. અક્ષરમેલ છંદમાં આ વ્યવસ્થા જોવા મળતી નથી. રઈશ મનીઆરના શબ્દોમાં આ વાત સમજીએ : "ગઝલના છંદોને અતિ ચુસ્ત માત્રામેળ છંદો ગણાવી શકાય. અક્ષરમેળ છંદોમાં બે, ત્રણ, ચાર કે પાંચ લઘુ એક સાથે આવી શકે છે. ગઝલના છંદોમાં, જો સ્વતંત્ર ઉચ્ચાર ધરાવતા ન હોય તો, બે લઘુ સાથે આપી શકે નહીં. અક્ષરમેળ છંદો આપણી સંસ્કૃત ઉચ્ચાર પ્રણાલીને અનુસરે છે. એ મુજબ ક-મ-લ અને ન-ય-ન ઉચ્ચારોનું માપ લલલ થાય, પરંતુ કાળક્રમે ભારતીય ઉચ્ચાર પ્રણાલી પર ફારસી અને અરબી બોલીઓની અસર પડવાથી હવે ક-મ-લને બદલે ક-મલ્ અને ન-યન્ જેવા ઉચ્ચારો જ પ્રચલિત હોવાથી ગઝલના છંદોમાં આ શબ્દોનું માપ 'લગા' ગણાશે."[૧]

આ વાત વધુ એક ઉદાહરણ દ્વારા સમજવાનો પ્રયત્ન કરીએ. જેમ કે 'અવતરણ' શબ્દ છે. અક્ષરમેળ છંદ પ્રમાણે અ-વ-ત-ર-ણ એવું એનું ઉચ્ચારણ કરવું પડે. એટલે કે પાંચ લઘુ લ-લ-લ-લ-લ એક સાથે આવે છે. અહીં કોઈ બે લઘુનો ગુરુ થતો નથી. માત્રામેળ છંદમાં બે લઘુનો એક ગુરુ થાય છે. એટલે, માત્રામેળ છંદ અનુસાર અવ-તર-ણ કે અ-વત-રણ કે અવ-ત-રણ પ્રમાણે એનું માપ 'ગાગાલ', 'લગાગા' કે 'ગાલગા' થઈ શકે એમ છે. પરંતુ ગઝલના છંદમાં કયા બે લઘુનો ગુરુ કરવો એ નિશ્ચિત છે. જે બે લઘુ અક્ષરોનું ઉચ્ચારણ સાથે થતું હોય એ બે અક્ષરોનો એક ગુરુ કરવાનો રહે છે. એ રીતે 'અવતરણ' શબ્દનું ઉચ્ચારણ 'અવ-ત-રણ' થાય અને ગઝલના છંદ પ્રમાણે એનું માપ 'ગાલગા' થાય છે. આ ઉદાહરણ પરથી એ વાતનો પણ ખ્યાલ આવશે કે ગઝલના છંદ માત્રામેળ ની નજીક છે પણ સંપૂર્ણ માત્રામેળ નથી.

ગુજરાતી ગઝલમાં જે છંદોનો વિનિયોગ થયો છે, એમાંથી કેટલાક પ્રચલિત છંદોના માપ નીચે મુજબ છે.

૧. લગાગા લગાગા લગાગા લગાગા - મુલકારિબ

૨. ગાલગા ગાલગા ગાલગા ગાલગા - મુતદારિક

૩. લગાગાગા લગાગાગા લગાગાગા લગાગાગા - હઝજ

૪. ગાલગાગા ગાલગાગા ગાલગાગા ગાલગાગા - રમલ

૫. ગાગાલગા ગાગાલગા ગાગાલગા ગાગાલગા - રજઝ

૬. ગાગાલગા લગાગા ગાગાલગા લગાગા - મુઝારિઅ

૭. ગાગાલ ગાલગાલ લગાગાલ ગાલગા - મઝારિઅ

૮. ગાલગાગા લગાલગા ગાગા - ખફીફ

### ➠ ૧.૮ સંદર્ભ

૧. 'ગઝલનું છંદોવિધાન', રઈશ મનીઆર, પા.૧૪

### ➠ ૧.૯ પુનરાવર્તન

ગઝલના આંતર-બાહ્ય સ્વરૂપનો પરિચય હવે થયો હશે. મિજાજ અને છંદ વ્યવસ્થા ગઝલ માટે અગત્યની બાબત છે. આગળ જે છંદના માપ આવ્યાં છે એને જરા સમજવાનો પ્રયત્ન કરો.

### ➠ ૧.૧૦ સ્વાધ્યાય-૨

જુદી જુદી ગઝલોનો અભ્યાસ કરો. એમાંની છંદવ્યવસ્થાને અને લઘુ-ગુરુ વ્યવસ્થાને સમજવાનો પ્રયત્ન કરો. પાંચેક ગઝલની લઘુ-ગુરુ વ્યવસ્થા અને એ કથા માપમાં લંબાઈ છે એનો અભ્યાસ કરો.

### ➠ ૧.૧૧ લેખનપ્રવૃત્તિ

ગઝલના મહત્ત્વનાં લક્ષણ મિજાજને ધ્યાનમાં રાખીને તમને ગમતી ગઝલોમાં રહેલા મિજાજ વિશે નોંધ તૈયાર કરો.

### ➠ ૧.૧૨ વિશેષ અધ્યયન

ગુજરાતી ગઝલનો ઈતિહાસ દોઢસો વર્ષ જૂનો છે. બાલાશંકર કંથારિયાથી લઈને આજ દિન સુધી ગઝલ સતત વિકસતી રહી છે. શયદા, ઘાયલ, મરીઝ, 'ગની' દહીંવાળા, ચિનુ મોદી, રાજેન્દ્ર શુક્લ, મનોજ ખંડેરિયા વગેરેની ગઝલોનો આસ્વાદ તમારા શબ્દોમાં તૈયાર કરો.

### ➠ ૧.૧૩ સ્વાધ્યાય-૩

ગઝલના મિજાજને ધ્યાનમાં રાખીને વધુ નોંધ તૈયાર કરો.

### ➠ ૧.૧૪ વિશેષ વાંચન

ગઝલ સ્વરૂપ વિશેનાં 'નજર' ગફરી, રઈશ મનીઆર અને રાજેશ વ્યાસ 'મિસ્કીન'નાં પુસ્તકોનો અભ્યાસ કરો.

### ➠ ૧.૧૫ વિશેષ સંદર્ભ

૧. કાદરી, શકીલ. 'ગઝલ', અમદાવાદ. - પાર્શ્વ પબ્લિકેશન, ૨૦૦૫.

૨. ગફરી, નઝર. 'છંદસમજ ગઝલસહજ', મુંબઈ. - હલક ફાઉન્ડેશન, ૨૦૦૯.

૩. પંડ્યા, જમિયત. 'ગઝલનું છંદશાસ્ત્ર', અમદાવાદ. - અર્જુનભાઈ 'રાહી', ૨૦૧૪ (ત્રી.આ.)

**● ટિપ્પણ**

ગઝલ મોટે ભાગે પ્રેમ અને આધ્યાત્મિકતા રંગે રંગાયેલી હોય છે. પ્રેમ - ઈશ્કેમિજાજી અને આધ્યાત્મિક્તા-ઈશ્કેહકીકીના રંગોથી રંગાયેલી ગઝલ આજે વધારે લોકપ્રિય કાવ્યપ્રકાર છે. તરત થતા પ્રત્યાયનને કારણે ગઝલ વધારે લોકપ્રિય છે.

❒

એકમ ૨

# ગુજરાતી ગઝલનો ઇતિહાસ

૨.૧ ઉદ્દેશ
૨.૨ પ્રસ્તાવના
૨.૩ તબક્કાવાર ઇતિહાસનો પરિચય-૧
    ૨.૩.૧ તબક્કો-૧
    ૨.૩.૨ તબક્કો-૨
    ૨.૩.૩ તબક્કો-૩
૨.૪ વસ્તુલક્ષી કસોટી
૨.૫ તબક્કાવાર ઇતિહાસનો પરિચય-૨
    ૨.૫.૧ તબક્કો-૪
    ૨.૫.૨ તબક્કો-૫
    ૨.૫.૩ તબક્કો-૬
૨.૬ વસ્તુલક્ષી કસોટી
૨.૭ પુનરાવલોકન
૨.૮ લેખનપ્રવૃત્તિ
૨.૯ વિશેષ અધ્યયન
૨.૧૦ સંદર્ભ

## ૨.૧ ઉદ્દેશ

(૧) ગુજરાતી ગઝલના દોઢસો વર્ષથી વધારે જૂના ઇતિહાસનો પરિચય થશે.
(૨) ગુજરાતી ગઝલની સમૃદ્ધ પરંપરા અને એમાં આવેલાં પરિવર્તનોનો પરિચય થશે.
(૩) ગુજરાતી ગઝલ ક્ષેત્રે થયેલા પ્રયોગો, અભિવ્યક્તિ નાવીન્ય વગેરેનો પરિચય થશે.

## ૨.૨ પ્રસ્તાવના

ગુજરાતી ગઝલનો ઇતિહાસ દોઢસોથી વધારે વર્ષ જૂનો છે. સાંપ્રત ગુજરાતી કવિતા ક્ષેત્રે ગઝલ સૌથી વધુ લોકપ્રિય સ્વરૂપ છે. ગઝલ સૌથી વધુ લખાઈ છે. મુશાયરા પ્રવૃત્તિને કારણે પણ ગઝલ લોકપ્રિય બની છે. પરંપરાગત રીતે લખાતી ગઝલ, આધુનિક પ્રયોગશીલ ગઝલ અને સાંપ્રત ગઝલ એમ વિવિધ તબક્કાઓમાં ગઝલને વહેંચી શકાય એમ છે પણ અહીં એથી વધુ તબક્કાઓમાં ગઝલને વહેચીને ગુજરાતી ઇતિહાસનો સઘન અભ્યાસ કરવામાં આવશે.

ઇતિહાસ અંતર્ગત ગઝલમાં થયેલા પ્રયોગો અને અભિવ્યક્તિઓની તરાહો પણ તપાસવામાં આવશે. ટૂંકમાં, ગઝલના ઇતિહાસનો અહીં વિશદ અભ્યાસ કરવામાં આવશે.

### ➠ ૨.૩ તબક્કાવાર ઇતિહાસનો પરિચય-૧

સાંપ્રત ભારતીય સાહિત્યની વિવિધ ભાષાઓમાં ગઝલનું ખેડાણ જોવા મળે છે. અરબી-ફારસી ભાષામાંથી ગઝલનો ભારતની વિવિધ ભાષાઓમાં પ્રવેશ થયો. આજે ઉર્દૂ અને હિન્દી ભાષા પછી સૌથી વધારે ગઝલ ગુજરાતી ભાષામાં લખાય છે. ગુજરાતી ભાષામાં ગઝલનો તબક્કાવાર થયેલો વિકાસ અને દરેક તબક્કાની ઉપલબ્ધિઓ સહિત ગઝલ ઇતિહાસનો આપણે અભ્યાસ કરીશું.

#### ● ૨.૩.૧ તબક્કો-૧

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના અંતિમ કવિ તરીકે જેમની ઓળખ છે એ દયારામ અને અર્વાચીન ગુજરાતી સાહિત્યના આદ્યકવિ તરીકે જેમની ઓળખ છે એવા નર્મદની કેટલીક રચનાઓમાં ગઝલની થોડી છાંટ જોવા મળે છે. દયારામની કેટલીક રચનાઓમાં ગઝલનાં લક્ષણો જોવાં મળે છે. ઉત્તર ભારતની અનેક વખત યાત્રા કરી હોવાને કારણે દયારામની રચનાઓમાં ઉર્દૂ અને હિન્દી શબ્દોનો ઉપયોગ જોવા મળે છે. દયારામની ગઝલધર્મી રચનાઓના કેન્દ્રમાં પણ મધ્યકાળની કવિતામાં જોવા મળતી પ્રેમલક્ષણા ભક્તિ કેન્દ્રમાં છે -

***"એક ખૂબસૂરત ગભરુ ગુલઝાર સાંવરા!***
***તારીફ ક્યા કરું? હૈ સબ બાત સે ભલા!"***

અર્વાચીન ગુજરાતી સાહિત્યના આદ્યકવિ નર્મદની કેટલીક રચનાઓ ગઝલને મળતી આવે છે. જો કે, ગઝલનું જે છંદ-માપ છે એમાં એની ગઝલ જોવા મળતી નથી -

***'ઊંચે ભૂરું દીપે આસમાન, વચ્ચે ચંદા તે સ્વચ્છંદા,***
***નીચે ગોરી કરે નેનાં, રસે ડૂબ્યા નરમદ બંદા.'***

અહીં કાફિયા સિવાય ગઝલનાં લક્ષણો જોવા મળતાં નથી. ગઝલનો મિજાજ ન પમાતો હોય તો પણ નર્મદનો મિજાજ પામી શકાય છે. પ્રારંભે ગુજરાતી કવિતા ક્ષેત્રે એક-બે લક્ષણોથી ગઝલનો હળવે હળવે પ્રવેશ થાય છે.

#### ● ૨.૩.૨ તબક્કો-૨

બાલાશંકર કંપારિયાને પ્રથમ ગુજરાતી ગઝલકાર તરીકે ઓળખવામાં આવે છે. બાલાશંકર, કલાપી, મણિલાલ નભુભાઈ વગેરેની ગઝલોથી ગુજરાતમાં ગઝલની આબોહવા બંધાતી જાય છે.

દયારામ અને નર્મદના ગઝલલેખનના પ્રયાસો પછી બાલાશંકર કંથારિયામાં ગઝલ કાવ્યસ્વરૂપની નજીકની રચનાઓ મળે છે. પ્રણયવિષયક અભિવ્યક્તિનું પ્રાધાન્ય વિશેષ રહ્યું છે. બાલાશંકર કંપારિયાની ઘણી ગઝલો ભાવપ્રધાન છે. માશૂકને ઈશ્વર તરીકે સ્વીકારીને પણ ઘણી અભિવ્યક્તિ જોવા મળે છે.

***'જિગરનો યાર જુદો તો, બધો સંસાર જુદો છે,***
***બધો સંસારથી એ યાર, બેદરકાર જુદો છે.'***

બાલાશંકરની ગઝલોમાં છંદ અને સ્વરૂપ બાબતે હજી સભાનતા નથી પરંતુ ગઝલના મિજાજને બાલાશંકર પામી શક્યા છે ને એ કારણે પ્રારંભના ગઝલકાર તરીકે બાલાશંકર કંથારિયાનું સ્થાન મહત્ત્વનું છે.

'કલાપી' ઇશ્કના કવિ છે. એમનો આશિક મિજાજ ગઝલોમાં સતત પ્રગટ થયો છે. કલાપીની ગઝલોમાં પ્રેમ, સાકી, સુરા આસપાસ અને પ્રેમની ફિલસૂફી સમજાવતી અભિવ્યક્તિનું પ્રાધાન્ય છે.

***'મુબારક હો તમોને આ તમારા ઇશ્કના રસ્તા,***
***અમારો રાહ ન્યારો છે, તમોને જે ન ફાવ્યો તે.'***

સ્વરૂપ ખાસ કરીને કાફિયા બાબતે હજી સામાનતા ઓછી જણાય છે પરંતુ કલાપીની ગઝલોમાં મિજાજ બરાબર નિખરે છે.

*'કહીં' લાખો નિરાશામાં અમર આશા છુપાઈ છે,*

*ખફા ખંજર સનમનામાં રહમ ઊંડી લપાઈ છે.*

— આ શે'રની પ્રથમ પંક્તિ સુવિચારની જેમ પ્રસિદ્ધ છે અને એ મણિલાલ નભુભાઈ દ્વિવેદીની ઓળખ સમાન છે. મણિલાલમાં પ્રણયની સાથે ચિંતનપ્રધાન અભિવ્યક્તિ પણ વિશેષ જોવા મળે છે. સ્વરૂપ વિશેની સભાનતા ઓછી હોવા છતાં મણિલાલની ગઝલોમાં એક મિજાજ જોવા મળે છે.

ડાહ્યાભાઈ દેરાસરી, અમૃત કેશવ નાયક, મસ્તાન, કાન્ત, લલિત, ખબરદાર, સાગર વગેરેની રચનાઓમાં પણ ગઝલનાં લક્ષણો જોવા મળે છે. આ તબક્કાની ગઝલોમાં ઉર્દૂ-ફારસી શબ્દોની ભરમાર વધુ જોવા મળે છે. અભિવ્યક્તિ નાવીન્ય અને છંદ વૈવિધ્ય પણ ઓછું જોવા મળે છે.

### ● ૨.૩.૩ તબક્કો-૩

શયદાની ગઝલોથી ગઝલ 'ગુજરાતી' બનવા લાગી. ગઝલ સૂક્ષ્મ બનવા તરફ હવે ગતિ કરે છે. અમીન આઝાદ અને અન્ય ગઝલકારોએ ગઝલનું પ્રશિક્ષણ આપવાનું શરૂ કર્યું અને કારણે ઘણા નવા ગઝલકારો સામે આવ્યા. સુરતમાં મહાગુજરાત ગઝલમંડળની સ્થાપના થઈ. આ મંડળને કારણે મુશાયરા પ્રવૃત્તિને વેગ મળ્યો. આસીમ રાંદેરી, 'ગની' દહીંવાળા રતિલાલ 'અનિલ' વગેરે ગઝલકારોએ ગઝલને આત્મસાત કરી. વિવિધ છંદોમાં ગઝલો રચવા લાગી. રતિલાલ 'અનિલ'ના 'ડમરો અને તુલસી'માં ૨૭ છંદોનું વૈવિધ્ય જોવા મળે છે.

હરજી લવજી દામાણી 'શયદા' ગઝલસમ્રાટ તરીકે જાણીતા હતા. નવી અભિવ્યક્તિ અને વાતને તિર્યક રીતે જોવાની અને એને વેધક રીતે વ્યક્ત કરવાની રીત શાયદાની ગઝલોની ખૂબી છે.

*'હાથ આવ્યું હતું હરણ છૂટ્યું,*

*હાય! મારું એ બાળપણ છૂટ્યું.'*

— બાળપણની સરખામણી હરણ સામે કરીને ગઝલકારે કમાલ કરી છે. હરણની ઝડપે ગુમાવેલા બાળપણની પીડા અને એની ટીસ 'હાથ' દ્વારા વ્યક્ત થાય છે. શયદા પાસેથી 'ગુલઝારે શાયરી' અને 'દીપકનાં ફૂલ' સંગ્રહોમાંથી ગઝલો મળે છે. ગુજરાતી ગઝલ હજી પ્રારંભના તબક્કે હતી એ વખતે આ પ્રકારની અભિવ્યક્તિ કરીને શયદાએ ગઝલને વધુ ગુજરાતી તો બનાવી પણ એ સૂક્ષ્મ તરફ ગતિ કરતી થઈ, ને એમાં શયદાનો ફાળો અગત્યનો રહ્યો છે.

'આસિમ' રાંદેરી પાસેથી 'લીલા', 'શણગાર' અને 'તાપીતીરે' વગેરે સંગ્રહોમાંથી ગઝલો પ્રાપ્ત થાય છે. શયદાના સમકાલીન આ ગઝલકારે 'લીલાં' - કાલ્પનિક પાત્રનું સર્જન કરીને ગઝલના માધ્યમ દ્વારા પોતાની ઊર્મિકાવ્યો વ્યક્ત કરી છે. પ્રણયના તમામ રંગો એમની ગઝલોમાંથી પ્રાપ્ત થાય છે. પ્રણયની અભિવ્યક્તિ સિવાય પણ જીવનના અનુભવોની વાત એમની ગઝલોમાં સરળ રીતે આવે છે -

*'પ્રશંસામાં નથી હોતી કે નિંદામાં નથી હોતી,*

*મજા જે હોય છે ચૂપમાં તે ચર્ચામાં નથી હોતી.'*

'ગની' દહીંવાળા પાસેથી 'ગાતાં ઝરણાં', 'મહેક', 'મધુરપ', 'ગનીમત', 'નિરાંત', 'ફાંસ ફૂલની' સંગ્રહોમાંથી ગઝલો પ્રાપ્ત થાય છે. પ્રબળ ઊર્મિતત્ત્વ 'ગની' દહીંવાળાની ગઝલોનો મુખ્ય ગુણ રહ્યો છે. પોતાની અંદર રહેલા ઊર્મિના આવેગને વ્યક્ત કરવા માટે ઉષા, તુષાર, અશ્રુ, કિનારો, મઝધાર, નૌકા, ચમન, સુમન વગેરે કલ્પન પ્રતીકો એમની મદદે આવ્યાં છે. 'ગની' દહીંવાળાની ગઝલોની કેટલીક પંક્તિઓ તો સુવિચારની જેમ જાણીતા છે. જેમ કે, 'હોય ના વ્યક્તિને એનું નામ બોલાયા કરે.' એમની બહુ જાણીતી ગઝલ 'તમારા અહીં આજ...... (ઉપવને આગમન)' છંદની રીતે એક પ્રયોગ છે. 'લગાગા'નાં આઠ આવર્તન સુધી એમણે છંદને લંબાવ્યો છે. આખી ગઝલમાં છંદ પ્રવાહી રહ્યો છે અને એ માટે ગઝલકારનું ભાષાકર્મ જવાબદાર છે.

*'બધી રાત લોહીનું પાણી કરીને બિછાવી છે મોતીની સેજો ઉષાએ*
*પધારો કે આજે ચમનની યુવાની બધાં સાધનોથી સભર થૈ ગઈ છે.'*

ભાષાનો સંપૂર્ણ ક્યાસ કાઢવાની રીતે અને એ દ્વારા અભિવ્યક્તિનાં નોખાં રૂપો પ્રગટાવવાની રીતે 'ગની' દહીંવાળા આપણા એક મહત્ત્વના ગઝલકાર છે.

આ તબક્કામાં અમીન આઝાદ, મગનભાઈ પટેલ 'પતીલ', 'બદરી' કાચવાળા, 'બેકાર', 'સમીર', જમિયતરામ પંડ્યા, અકબરઅલી જસદણવાળા, રુસ્વા મજલૂમી, ઈજન ધોરાજવી, અંબાલાલ ડાયર, મનુભાઈ ત્રિવેદી 'ગાફિલ' વગેરે ગઝલકારોનું પ્રદાન જોવા મળે છે. આ તબક્કાની ગઝલોમાં ગુજરાતીપણું પ્રવેશતું જાય છે. ઉર્દૂ-ફારસી શબ્દોની ભરમાર ઓછી થતી જાય છે. ગઝલમાં અભિવ્યક્તિનાં નવાં નવાં રૂપો પ્રગટે છે. નવાં કલ્પનો દાખલ થાય છે.

## ૨.૪ વસ્તુલક્ષી કસોટી

ગઝલના ઈતિહાસને જાણવા માટે ગઝલના સ્વરૂપને જાણવું પણ જરૂરી છે. તમે ગઝલના આંતરબાહ્ય સ્વરૂપથી હવે પરિચિત છો. જો હજુ પણ એ સ્વરૂપનો ખ્યાલ ન આવતો હોય તો એકમ-૧માંથી પુનઃ પસાર થવું જોઈએ. એ સંદર્ભે નીચેના પ્રશ્નોના ઉત્તર મેળવો.

૧. 'મત્લા' એટલે શું?
૨. 'મક્તા' એટલે શું?
૩. 'કાફિયા' એટલે શું?
૪. 'રદીફ' એટલે શું?
૫. 'મિજાજ' એટલે શું?

## ૨.૫ તબક્કાવાર ઇતિહાસનો પરિચય-૨

આગળ જોયું એમ તબક્કા-૩થી ગુજરાતી ગઝલ એના અસલ મિજાજ સાથે પ્રગટ થાય છે. પરંપરાગત ગુજરાતી ગઝલનો એ મહત્ત્વનો તબક્કો છે અને એ પરંપરાગત ગુજરાતી ગઝલનો તબક્કો, તબક્કા-૪ સુધી વિસ્તરે છે.

### ૨.૫.૧ તબક્કો-૪

ગુજરાતી ગઝલનો આ અતિ મહત્તવનો તબક્કો છે. અમૃત 'ઘાયલ', 'શૂન્ય' પાલનપુરી, 'સૈફ' પાલનપુરી, 'મરીઝ', 'બેફામ' વગેરે કેટલાયે ઉત્તમ ગઝલકારો આ તબક્કામાં જોવા મળે છે.

અમૃત 'ઘાયલ' પાસેથી 'શૂળ અને શમણાં', 'રંગ', 'રૂપ', 'ઝાંપે', 'અગ્નિ', 'ગઝલ નામ સુખ', 'આશ્ચર્ય વચ્ચે', 'પશ્ચાત' વગેરે સંગ્રહોમાંથી ગઝલો પ્રાપ્ત થાય છે. 'આઠો જામ ખુમારી' એમનો સમગ્ર સંગ્રહ છે. શયદાથી ગઝલ ગુજરાતી બનવા અને સૂક્ષ્મતા તરફ ગતિ કરવા લાગી તે પછીની ગઝલયાત્રાનો મહત્ત્વનો પડાવ અમૃત 'ઘાયલ' છે. 'ઘાયલ' પાસે ગઝલ વધુ ગુજરાતી થઈ સંપૂર્ણ ખુમારી સાથે પ્રગટ થાય છે. ખુમારીનું તત્ત્વ 'ઘાયલ'ની ગઝલોને બીજા ગઝલકારો કરતા જુદી પાડે છે. આ ખુમારી સરળ શબ્દોમાં પણ સોંસરથી પ્રગટ થાય છે.

*'આથી વિશેષ જોઈએ 'ઘાયલ' શું આપણે?*
*આ સિદ્ધ શબ્દ આપણો એક કોરો ચેક છે.'*

જીવનના અનેક સારા-નરસા અનુભવોમાંથી 'ઘાયલ'ની ગઝલો આવી છે. એક માણસનો બીજા માણસ સાથેનો વ્યવહાર કે પછી જગતનો ગઝલકાર સાથેનો વ્યવહાર પણ 'ઘાયલ'ની ગઝલોમાંથી પ્રગટ થાય છે. 'ઘાયલ'ની ગઝલોમાં કેટલાયે કાઠિયાવાડી શબ્દો કાફિયા તરીકે આવે છે અને મિજાજ પ્રગટાવે છે. ગઝલકાર તરીકે 'ઘાયલ'ની

ખૂબી જ એ છે કે બોલાતી ગુજરાતી ભાષા એમની ગઝલોમાંથી પ્રગટે છે. તત્સમ, તળપદ, અંગ્રેજી, ઉર્દૂ શબ્દો સહજ રીતે એમની ગઝલોમાં દેખાય છે. તળપદા શબ્દોના વિનિયોગ દ્વારા જે લહેકો અને ખુમારી પ્રગટ થાય છે એ ગુજરાતી ગઝલને અમૃત 'ઘાયલ'ની ભેટ છે.

અબ્બાસ વાસી 'મરીઝ' પાસેથી 'આગમન' અને 'નકશાં' સંગ્રહોમાંથી ગઝલો પ્રાપ્ત થાય છે ગુજરાતી ગઝલને જ્યાં સુધી સાદગીજન્ય ચમત્કૃતિ સાથે લાગેવળગે છે ત્યાં સુધી 'મરીઝ'નું સ્થાન એમાં મોખરાનું છે. ગુજરાતી ગઝલમાં સાદગી સાથે ગહનતાનો અનુભવ 'મરીઝ'ની ગઝલો કરાવે છે. જીવનમાં મળેલો નિષ્ફળ પ્રણય વિષય બનીને એમની ગઝલોમાં વારંવાર આવે છે. નિષ્ફળ પ્રણયની સાથે-સાથે 'મરીઝ'ના જીવનમાં મદિરાનું સ્થાન પણ અગત્યનું હતું. વિપર્યાસ એ 'મરીઝ'ની ગઝલનો મોટો ગુણ રહ્યો છે. પ્રથમ પંક્તિ તમે વાંચો અને કશુંક નક્કી કરો કે તરત બીજી પંક્તિમાં (મિસરામાં) જુદી જ રીતે વાત થયેલી જોવા મળે છે. જીવનમાં મળેલી પારાવાર પીડા અને એને કારણે થતા કડવા-મીક્ષ અનુભવોને લઈને 'મરીઝ'માં આ ગુણ દેખાય છે.

*'એવી તો બેદિલીથી મને માફ ના કરો,*
*હું ખુદ કહી ઊઠું કે સજા હોવી જોઈએ.'*

મરીઝની ગઝલોમાં ભાવનું પુનરાવર્તન હોવા મળે કે ભાષાભંડોળ પણ ઓછું જોવા મળે એ શક્ય છે. પણ સીમિત શબ્દોથી મરીઝે જે અભિવ્યક્તિ સાધી છે એ ગુજરાતી ગઝલની મૂડી છે, એવું કહેવામાં જરા પણ અતિશયોક્તિ નથી.

રતિલાલ 'અનિલ' પાસેથી 'ડમરો અને તુલસી', 'મસ્તીની પળોમાં', 'રસ્તો', 'અલવિદા' સંગ્રહમાંથી ગઝલો પ્રાપ્ત થાય છે. માણસ 'અનિલ'ની ગઝલોના કેન્દ્રમાં છે. 'અનિલ'ને ઈશ્વરથીયે વિશેષ માણસનું મહત્ત્વ વધારે લાગ્યું છે અને એટલે જ એ કહે છે :

*'કોઈ મંદિર માનવીનું ઘર નથી,*
*કેમ કે કંઈ માનવી પથ્થર નથી.'*

અનિલે ગઝલલેખન ઉપરાંત પંદરેક વર્ષ સુધી મહાગુજરાત ગઝલમંડળની પ્રવૃત્તિ કરી અને ગઝલને પ્રતિષ્ઠા અપાવી. ગઝલલેખન, ગઝલવિવેચન અને મુશાયરાની પ્રવૃત્તિ દ્વારા ગઝલને ગુજરાતી સાહિત્યક્ષેત્રે એકગરિમા અપાવવામાં, 'અનિલ'નો ફાળો નાનોસૂનો નથી.

'શૂન્ય' પાલનપુરી પાસેથી 'શૂન્યનું સર્જન', 'શૂન્યનું વિસર્જન', 'શૂન્યના અવશેષ', 'શૂન્યનું સ્મારક', 'શૂન્યની સ્મૃતિ' વગેરે ગઝલ સંગ્રહોમાંથી ગઝલો પ્રાપ્ત થાય છે. 'શૂન્ય' પાલનપુરીની ગઝલોમાંથી પસાર થતા જે પહેલી લાક્ષણિક્તા નજરે પડે છે તે ખુદ્દારી અને ખુમારીનો ગુણ. સાવ સરળ રીતે આ ગઝલકાર ખુમારીને વ્યક્ત કરે છે -

*'સસ્તામાં ઓ જમાના! આ સોદો નહીં પતે,*
*મારું સ્વમાન મારા યુગોની કમાઈ છે.'*

'શૂન્ય' પાલનપુરીની ગઝલોની ભાષા સરળ અને સોંસરી રહી છે. તત્સમ અને તદ્ભવ પદાવલિ અને એમાં ક્યારેક ઉર્દૂ શબ્દોનું મિશ્રણ પણ હોય છે. આ પ્રકારની ભાષા દ્વારા ગઝલકાર જે અભિવ્યક્તિ કરે છે એ મહત્ત્વનું છે. ક્યારેક સુવિચાર જેવી અભિવ્યક્તિ જોવા મળે છે છતાં પરંપરાના ગઝલકાર તરીકે તેમનું મહત્ત્વનું સ્થાન છે.

'સૈફ' પાલનપુરી પાસેથી 'હીંચકો' સંગ્રહ પ્રાપ્ત થાય છે. સાદી સરળ અભિવ્યક્તિ એમનો ગુણ રહ્યો છે. આ તબક્કાના ગઝલકારોમાં તગઝુલનો રંગ વિશેષ હતો. આ વિશેષતા 'સૈફ' માં પણ જોવા મળે છે.

*'મેં લખેલો દઈ ગયા, પોતે લખેલો લઈ ગયા,*
*છે હજુ સંબંધ કે, એ પત્ર બદલાવી ગયાં.'*

પરંપરાગત ગઝલકારોમાં પાલનપુરી ઘરાનાનાં ઘણા ગઝલકારોએ ગુજરાતી ગઝલક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન આપ્યું છે, એમાં 'સૈફ' પાલનપુરીનું નામ પણ મહત્ત્વનું છે.

બરકત વીરાણી 'બેફામ' પાસેથી 'માનસર', 'ઘટા', 'પ્યાસ', 'પરબ', 'રૂહાની રાહત' વગેરે સંગ્રહોમાંથી ગઝલો પ્રાપ્ત થાય છે. સાવ સરળ રીતે એમની અભિધા સ્તરે અભિવ્યક્તિ જોવા મળે છે. પરંપરાગત રીતે અભિવ્યક્તિ કરતા આ ગઝલકારને જીવન અને જગત સામે ઘણી ફરિયાદ છે. પોતાની જાત માટે અને ખુદા માટે પણ ફરિયાદ છે. કબર અને મરણ નિમિત્તે જુદું ચિંતન એમની ગઝલોમાંથી પ્રગટ થાય છે.

***'બેફામ આ કબરની તિરાડ જોઈ થાય છે,***
***બાકી રહેલી કોઈ તમારી તડપ હશે.'***

આ તબક્કામાં નાઝિર દેખૈયા, મકરંદ દવે, કુતુબ 'આઝાદ', કિસ્મત કુરેશી, સાકિન કેશવાણી, મનહરલાલ ચોક્સી, શેખાદમ આબુવાળા, નઝીર ભાતરી, 'ઓજસ' પાલનપુરી, 'કાબિલ' ડેડાણવી, વેણીભાઈ પુરોહિત, મધુકર રાંદેરિયા, મનહર 'દિલદાર', 'સાલિક' પોપટિયા, હસમુખ મઢીવાળા વગેરે અનેક ગઝલકારોનું પ્રદાન જોવા મળે છે. ગુજરાતી ગઝલનો આ મહત્ત્વનો અને સમૃદ્ધ તબક્કો હતો. એક કાવ્યસ્વરૂપ તરીકે ગઝલની ઉપેક્ષા થતી હતી. ગઝલમાં ઊંચું કાવ્યતત્ત્વ સિદ્ધ થઈ શકે એમ નથી, એવી ફરિયાદ પણ વ્યાપક હતી. પરંતુ આ તબક્કાના ગઝલકારોએ પોતાની અભિવ્યક્તિ દ્વારા ગઝલને કાવ્યસ્વરૂપ તરીકે ઓળખ આપવામાં મોટો ફાળો આપ્યો હતો. ગઝલના આત્મા સમાન મિજાજ હલે બરાબર જામે છે ને એ સાથે ગુજરાતી કવિતાપ્રવાહમાં ગઝલ પોતાનું સ્થાન જમાવે છે.

### ● ૨.૫.૨ તબક્કો-૫

જેને આધુનિક ગુજરાતી ગઝલ તરીકે ઓળખવામાં આવે છે તે આ તબક્કો. સ્વરૂપની ચુસ્તીની સાથે અભિવ્યક્તિમાં પણ આધુનિકતા પ્રવેશે છે. હરીન્દ્ર દવે, આદિલ મન્સૂરી, ચિનુ મોદી, મનહર મોદી, રાજેન્દ્ર શુક્લ, મનોજ ખંડેરિયા, ભગવતીકુમાર શર્મા, રમેશ પારેખ વગેરેની ગઝલોમાં નવાં કલ્પન-પ્રતીક જોવાં મળે છે. ગઝલ પ્રતીકાત્મક બનવાની સાથે દુર્બોધ પણ બને છે.

હરીન્દ્ર દવે પાસેથી 'આસવ', 'મૌન', 'અર્પણ', 'સમય', 'સૂર્યોપનિષદ', 'સૂર્યોપનિષદપછી' વગેરે સંગ્રહોમાંથી ગઝલો પ્રાપ્ત થાય છે. હરીન્દ્ર દવેની ગઝલોમાં ભાષાની નજાકતનો અનુભવ થાય છે. પ્રણયના વિવિધ ભાવોની અભિવ્યક્તિ હરીન્દ્ર દવેની ગઝલોનો વિશેષ છે.

***'તારી સુવાસ અંગ થકી ઓસરી નથી,***
***આશ્લેષથી તું જાણે કદીયે સરી નથી.'***

ક્યારેક એમની ગઝલોમાં બોલચાલનો લહેકો પણ અનુભવાય છે. આદિલ મન્સૂરી, ચિનુ મોદીની ગઝલોથી ગુજરાતી ગઝલમાં એક વળાંક આવ્યો પણ એ બદલાવના મહત્ત્વના ગઝલકાર હરીન્દ્ર દવે પણ છે.

ભગવતીકુમાર શર્મા પાસેથી 'છંદો છે પાંદડાં જેનાં', 'નળદર્પણ', 'સંભવ', 'ઝળહળ', 'ઉજાગરો', 'ગઝલાયન', 'એ જાણો ગઝલની છે' વગેરે કાવ્યસંગ્રહોમાંથી ગઝલો પ્રાપ્ત થાય છે. આ ગઝલો ભગવતીકુમાર શર્માને પરંપરા અને આધુનિકતાનો સમન્વય કરનારા ગઝલકાર ઠેરવે છે. એમની ગઝલોમાં પ્રયોગશીલ વલણો જોવા મળે છે તો મૃત્યુવિષયક નવી અભિવ્યક્તિઓ પણ સતત દેખાય છે.

***'ચાલે છે શ્વાસ ત્યાં જ સુધીનો પડાવ છે,***
***સ્વીકારી લ્યો કે આ હવે છેલ્લો પડાવ છે.'***

ગઝલમાં અંગ્રેજી શબ્દોનો વિનિયોગ અને એક પંક્તિ હિન્દીમાં અને એક ગુજરાતીમાં એવો પ્રયોગ પણ આ ગઝલકાર કરી જાણે છે.

'જલન' માતરી પાસેથી 'જલન', 'શુકન' સંગ્રહોમાંથી ગઝલો પ્રાપ્ત થાય છે. 'તપીશ' એમનો સમગ્ર સંગ્રહ છે. પરંપરાગત રીતે ગઝલો લખનાર આ ગઝલકાર મુશાયરામાં પોતાની અદાયગીને કારણે લોકપ્રિય હતા. એમના કેટલાયે શે'ર સુવિચારની જેમ લોકપ્રિય થયા છે. ગઝલકાર તરીકે 'જલન' માતરીનો અસલ મિજાજ તો એમની ખુમારી અને ખુદા સાથે બાથ ભીડવામાં રહેલો છે ખુદા સામે એમને ઘણી ફરિયાદ છે.

***'આદેશ તારો છે કે માનવને ના સતાવો,***
***જુલ્મોમાં સાચું કહેજે, માનવથી તું ચઢે ને?'***

ગુજરાતી ગઝલ ક્ષેત્રે એક જુદા મિજાજના ગઝલકાર તરીકે 'જલન' માતરી નોંધપાત્ર છે.

'આદિલ' મનસૂરી પાસેથી 'વળાંક', 'પગરવ', 'સતત' વગેરે સંગ્રહોમાંથી ગઝલો પ્રાપ્ત થાય છે. 'મળે ન મળે' એમનો સમગ્ર સંગ્રહ છે. પરંપરાથી ગુજરાતી ગઝલને એક નવો વળાંક આપનારા મહત્ત્વના ગઝલકાર 'આદિલ' મન્સૂરી છે. તારા, સૂરજ, આકાશ, ચાંદ, ચાંદની, ઝુલ્ફ, અંધકાર, વસંત, સુગંધ વગેરે આ ગઝલકારનાં ગમતાં કલ્પનો છે. પ્રણયની જુદી જુદી અભિવ્યક્તિ આ ગઝલકાર નોખા મિજાજ સાથે પ્રગટાવે છે.

***'જો આપનો પડછાયો પડી જાય જરા પણ,***
***નક્કી પછી રંગીન બની જાય હવા પણ.'***

એક શબ્દની ગઝલનો પ્રયોગ પણ આ ગઝલકાર કરે છે. પરંપરાથી છેડો ફાડનારા આ ગઝલકારની ગઝલોથી ગુજરાતી ગઝલો ખરા અર્થમાં આધુનિક બની એમ કહી શકાય.

'મનહર મોદી' પાસેથી 'આકૃતિ', 'ઓમ્ તત્સત્' '૧૧ દરિયાં', 'એક વધારાની ક્ષણ' વગેરે સંગ્રહોમાંથી ગઝલો પ્રાપ્ત થાય છે. અરૂઢ અભિવ્યક્તિને કારણે મનહર મોદીની ગઝલો ધ્યાન ખેંચે છે. અસ્તિત્ત્વવાદ, એબ્સર્ડ વગેરેનો પ્રભાવ એમની ગઝલો પર દેખાય છે. અંધારું, પોતાના 'હું' વિશેની અને અસ્તિત્ત્વની સભાનતા સતત એમની ગઝલોમાં જોવા મળે છે.

***'મુસાફર છું અને અટકી ગયો છું,***
***સડક પર કોઈએ માર્યું છે તાળું.'***

પરંપરાથી જુદી અને આધુનિકતાના પ્રબળ પ્રભાવ હેઠળની અભિવ્યક્તિ હોવા છતાં મનહર મોદી જુદા મિજાજના ગઝલકાર છે.

ચિનુ મોદી પાસેથી 'ક્ષણોના મહેલમાં', 'ઊર્ણનાભ', 'દર્પણની ગલીમાં', 'શાપિત વનમાં', 'દેશવટો', 'ઈર્શાદગઢ', 'અફવા', 'ઈનાયત', 'નકશાનાં નગર', 'આઘા-પાછા શ્વાસ', 'ખારાં ઝરણ', 'ગતિભાસ', વગેરે સંગ્રહોમાંથી ગઝલો પ્રાપ્ત થાય છે. આધુનિક ગુજરાતી ગઝલની વાત નીકળે ત્યારે ચિનુ મોદી 'ઈર્શાદ'ને જરૂર યાદ કરવા પડે. સ્વર્ગ, સ્વપ્ન, ઝાંઝવા, ઝાકળ, સુગંધ, પુષ્પ, આંસુ, નાવ-વહાણ વગેરે આ ગઝલકારનાં ગમતાં કલ્પનો છે. ટૂંકી બહેર (છંદ)માં પણ એમની પાસેથી ઉત્તમ ગઝલો મળી છે. 'સોળસાલ્લા' કે 'માદરબખત' જેવા અપશબ્દોનો વિનિયોગ પણ ગઝલમાં કરી જાણે છે. મૃત્યુનો જુદો જુદો અનુભવ પણ સૂક્ષ્મ રીતે પાર થાય છે.

***'મેં તને ક્યારે કહ્યું ઉપચાર કર,***
***સ્વિચ કર તું ઓફ ને અંધાર કર.'***

ગુજરાતી ગઝલનું એક મહત્ત્વપૂર્ણ નામ ચિનુ મોદી 'ઈર્શાદ' છે.

રમેશ પારેખ પાસેથી 'ક્યાં', 'ખડિંગ', 'ત્વ', 'સનનન', 'વિતાન સુદ બીજ', 'અહીંથી અંત તરફ', 'છાતીમાં બારસાખ', 'લે, તિમિરા! સૂર્ય' વગેરે સંગ્રહોમાંથી ગઝલો પ્રાપ્ત થાય છે. 'છ અક્ષરનું નામ' એમનો સમગ્ર સંગ્રહ છે. ગુજરાતી ગીત કવિતા ક્ષેત્રે પોતાની વિશિષ્ટ મુદ્રા અંકિત કરનાર રમેશ પારેખનું ગુજરાતી

ગઝલક્ષેત્રે પણ નોંધપાત્ર પ્રદાન છે. આધુનિક નગરજીવનની વિષમતા, માણસનો માણસ સાથેનો વ્યવહાર, ઈશ્વર અને ખુદા વિશેની મુદ્રા આ બધી બાબતો વિશે એમની સતત અભિવ્યક્તિ જોવા મળે છે.

*'પ્રત્યેક શેરી લાગે રુંધાયેલો કંઠ છે,*
*લાગે છે હર મકાન દબાયેલું ડૂસકું.'*

પ્રયોગશીલતા પણ એમની ગઝલોમાં જોવા મળે છે.

રાજેન્દ્ર શુક્લ પાસેથી 'કોમલ રિષભ', 'સ્વવાચકની શોધમાં', 'અંતરગાંધાર', 'ગઝલ સંહિતા', 'સેંજળ' વગેરે સંગ્રહોમાંથી ગઝલો પ્રાપ્ત થાય છે. ગઝલની ભાષા, ગઝલમાં છંદ-કાફિયા-રદીફનું નાવીન્ય, સાવ નાજુક મિજાજથી લઈને આધ્યાત્મિક મિજાજ - આ બધી બાબતોમાં ગુજરાતી ગઝલે પૂર્વે ન માણી હોય એવી ગઝલો રાજેન્દ્ર શુક્લ પાસેથી મળે છે. રાજેન્દ્ર શુક્લ લાંબી તેમજ ટૂંકી બંને બહેરોમાં ગઝલને સિદ્ધ કરે છે. છંદવૈવિધ્ય રાજેન્દ્ર શુક્લની ગઝલોમાં જોવા મળે છે.

*'શ્વાસ વર્ણવજો તમે વ્યાકુળકથા એવી રીતે,*
*એક ક્ષણમાં એ સ્વયં અહીં આવવા વ્યાકુળ બને.'*

રાજેન્દ્ર શુક્લની ગઝલોમાં પ્રાથમિક સ્તરથી લઈને અનેકાનેક મર્યાદાઓ હોવા છતાં ગુજરાતી ગઝલના તેઓ એક મહત્ત્વના વળાંક છે, એ પણ સ્વીકારવું રહ્યું.

મનોજ ખંડેરિયા પાસેથી 'અચાનક', 'અટકળ', 'હસ્તપ્રત' વગેરે સંગ્રહોમાંથી ગઝલો પ્રાપ્ત થાય છે. ગુજરાતી ગઝલને પરંપરાથી જુદો વળાંક આપવામાં જે ગઝલકારોનો ફાળો છે એમાં મનોજ ખંડેરિયાનું નામ પણ અગ્રેસર છે. મરીઝ પછી ભાષાની સાદગી અને સોંસરાપણું મનોજ ખંડેરિયાની ગઝલોમાં જોવા મળે છે. મનોજ ખંડેરિયાની ગઝલોની ઊડીને આંખે વળગે એવી લાક્ષણિક્તા રદીફની પસંદગી છે. લાંબી, અરૂઢ રદીફ દ્વારા આ ગઝલકારે ઘણી નોંધપાત્ર ગઝલો આપી છે.

*'તમારું ખુદનં અંધારું ન ઘેરે તમને રસ્તામાં,*
*કવિતાના કિરણનો હાથ ઝાલીને જરા નીકળો.'*

ગિરનાર અને જૂનાગઢના પરિવેશનો પ્રભાવ પણ એમની ગઝલો પર જોવા મળે છે. ભાષાના સાદગીપૂર્ણ વિનિયોગ દ્વારા ભાવને તીવ્ર રીતે આ ગઝલકાર પ્રગટાવી શકે છે, જે એમની મોટી સિદ્ધિ રહી છે.

આ તબક્કામાં, આ ઉપરાંત હેમંત દેસાઈ, કિસન સોસા, ખલીલ ધનતેજવી, અદમ ટંકારવી, શ્યામ સાધુ, આહમદ મકરાણી, કૈલાસ પંડિત, કરસનદાસ લુહાર 'નિરંકુશ', ધૂની માંડલિયા, મુસાફિર પાલનપુરી, અંજુમ ઉઝયાન્વી, 'અમર' પાલનપુરી, 'સાગર' નવસારવી, 'રાઝ' નવસારવી, સુરેન ઠાકર 'મેહુલ', મનોહર ત્રિવેદી, આદિ અનેક ગઝલકારોનું પ્રદાન જોવા મળે છે.

### ● ૨.૫.૩ તબક્કો-૬

જેને અનુઆધુનિક ગુજરાતી ગઝલ તરીકે ઓળખવામાં આવે છે એ આ તબક્કો. આધુનિક ગુજરાતી ગઝલ, જે દુર્બોધ બની હતી એ હવે ફરી સરળ-સૂક્ષ્મ તરફ ગતિ કરે છે. રાજેશ વ્યાસ 'મિસ્કીન', 'જવાહર બક્ષી', 'હરીશ મીનાશ્રુ', 'મુકુલ ચોક્સી', વગેરે ગઝલકારો નવી અભિવ્યક્તિની સાથે ગઝલનો સદ્ય પ્રત્યાયન ક્ષમતાનો ગુણ પણ જાળવે છે.

નયન હ. દેસાઈ પાસેથી 'માણસ ઊર્ફે રેતી ઊર્ફે દરિયો', 'મુકામ પોસ્ટ માણસ', 'આંગળી વાઢીને અક્ષર મોકલું', 'અનુષ્ઠાન', 'સમંદરબાજ માણસ', 'દરિયાનો આકાર માછલી' સંગ્રહોમાંથી વિપય નાવીન્ય એ નયન હ. દેસાઈની ગઝલોની ઊડીને આંખે વળગે એવી લાક્ષણિકતા છે. પહેલા સંગ્રહથી જ એમનો પ્રયોગશીલ મિજાજ પ્રગટ થાય છે.

*'આજ હતું ટેબલ કે જેણે ફૂલગુલાબી મધમધતા કૈં પત્રો વાંચ્યા,*
*આજ હવે ખાનામાં જનકલ્યાણ મળે છે, લ્યો, ટેબલને તાળું મારો.'*

'દરિયાનો આકાર માછલી' માં નયન હ. દેસાઈ એબ્સ્ટ્રેક્ટ ગઝલો સાથે પ્રગટ થાય છે. આદિલ મન્સૂરી અને ચિનુ મોદીની પેઢી પછીના તેઓ એક મહત્ત્વના ગઝલકાર છે.

જવાહર બક્ષી પાસેથી 'તારાપણાના શહેરમાં' અને 'પરપોટાના કિલ્લા' સંગ્રહમાંથી ગઝલો પ્રાપ્ત થાય છે. અભાવ અને એમાંથી જન્મેલી તરસ - આ ગઝલકારની ગઝલોના મુખ્ય ભાવો રહ્યા છે. તરસ અને અભાવની વચ્ચે જીવાના જીવનસંદર્ભે પણ તેમને ઘણા પ્રશ્નો થાય છે. એમની ગઝલોમાં પ્રયોગશીલ મિજાજ પણ દેખાય છે. જૂનાગઢનું વાતાવરણ અને નરસિંહ મહેતાના સંસ્કારો પણ અહીં પડઘાતા રહે છે. જવાહર બક્ષીની ગઝલો બોલચાલની ભાષા લઈને નથી આવતી એમની ગઝલો એ એકાંતમાં માણવાની ગઝલો છે.

*'મસ્તી વધી ગઈ તો વિરક્તિ થઈ ગઈ,*
*ઘેરો થયો ગુલાલ તો ભગવો થઈ ગયો.'*

હરીશ મીનાશ્રુ પાસેથી 'ધ્રિબાંગ સુંદર એણી પેર ડોલ્યાં', 'તાંબૂલ', 'શબદમાં જિનકું ખાસ ખબરાં પડી' વગેરે સંગ્રહોમાંથી ગઝલો પ્રાપ્ત થાય છે. આદિમ આવેગો, સંવેદનો, રતિ અને શૃંગાર રસની અભિવ્યક્તિ અહીં વિશેષ જોવા મળે છે. તત્સમ્ પદાવલીનું વર્ચસ્ ક્યારેક પ્રત્યાયનના પ્રશ્નો ઊભા કરે છે. અનેક સંદર્ભો લઈને એમની ગઝલો ચાલે છે. પુરાકથા, ઉપનિષદ, દંતકથા, નરસિંહ, મીરાં કે અન્ય કવિઓના સંદર્ભોને કારણે એમની અભિવ્યક્તિ સંકુલ બને છે.

*'ઊભી છે પ્રાર્થનાઓ, બેઠાડું ઈશ્વરો છે,*
*આ બેની વચ્ચે કાયમ મંદિરનો મરો છે.'*

ચિનુ મોદી, 'આદિલ' મન્સૂરી પછીની પેઢીના તેઓ પણ એક મહત્ત્વના ગઝલકાર છે.

રાજેશ વ્યાસ 'મિસ્કીન' પાસેથી 'છોડીને આવતું', 'કોઈ તારું નથી', 'એ પણ સાચું આ પણ સાચું', 'પહેલી નજર', 'બદલી જો દિશા', 'એ ઓરડો જુદો છે', 'પાણિયારાં ક્યાં ગયાં', 'એ સમથિંગ છે' અને 'મળેલાં જ મળે છે....' વગેરે સંગ્રહોમાંથી ગઝલો પ્રાપ્ત થાય છે. ઇયત્તા અને ગુણવત્તા બંને રીતે 'મિસ્કીન' નોંધપાત્ર ગઝલકાર છે. ભીતર સાથેનો સંવાદ, ભીતર વિશેનો સંવાદ, બાહ્ય ઘટનાઓથી અજંપ થતું ભીતર અને ભીતર-બહાર વચ્ચે ચાલતો સંઘર્ષ એમના અનેક શે'રોમાંથી પ્રતિબિંબિત થાય છે.

*'તૂટે નહીં કશુંયે ખૂટે નહીં કશુંયે*
*ભીતર બહાર સઘળું લાગે સળંગ જેવું.'*

'એ સમથિંગ છે' ભાવ અને ભાષાની રીતે જુદો પડે છે.

અનુઆધુનિક ગઝલની ઓળખ સમો આ સંગ્રહ છે.

મુકુલ ચોક્સી પાસેથી 'તરન્નુમ', 'આજથી પત્રોને બદલે લખજે નક્ષત્રો સજનવા' અને 'તાજા કલમમાં એજ કે...' સંગ્રહોમાંથી ગઝલો પ્રાપ્ત થાય છે. સરળ અને બોલચાલના શબ્દોમાં આ ગઝલકાર ગહન અભિવ્યક્તિ કરે છે.

*'તન જિવાડી રાખતા એક જોશી જેવું હોય છે,*
*મન કોઈ મરવા પડેલી ડોશી જેવું હોય છે.'*

ગઝલકાર તરીકે મુકુલ ચોક્સીનો અભિગમ પ્રયોગો કરવાનો રહ્યો નથી પણ ભાષાનો કસ કાઢીને જુદી અભિવ્યક્તિ કરવાનો જરૂર રહ્યો છે. અરૂઢ શબ્દસંનિધિઓ અને નવા શબ્દોનો વિનિયોગ પણ એમની ગઝલોને જુદી પાડે છે.

આ ઉપરાંત, આ તબક્કામાં સાહિલ, રવીન્દ્ર પારેખ, લલિત ત્રિવેદી, રશીદ મીર, એસ. એસ. રાહી, હર્ષ બ્રહ્મભટ્ટ, ઉદયન ઠક્કર, ભરત વિંઝુડા, શોભિત દેસાઈ, હેમેન શાહ, હર્ષદ ત્રિવેદી, સંજુવાળા, ભરતભટ્ટ 'તરલ', રઈશ મનીઆર, ઊર્વીશ વસાવડા, હેમંત ધોરડા વગેરે ગઝલકારોનું પ્રદાન રહ્યું છે.

સાંપ્રત ગઝલકારોમાં ગૌરાંગ ઠાકર, અનિલ ચાવડા, અંકિત ત્રિવેદી, અશોક ચાવડા 'બેદિલ', હિતેન આનંદપરા, ભાવેશ ભટ્ટ વગેરે નામો ઉમેરી શકાય.

અનુઆધુનિક કહેવાતી આ ગઝલોમાં વિષય વૈવિધ્ય જોઈ શકાય છે. વિષય વ્યાપ વધ્યો, સામાજિક સમસ્યાઓ ગઝલના શે'ર રૂપે અભિવ્યક્ત થવા લાગી પણ એ બધામાં ક્યાંક મિજાજ દૂર થઈ ગયો.

## ➠ ૨.૬ વસ્તુલક્ષી કસોટી

(૧) ગઝલ સ્વરૂપ સાથે સંકળાયેલા કેટલાક પરિભાષાના શબ્દો 'ઇશ્કેમિજાજી' 'ઈશ્કે હકીકી', 'તસવ્વુર' વગેરે શબ્દોનો પરિચય મેળવવાનો પ્રયત્ન કરો.

(૨) ગઝલકારના ઉપનામને 'તખલ્લુસ' તરીકે ઓળખવામાં આવે છે. અન્ય ગઝલકારો અને એમના 'તખલ્લુસ'ની એક યાદી તૈયાર કરો.

## ➠ ૨.૭ પુનરાવલોકન

ગુજરાતી ગઝલનો ઇતિહાસ લાંબો છે. અહીં ટૂંકમાં એના વિશે વાત કરી છે. ગુજરાતી ગઝલનો ઇતિહાસ ત્રૂટક ત્રૂટક જે પુસ્તકોમાંથી પ્રાપ્ત થતો હોય એ વાંચીને એનો સળંગ ઇતિહાસ મેળવવાનો પ્રયત્ન કરો.

## ➠ ૨.૮ લેખન-પ્રવૃત્તિ

ગુજરાતી ગઝલના ઇતિહાસમાંથી તમને ગમતા ત્રણ ગઝલકારોના એક-એક સંગ્રહની સમીક્ષા કરો અને એ રીતે ગઝલને પામવાનો પ્રયત્ન કરો. અભ્યાસ અંતર્ગત ગઝલકાર અને એમનાં સંગ્રહોનાં નામો આપવામાં આવ્યાં છે, જે તમને ઉપયોગી થશે.

## ➠ ૨.૯ વિશેષ અધ્યયન

રતિલાલ 'અનિલ' કૃત 'સફરના સાથી' પુસ્તકોનો અભ્યાસ કરો. ગુજરાતી ગઝલના ઇતિહાસને સમજવા માટે અગત્યનું પુસ્તક છે. ઉપરાંત રશીદ મીર, એસ. એસ. રાહી અને 'જલન' માતરીના, ગઝલકારોનો પરિચય આપતા પુસ્તકોનો અભ્યાસ પણ થઈ શકે.

## ➠ ૨.૧૦ સંદર્ભ


(૧) અમૃત ઘાયલ, મકરંદ દવે, છીપનો ચહેરો ગઝલ, મુંબઈ - સાહિત્ય ભારતી ટ્રસ્ટ.

(૨) ઝવેરી, દી. બ. કૃષ્ણલાલ મોહનલાલ. ગુજરાતની ગઝલો, અમદાવાદ - સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય. ૧૯૪૩.

(૩) માતરી, જલન, ઊર્મિની ઓળખ ભાગ ૧-૨, અમદાવાદ - રન્નાદે પ્રકાશન, ૨૦૧૧.

(૪) મોદી, ચિનુ (સં.) ગુજરાતી પ્રતિનિધિ ગઝલો. નવી દિલ્હી - સાહિત્ય અકાદમી, ૨૦૦૮ (ત્રી.આ.)

(૫) રતિલાલ, 'અનિલ', સફરના સાથી, અમદાવાદ, મુંબઈ - ઈમેજ પબ્લિકેશન્સ પ્રા. લિ.

(૬) રાહી, એસ. એસ. ગઝલના મહેલમાં, અમદાવાદ - પાર્શ્વ પ્રકાશન, ૨૦૦૫.


❒

# એકમ 3 બાલાશંકર કંથારિયા


૩.૧ ઉદ્દેશ

૩.૨ પ્રસ્તાવના

૩.3 કૃતિ

૩.૩.૧ કૃતિનો સઘન અભ્યાસ

૩.૪ વસ્તુલક્ષી કસોટી

૩.૫ ભાષાકીય સામગ્રીનો અભ્યાસ

૩.૬ પુનરાવલોકન

૩.૭ લેખનપ્રવૃત્તિ

૩.૮ વિશેષ અધ્યયન

૩.૯ કવિપરિચય

૩.૧૦ સંદર્ભ


## ૩.૧ ઉદ્દેશ

(૧) ગુજરાતના પ્રથમ ગઝલકાર તરીકેનું જેમને બિરુદ મળ્યું છે, એ બાલાશંકર કંથારિયાની ગઝલનો પરિચય થશે.

(૨) પ્રારંભમાં લખાતી ગુજરાતી ગઝલનું સ્વરૂપ કેવું હતું, એનો ખ્યાલ આવશે.

(૩) એ સમયની ગઝલનાં ભાવ-ભાષાનો ખ્યાલ આવશે.

## ૩.૨ પ્રસ્તાવના

ગુજરાતી ગઝલ આજે દોઢસો વર્ષથી પણ વધુ પુરાણી થઈ છે. મધ્યકાલીન કવિ દયારામમાં ગઝલનાં લક્ષણો જોવાં મળતાં હતાં, પણ મિજાજ અને સ્વરૂપની દૃષ્ટિએ બાલાશંકર કંથારિયામાં ગઝલ સિદ્ધ થતી જોઈ શકાય છે. એટલે બાલાશંકર કંથારિયા આપણા પહેલા ગઝલકાર તરીકે ઓળખાય છે. બાલાશંકર પછી તત્કાલીન કવિઓમાં 'કલાપી', મણિલાલ નભુભાઈ વગેરેની રચનાઓમાં પણ ગઝલનાં લક્ષણો જોવાં મળે છે.

## ૩.3 કૃતિ - જિગરનો યાર

*જિંદગીનો યાર જુદો તો, બધો સંસાર જુદો છે;*
*બધા સંસારથી એ યાર, બેદરકાર જુદો છે.*
*અરે શું જાણશે લઝ્ઝત, પવિત્રીમાં પડી રહેતાં;*
*પ્રિયાની ખ્યાલની મસ્તી તણો કંઈ બ્હાર જુદો છે.*
*ગણું ના રાવ રાયાને, ગણું ના આખી દુનિયાને;*
*પરંતુ જાન આ પર પ્યારીનો, અખત્યાર જુદો છે.*

*હજારો બોધ મંદિરો મહીં નિત્યે ભલે પામે;*
*અમો મસ્તાનના ઉસ્તાદનો દરબાર જુદો છે.*
*નથી તુજ બાપ માર્યો મેં, અરે મૂર્ખા કહાં નિંદે;*
*સમજ રે બે સમજ કે, પ્રેમીનો આચાર જુદો છે.*
*બધા પરકાર તોફાને થઈ ચંચળ ચૂકે નિશાન;*
*અમારા ચિત્તનો ચારું અચળ પરકાર જુદો છે.*
*લીધો જે પંથ તે હું કેમ ત્યાગું છો ભર્યો દુઃખે;*
*પ્રિયાનો માહરી ગર્દન ઉપર તો આ ભાર જુદો છે.*
*ઘડીભર બેશ બતલાવું શિખાવું પ્રેમનો જાદૂ;*
*અમો જાદુગરોનો યાર, જો બાઝાર જુદો છે.*
*શીખે જો પ્રેમ પૂરો તો જ અચળ ભેદ પામે તું;*
*નથી ત્યાં પ્રેમ જ્યાં છે ભેદ, એ વ્યવહાર જુદો છે.*
*થશે શ્રીમંત ઈન્દ્રાદિ થકી, મુજ પંથ પર જાશે;*
*અરે એ કીમિયાનો યાર, જો કંઈ બહાર જુદો છે.*
*કરું શું મોતીમાલા હું? અનુપમ મારી પ્યારીએ,*
*કર્યો નક્ષત્રનો મારે ગળે શણગાર જુદો છે.*
*ભલે છો માહરા પંથે બધા એ દુઃખને દેખે;*
*મને તો સુખસાગર લહેરીનો કંઈ બહાર જુદો છે.*
*થયો જે પ્રેમમાં પૂરો, થયો છે મુક્ત સર્વેથી;*
*મહા મસ્તાન જ્ઞાનીના મગજમાં તાર જુદો છે.*
*નજર મારી પ્રિયા વિના, ન દેખે જગત આખે;*
*બીજાના બંધકારી પ્રેમનો તો જાર જુદો છે.*
*ગુરુઆદેશ છે અમને અવળ પંથે પળ્યા જઈએ;*
*દુનિયાથી પછી આ 'બાલ' બેદરકાર જુદો છે.*

**- બાલાશંકર કંથારિયા**

### ● ૩.૩.૧ કૃતિનો સઘન અભ્યાસ

'જિગરનો યાર' બાલાશંકરની જાણીતી ગઝલ છે. અહીં 'યાર' શબ્દ અગત્યનો છે અને આખી ગઝલમાં એ એકાધિક વાર આવે છે. સૂફીવાદમાં માશૂકનો અર્થ પ્રિયા પણ થાય છે અને પ્રભુ પણ થાય છે. 'યાર' શબ્દ પણ આ બંને અર્થનું સૂચન કરે છે. આ ગઝલનો મત્લા 'યાર' સાથેના સંબંધને સ્પષ્ટ કરે છે. 'યાર'ને બેદરકાર કહ્યા પછી જુદો કહેવાની વાતમાં માશૂક પ્રત્યેની એક ખુમારી પ્રગટ થાય છે. બાલાશંકર કંથારિયાની ઘણી ગઝલો ભાવપ્રધાન છે. પ્રણયની અભિવ્યક્તિને અહીં જુદી રીતે અભિવ્યક્તિ મળી છે. પ્રણયમાં એવું છે કે એકવાર એની લગન લાગે પછી પ્રિયા હોય કે પ્રભુ; એના પર અધિકારભાવ (અખત્યાર) આવી જાય છે. પ્રેમના વળી પ્રકાર (પરકાર) પર જુદા હોય છે. શાંત-ગંભીર પ્રેમ પણ હોય અને ચંચળ-નટખટ પ્રેમ પણ હોય. આ પંથ એકદમ ન્યારો છે, દુઃખોથી ભર્યો છે અને છતાં એ દુઃખોનો ભાર જુદો લાગે એવી અનુભૂતિ પ્રણયમાં જ શક્ય છે. 'શીખે

જો પ્રેમ...' શે'રમાં ગઝલકાર પ્રણય માટેની શરતનું બયાન કરે છે. પ્રેમમાં પૂરેપૂરા ડૂબવાનું હોય છે, છબછબિયાં કરનારના હાથમાં કશું આવતું નથી. એનો ભેદ પૂરેપૂરો પામવાનો હોય છે.

પ્રણયની અનુભૂતિ એવી હોય છે, કે બધું જ વિલક્ષણ લાગતું હોય છે. પ્રિયપાત્રે ગળામાં નક્ષત્રનો હાર પહેરાવ્યો હોય એ અનુભવ બધા અનુભવથી જુદો પડે છે અને એવા એ શણગારની તો વાત જ શી કરવી? એ શણગાર પણ જુદો જ હોવાનો! 'થયો છે પ્રેમમાં...' શે'રમાં પણ 'ફના' થવાની વાત છે. પ્રેમ જ મુક્તિ અપાવે છે, એવો બોધ પણ એમાંથી પ્રગટ થાય છે. ગઝલકાર પોતાને પણ આ શે'રમાં સાંકળે છે અને પ્રણય વિશેની પોતાની વિચારસરણી અને એના તાર જુદા છે, એવી કબૂલાત પણ કરે છે. 'બેદરકાર' આમ તો નકારાત્મક શબ્દ છે. પણ અહીં મત્લામાં અને મક્તામાં બે વખત 'બેદરકાર' કાફિયા તરીકે આવે છે અને પ્રેમમાં 'બેદરકાર' હોવું જાણે મોટો ગુણ હોય એ રીતે આવે છે. અહીં 'બેદરકાર' શબ્દને સ્થૂળ અર્થમાં લેવાની જરૂર નથી. પ્રેમ સિવાય બીજી કોઈ વાતની દરકાર નથી, એવો સકારાત્મક અર્થ પણ એમાંથી મળે છે અને એ જ આ આખી ગઝલની પણ ખૂબી છે.

'હજારો બોધ...' શે'ર સાંપ્રત સમયમાં પણ પ્રસ્તુત છે અને આખી ગઝલમાં એ જરા જુદો પડે છે. ધર્મના નામે જે કંઈ પણ ચાલે છે એની સાથે ગઝલકારને કોઈ નિસબત નથી. એનો જે ઉસ્તાદ (પ્રભુ, ખુદા) છે એની દુનિયા જ નિરાળી છે, અલગ છે. એ પ્રેમની દુનિયા છે. એ દુનિયામાં કેવળ 'બેદરકાર' લોકોનું જ સ્વાગત છે. ટૂંકમાં, આખી આ ગઝલ 'માશૂક' સંદર્ભે છે અને એમાં પ્રેમીહૃદયમાં પ્રગટ થતા જુદા જુદા ભાવોની અભિવ્યક્તિ છે. બાલાશંકરની ગઝલોના કેન્દ્રમાં પ્રણયની અનુભૂતિ વિશેષ રહી છે, એનો ખ્યાલ એમની બીજી એક ગઝલના કેટલાક શે'ર પરથી આવશે.

**ખબર લે**

*ઉનારના કંઈ પ્યાર એ, દિલદાર સબર લે;*
*ગમખ્વાર જીગરખ્વારની, કંઈ યાર ખબર લે.*
*ગુલિસ્તાનમાં હેરાન છે, મસ્તાન આ બુલબુલ;*
*ભરપ્યાર નથી યાર, વફાદાર ખબર લે.*
*સમશાન સમું ભાન, જગતધ્યાન છૂટિયું;*
*હુશિયાર છું હુશિયાર, સમજદાર ખબર લે.*
*તુજ વાન ગોરે ધ્યાન છે, મન માનમાં હવે;*
*પરકાર છે દિલ યાર, ખબરદાર ખબર લે.*
*કરું ગાન ગોરું વાન, ઘૂંઘટમાં ન રાખીએ;*
*પુરવાર કરું પ્યાર, નિગહદાર ખબર લે.*
*મન માનતું નથી, નથી ભાનમાં નહીં,*
*ગુલઝાર અલક તારમાં સરદાર ખબર લે.*
*મહેમાન કર્યો માનથી, અહેસાન છે દિલે;*
*તુજ પ્યારનો છું યાર, કરજદાર ખબર લે.*
*નિશિમાન અર્ધવાન, તારું ગાન ગાઈને;*
*વહી ધાર આંસુ સાર, વારંવાર ખબર લે.*

*પર અંચળે મુખ ચંચળે, સુદગંચલેથી છું;*
*દિલદાર ગિરફતાર, ગિરફતાર ખબર લે.*
*રહે સ્વાર્થ ના પરાર્થની, બળજો જુગારી પ્રીત;*
*સહુ જાર છે સહુ જાર, વધ્ન હજાર ખબર લે.*
*કરી પ્રેમ કશો તેમ, ઉરે કેમ ધારિયે;*
*કરનાર સુગમ પ્યાર, બેશુમાર ખબર લે.*
*પિયુને સુખે સુખને, દુઃખે દુઃખને ન જ ગણે;*
*નથી પ્યાર કુલાચાર સમજનાર ખબર લે.*
*મુજ ઉરનાં ભરપૂર, આંસુપૂરને હસે;*
*સરદાર પુર ગમારના, સરદાર ખબર લે.*
*રસનો વિજોગી ભોગી, રોગી પ્રેમ પંથનો;*
*રસ સારના રમનાર, પ્રાણાધાર ખબર લે.*
*ગતિ ન્યારીથી વિહારી રહ્યો હારી હારી બાલ;*
*લાચાર છું લાચાર, જુલમગાર ખબર લે.*

**- બાલાશંકર કંથારિયા**

પ્રારંભની ગઝલોની આ લાક્ષણિકતા પણ રહી હતી કે ગઝલકારને જેટલા કાફિયા મળે, એ બધાને પ્રયોજીને એ શે'રની રચના કરતો હતો. આમ, કરવાને કારણે કેટલાક કૃતક શે'ર પણ ગઝલમાં પ્રવેશી જાય છે. આ રચના પણ ભાવપ્રધાન છે. ઊર્મિઓનો જે સાગર ગઝલકારની ભીતર ઉમટી રહ્યો છે એની અહીં વિવિધ શે'રમાં અભિવ્યક્તિ છે. અહીં પણ અભિવ્યક્તિના કેન્દ્રમાં પ્રેમ રહ્યો છે.

પહેલા શે'રમાં થતું 'યાર' તરીકેનું સંબોધન પણ પ્રભુ અને પ્રિયતમનો અર્થ સૂચવે છે. એની કૃપાદૃષ્ટિ થાય પછી એક વિહ્વળ સ્થિતિનો અનુભવ થતો હોય છે. સમાનતાની એ અવસ્થા હોતી નથી. પ્રેમમાં ગળાડૂબ હોવાને કારણે આ સ્થિતિનું નિર્માણ થતું હોય છે. ક્યારેક એ સ્થિતિમાં આંસુની ધાર પણ પ્રગટ થતી હોય છે. પ્રેમના જ આ બધા રંગો છે. પિયુના સુખથી સુખી અને એના દુઃખથી દુઃખી થવાની આ સ્થિતિ છે. હૃદયમાં ભરપૂર આંસુપૂર હોય ત્યારે કોઈ હાથ ન ઝાલે તો દુઃખની તીવ્રતા વધતી હોય છે. આ પ્રેમ છે કોઈ કુલાચાર કે શિષ્ટાચાર નથી. એ જે ભોગવે છે એ જ જોગીની કક્ષાએ પહોચે છે.

આ આખી ગઝલમાં 'ખબર લે' રદીફનું મહત્ત્વ છે. પાછળથી ગઝલમાં જે બોલચાલની ભાષાનું મહત્ત્વ વધ્યું, એનાં લક્ષણ આ રદીફમાં જોઈ શકાય છે. 'ખબર લે'માં એક આદેશ પણ છે, આગ્રહ પણ છે અને વિનવણી પણ છે. 'ખબર લઈ નાખવી' એવા રૂઢિપ્રયોગનો અર્થ પણ એમાં સમાયેલો છે. આ આખી ગઝલની મજા ગઝલકારે એમાં આંતરપ્રાસની જે રચના કરી છે એમાં પણ છે. જેમ કે, 'વહી ધાર આંસુ સાર', 'પટ અંચળે મુખ ચંચળે', 'કરી પ્રેમ કશો નેમ' વગેરે. એ વખતની ગઝલની ભાષા કેવી ઉર્દૂમિશ્રિત હતી એના ઉદાહરણ રૂપે પણ આ ગઝલ જોઈ શકાય. 'નિગહદાર', 'ગિરફતાર' વગેરે કાફિયાની સાથે સાથે 'પ્રાણાધાર' જેવો કાફિયા પણ છે. 'નિશિમાન', 'અર્ધવાન' જેવા તત્સમ શબ્દો પણ અહીં પ્રયોજાયેલા છે. ગઝલકાર બાલાશંકર કંથારિયા ઉર્દૂ, ફારસી, સંસ્કૃતથી પરિચિત હતા એનો ખ્યાલ પણ આવે છે. ટૂંકમાં, આ ગઝલ પ્રણયના વિવિધ રંગોની અભિવ્યક્તિની સાથે સાથે તત્કાલીન ગઝલની ભાષા કેવી હતી, એના દૃષ્ટાંત રૂપે પણ જોઈ શકાય એમ છે.

## ➠ ૩.૪ વસ્તુલક્ષી કસોટી

(૧) બાલાશંકર કંથારિયાની આ બે ગઝલો સ્વરૂપની દૃષ્ટિએ તમને બરાબર લાગે છે? એકમ-૧માં ગઝલના સ્વરૂપનો અભ્યાસ તમે કરી ગયા છો. એ અભ્યાસને આધારે બાલાશંકર કંથારિયાની આ બંને ગઝલનો અભ્યાસ કરો.

(૨) બાલાશંકર કંથારિયાની આ બંને ગઝલના કયા કયા શે'રમાં તમને મિજાજ જોવા મળે છે, તેની કારણ સહિત ચર્ચા કરો.

## ➠ ૩.૫ ભાષાકીય સામગ્રીનો અભ્યાસ

(૧) આ બંને ગઝલમાં ઉર્દૂ-ફારસી શબ્દોનો ઉપયોગ થયો છે. જેમ કે અખત્યાર = અધિકારભાવ. આવા બીજા શબ્દોની અર્થસહિત યાદી તૈયાર કરો.

(૨) બંને ગઝલમાં સંસ્કૃત આધારિત તત્સમ્ શબ્દો પણ છે. જેમ કે અર્ઘવાન. આવા બીજા શબ્દોની અર્થસહિત યાદી તૈયાર કરો.

## ➠ ૩.૬ પુનરાવલોકન

બાલાશંકર કંથારિયાની આ સિવાયની ગઝલો મેળવીને એનો અભ્યાસ કરો. એ ગઝલોની ભાષાકીય તપાસ અને સ્વરૂપ આધારિત તપાસ કરો. આ પ્રકારના અભ્યાસને કારણે ગુજરાતી ગઝલના પ્રારંભના તબક્કાની અને ગઝલકાર તરીકે બાલાશંકર કંથારિયાની ક્ષમતાનો ખ્યાલ આવશે. ગઝલકાર તરીકે બાલાશંકર કંથારિયાનું મૂલ્યાંકન કરતી વખતે કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરીના આ શબ્દો પણ ધ્યાનમાં રાખો : "સ્વ. બાલાશંકર કંથારિયાએ મૂળ ફારસી સાહિત્યનો અભ્યાસ કર્યો હતો. જાતે કવિ હતા, એટલે ફારસી ભાષામાં 'ગઝલ' શેને કહેતા, 'ગઝલ'નું વસ્તુ શું, તે પોતે બરાબર સમજી ગયા હતા, અને તેથી 'ગઝલ' સારી રીતે અને વિના ભૂલે લખી શકતા હતા. ગુજરાતી ભાષામાં લખાતી 'ગઝલો' કેવા લેભાગુ પ્રકારની હતી તે તેઓ સમજી શકતા હતા અને તેવા લેભાગુ લેખકોને ચાબખા મારતા હતા." બાલાશંકરની ગઝલોની વધુ લાક્ષણિકતા આ રીતે જણાવે છે, "'મસ્તબાલ'નું જિગર નીડર, પ્રામાણિક, સ્વતંત્ર અને વિશુદ્ધ છે, એ તેમના ઉદ્ગારોમાં પ્રપાત પામનારને સ્પષ્ટ થશે. 'હરિપ્રેમપંચદરત' અને 'ક્લાન્ત કવિ' એ તેમનાં પ્રેમકાવ્યો હરેક પ્રેમીહૃદયને મનન યોગ્ય છે. સૂફીવાદની ઝલક તેમની ગઝલોમાં બહુ સ્પષ્ટ છે અને તે ઈશ્કનાં સહદારીઓને થોડુંક હૃદય ખર્ચ્યે સુગમ થઈ શકશે. ખરેખર, એ હૃદય આપણું રાહબર થવાને પાત્ર છે. 'કલાન્ત કવિ'માં સૂફી આશકે કરેલી ભક્તિ છે - ભક્તિ યોગ છે."

## ➠ ૩.૭ લેખનપ્રવૃત્તિ

બાલાશંકર કંથારિયાના કેટલાક શે'ર અહીં પ્રસ્તુત છે, એને તમારી રીતે આસ્વાદવાનો મુલવવાનો પ્રયત્ન કરો.

***ગુજારે જે શિરે તારે જગતનો નાથ તે સ્હેજે,***
***ગણ્યું જે પ્યારું પ્યારાએ અતિ પ્યારું ગણી લેજે.***
***દુનિયાની જૂઠી વાણી વિષે જો દુઃખ વસે છે,***
***જરાએ અંતરે આનંદ ના ઓછો થવા દેજે.***
***કચેરીમાંહિ કાજીનો નથી હિસાબ કોડીનો,***
***જગતકાજી બનીને તું વહોરી ના પિડા લેજે.***
***જગતના કાચના યંત્રે ખરી વસ્તુ નહીં ભાસે,***
***ન સારા કે નઠારાની જરાયે સંગતે રહેજે.***

રહેજે શાંતિ સંતોષે સદાયે નિર્મળે ચિત્તે,
દિલે જે દુઃખ કે આનંદ કોઈને નહીં ક્હેજે.
વસે છે ક્રોધ વૈરી ચિત્તમાં તેને તજી દેજે,
ઘડી જાયે ભલાઈની મહાલક્ષ્મી ગણી લેજે.
રહે ઉન્મત્ત સ્વાનંદે ખરું એ સુખ માની લે,
પિયે તો શ્રી પ્રભુના પ્રેમનો પ્યાલો ભરી લેજે.
કટુ વાણી સૂણે જો કોઈની, વાણી મીઠી ક્હેજે,
પરાઈ મૂર્ખતા કાજે મુખે ના ઝેર તું લેજે.
અરે પ્રારબ્ધ તો ઘેલું રહે છે દૂર માગે તો,
ન માગે દોડતું આવે ન વિશ્વાસે કદી રહેજે.
અહો શું પ્રેમમાં રાચે નહીં ત્યાં સત્ય પામે તું?
અરે તું બેવફાઈથી ચડે નિંદા તેણે નેજે.
લહે છે સત્ય જે સંસાર તેનાથી પરો રહેજે,
અરે એ કીમિયાની જે મઝા છે તે પછી કહેજે.
વફાઈ તો નથી આખી દુનિયામાં જરા દીઠી,
વફાદારી બતા'વા ત્યાં નહીં કોઈ પળે જાજે.
રહી નિર્મોહી શાંતિથી રહે એ સુખ મોટું છે,
જગત બાજીગરીનાં તું બધાં છલબલ જવા દેજે.
પ્રભુના નામનાં પુષ્પો પરોવી કાવ્યમાળા તું,
પ્રભુની પ્યારી ગ્રીવામાં પહેરાવી પ્રિતે દેજે.
કવિરાજા થયો શી છે પછી પીડા તને કાંઈ?
નિજાનંદે હમેશાં ખ્કકઊઁ મસ્તીમાં મઝા લેજે.

* * *

➢ બલિહારી તારા અંગની, ચંબેલીમાં દીઠી નહીં,
સફાઈ તારા દિલની, મેં વ્રજમાં દીઠી નહીં.'

➢ 'બાગમાં અનુરાગમાં, કે પુષ્પના મેદાનમાં;
ખોલી તને આતુર આંખે, તોય મેં દીઠી નહીં.'

➢ 'કંઈ કરોડ ખાલી કરી દુકાન શરાબીની;
સૂધ પ્યારીની એક પ્યાલીએ છે હરી હરી.'

➢ 'કવિતા કરી કહી બાલે તાનથી પ્યારીએ;
ખુશ થઈ શીતલ ગોરી બાંહ કંઠ ધરી ધરી.'

➢ 'નજરબાણ કયમ ન તાહરે કરે પીડા કરે?
ખૂંચે છે તને શરીરમાં, ગુલાબની કળી.'

➢ 'સુકોમળ પાંદડી ઉપર, ઊના અગ્નિ થકી તારાં;
અરે અફસોસ આંસુએ, અસર કાંઈ કરી ના ના.'

## ➠ ૩.૮ વિશેષ અધ્યયન

બાલાશંકર કંથારિયાના સમકાલીન અન્ય ગઝલકારો મણિલાલ નભુભાઈ દ્વિવેદી અને 'કલાપી'ની ગઝલોનો અભ્યાસ કરો. આ અભ્યાસને કારણે પ્રારંભની ગુજરાતી ગઝલ અને પંડિત યુગની ગઝલ વિશેની તમારી સમજ સ્પષ્ટ બનશે.

## ➠ ૩.૯ કવિપરિચય

બાલાશંકર કંથારિયા પંડિત યુગના કવિ હતા. 'મસ્ત બાલ' ઉપનામથી તેમણે ગઝલોની રચના કરી હતી. એમની ગઝલોમાં 'મસ્ત' કે 'બાલ' તખલ્લુસ રૂપે જોવા મળે છે. 'હરિપ્રેમપંચદશી' અને 'ક્લાન્ત કવિ' એમના કાવ્યસંગ્રહો છે. 'ક્લાન્ત કવિ' ઉમાશંકર જોશીનું આ કવિ વિશેનું જાણીતું સંપાદન પણ છે.

## ➠ ૩.૧૦ વિશેષ સંદર્ભ


(૧) અમૃત ઘાયલ, મકરંદ દવે. છીપનો ચહેરો ગઝલ, મુંબઈ. - સાહિત્ય ભારતી ટ્રસ્ટ.

(૨) ઝવેરી, દી. બ. કૃષ્ણલાલ મોહનલાલ. ગુજરાતની ગઝલો. અમદાવાદ. - સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, ૧૯૪૩.

(૩) રાહી, એસ. એસ. ગઝલના મહેલમાં, અમદાવાદ. - પાર્શ્વ પ્રકાશન, ૨૦૦૫.


❐

એકમ ૪

# શયદા


૪.૧ ઉદ્દેશ

૪.૨ પ્રસ્તાવના

૪.૩ કૃતિ

૪.૩.૧ કૃતિનો સઘન અભ્યાસ

૪.૪ વસ્તુલક્ષી કસોટી

૪.૫ ભાષાકીય સામગ્રીનો અભ્યાસ

૪.૬ પુનરાવલોકન

૪.૭ લેખનપ્રવૃત્તિ

૪.૮ વિશેષ અધ્યયન

૪.૯ કવિપરિચય

૪.૧૦ સંદર્ભ


## ૪.૧ ઉદ્દેશ

(૧) ગઝલસમ્રાટ તરીકે જેમને બિરુદ મળ્યું છે, એ ‘શયદા’ની ગઝલનો પરિચય થશે.

(૨) પ્રારંભમાં - પરંપરાગત રીતે લખાની ગુજરાતી ગઝલ કેવી હતી, એનો ખ્યાલ આવશે.

(૩) એ સમયની ગઝલના ભાવ-ભાષાનો ખ્યાલ આવશે.

## ૪.૨ પ્રસ્તાવના

ગુજરાતી ગઝલક્ષેત્રે બાલાશંકર કંથારિયા પછી મહત્ત્વનું નામ શયદાનું છે. બાલાશંકર કંથારિયા પછી ગુજરાતી ગઝલનો વિકાસ કેવો થયો છે, એ શયદામાં જોઈ શકાય છે. શયદાથી ગઝલ વધુ ગુજરાતી બનતી જાય છે એમ કહી શકાય. શયદા પછી ‘આસિમ’ સંદેરી, અમીન આઝાદ ઘણા ગઝલકારોમાં ગઝલ સ્થિર થતી જોઈ શકાય છે.

## ૪.૩ કૃતિ

*જનારી રાત્રિ જતાં કહેજે સલૂણી એવી સવાર આવે,*
*કળી કળીમાં સુવાસ મહેકે ફૂલો ફૂલોમાં બહાર આવે.*
*હૃદયમાં એવી રમે છે આશા ફરીથી એવી બહાર આવે,*
*તમારી આંખે શરાબ છલકે અમારી આંખે ખુમાર આવે.*
*વ્યથાને હું શું વિદાય આપું, વિરામના શું કરું વિચારો,*
*કરાર એવો કરી ગયા છે, “ન મારા દિલને કરાર આવે,”*
*કિનારેથી શું કરો કિનારો વમળમાં આવી ફસ્યો છે પોતે,*
*હવે સુકાની ડરે શું કરવા! ભલે તુફાનો હજાર આવે.*

*ન ફૂટે ફણગાં, ન છોડ થાયે, ન થાય કળીઓ, ન ફૂલ ખીલે,*
*ધરામાં જ્વાળા ધખે છે એવી, બળી મરે જો બહાર આવે.*
*'જરૂર આવીશ' કહો છો સાચું મને તો શંકા નથી જરાયે,*
*પરંતુ એ તો અટલ નિયમ છે, સમય ન પાછો જનાર આવે.*
*સિતારો દિવસે ઉદય ન પામે, અમાસે ચંદા નથી ચમકતી,*
*તમો ખુલાસો કરો ને સાચે કહો, શું રાતે સવારે આવે?*
*વિચારવાળા વિચાર કરજો, વિચારવાની હું વાત કહું છું,*
*જીવનમાં એથી અધિક શું છે? વિચાર જાયે વિચાર આવે.*
*તમારી મહેફિલની એ જ રંગત, તમારી મહેફિલમાં એ જ હલચલ,*
*હજાર બેસે, હજાર ઊઠે, હજાર જાયે, હજાર આવે.*
*હૃદયમાં કોની એ ઝંખના છે? નયન પ્રતીક્ષા કરે છે કોની?*
*ઊભો છે 'શયદા' ઉંબરમાં આવી ન જાય ઘરમાં ન બાર આવે.*

- શયદા

### ● ૪.૩.૧ કૃતિનો સઘન અભ્યાસ

ગઝલ એટલે ગૂફ્તગૂ-વાતચીત. પ્રિયતમા સાથે વાતચીત. આ વ્યાખ્યાને કારણે ગુજરાતી ભાષા પણ વાતચીતની હોવી જોઈએ. ગઝલમાં વાતચીતની ભાષા કઈ રીતે પ્રયોજી શકાય, એના ઉદાહરણરૂપે પણ શયદાની આ ગઝલનો અભ્યાસ કરવો જોઈએ. સામે કોઈ પાત્ર બેઠું હોય અને એની સાથે વાતચીત ચાલતી હોય એ, સહજ ભાષામાં અહીં અભિવ્યક્તિ થઈ છે. પહેલા શે'રમાં એક આશાવાદ, નવી સવારના આગમનની વાત થઈ છે. પ્રફુલ્લિત સવારની ઝંખના કોને નથી હોતી? એવી સુવાસિત સવારની અહીં પ્રતીક્ષા છે. પરંપરાની ગઝલમાં શરાબ વિશેની અભિવ્યક્તિ જાણીતી છે. બહાર-સુંદર વાતાવરણ લઈને આવતી સવાર ક્યારેક નશો પણ જન્માવે છે, એ નશો આંખમાંથી પણ નીતરતો હોય છે. પ્રિયતમા વિના આવો નશો સંભવ પણ નથી. નશો નીતરતી આંખની વિદાય અઘરી હોય છે. શયદાએ ભાષા પાસેથી જે કામ લીધું છે, એ પણ અહીં ધ્યાનમાં રાખવા જેવું છે. 'કરાર' શબ્દના બે અર્થો પ્રગટ થાય છે. 'કરાર' એટલે રાહત-ચેન-સુખ અને એક બંધન પણ. હવે, આ બંને અર્થને સાથે રાખીને ત્રીજો શે'ર તપાસો. જુદા અર્થો પ્રગટ થશે.

ચોથા શે'રની પ્રથમ પંક્તિ પણ સમગ્ર જીવનનો ખ્યાલ જુદી રીતે આપે છે. જીવનને પોષક તત્ત્વો વિપરીત રીતે વર્તે ત્યારે બહારનો અનુભવ કેવી રીતે થાય? આગળના શે'રમાં વીતેલો સમય પાછો નથી આવતો, એ જાણીતી વાતને જરા જુદી રીતે શયદાએ પ્રગટ કરી છે. ગઝલકાર તરીકે શયદાની એ પણ ખૂબી રહી છે, કે જાણીતી વાત એ જરા જુદી રીતે, જુદા શબ્દોમાં પ્રગટ કરે છે. પ્રિયતમા સાથેની વાતચીતનું સીધું ઉદાહરણ આ પંક્તિ છે - 'તમો ખુલાસો કરોને સાચે કરો, શું રાતે સવાર આવે?' વાતચીતમાં પ્રિયતમાએ જે દલીલો કરી હોય એની સામે એને પ્રશ્ન પૂછીને એને મૂંઝવણમાં મૂકી છે. હવે, પ્રિયતમાએ ખુલાસો કરવાનો છે. હવે, પછીના બે શે'ર શયદાની શબ્દરમત હોય એવું લાગે પણ જરાક વિચાર કરીએ 'વિચારવાળા શે'ર' વિશે તો એમાંથી પણ જુદા અર્થો પ્રગટ થતા લાગશે. જીવન પોતે એક વિચાર છે અને આપણે વિચાર કરી કરીને જ જીવીએ છીએ, એવો ધ્વનિ પણ એમાંથી પ્રગટ થતો લાગશે. જીવન વિચારથી અધિક કશું નથી, એવો સૂર શયદાએ પ્રગટાવવો હશે!

માશૂક એટલે પ્રભુ અને પ્રિયતમ બંને. હવે, પછીનો શે'ર આ બંને અર્થમાં જોઈ શકાય એમ છે. 'તમારી મહેફિલ' આ શબ્દો સાંકેતિક છે. પ્રિયતમાનો ચાહનારો વર્ગ બહોળો છે એટલી એની મહેફિલમાં હજારો લોકો

આવે-જાય પણ અહીં પ્રભુનો અર્થ લઈએ તો આ સંસાર એક મહેફિલ છે, એવો વ્યાપક અર્થ પણ એમાંથી પ્રગટે છે. પ્રેમમાં પ્રતીક્ષાનું એવું છે, કે કોઈ રીતે કરાર ન આવે. એમાં પણ ઉંબર પર ઊભા રહીને પ્રતીક્ષા કરવાની હોય ત્યારે? કોઈ આવે કે ન જાય એની તકેદારી રાખવી પડે.

શયદાની બીજી એક ગઝલનો અભ્યાસ પણ કરીએ કે જેથી એમની અભિવ્યક્તિનો ખ્યાલ આવે.

***જાશું, જઈને મોતથી પંજો લડાવશું,***
***મળશે સમય તો આપની મહેફિલમાં આવશું.***
***તમને અમારી આંખની કીકી બનાવશું,***
***એમાં અમારા પ્રેમની વસ્તી વસાવશું.***
***નયનોને દ્વાર અશ્રુનાં બિંદુ જો આવશે,***
***પાંપણમાં ટાંકી મોતીનાં તોરણ બનાવશું.***
***અપમાન સાથ કાઢો છો ઘરમાંથી આજ, પણ;***
***આંસુ બનીને આપની આંખોમાં આવશું.***
***નાદાન શત્રુઓ અને નાદાન સ્નેહીઓ,***
***ઓ જીવ, જીવવાની મઝા ક્યાંથી લાવશું?***
***આવી જુઓ તો આપને સત્કારવાને કાજ,***
***બીજું નથી જો કાંઈ તો આંખો બિછાવશું.***
***'શયદા' જીવન-રમત મહીં એ પણ ખબર નથી,***
***શું શું ગુમાવી દીધું છે - શું શું ગુમાવશું?***

પ્રણયના વિવિધ ભાવોની અભિવ્યક્તિ પ્રથમ ચાર શે'રમાં જોવા મળે છે. મોત સાથે પંજો લડાવવાની વાત હોય ત્યારે પ્રિયતમાની મહેફિલ ગૌણ બની જાય છે. હા, ત્યાં જવાની શાયર ના નથી પાડતા, પણ સમય મળશે તો! બીજા શે'રમાં બીજી પંક્તિમાં અભિવ્યક્તિનું નાવીન્ય જોવા મળે છે. પહેલી પંક્તિ બરાબર છે, કે પ્રિયતમાને આંખની કીકી બનાવવાની ઝંખના છે. દરેક પ્રેમી હૃદયની આ ઝંખના હોય છે. કીકી બનાવી દીધા પછી બધા પ્રશ્નો શરૂ થતા હોય છે. એમાં આંખમાં પ્રેમની વસ્તી વસાવવામાં આવે ત્યારે એટલે કે ભરપૂર પ્રેમ કરવામાં આવે ત્યારે ઘણા બધા પ્રશ્નોનું સમાધાન થઈ જતું હોય છે. ત્રીજો શે'ર પણ આંસુઓને આંખનાં તોરણ બતાવવાની જાણીતી વાત કરે છે. આંસુ જાણે આંખનો શણગાર હોય એ રીતે અભિવ્યક્તિ થઈ છે. ચોથો શે'ર શયદાનો અત્યંત જાણીતો શે'ર છે અને સુવિચારની જેમ એ પ્રસિદ્ધ છે. કોઈની આંખમાં આંસુ બનીને આવવું એ ઘરના પોતે જ બનાવે છે કે એ વ્યક્તિનું કેટલું મહત્ત્વ હતું, કેટલું મહત્ત્વ છે અને કેટલું મહત્ત્વ રહેશે. હર્ષ-શોકનાં આંસુમાં કોઈને યાદ આવવું, એ જ પોતાના હોવાની મહત્તા સિદ્ધ કરે છે. અપમાન સાથે વિદાય આપવામાં આવી હોય તો પણ વિદાય આપનાર માટે એ કેટલું અઘરું હતું એ તો ભવિષ્યમાં નીકળનારાં આંસુ કહી આપે છે. 'આવશું' શબ્દ ભવિષ્યનું સૂચન કરે છે.

આપણી આસપાસ નાદાન અણસમજુ લોકો હોય તો જીવવાની મજા આવે ખરી? પંજો લડાવવાની મજા તો સમજુ અને સશક્ત લોકો સાથે હોય. 'શત્રુઓ' અને 'સ્નેહીઓ' બંને આગળ 'નાદાન' વિશેષણ મૂકીને શયદાએ પોતાની આસપાસનાં લોકોની તાસીર પ્રગટ કરી છે. આવાં લોકો વચ્ચે જીવવાની મજા ક્યાંથી લાવવી? આંખો બિછાવીને તમારું સ્વાગત કરીશું, એ જાણીતી વાત પછીના શે'રમાં પ્રગટ થાય છે. ગઝલનો અંતિમ શે'ર જીવનની ફિલસૂફી સમજાવે છે. જીવન એક રમત છે એ વાત ટૂંકમાં 'જીવન-રમત' શબ્દસંનિધિ દ્વારા શયદાએ બતાવ્યું

છે અને જો 'રમત' હોય તો એમાં ગુમાવવાનો વારો પણ આવે. શયદાએ 'જીવન-રમત'માં ગુમાવ્યું જ છે, એ ખ્યાલ - 'ગુમાવી દીધું' - ભૂતકાળ અને 'ગુમાવશું' - ભવિષ્યકાળ - દ્વારા આવે છે. જીવનનો પ્રવાહ જ એવી રીતે વહી રહ્યો છે કે, ગુમાવવા સિવાય કશું કરવાનું આવ્યું નથી.

### ૪.૪ વસ્તુલક્ષી કસોટી

(૧) શયદાની આ બંને ગઝલોના કયા કયા શે'રમાં તમને મિજાજનો અનુભવ થયો એની કારણસહિત ચર્ચા કરો.

(૨) આ બંને ગઝલના છંદ એટલે કે એનું 'લગાત્મક' રૂપ તમે ઓળખી શકો છો? એ ઓળખવાનો પ્રયત્ન કરો.

### ૪.૫ ભાષાકીય સામગ્રીનો અભ્યાસ

(૧) આ બંને ગઝલોમાં ઉર્દૂ-ફારસી શબ્દોનો ઉપયોગ થયો છે. જેમ કે કરાર-બંધન, રાહત. આવા બીજા શબ્દોની અર્થસહિત યાદી તૈયાર કરો.

(૨) આ બંને ગઝલોમાં 'ધખે છે' જેવા તળપદા શબ્દોનો ઉપયોગ થયો છે આવા બીજા શબ્દોની અર્થસહિત યાદી તૈયાર કરો.

### ૪.૬ પુનરાવલોકન

શયદાની આ સિવાયની ગઝલો મેળવીને અભ્યાસ કરો. એ ગઝલોની ભાષાકીય તપાસ અને સ્વરૂપ આધારિત તપાસ કરો. આ પ્રકારના અભ્યાસને કારણે 'ગઝલ-સમ્રાટ' તરીકેનું બિરૂદ પામનાર શયદાની ગઝલ-પ્રતિભાનો ખ્યાલ આવશે. વળી, હજી ગુજરાતી ગઝલ એના પ્રારંભના તબક્કામાં જ હતી એટલે ગઝલકાર તરીકે 'શયદા'ની ક્ષમતાનો ખ્યાલ પણ આવશે. ગઝલકાર તરીકે શયદાના પ્રદાનને અનેક રીતે જોઈ શકાય એમ છે. 'બે ઘડીમાં જ' સાપ્તાહિક દ્વારા પણ એમણે ગઝલકાર તરીકે નોંધપાત્ર પ્રદાન આપ્યું હતું. એસ.એસ.રાહી આ સંદર્ભે જણાવે છે, ''ગુજરાતી ગઝલને શુદ્ધ કવિતા તરીકે હજુ માન્યતા મળી નહોતી તેવા કાળમાં ૧૯૨૪થી તેમણે થોડોક સમય 'બે ઘડી મોજ' નામનું સાપ્તાહિક પત્ર કાઢ્યું હતું, જે દ્વારા તેમણે ગઝલપ્રવૃત્તિ અને મુશાયરાપ્રવૃત્તિને ગતિ આપવાનું કામ કર્યું હતું.'' ગુજરાતી ગઝલ હજી પ્રારંભના તબક્કામાં હતી ત્યારે શયદાની ગઝલો વધુ સૂક્ષ્મ અને વધુ ગુજરાતી બને છે, એ રીતે ગુજરાતી ગઝલ ક્ષેત્રે શયદાનો ફાળો નાનો સૂનો નથી.

### ૪.૭ લેખનપ્રવૃત્તિ

શયદાના કેટલાક શે'ર અહીં પ્રસ્તુત છે. એને તમારી રીતે આસ્વાદવાનો-મૂલવવાનો પ્રયત્ન કરો.

*હૃદય-મંથન કરી મેં વાત કાઢી છે મનન માટે,*
*મળી છે દૃષ્ટિ જોવા કાજ, ને આંખો રુદન માટે.*

*ધરા પર અશ્રુ વરસાવી કરે છે નાશ કાં એનો?*
*અનોખા તારલા છે એ, તું રહેવા દે ગગન માટે.*

*યુગે યુગેથી સકળ આ વિશ્વ એનું એ જ નીરખું છું,*
*હવે કોઈ નવી દૃષ્ટિ મને આપો નયન માટે.*

*સુધારા કે કુધારા કોઈ નાખ્યા અશ્રુધારાએ,*
*ઊભો થા જીવ, આગળ સાફ રસ્તો છે જીવન માટે.*

અનાદિ કાળથી એના વિરહમાં એ દશા છે કે,
રુદનમાં બંધ આંખો થઈ અને ઊઘડી રુદન માટે.

હૃદય મારા બળેલા, એટલું પણ ના થયું તુજથી?
બળીને પથ્થરો જો થાય છે સુરમો નયન માટે.

તમે જે ચાહ્ય તે લઈ જાવ, મારી ના નથી કાંઈ,
તમારી યાદ રહેવા દો ફક્ત મારા જીવન માટે.

દયા મેં દેવની માગી તો ઉત્તર એ મળ્યો ત્યાંથી,
ધરાવાળા ધરા માટે, ગગનવાળા ગગન માટે.

મને પૂછો મને પૂછો - ફૂલો કાં થઈ ગયાં કાંટા?
બગીચામાં તમે આવી ઊભાં છો, ગુલબદાન, માટે.

વિચારી વાંચનારા વાંચશે, ને સાફ કહેશે કે,
ગઝલ 'શયદા'ની સાદી સાવ છે, પણ છે મનન માટે.

* * *

➢ 'તમારા પગ મહી જ્યારે પડ્યો છું,
હું સમજ્યો એમ આકાશે ચડ્યો છું.'

➢ 'હાથ આપ્યું હતું હરણ છૂટ્યું,
હાય! મારું એ બાળપણ છૂટ્યું.'

➢ 'આજ કાં આખો ઢળી છે આપની,
કેમ આજે બોલવામાં ફેર છે?'

➢ 'હોય ગમ લાખો ભલે એ ગમનો મુજને ગમ નથી,
આપ શ્વાસેશ્વાસમાં છો એ ખુશી કંઈ કમ નથી.'

➢ 'જિંદગીનો સાર જો પાણી મહીં,
એક પરપોટો થયો, ફૂટી ગયો.'

➢ 'કિનારે નથી સુખ, ને એથી જ મોજાં,
પછાડે છે માથાં, ને પાછાં ફરે છે.'

➢ 'ભૂમિ, આકાશ ને પાતાળમાં પણ ધૂમ છે એની,
ખબર નહોતી હશે આવી અસર બે-ચાર આંસુમાં'

### ➠ ૪.૮ વિશેષ અધ્યયન

શયદાના સમકાલીન અન્ય ગઝલકારો 'આસિમ' રાંદેરી, મગનભાઈ પટેલ 'અનીલ', 'બદરી' કાચવાળા, અમીન આઝાદ વગેરેની ગઝલોનો અભ્યાસ કરો. આ અભ્યાસને કારણે પ્રારંભની અને જેને પંડિતયુગ કહીએ છીએ, એ સમયની ગઝલો વિશેની તમારી સમજ સ્પષ્ટ બનશે.

### ➠ ૪.૯ કવિપરિચય

હરજી લવજી દામાણી 'શયદા'નો જન્મ તા. ૨૪-૧૦-૧૮૯૨ના દિવસે થયો હતો અને તા. ૩૧-૦૬-૧૯૬૨ના દિવસે અવસાન થયું હતું. સમયની દૃષ્ટિએ શયદા પંડિતયુગના ગઝલકાર હતા. 'ગુલઝારે શાયરી' અને 'દીપકનાં ફૂલ' વગેરે સંગ્રહોમાંથી એમની ગઝલો પ્રાપ્ત થાય છે. 'બે ઘડી મોજ' સાપ્તાહિકના તંત્રી તરીકે પણ તેમણે કાર્ય કર્યું હતું. ગઝલો ઉપરાંત લોકપ્રિય કહી શકાય એવી ઘણી નવલકથાઓનું લેખન પણ તેમણે કર્યું હતું.

### ➠ ૪.૧૦ સંદર્ભ


(૧) અમૃત ઘાયલ, મકરંદ દવે, છીપનો ચહેરો ગઝલ. મુંબઈ. - સાહિત્ય ભારતી ટ્રસ્ટ.

(૨) રાહી, ડૉ. એસ. એસ., રાજેશ વ્યાસ, 'મિસ્કીન', અમર ગઝલો. મુંબઈ, અમદાવાદ. - આર. આર. શેઠની કું., જાન્યુઆરી-૨૦૧૬.

(૩) રાહી, એસ. એસ. રાહી, ગઝલના મહેલમાં, અમદાવાદ. - પાર્શ્વ પ્રકાશન, ૨૦૦૫.


❒

# એકમ ૫ ‘ગની’ દહીંવાળા

૫.૧ ઉદ્દેશ

૫.૨ પ્રસ્તાવના

૫.૩ કૃતિ

૫.૩.૧ કૃતિનો સઘન અભ્યાસ

૫.૪ વસ્તુલક્ષી કસોટી

૫.૫ ભાષાકીય સામગ્રીનો અભ્યાસ

૫.૬ પુનરાવલોકન

૫.૭ લેખનપ્રવૃત્તિ

૫.૮ વિશેષ અધ્યયન

૫.૯ કવિપરિચય

## ૫.૧ ઉદ્દેશ

(૧) ગુજરાતના ‘બુલબુલ’ તરીકે જાણીતા એવા ગઝલકાર ‘ગની’ દહીંવાળાની ગઝલનો પરિચય થશે.
(૨) પરંપરાગત રીતે લખાતી ગુજરાતી ગઝલ કેવી હતી, એનો ખ્યાલ આવશે.
(૩) પરંપરાગત રીતે લખાતી ગઝલમાં કેવા પ્રકારની અભિવ્યક્તિ હતી, એનો પરિચય થશે.

## ૫.૨ પ્રસ્તાવના

ગુજરાતી ગઝલ ક્ષેત્રે ‘ગની’ દહીંવાળાનું નામ અગત્યનું છે. પરંપરાગત રીતે લખતા ગઝલકારોમાં ‘ગની’ દહીંવાળાનું સ્થાન મોખરાનું છે. શયદાથી આગળ વધેલી ગઝલનો વિકાસ પણ ‘ગની’ દહીંવાળાની ગઝલોમાં જોઈ શકાય છે. ‘ગની’ દહીંવાળા અને અમૃત ‘ઘાયલ’ની ગઝલોથી ગુજરાતી ગઝલ એક વળાંક લેતી હોય એવું લાગે છે.

## ૫.૩ કૃતિ

*સાવ અમસ્તું નાહક નાહક નિષ્ફળ નિષ્ફળ રમીએ,*
*ચાલ મજાની આંબાવાડી! આવળ બાવળ રમીએ.*

*બાળસહજ હોડી જેવું કંઈ કાગળ કાગળ રમીએ,*
*પાછળ વહેતું આવે જીવન, આગળ આગળ રમીએ.*

*માંદા મનને દઈએ મોટું માદળિયું પહેરાવી*
*બાધાને પણ બાધ ન આવે, શ્રીફળ શ્રીફળ રમીએ.*

*તરસ ભલેને જાય તણાતી શ્રાવણની હેલીમાં,*
*છળના રણમાં છાનાંમાનાં મૃગજળ મૃગજળ રમીએ.*

*હોય હકીકત હતભાગી તો સંઘરીએ સ્વપનાંઓ,*
*પ્રારબ્ધી પથ્થરની સાથે પોકળ પોકળ રમીએ.*
*ફરફર ઊડતું રાખી પવને પાન સરીખું પહેરણ,*
*મર્મર સરખા પારાવારે ખળખળ ખળખળ રમીએ.*
*હું ય 'ગની', નીકળ્યો છું લખને આખોમાખો સૂરજ,*
*અડધી પડધી રાત મળે તો ઝાકળ ઝાકળ રમીએ.*

'ગની' દહીંવાળાની આ જાણીતી ગઝલ છે. પ્રબળ ઊર્મિતત્ત્વ 'ગની' દહીંવાળાની ગઝલોનો મુખ્ય ગુણ રહ્યો છે. જીવનની ફિલસૂફી આ ગઝલના મોટાભાગના શે'રમાંથી વ્યક્ત થાય છે. પ્રથમ શે'રથી જ એ ફિલસૂફીનો પરિચય થશે. નાહક નાહર અમસ્તું અમસ્તું રમવાનું આપણે ભૂલી ગયાં છીએ ત્યારે આ શે'ર પ્રસ્તુત બની રહે છે. એમાં પણ આંબાવાડીએ રમવાનો લ્હાવો તો ઉઠાવવો જ જોઈએ. (જો કે, હવે આંબાવાડિયાં રહ્યાં કેટલાં?) બાળપણની એ રમતમાં નિષ્ફળ જવાનો પણ એક આનંદ હોય છે. કારણ કે એ રમત જ નાહક નાહક હતી આપણાંમાંથી નાનપણમાં કાગળની હોડી બનાવવાની રમત કોણે નથી રમી? એ 'બાળસહજ' રમતની સાથે ગઝલકારે જીવનને સાંકળી લીધું છે. હોડી જેમ આગળ વધતી જાય તેમ તેમ જીવન પાછળ આવતું જાય છે. આપણે અટકી જવાનું નથી. આગળ આગળ રમતાં રહેવાનું છે. ત્રીજો શે'ર ભાષાની રીતે પણ તપાસવા જેવો છે. માદળિયું ગળામાં પહેરવાનું હોય પણ ગઝલકારે મનને પહેરાવવાની વાત કરી છે. તન માંદુ નથી હોતું, પણ મન માંદુ હોય છે. કોઈ બાધા લીધી હોય ત્યારે માદળિયું પહેરાવવામાં આવે છે. માંદો માણસ સ્વસ્થ બને એ માટે બાધા રાખવામાં આવે છે, પણ મન જ્યાં માંદુ હોય ત્યાં? મનને પણ માદળિયું પહેરાવવું પડે. બાધા-આખડી હોય ત્યારે શ્રીફળની જરૂર પણ પડતી હોય છે અને એ રીતે 'શ્રીફળ' કાફિયો પણ યોગ્ય રીતે અહીં આવે છે.

'ગનીં' દહીંવાળાએ પછીના બે શે'રમાં વિરોધી ભાવોને સામસામે મૂક્યા છે. શ્રાવણની હેલીમાં તરસ લાગે ખરી? એવી તરસ વળી, મૃગજળથી પૂરી થાય ખરી? જીવન પોતે જે એક છળનું રણ છે અને આપણે સહુએ મૃગજળથી તરસ મિટાવવાનો સંતોષ માનવાનો છે. જીવનની વાસ્તવિકતા-હકીકતો હતભાગી હોય ત્યારે સ્વપ્નાંઓ કામ લાગતાં હોય છે. હકીકતને આધારે બેસી ન રહેતાં સપનાંઓ પૂરાં કરવાનો પુરુષાર્થ કરવો જરૂરી છે. પ્રારબ્ધના નામે બેસી રહેનારાના હાથમાં પોકળ જિંદગી સિવાય કશું જ આવતું નથી. સપનાં પૂરાં કરવાં માટે તો પુરુષાર્થ જરૂરી છે. અંતિમ શે'રમાં પણ વિપરીત પરિસ્થિતિ વચ્ચે જીવનને ટકાવી રાખવાની વાત છે. સૂરજ હોય ત્યાં રાત શક્ય નથી અને રાત ન હોય તો ઝાકળ શક્ય નથી. પરંતુ સૂરજ-રાત-ઝાકળને સાથે રાખવાની રમતનું નામ જ જીવન છે અને આ રમત જરા પણ 'બાળસહજ' રમત નથી, એ પણ સમજવું જોઈએ. 'ગની' દહીંવાળાની આ આખી ગઝલની મજા 'નિષ્ફળ નિષ્ફળ', 'કાગળ કાગળ', 'આગળ આગળ', 'શ્રીફળ શ્રીફળ', 'મૃગજળ મૃગજળ', 'પોકળ પોકળ', 'ખળખળ ખળખળ', 'ઝાકળ ઝાકળ' - કાફિયાની દ્વિરુક્તિમાં છે. કાફિયા બે વખત વાપરીને ગઝલકારે પોતાને જે કહેવું છે, એ વાતને દઢાવી છે. વળી, છેલ્લેથી બીજો શે'ર પણ જુઓ. બંને પંક્તિનો પ્રારંભ 'ફરફર' અને 'મર્મર'થી થાય છે. પંક્તિના પ્રારંભે આવતી આ પ્રાસરચના પણ આખી ગઝલનું સૌન્દર્ય વધારે છે. કાફિયાની દ્વિરુક્તિથી પણ ગઝલનું સૌંદર્ય તો વધે જ છે. એ અર્થમાં આ 'ગની' દહીંવાળાની એક વિશિષ્ટ ગઝલ બની રહે છે.

'ગની' દહીંવાળાની બીજી એક ગઝલનો અભ્યાસ કરીએ કે જેથી એમની ગઝલ પ્રતિભાનો ખ્યાલ આવે.

*તમારાં અહીં આજ પગલાં થવાનાં ચમનમાં બધાંને ખબર થઈ ગઈ છે,*
*ઝુકાવી છે ગરદન બધી ડાળીઓએ, ફૂલોનીય નીચી નજર થઈ ગઈ છે.*

*શરમનો કરી ડોળ સઘળું જુએ છે, કળી પાંદડીઓના પડદે રહીને,*
*ખરું જો કહી દઉં તો વાતાવરણ પર, તમારાં નયનની અસર થઈ ગઈ છે.*
*બધી રાત લોહીનું પાણી કરીને, બિછાવી છે મોતીની સેજો ઉષાએ,*
*પધારો કે આજે ચમનની જવાની બધાં સાધનોથી સભર થઈ ગઈ છે.*
*હરીફોય મેદાન છોડી ગયા છે, નિહાળીને કીકી તમારાં નયનની,*
*મહેકંત કોમળ ગુલાબની કાયા, ભ્રમર-ડંખથી બેફિકર થઈ ગઈ છે.*
*પરિમલ સાથે ગળે હાથ નાખી, કરે છે પવન છેડતી કૂંપળોની,*
*ગજબની ઘડી છે કે પ્રત્યેક વસ્તુ પુરાણા મલજાથી પર થઈ ગઈ છે.*
*ઉપસ્થિત તમે છો તો લાગે ઉપવન, કલાકારનું ચિત્ર સંપૂર્ણ જાણે,*
*તમે જો ન હો તો બધા કહી ઊઠે કે, વિધાતાની ક્યાંયે કસર થઈ ગઈ છે.*
*'ગની' કલ્પનાનું જગત પણ છે કેવું, કે આવી રહી છે મને મારી ઈર્ષા!*
*ઘણીવાર આ જર્જરિત જગતમાં રહીને, ઘણી જન્નતોમાં સફર થઈ ગઈ છે.*

'ગની' દહીંવાળાની આ અત્યંત જાણીતી ગઝલ છે. છંદની રીતે પણ આ ગઝલ એક પ્રયોગ છે. 'લગાગા'નાં આઠ આવર્તનમાં આ ગઝલની રચના થઈ છે. પરિણામે લાંબી પંક્તિઓ જોવા મળે છે. લાંબી પંક્તિઓ હોવા છતાં અહીં જે શબ્દસંનિધિઓ રચાઈ છે એ અપૂર્વ છે ને એને કારણે પણ આ ગઝલ જુદી તરી આવે છે.

પ્રિયપાત્રના આગમનનાં પગલાં પડે ત્યારે હૃદયની ઊર્મિઓ ઉછાળાં મારે એ સ્વાભાવિક છે પણ પ્રકૃતિ તત્ત્વો પણ એનાં આગમનની વિવિધ રીતે છડી પોકારે ત્યારે એ પ્રિય વ્યક્તિનું મહત્ત્વ સિદ્ધ થતું હોય છે. આ આખી ગઝલમાં 'ગની' દહીંવાળાએ પ્રકૃતિ તત્ત્વોનો જે રીતે વિનિયોગ કર્યો છે એ પણ નોંધપાત્ર છે. પ્રિયપાત્રનાં નયનની અસર પણ કેવી છે? એની અભિવ્યક્તિ પણ કેટલી નાજુક રીતે ગઝલકારે કરી છે? 'શરમનો ડોળ' જેવી અભિવ્યક્તિમાં રહેલી કાવ્યાત્મકતા માણવા જેવી છે. ત્રીજો શે'ર કવિકલ્પનાની રીતે લાજવાબ છે. સવારે મોતી જેવાં દેખાતાં ઝાકળબિંદુ પાછળની કવિની કલ્પના દાદ માગી લે તેવી છે. 'લોહીનું પાણી કરવું' રૂઢિપ્રયોગનો કેવો જુદો અર્થ અહીં પ્રગટ થાય છે. ચોથા શે'રમાં ફરી આંખની ખૂબી પ્રગટ થઈ છે. એ પછીના શે'રની પહેલી પંક્તિ જુઓ : 'પરિમલ સાથે ગળે હાથ નાખી, કરે છે પવન છેડતી કૂંપળોની' - કેવી નાજુક કલ્પના! કેવું સૂક્ષ્મ અવલોકન! કૂંપળની છેડતી કરવામાં પવનને મલાજો-શરમ નડતો નથી. એ તો પવન માટે એક સ્વાભાવિક પ્રવૃત્તિ છે. પ્રિયપાત્રનું મહત્ત્વ ફરી આ શબ્દોમાં પ્રગટ થાય છે : 'ઉપસ્થિત તમે છો તો લોકો ઉપવન, કલાકારનું ચિત્ર સંપૂર્ણ જાણે' - પણ પ્રિયપાત્ર ન હોય તો? વિધાતાથી જાણે કશી મોટી ભૂલ થઈ ગઈ હોય એવું લાગે. પ્રિયપાત્રની હાજરીથી જ આ સંસાર-ચિત્ર સંપૂર્ણ લાગે છે. વ્યક્તિને પોતાની જ ઈર્ષા આવે ત્યારે શું સમજવું? કલ્પનાશીલ વ્યક્તિ પોતાને નસીબદાર સમજતો હોય છે અને એ કારણે જ એને પોતાની ઈર્ષા આવતી હોય છે. બેઠા બેઠા તમામ જન્નતમાં સફર કવિકલ્પના દ્વારા જ શક્ય બને છે. એવી કલ્પના કરનારને પોતાની જ ઈર્ષા આવે એમાં નવાઈ નથી.

### ➠ ૫.૪ વસ્તુલક્ષી કસોટી

(૧) 'ગની' દહીંવાળાની આ બંને ગઝલોના કયા કયા શે'રમાં તમને મિજાજનો અનુભવ થયો એની કારણ સહિત ચર્ચા કરો.

(૨) પહેલી ગઝલનો છંદ એટલે કે એનું 'લગાત્મક' રૂપ તમે ઓળખી શકો છો? એ ઓળખવાનો પ્રયત્ન કરો.

### ➠ ૫.૫ ભાષાકીય સામગ્રીનો અભ્યાસ

(૧) પહેલી ગઝલમાં કાફિયાની દ્વિરુક્તિ છે. એ સિવાય પણ 'આવળ બાવળ' જેવા દ્વિરુક્ત પ્રયોગો થયા છે. આવા દ્વિરુક્ત પ્રયોગો શોધી બતાવો. આ ગઝલ સિવાય પણ તમારા ધ્યાનમાં આવા દ્વિરુક્ત પ્રયોગો હોય તો અની યાદી તૈયાર કરો.

(૨) 'બાળસહજ' જેવો સમાસ પણ નોંધપાત્ર છે. આવા બીજા સમાસો આ બંને ગઝલોમાંથી જડે છે? શોધીને એના અર્થ તારવવાની કોશિશ કરો.

### ➠ ૫.૬ પુનરાવલોકન

'ગની' દહીંવાળાની આ સિવાયની ગઝલો મેળવીને અભ્યાસ કરો. ગુજરાતી સુગમ સંગીતના ઘણા ગાયકોએ 'ગની' દહીંવાળાની ગઝલોને સ્વરબદ્ધ કરી છે, કંઠ આપ્યો છે. એ સાંભળીને પણ 'ગની' દહીંવાળાની ગઝલોનો આસ્વાદ કરી શકો છો. 'ગની' દહીંવાળાની ગઝલો વિશે આ બે મત જોવા જેવા છે : (૧) "હા, ગનીભાઈની કવિતા શબ્દના વૈભવનું ફૂલેકું છે. ગનીભાઈના નાદમાં તો બોલાતી ગુજરાતી ભાષા છે. બોલાતી ગુજરાતી ભાષાના અનેક શબ્દપ્રયોગો, રૂઢિપ્રયોગો, લયલહેકાઓ એમની કવિતામાં જડી આવે છે - આ 'ફૂલેકું' શબ્દ જ જુઓ ને! ઉપરાંત, ફારસી, સંસ્કૃત કે અંગ્રેજી શબ્દોને યે આવશ્યક લાગ્યું ત્યાં ઉપયોગમાં લેવામાં સંકોચ અનુભવ્યો નથી, સંસ્કૃત તત્સમ શબ્દોનું પ્રમાણ તો ગણનાપાત્ર હોવાનું દેખાય છે." (જયંત કોઠારી) (૨) "પણ, 'ગની' ભાઈએ માંડ માંડ ગુજરાતી થઈ રહેલી ગઝલને પૂરી ગુજરાતી બનાવી છે અને જ્યાં સુધી ભાષાને લાગેવળગે છે ત્યાં સુધી, કહેવતો, રૂઢિપ્રયોગો અને શબ્દોના કાકુઓ પકડીને જે રીતે શબ્દને શબ્દકોશની બહાર નવાં તેજ અને ભેજ સાથે મોકલ્યો છે તે ભાવકને આર્દ્રતાનો અનુભવ કરાવે છે." (રવીન્દ્ર પારેખ) - આ બંને મત ગઝલકાર તરીકે 'ગની' દહીંવાળાના ભાષાકર્મ પ્રત્યે આપણું ધ્યાન ખેંચે છે. ભાષાકર્મની રીતે અભ્યાસની આ બંને ગઝલો પણ ધ્યાનપાત્ર છે. ભાષાનો સંપૂર્ણ ક્યાસ કાઢવાની રીતે અને એ દ્વારા અભિવ્યક્તિનાં નોખાં રૂપો પ્રગટાવવાની રીતે 'ગની' દહીંવાળા આપણા એક મહત્ત્વના ગઝલકાર છે.

### ➠ ૫.૭ લેખનપ્રવૃત્તિ :

'ગની' દહીંવાળાના કેટલાક શે'ર અહીં પ્રસ્તુત છે અને તમારી રીતે આસ્વાદવાનો - મૂલવવાનો પ્રયત્ન કરો.

***દિવસો જુદાઈના જાય છે, એ જશે જરૂર મિલન સુધી,***
***મને હાથ ઝાલીને લઈ જશે, હવે શત્રુઓ જ સ્વજન સુધી.***
***ન ધરા સુધી, ન ગગન સુધી, નહિ ઉન્નતિ, ન પતન સુધી,***
***અહીં આપણે તો જવું હતું, ફક્ત એકમેકના મન સુધી.***
***હજી પાથરી ન શક્યું સુમન, પરિમલ જગતના ચમન સુધી,***
***ન ધરાની હોય જો સંમતિ, મને લૈ જશો ન ગગન સુધી.***
***છે અજબ પ્રકારની જિંદગી! કહો એને પ્યારની જિંદગી,***
***ન રહી શકાય જીવ્યા વિના! ન ટકી શકાય જીવન સુધી.***
***તમે રાંકનાં છો રતન સમાં, ન મળો હે અશ્રુઓ ધૂળમાં,***
***જો અરજ કબૂલ હો આટલી, તો હૃદયથી જાઓ નયન સુધી.***
***તમે રાજરાણીના ચીર સમ, અમે રંક નારની ચૂંદડી,***
***તમે બે ઘડી રહો અંગ પર, અમે સાથ દઈએ જીવન સુધી.***

- *જો હૃદયની આગ વધી 'ગની', તો ખુદ ઈશ્વરે જ કૃપા કરી,*
  *કોઈ શ્વાસ બંધ કરી ગયું, કે પવન ન જાય અગન સુધી.*
- *'નર્યું પાણી જ મારા દર્દનો ઉપચાર લાગે છે,*
  *રડી લઉં છું, મને જ્યારે હૃદય પર ભાર લાગે છે.'*
- *'તમે રાજરાણીનાં ચીર સમ, અમે રંકનારની ચૂંદડી,*
  *તમે બે ઘડી રહો અંગ પર, અમે સાથ દઈએ કફન સુધી.'*
- *'ગની' થાકી ગયો પણ દિલ કહે છે પુત્રની પેઠે,*
  *તમે આરામથી બેસો, બધી આરત મને આપો.*
- *'છૂપું છે હારમાં સાચે જ જીતનું ગૌરવ,*
  *જો હોય જીતની બાજી, તો દાવ છોડી દે.'*
- *'પરંપરાના શયનમાં હે ઊંઘનારાઓ!*
  *સમયને પારખો, અવસરની બારીએ આવો.'*
- *'નાજુક નાજુક નાડીના આ ફોરમ સરખા ધબકારા!*
  *ફૂલોને પણ ફૂલગુલાબી લોહી રગેરગ હોઈ શકે.'*
- *'અધરના ગોખમાં બેઠાં રહે શબ્દોનાં પારેવાં,*
  *પરસ્પર હોય ખામોથી અને નિર્ણય થવા લાગે.'*
- *'ગની પર્વતોની સામે આ રહ્યું છે શીશ અણનમ,*
  *કોઈ પાંપણો ઢળી ત્યાં હું ઝૂકી ઝૂકી ગયો છું.'*
- *'કાંઠાનો સાદ સાંભળ્યો તળિયે અમે 'ગની'*
  *કોઈ અભાગી જીવ લઈને તરસ પડ્યો.'*

### ૫.૮ વિશેષ અધ્યયન

'ગની' દહીંવાળાના સમકાલીન અન્ય ગઝલકારો 'બેકાર', 'સગીર', અનંતરાય ઠક્કર 'શાહબાઝ', જમિયતરામ પંડ્યા 'જિગર', અકબરઅલી જસદણવાળા, રુસ્વા મજલૂમી, અંબાલાલ ડાયર, મનુભાઈ ત્રિવેદી 'ગાફિલ' વગેરેની ગઝલોનો અભ્યાસ કરો. આ અભ્યાસને કારણે આ સમયની ગઝલો વિશેની તમારી સમજ વધારે સ્પષ્ટ બનશે.

### ૫.૯ કવિપરિચય

અબુલગની અબ્દુલકરીમ દહીંવાળા ('ગની' દહીંવાળા)નો જન્મ તા. ૧૭-૦૮-૧૯૦૮ના દિવસે થયો હતો. તા. ૦૫-૦૩-૧૯૮૭ના દિવસે તેમનું અવસાન થયું હતું. દરજી કામના વ્યવસાય સાથે તેઓ સંકળાયેલા હતા. 'ગાતાં ઝરણાં', 'મહેક', 'મધુરપ', 'ગનીમત', 'નિરાંત', 'ફાસફૂલની' એમના કાવ્યસંગ્રહો છે. 'હોય ના વ્યક્તિ ને એનું નામ બોલાયા કરે' (સં. ભગવતીકુમાર શર્મા, રવીન્દ્ર પારેખ) એમનો સમગ્ર સંગ્રહ છે. ગઝલ ઉપરાંત, ગીત ક્ષેત્રે પણ એમનું નોંધપાત્ર પ્રદાન છે. 'ભિખારણનું ગીત' એ રીતે એમનું જાણીતું ગીત છે.

એકમ ૬

# અમૃત 'ઘાયલ'


૬.૧ ઉદ્દેશ

૬.૨ પ્રસ્તાવના

૬.૩ કૃતિ

૬.૩.૧ કૃતિનો સઘન પરિચય

૬.૪ વસ્તુલક્ષી કસોટી

૬.૫ ભાષાકીય સામગ્રીનો અભ્યાસ

૬.૬ પુનરાવલોકન

૬.૭ લેખન-પ્રવૃત્તિ

૬.૮ વિશેષ અધ્યયન

૬.૯ કવિપરિચય

૬.૧૦ સંદર્ભ


## ૬.૧ ઉદ્દેશ

(૧) ગુજરાતી ગઝલના શિરમોર ગઝલકારની ગઝલોનો પરિચય થશે.

(૨) અમૃત 'ઘાયલ'ની ગઝલોની ભાષાસમૃદ્ધિ અને ભાવસમૃદ્ધિનો ખ્યાલ આવશે.

(૩) ગુજરાતી ગઝલના વિકાસમાં અમૃત 'ઘાયલ'ના પ્રદાનનો ખ્યાલ આવશે.

## ૬.૨ પ્રસ્તાવના

ગુજરાતી ગઝલનું એક શિરમોર નામ અમૃત 'ઘાયલ' છે. બાલાશંકરથી શરૂ થયેલી ગઝલયાત્રાનો મહત્ત્વનો પડાવ અમૃત 'ઘાયલ' છે. અમૃત 'ઘાયલ' પાસે ગઝલ વધુ ગુજરાતી થઈ સંપૂર્ણ ખુમારી સાથે પ્રગટ થાય છે. ગુજરાતી તળપદા શબ્દોની સાથે સાથે અંગ્રેજી ભાષાના શબ્દો પણ અમૃત 'ઘાયલ'ની ગઝલોની લાક્ષણિકતા બનીને આવે છે

## ૬.૩ કૃતિ

*અમે ધારી નહોતી એવી અણધારી કરી લીધી,*
*અજાણી આંખડીએ ચોર ગોઝારી કરી લીધી.*
*કોઈનાથી અમે બે વાત શું પ્યારી કરી લીધી!*
*જવાનીમાં મરણની પૂર્વતૈયારી કરી લીધી.*
*અમે મગરૂર મનને મારી લાચારી કરી લીધી,*
*કરી લીધી જીવન, તારી તરફદારી કરી લીધી.*
*ઘડીઓ આ જુદાઈની અને તે પણ જવાનીમાં?*

*અમે આ પણ સહન તલવાર બેધારી કરી લીધી.*
*મને કંઈ વાત તો કરવી હતી અલગારી મન મારા,*
*વળી કોના થકી તેં પ્રીત પરબારી કરી લીધી!*
*ભલે એ ના થયાં મારાં, ભલા આ સ્નેહ શું કમ છે?*
*ઘડીભર સાથ બેસી વાત બે પ્યારી કરી લીધી.*
*કસુંબલ આંખડીના આ કસબની વાત શી કરવી?*
*કલેજું કોતરી નાજુક મીનાકારી કરી લીધી.*
*મઝાની ચાંદનીમાં નોતરી બેઠા ઉદાસીને,*
*અમે હાથે કરીને રાત અંધારી કરી લીધી.*
*હવે મિત્રો ભલે ગુસ્સો ગઝલ પર ઠાલવે 'ઘાયલ',*
*અમારે વાત બે કરવી હતી, પ્યારી કરી લીધી.*

- અમૃત 'ઘાયલ'

### ● ૬.૩.૧ કૃતિનો સઘન અભ્યાસ

ગઝલકાર તરીકે અમૃત 'ઘાયલ'ના મિજાજને પ્રગટ કરતી આ ગઝલ છે. ગઝલસ્વરૂપની દૃષ્ટિએ આ ગઝલને તપાસીએ તો ત્રણ મત્લા જોવા મળે છે. 'ઘાયલ'ની એક લાક્ષણિકતા એ પણ રહી છે કે, જેટલા કાફિયા સૂઝે એ બધા પર એ શે'રની રચના કરે. એક કાફિયો એકથી વધું વખત પણ 'ઘાયલ' ઉપયોગમાં લે. જેમ કે, આ ગઝલમાં 'પ્યારી' કાફિયાનો ઉપયોગ ગઝલકારે ત્રણ વખત કર્યો છે. ગઝલકાર તરીકે 'ઘાયલ'ની આ ખૂબી પણ છે ને મર્યાદા પણ છે.

આખી ગઝલમાંથી પ્રેમના વિવિધ મસ્તીભર્યા ભાવો પ્રગટ થાય છે. કાઠિયાવાડનો યુવક પ્રેમમાં પડે તો એના ભાવો કેવા હોય, એની ભાષા કેવી હોય? - 'ઘાયલ'ની આ ગઝલ એવો અનુભવ કરાવે છે. પહેલા જ શે'રમાં 'ગોઝારી' તળપદા કાફિયાનો ઉપયોગ એની સાબિતી આપે છે. પ્રેમ ધારવાથી નથી થતો, અણધાર્યો થઈ જાય છે. આંખની ભાષા વાંચતા આવડે, એને પ્રેમનો અણધાર્યા અનુભવ થાય. 'આંખડી' શબ્દ પણ તળપદી લહેકો સૂચવે છે. પ્રેમનો માર્ગ સરળ નથી જ નથી. એટલે, શાયર બીજા શે'રમાં કહે છે, પ્રેમમાં પડવું એટલે જવાનીમાં જ મરણ માટેની પૂર્વતૈયારી કરી લેવી. 'પૂર્વતૈયારી' કાફિયા પણ અહીં કેવો જડબેસલાક ગોઠવાઈ ગયો છે. પ્રેમમાં સઘળું આપનું જ ધાર્યું થતું હોય છે? ના. ક્યારેક મનને મનાવવું પણ પડે છે, લાચાર મનને સમજાવવું પડતું હોય છે. પ્રેમમાં ન પડવું એ બધું જીવન જીવવા બરાબર છે, જીવનની તરફદારી કરવા બરાબર છે. જુવાનીમાં જ મનને લાચાર બનાવીને જુદાઈની-વિરહતી ઘડીઓ સહન કરવી પડે, એવો વખત પણ ક્યારેક આવતો હોય છે. આ વિરહની ઘડીઓ સહન કરવી એચલે, બેધારી તલવારને સહન કરવી ને પ્રેમ સહનશીલતા સિવાય વધારે તો શું માંગે છે?

ચંચળ મનની ગતિ ન્યારી હોય છે. એ ક્યારેક અલગારી બની જાય છે તો ક્યારેક સંસારી બની જાય છે. પણ અલગારી મન પરબારું-બારોબાર કોઈની સાથે પ્રીત બાંધી બેસે ત્યારે? મનનું એવું જ હોય છે, એ કહીને કશું કરતું નથી. કર્યા પછી પણ કશું કહેતું નથી. ધીમે ધીમે એનો અનુભવ થતો હોય છે. પ્રિયપાત્ર આપણી સાથે ઘડી બે ઘડી વાતો કરે એ પણ જીવનભરનો વૈભવ બની રહે છે, એ પ્રિયપાત્ર ભલે આપણું ન થાય, પણ પેલો વૈભવ જ કાયમી મૂડી બની રહે છે. કાઠિયાવાડી ભાષા અને મિજાજનો અનુભવ હવે પછીના શે'રમાંથી થાય છે. અહીં પણ 'આંખડી'નું મહત્ત્વ છે. પ્રેમ એ નાજુક બાબત છે. કલેજું કોતરીને મીનાકારી કરવા જેટલી નાજુક બાબત છે,

એ નાજુક બાબતમાં 'આંખડી'ની કારીગરી હોય છે. 'મીનાકારી' જેવા કાફિયાના વિનિયોગ દ્વારા ઘાયલે ગઝલમાં જે મીનાકારી કરી છે, એ કાબિલે દાદ છે.

મઝાની ચાંદની રાત હોય અને એમાં પ્રિયપાત્રની પ્રતીક્ષા હોય તો એ જાણે પ્રારંભે તો મધુર લાગે છે. પણ જેમ જેમ સમય પસાર થતો જાય છે તેમ તેમ પ્રતીક્ષા ઉદાસીમાં ફેરવાતી જાય છે અને ચાંદની રાત પણ અંધારી રાતનો અનુભવ કરાવે છે. આ ગઝલનો અંતિમ શે'ર જરા જુદો પડે છે. ગઝલકાર તરીકે ઘાયલે જે કહેવું હતું એ એમણે વિવિધ શે'ર દ્વાર કહી દીધું. જે વાત કહેવામાં આવી એનાથી ગઝલ સિદ્ધ થાય છે કે નથી થતી, એ બધી વાતો ઘાયલે મિત્રો પર છોડી છે.

ગઝલકાર તરીકે 'ઘાયલ'ના મિજાજ અને ખુમારીને વ્યક્ત કરતી બીજી ગઝલનો આસ્વાદ પણ માણીએ. જેથી 'ઘાયલ'ની ગઝલ-પ્રતિભાનો ખ્યાલ પણ આવે.

***કાજળભર્યાં નયનનાં કામણ મને ગમે છે,***
***કારણ નહીં જ આપું કારણ મને ગમે છે.***
***લજ્જા થકી નમેલી પાંપણ મને ગમે છે,***
***ભાવે છે ભાર મનને, ભારણ મને ગમે છે.***
***જીવન અને મરણની હરક્ષણ મને ગમે છે,***
***એ ઝેર હોય અથવા મારણ મને ગમે છે.***
***ખોટી તો ખોટી હૈયાધારણ મને ગમે છે,***
***જળ હોય ઝાંઝવાનાં તો પણ મને ગમે છે.***
***હસવું સદાય હસવું, દુઃખમાં અચૂક હસવું,***
***દીવાન ગીતણું આ ડ્હાપણ મને ગમે છે.***
***આવી ગયાં છો આંસુ, લૂછો નહીં ભલા થઈ,***
***આ બારેમાસ લીલાં તોરણ મને ગમે છે.***
***લાવે છે યાદ ફૂલો છાબો ભરી ભરીને,***
***છે ખૂબ મહોબતીલી માલણ, મને ગમે છે.***
***દિલ શું હવે હું પાછી દુનિયાય પણ નહીં દઉં,***
***એ પણ મને ગમે છે, આ પણ મને ગમે છે.***
***હું એટલે તો એને વેંઢારતો રહું છું,***
***સોગંદ જિંદગીના! વળગણ મને ગમે છે.***
***ભેટ્યો છું મોતને પણ કૈં વાર જિંદગીમાં!***
***આ ખોળિયાની જેમ જ ખાંપણ મને ગમે છે.***
***'ઘાયલ' મને મુબારક આ ઊર્મિકાવ્ય મારાં,***
***મેં રોઈને ભર્યાં છે, એ રણ મને ગમે છે.***

અમૃત 'ઘાયલ'ની આ અત્યંત જાણીતી ગઝલ છે. ગુજરાતી સંગીમ સંગીતના ઘણા કલાકારો દ્વારા એ સ્વરબદ્ધ અને કંઠસ્થ થઈ છે. જીવનના સારા-નરસા અનુભવોની વાત અહીં સાદગીજન્ય ભાષામાં વિવિધ શે'રોમાં પ્રગટ થઈ છે. કાજળ ભરેલી સુંદર આંખો કોને નથી ગમતી? ને એ ગમતી હોય તો એનાં કારણ આપવા બેસવાનું ન હોય! એવી જ રીતે શરમાળ પાંપણોનું આકર્ષણ પણ રહેલું છે. સ્ત્રીનાં આ સૌન્દર્યસ્થાનોનો મહિમા ગઝલકારે કર્યો છે.

જીવન હોય કે મરણ - બંને સ્થિતિને તટસ્થભાવે નિહાળનારને હરક્ષણ ગમતી જ હોય છે. ગઝલના શે'રની એક લાક્ષણિકતા એ પણ છે, કે પહેલી પંક્તિમાં એક વિચાર કે એક દાવો રજૂ થતો હોય છે અને બીજી પંક્તિમાં એના સમર્થનમાં દૃષ્ટાંત કે દલીલ રજૂ થતી હોય છે. ખોટી હૈયાધારણ ગમે છે એ માટે દલીલમાં એવું કહેવાયું છે, કે ઝાંઝવારૂપી જળ પણ ગમે છે. ખોટી હૈયાધારણ અને ઝાઝવારૂપી જળ બંને આખરે તો એક ભ્રમ છે. પણ આ શે'રમાં 'હૈયાધારણ' કાફિયાનો ઉપયોગ સરસ થયો છે. દીવાનગી જેવા ડહાપણ થકી જ હસતા હસતા જીવન જીવવું જોઈએ, એવી ઉપદેશાત્મક વાત પણ અહીં રજૂ થઈ છે. આંસુની સરખામણી 'લીલાં તોરણ' સાથે કરવામાં કવિ કલ્પના દાદ માગી લે છે. એવાં 'લીલાં તોરણ' લૂછવાનું મન કોને થાય? અરે, કાંઈ લૂછતું હોય એને અટકાવવો પડે. યાદ કોઈ 'મહોબતીલી માલણ' હોય તો એ ગમે એમાં કોઈ નવાઈ નથી. 'મહોબતીલી માલણ' જેવો શબ્દપ્રયોગ કરવાની ખૂબી પણ આ ગઝલકારમાં છે. 'દિલ' અને 'દુનિયા' બેમાંથી કોઈ એકની પસંદગી ગઝલકાર કરી શકતો નથી. એને તો બંને ગમે છે, બંને વિના એને ચાલતું નથી. કેટલાંક વળહણ પીડાદાયક હોય છે, એને વેંઢારવા પડતાં હોય છે, છતાં એ છૂટતાં નથી. કારણ કે એવાં વળગણ પણ પ્રિય હોય છે, ગમે છે. સાહસવૃત્તિ ધરાવનાર અનેક વખત મોતને સામનો કરી ચૂક્યા હોય છે. માથે ખાંપણ (કફન) રાખીને ફરનારા માણસો જીવન અને મૃત્યુ બંનેને સરખી રીતે ચાહતા હોય છે. અંતિમ શે'ર ઘાયલની ખુમારીને જુદી રીતે પ્રગટ કરે છે. પોતે જે રચ્યું છે એનો મહિમા છે. પીડાનો અનુભવ એ સર્જનની પાછળ રહેલો છે. રણની શુષ્કતા અને આંસુની ભીનાશનો સમન્વય થાય ત્યારે સર્જનની ક્ષણ પ્રગટે છે.

### ➠ ૬.૪ વસ્તુલક્ષી કસોટી

(૧) અમૃત 'ઘાયલ'ની આ બંને ગઝલના છંદો કયા છે, એ તપાસો.

(૨) આ બંને ગઝલમાં જે કાફિયાઓનો વિનિયોગ થયો છે એવા બીજા કાફિયાઓની યાદી તૈયાર કરો.

(૩) આ બંને ગઝલના કયા કયા શે'રોમાંથી તમને મિજાજનો અનુભવ થયો? કારણસહિત ચર્ચા કરો.

### ➠ ૬.૫ ભાષાકીય સામગ્રીનો અભ્યાસ

(૧) 'પૂર્વતૈયારી' આ કાફિયા એક સમાસ છે. આવા બીજા કયા સમાસોનો ઉપયોગ આ બંને ગઝલોમાં થયો છે, એની અર્થસહિત યાદી તૈયાર કરો.

(૨) 'પરબારી' આ તળપદો શબ્દ છે. આ બંને ગઝલમાં આવા બીજા કયા તળપદા શબ્દોનો ઉપયોગ થયો છે, એની અર્થસહિત યાદી તૈયાર કરો.

### ➠ ૬.૬ પુનરાવલોકન

પ્રણયના વિવિધ ભાવો અને ઉર્મિલતાનું પ્રાધાન્ય અમૃત 'ઘાયલ'ની ગઝલોમાં જોવા મળે છે. જીવનના અનેક સારા-નરસા અનુભવોમાંથી 'ઘાયલ'ની ગઝલો આવી છે. એક માણસનો બીજા માણસ સાથેનો વ્યવહાર કે પછી જગતનો ગઝલકાર સાથેનો વ્યવહાર પણ 'ઘાયલ'ની ગઝલોમાંથી પ્રગટ થાય છે. આ વ્યવહારને કારણે જીવનને ગઝલકાર જુદી રીતે જુએ છે, જિંદગીની એ જુદી જુદી રીતે વ્યાખ્યા કરે છે. એક શે'ર જુઓ :

***'લાક્ષણિક અર્થ જેનો થાય છે જીવનનું ખમીર,***
***કાંઈ ચમકી નથી શકતું એ ઝવેરાત વગર.'***

તળપદા શબ્દો, રૂઢિપ્રયોગો, કહેવતોનો ગઝલમાં વિનિયોગ કરવાને કારણે અમૃત 'ઘાયલ'ની અભિવ્યક્તિ બીજાથી જુદી પડે છે. અમૃત 'ઘાયલ'નું ગઝલલેખન સતત ચાલતું રહ્યું હતું. ગઝલ ઉપરાંત ગઝલવિષયક શાસ્ત્રીય ગ્રંથો પણ એમણે આપ્યા છે.

## ➠ ૬.૭ લેખન-પ્રવૃત્તિ

અમૃત 'ઘાયલ'ના કેટલાક શે'રો અહીં પ્રસ્તુત છે. આ શે'રોને તમે તમારી રીતે આસ્વાદવાનો - મુલવવાનો પ્રયત્ન કરો.

*દુઃખ વગર, દર્દ વગર, દુઃખની કશી વાત વગર,*
*મન વલોવાય છે ક્યારેક વલોપાત વગર.*
*આંખથી આંખ લડી બેઠી કશી વાત વગર,*
*કંઈ શરૂઆત થઈ વાત શરૂઆત વગર.*
*કોલ પાળે છે ઘણી વાર કબૂલાત વગર,*
*એ મળી જાય છે રસ્તામાં મુલાકાત વગર.*
*આ મજા કોણ ચખાડત મને આઘાત વગર?*
*તારલાઓ હું નિહાળું છું સદા રાત વગર.*
*સાકિયા! પી'ધા વગર તો નહિ ચાલે મુજને!*
*તું કહે તો હું ચલાવી દઉં દિનરાત વગર.*
*કોઈને કોઈ અચાનક ગયું જીવનમાં મરી,*
*એક દિવસ ન ગયો હાય, અકસ્માત વગર.*
*એમ મજબૂરી મહીં મનની રહી ગઈ મનમાં,*
*એક ગઝલ જેમ મરી જાય રજૂઆત વગર.*
*કામમાં હોય તો દરવાન, કહે ઊભો છું!*
*આ મુલાકાતી નહીં જાય મુલાકાત વગર.*
*અશ્રુ કેરો હું બહિષ્કાર કરી દઉં કિન્તુ,*
*ચાલતું દિલને નથી દર્દની સોગાત વગર.*
*લાક્ષણિક અર્થ જેનો થાય છે જીવનનું ખમીર,*
*કાંઈ ચમકી નથી શકતું એ ઝવેરાત વગર.*
*આ કલા કોઈ શીખે મિત્રો કનેથી 'ઘાયલ',*
*વેર લેવાય છે શી રીતે વસૂલાત વગર.*

* * *

➢ *'એ તોર એ ગતિ આ નગરમાં કશેય ક્યાં?*
*સૌથી જુદો જ તારી ગલીનો મિજાજ છે.'*

➢ *'આથી વિશેષ જોઈએ 'ઘાયલ' શું આપણે?*
*આ સિદ્ધ શબ્દ આપણો એક કોરો ચેક છે.'*

➢ *'કાલની હમણાં ખબર લઈ નાખું,*
*લાવ મારો એ ડંગોરો ક્યાં છે?'*

➢ *'બે વાત કરીને પારેવાં થઈ જાયે છે આડાં અવળાં,*
*કૈં આમ પરસ્પર ગૂંથાઈ, વીખરાઈ જવામાં લિજ્જત છે?'*

➢ *'પ્રગટ્યું છે શૂન્યમાંથી ભળી જશે શૂન્યમાં,*
*આ માનવીનું મોંઘું જીવન એટલે કબર.'*

➢ *'જણ કે જે જીવ હોય બેઠકના,*
*સાંભરે કેમ ના એ સાંજકના.'*
*'કેમ માની લઉં કે ઘર રેઢું જ છે?*
*કોઈ અંદર જાઉં છું બેઠું જ છે.'*

➢ *'નહિ તો આમ મનને રવાડે ચડે નહીં,*
*મરવાની થઈ છે સાચે હવે ઘેલી જિંદગી.'*

➢ *'દુઃખ વગર, દર્દ વગર, દુઃખની કશી વાત વગર,*
*મન વલોવાય છે ક્યારેક વલોપાત વગર.'*

➢ *'આ કલા કોઈ શીખે મિત્રો કનેથી 'ઘાયલ',*
*વેર લેવાય છે શી રીતે વસૂલાત વગર.'*

➢ *'નથી કૈં યાદ ક્યારે આપલે કરી બેઠા,*
*સમજ સાટે અમે સૌ પીડા ગાંડીતૂર રાખી છે.'*

➢ *'વેચાઈ જવા કરતાંય વધુ વહેંચાઈ જવામાં લિજ્જત છે,*
*હર ફૂલમહીં ખુશ્બો પેઠે ખોવાઈ જવામાં લિજ્જત છે.'*

## ૬.૮ વિશેષ અધ્યયન

પરંપરાના ગઝલકારોમાં 'ઘાયલ'નું સ્થાન અગ્રપંક્તિમાં છે. એમના સમકાલીન અન્ય ગઝલકારો કુતુબ આઝાદ, નાઝિર દેખૈયા, મકરંદ દવે વગેરેની ગઝલોનો અભ્યાસ પણ કરો. આ અભ્યાસને કારણે તમે અમૃત 'ઘાયલ'ની ગઝલોને સમગ્રતયા મુલવી શકશો, ગઝલ વિશેની તમારી સમજ પણ વિશદ બનશે.

## ૬.૯ કવિપરિચય

અમૃતલાલ લાલજીભાઈ ભટ્ટ (અમૃત 'ઘાયલ')નો જન્મ તા. ૩૦-૦૯-૧૯૧૫ના દિવસે થયો હતો. તા. ૨૫-૧૨-૨૦૦૨ના દિવસે એમનું અવસાન થયું હતું. અમૃત 'ઘાયલ' પાસેથી 'શૂળ અને શમણાં' (૧૯૫૪), 'રંગ' (૧૯૬૦), 'રૂપ' (૧૯૬૭), 'ઝાંય' (૧૯૮૨), 'અગ્નિ' (૧૯૮૨), 'ગઝલ નામ સુખ' (૧૯૮૪), 'આશ્ચર્ય વચ્ચે' (૧૯૯૨), 'પશ્ચાત' (૧૯૯૪) કાવ્યસંગ્રહો પ્રાપ્ત થાય છે. 'આઠો જામ ખુમારી' (૧૯૯૪) એમનો સમગ્ર સંગ્રહ છે. મકરંદ દવે સાથે મળીને કરેલું સંપાદન 'છીપનો ચહેરો ગઝલ' ગઝલના અભ્યાસુઓ માટે ઉત્તમ સંદર્ભગ્રંથ બની રહે એમ છે. ગુજરાતી કવિતા ક્ષેત્રે અપાતો સર્વોચ્ચ પુરસ્કાર 'આદ્યકવિ નરસિંહ મહેતા એવોર્ડ' પણ એમને પ્રાપ્ત થયો હતો.

## ૬.૧૦ સંદર્ભ

(૧) અમૃત ઘાયલ, મકરંદ દવે, છીપનો ચહેરો ગઝલ, મુંબઈ. - સાહિત્ય ભારતી ટ્રસ્ટ.
(૨) દળે, હરીન્દ્ર, (સં.) મધુવન મુંબઈ. - સુમન પ્રકાશન.
(૩) પુરોહિત, રમેશ, ગઝલ ૧૦૧, અમદાવાદ. - નવભારત સાહિત્ય મંદિર, ૨૦૧૬.

❒

એકમ ૭

# મરીઝ

૭.૧ ઉદ્દેશ

૭.૨ પ્રસ્તાવના

૭.૩ કૃતિ

૭.૩.૧ કૃતિનો સઘન પરિચય

૭.૪ વસ્તુલક્ષી કસોટી

૭.૫ ભાષાકીય સામગ્રીનો અભ્યાસ

૭.૬ પુનરાવલોકન

૭.૭ લેખન-પ્રવૃત્તિ

૭.૮ વિશેષ અધ્યયન

૭.૯ કવિપરિચય

૭.૧૦ સંદર્ભ

## ૭.૧ ઉદ્દેશ

(૧) ગુજરાતી ગઝલના શિરમોર ગઝલકારની ગઝલોનો પરિચય થશે.

(૨) 'મરીઝ'ની ગઝલોની ભાષાસમૃદ્ધિ અને ભાવસમૃદ્ધિનો ખ્યાલ આવશે.

(૩) ગુજરાતી ગઝલના વિકાસમાં 'મરીઝ'ના પ્રદાનનો ખ્યાલ આવશે.

## ૭.૨ પ્રસ્તાવના

મિર્ઝા ગાલિબ સાથે જેમની સરખામણી થાય છે અથવા તો ગુજરાતીના ગાલિબ તરીકે જેમની ઓળખ છે એ 'મરીઝ'નું ગુજરાતી ગઝલક્ષેત્રે મહામૂલું પ્રદાન રહ્યું છે. સાદગીપૂર્ણ અભિવ્યક્તિ એ 'મરીઝ'ની ગઝલોનો મોટો ગુણ રહ્યો છે. સાવ સરળ શબ્દોમાં એ મોટી ગહન વાત કરી શકે છે. અત્યંત ગરીબીમાં અને લાચાર પરિસ્થિતિમાં રહેતા આ ગઝલકારે પોતાના દારુણ અનુભવોની અભિવ્યક્તિ ગઝલમાં કરી છે.

## ૭.૩ કૃતિ

*બસ એટલી સમજ મને પરવરદિગાર દે,*
*સુખ જ્યારે જ્યાં મળે ત્યાં બધાના વિચાર દે.*
*માની લીધું કે પ્રેમની કોઈ દવા નથી,*
*જીવનના દર્દની તો કોઈ સારવાર દે.*
*ચાહતું બીજું બધું તે ખુદાએ મને દીધું,*
*એ શું કે તારા માટે ફક્ત ઈન્તિઝાર દે.*

*આવીને આંગળીમાં ટકોરા રહી ગયા,*
*સંકોચ આટલો ન કોઈ બંધ દ્વાર દે.*
*પીઠામાં મારું માન સતત હાજરીથી છે,*
*મસ્જિદમાં રોજ જાઉં તો કોણ આવકાર દે!*
*નવરાશ છે હવે જરા સરખામણી કરું,*
*કેવો હતો અસલ હું, મને એ ચિતાર દે.*
*તે બાદ માંગ મારી બધીયે સ્વતંત્રતા,*
*પહેલાં જરાક તારી ઉપર ઈખ્તિયાર દે.*
*આ નાનાં નાનાં દર્દ તો થાતાં નથી સહન,*
*દે એક મહાન દર્દ અને પારાવાર દે.*
*સૌ પથ્થરોના બોજ તો ઊંચકી લીધા અમે,*
*અમને નમાવવા હો તો ફૂલોનો ભાર છે.*
*દુનિયામાં કંઈકનો હું કરજદાર છું 'મરીઝ',*
*ચૂકવું બધાનું દેણ જો અલ્લાહ ઉધાર દે.*

- મરીઝ

**● ૭.૩.૧ કૃતિનો સઘન પરિચય**

ગુજરાતી ગઝલને જ્યાં સુધી સાદગીજન્ય ચમત્કૃતિ સાથે લાગેવળગે છે ત્યાં સુધી 'મરીઝ'નું સ્થાન એમાં મોખરાનું છે. ગુજરાતી ગઝલક્ષેત્રે સાદગી સાથે ગહનતાનો અનુભવ 'મરીઝ'ની ગઝલો કરાવે છે. આ ગઝલનો મત્લા કટાક્ષનો અનુભવ કરાવે છે. સુખમાં સહુ સાથે હોય છે, એટલી વ્યવહારજગતની સાદી સમજ 'મરીઝ' ખુદા પાસે માગે છે. જગતના વ્યવહારોને આ ગઝલકાર જુદી દૃષ્ટિએ જુએ છે. કડવી વાસ્તવિકતા મરીઝે બહુ ઓછા શબ્દોમાં પ્રગટ કરી છે. પ્રેમની ભલે કોઈ દવા ન હોય પણ જીવનમાં જે દર્દ મળ્યાં છે એની તો કોઈ સારવાર મળે. 'મરીઝ'ને ખુદા સામે સતત ફરિયાદ રહી છે. જે જે જોઈતું હતું એ બધું જ ખુદાએ આપ્યું પણ જે અધિક ચાહ્યું તે? પ્રિયપાત્ર સંદર્ભે તો માત્ર ઈન્તિઝાર (પ્રતીક્ષા)જ આપ્યો અને 'મરીઝ'ની પીડાને વધારવાનું કામ કર્યું. પ્રિયપાત્રના ઘરના દ્વાર સુધી પહોંચ્યા પછી જે સંકોચ થાય છે એને બહુ સરળ શબ્દોમાં મરીઝે વ્યક્ત કર્યો છે. આંગળીમાં ટકોરા એટલા માટે અટકી ગયા કે કોઈ મોઢા પર બારણું બંધ કરી દે તો? એ અવહેલના સહન થઈ શકે એમ નથી. એટલે, ટકોરાને આંગળીમાં જ અટકાવી દીધા.

મદિરા 'મરીઝ'ના જીવનનો એક ભાગ હતી. શું કામ હતી એનો ઉત્તર પછીના શે'રમાં મળે છે, ખુદા સામે તો માત્ર ફરિયાદ હતી, પણ પીઠામાં સતત આવકાર હતો. પીઠું એટલે મદિરાપાન માટેની જગ્યા. પીઠામાં આવકાર છે, મસ્જિદમાં એવો આવકાર કોણ આપે? પ્રેમ અને જીવનનાં અનેક દર્દો સહન કરતાં કરતાં વ્યક્તિ પોતાની અસલ ઓળખ પણ ભૂલી જતો હોય છે. પણ ક્યારેક નવરાશ મળે ત્યારે? કેવો હતો અને કેવો છું; એ બેની સરખામણી કરવાનો વિચાર આવે છે. આવી સરખામણીથી પણ આખરે તો પીડા જ મળતી હોય છે. પ્રિયતમા ઉપર કોઈ અધિકાર જ ન હોય તો એવી સ્વતંત્રતા શું કામની, એવી વેધક અભિવ્યક્તિ પણ એક શે'રમાં જોવા મળે છે. ખુદા તરફથી રોજરોજ નવાં નવાં દર્દોની ભેટ મળતી રહે છે ત્યારે ગઝલકાર અકળાઈ ઊઠે છે અને તારસ્વરે કહે છે, નાનાં નાનાં દર્દો આપવાનું બંધ કરો અને સહન ન થઈ શકે એવા મોટાં દર્દોની માગણી કરે છે. 'મરીઝ'ની ગઝલોનો એક મોટો ગુણ એ પણ હતો કે વ્યવહાર જગતમાં જે વાત જાણીતી હોય, એનાથી

વિપરીત અભિવ્યક્તિ એ કરે છે. વિપર્યાસ એ 'મરીઝ'ની ગઝલોની લાક્ષણિકતા રહી છે. સામાન્ય રીતે તો પથ્થરોના બોજથી વ્યક્તિ ઝૂકી જતો હોય છે, પણ 'મરીઝ' ફૂલોના ભારથી નમવાનું વધારે પસંદ કરે છે. અંતિમ શે'ર સુવિચારની જેમ પ્રસિદ્ધ છે. ગરીબીનો દારુણ અનુભવ કરનાર ગઝલકાર જ આ અભિવ્યક્તિ કરી શકે અને અલ્લાહ પાસે ઉધાર માગવાની હિમ્મત પણ કરી શકે. આ હિમ્મત આવે છે ક્યાંથી? દુનિયાભરની ઉધારી થઈ ગઈ હોય ત્યારે આ હિમ્મત - આ દર્શન ગઝલકાર પ્રગટ કરે છે.

આ આખી ગઝલનો આસ્વાદ 'દે' રદીફમાં પણ રહેલો છે. કોની પાસે માગે છે ગઝલકાર? ખુદા પાસે? પ્રિયતમા પાસે? જગત પાસે? - કદાચ આ બધા પાસે. 'દે' એકાક્ષરી રદીફના પ્રયોજન દ્વારા પણ ગઝલકારે અર્થઘટનની અનેક શક્યતાઓ વિસ્તારી છે. 'મરીઝ'ની બીજી એક ગઝલનો અભ્યાસ કરવાથી પણ ગઝલકાર તરીકે 'મરીઝ'ની પ્રતિભાનો ખ્યાલ આવશે.

*રહેશે મને આ મારી મુસીબતની દશા યાદ,*
*બીજા તો બધા ઠીક છે, આવ્યો ન ખુદા યાદ.*
*પ્રેમાળ છે દિલ એવું કે આવે છે બધા યાદ,*
*દુઃખદર્દ છે એવાં કે તમે પણ ન રહ્યા યાદ.*
*એ તો ન રહી શકતે મહોબ્બતના વિના યાદ,*
*હો વિશ્વના વિસ્તારમાં એક સૂની જગા યાદ.*
*મુજ હાસ્યને દુનિયા ભલે દીવાનગી સમજે,*
*જ્યાં જઈને રહું એવી નથી કોઈ જગા યાદ.*
*મર્યાદા જરા બાંધો જુદાઈના સમયની,*
*નહિતર મને રહેશે ન મિલનનીય મજા યાદ.*
*માગી મેં બીજી ચીજ, હતી એ જુદી વસ્તુ,*
*બાકી હો કબૂલ એવી હતી કંઈક દુઆ યાદ.*
*આ દર્દ મહોબ્બતનું જે હરગિઝ નથી મટતું,*
*ઉપરથી મજા એ કે મને એની દવા યાદ.*
*એકાંતમાં રહેવાનું ન કારણ કોઈ પૂછો,*
*છે એમ તો કંઈ કેટલી પ્રેમાળ સભા યાદ.*
*કિસ્મતમાં લખેલું છે, જુદાઈમાં સળગવું,*
*ને એના મિલનની મને પ્રત્યેક જગા યાદ.*
*ઝાહિદ મને રહેવા દે તબાહીભર્યા ઘરમાં,*
*મસ્જિદથી વધારે અહીં આવે છે ખુદા યાદ.*
*હો મૌન જરૂરી તો પછી બંને બરાબર,*
*થોડાક પ્રસંગ યાદ હો, યા આખી કથા યાદ.*
*ચાલો કે ગતિની જ મજા લઈએ કે અમને,*
*મંઝિલ ન રહી યાદ, ન રસ્તો, ન દિશા યાદ.*
*મન દઈને 'મરીઝ' એ હવે કંઈ પણ નથી કહેતાં,*
*સૌ મારા ગુનાની મને રહેશે આ સજા યાદ.* - મરીઝ

'મરીઝ'ની આ અત્યંત જાણીતી ગઝલ છે. 'યાદ' રદીફ દ્વારા ઘણું બધું સ્થૂળ-સૂક્ષ્મ યાદ કરવાનો પ્રયત્ન છે. યાદનો મહિમા પણ છે. પહેલા શે'રમાં અહીં પણ કટાક્ષ છે. મુસીબતની દશામાં બધાં ખુદાને યાદ કરતા હોય છે પણ 'મરીઝ'ને ખુદા જ યાદ નથી આવતો. કારણ કે જે દશા થઈ છે એને માટે જવાબદાર પણ ખુદા જ છે. પ્રિયપાત્ર જ અણીના સમયે યાદ ન આવે તો? પ્રેમાળ હૃદય સાથે એવું પણ ક્યારેક બનતું હોય છે. પ્રેમમાં જગ્યાનો મહિમા પણ છે. પ્રિયપાત્ર ન હોય ત્યારે એ જગ્યા સૂની લાગે અને યાદ પણ વધારે આવે છે. પ્રેમની પીડા ક્યારેક એવી હોય છે કે કહી શકાતી નથી. મોઢું હસતું જ રાખવું પડે છે. જીવનમાં રડી શકાય એવાં એક-બે સ્થાન તો હોવાં જ જોઈએ. મળવું અને છૂટા પડવું. આ બે જ ક્રમ છે પ્રેમનો. મિલનની મજા યાદ આવે એ રીતે છૂટાં પડવું જોઈએ. 'મરીઝ'ને કેટલીયે દુઆઓ યાદ છે પણ જે બે મહત્ત્વની ચીજ માગી હતી એનું શું? એ દુઆઓ સિવાય બધી દુઆઓ કબૂલ પણ થઈ ગઈ. પ્રેમના દર્દનો કોઈ ઈલાજ નથી, સિવાય કે પ્રેમ. ભલે એની દવા ખબર હોય તો પણ એ નાઇલાજ છે. ઘણી બધી પ્રેમાળ સભાઓ પણ યાદ છે પણ અત્યારે સ્થિતિ એવી છે, કે એકાંત વધુ પ્રિય લાગે છે. એકાંત શા માટે પ્રિય છે? 'મરીઝ' એના કારણમાં પડવા માગતા નથી. કિસ્મતમાં તો જુદાઈ (છૂટા પડવું) લખ્યું છે પણ 'મરીઝ'ને મિલનની પ્રત્યેક જગા યાદ છે. આ વિરોધ જ આ શે'રની મજા છે. આવા વિરોધ આખી ગઝલમાં જોવા મળે છે.

ખુદા અને ઝાહિદ (ધર્મોપદેશક) બંને સામે ફરિયાદ છે. જેમ આગળ કહ્યું તેમ, મસ્જિદમાં કોઈ આવકાર આપતું નથી તેમ મસ્જિદથી વધારે તબાહીભર્યા ઘરમાં ખુદા વધારે યાદ આવે છે, પહેલા શે'રની સાથે મૂકીને આ શે'ર જુઓ. તબાહીભર્યા ઘરમાં રહેવાની દશા કોણે ઊભી કરી? આ દશાને કારણે જ ખુદા યાદ પણ આવે છે અને નથી પણ આવતો. જો મૌન જ બધી બાબતો માટે ઉત્તમ હોય તો થોડા પ્રસંગ યાદ હોય કે આખી કથા યાદ હોય શો ફેર પડે છે? એ પછીનો શે'ર જરા જુદો પડે છે. સફરની મજા લેવાની વાત છે. પ્રવાસમાં ક્યાં જવું છે અને કેવી રીતે જવું છે, એ લમણાંઝીંકમાં પડ્યા વગર નીકળી પડવાની જે મજા છે, એનો મહિમા કર્યો છે. પ્રિયપાત્રનું આપણા પરથી મન ઊઠી ગયું હોય ત્યારે? ત્યારે એનું વર્તન સજારૂપ લાગે છે.

## ➠ ૭.૪ વસ્તુલક્ષી કસોટી

(૧) 'મરીઝ'ની આ બંને ગઝલના છંદો કયા છે, એ તપાસો.

(૨) આ બંને ગઝલમાં જે કાફિયાઓનો વિનિયોગ થયો છે, એવા બીજા કાફિયાઓની યાદી તૈયાર કરો.

(૩) આ બંને ગઝલના કયા કયા શે'રોમાંથી મિજાજનો અનુભવ થયો? કારણ સહિત ચર્ચા કરો.

## ➠ ૭.૫ ભાષાકીય સામગ્રીનો અભ્યાસ

(૧) આ બંને ગઝલમાં ઉર્દૂ-ફારસી શબ્દોનો વિનિયોગ થયો છે. જેમ કે 'ઇખ્તિયાર - અધિકાર.' આવા બીજા શબ્દોની અર્થસહિત યાદી તૈયાર કરો.

(૨) 'મરીઝ'ની ગઝલોની ભાષા સાદગીપૂર્ણ રહી છે. છતાં તમને ન સમજાતા શબ્દોની અર્થસહિત યાદી તૈયાર કરો.

## ➠ ૭.૬ પુનરાવલોકન

ગુજરાતી ગઝલ ક્ષેત્રે 'મરીઝ'નું પ્રદાન અનન્ય છે. સાવ સાદા શબ્દોમાં એ ગહન વાત રજૂ કરે છે. જીવનમાં મળેલો નિષ્ફળ પ્રણય વિષય બનીને એમની અભિવ્યક્તિમાં વારંવાર પ્રગટ થાય છે. આ બંને ગઝલોમાંથી પણ એવી અભિવ્યક્તિઓ મળી આવે એમ છે. નિષ્ફળ પ્રણયની છટપટાહટ અને પીડા તીવ્ર રીતે એમની ગઝલમાં પ્રગટ થાય છે. નિષ્ફળ પ્રણયની સાથેસાથે મરીઝના જીવનમાં મદિરાનું સ્થાન પણ અગત્યનું હતું. મદિરા નિમિત્તે

ખુદા કે શેખજી - ઝાહિદ સાથેનો સંબંધ પણ મરીઝ પ્રગટ કરે છે. જીવનના વ્યવહારોને સમજવા માટે 'મરીઝ' પાસે એક માત્ર સાધન મદિરા લાગે છે. સાદગીજન્ય ભાષા દ્વારા વ્યવહાર જગતના અનુભવોને મિજાજ સાથે પ્રગટાવવામાં 'મરીઝ'ના ગઝલકાર તરીકેના ગજાનો ખ્યાલ આવે છે. એસ. એસ. રાહી આ સંદર્ભે જણાવે છે, 'નવીન રજૂઆત, રજૂઆતનો આગવો દૃષ્ટિકોણ, સરળ ભાષા, ઊંડા વિચારોની સામાન્ય રજૂઆત અને વીંધી નાખે તેવા દર્દની બાની વગેરે તેમની ગઝલોનાં આગવાં લક્ષણો છે.' 'મરીઝ' ભાષાને સહજ રીતે પ્રયોજે છે અને એમ કરવાને કારણે ક્યારેક શબ્દો વ્યવહાર જગતમાં કે શબ્દકોશોમાં હોય એનાથી જુદા જ અર્થો લઈને પ્રગટ થાય છે. એ જુદા અર્થો ગઝલનો મિજાજ બનીને પ્રગટે છે ત્યારે 'મરીઝ'ની ગઝલકાર તરીકેની ક્ષમતાનો પરિચય થાય છે.

### ૭.૭ લેખન-પ્રવૃત્તિ

'મરીઝ'ના કેટલાક શે'રો અહીં પ્રસ્તુત છે. આ શે'રોને તમે તમારી રીતે આસ્વાદવાનો-મૂલવવાનો પ્રયત્ન કરો.

- *'છોડ એવા શ્વાસને કે કશો એમાં દમ નથી,*
  *જે મોતનો પસીનો સૂકવવા હવા ન દે.'*
- *'બીજી છે એની શોભા કે ખાલી પડી રહે,*
  *ફૂલો ન હોય તો કંઈ ન ભરો ફૂલછાબમાં.'*
- *'આ એક અરજ કીધી છે મેં પરવરદિગારને,*
  *જાણી શકું અગાઉથી એના વિચારને.'*
- *'હું તને જોતે તો દુનિયાને પછી  જોતે નહીં,*
  *તું મને જોતે તો જોતી થઈ જતે દુનિયા મને.'*
- *'જિંદગીના રસને પીવામાં કરો જલદી 'મરીઝ'*
  *એક તો ઓછી મદિરા છે, ને ગમતું જામ છે.'*
- *'ગમે થી જ્યાં ઊતરી કે તોફાની થઈ ગઈ,*
  *હતી જામમાં સાવ સીધી મદિરા.'*
- *'એવી તો બેદિલીથી મને માફ ના કરો,*
  *હું ખુદ કરી ઊઠું કે સજા હોવી જોઈએ.'*
- *'એવો કોઈ દિલદાર જગતમાં નજર આવે.*
  *આપી દે મદદ કિંતુ ન લાચાર બનાવે.'*
- *'શાયર છું મારી રીતથી બોલીશ હું ગઝલ,*
  *બુલબુલ તો હું નથી કે ફક્ત કંઠ દાદ લે.'*
- *'જરા મોડુ થયું પણ આખરે એની દયા ઊતરી,*
  *અમસ્તી લાશ કંઈ દરિયા ઉપર તરતી નથી હોતી.'*
- *'ટોળે વળે છે કોઈની દીવાનગી ઉપર,*
  *દુનિયાના લોક કેવા મિલનસાર હોય છે.'*

➢ *'ને પછી ચાલી જવાનો અર્થ બદલાઈ ગયો,*
*એ મને જ્યારે મળી બસ ત્યારથી ચાલી ગઈ.'*

➢ *'છે સ્ખલન બે ત્રણ પ્રસંગોમાં મને પણ છે કબૂલ,*
*કોણ જાણે કેમ આખી જિંદગી બદનામ છે.'*

➢ *'પૃથ્વીની આ વિશાળતા અમથી નથી 'મરીઝ',*
*એના મિલનની ક્યાંક જગા હોવી જોઈએ.'*

### ➠ ૭.૮ વિશેષ અધ્યયન

પરંપરાગત રીતે લખતા ગઝલકારોમાં 'મરીઝ'નું સ્થાન અનન્ય છે. 'મરીઝ'ની કેટલીક અભિવ્યક્તિઓમાં આધુનિકતાનો સ્પર્શ પણ જોવા મળે છે. એમના સમકાલીન અન્ય ગઝલકારો રતિલાલ 'અનિલ', 'મુકબિલ' કુરેશી, 'કાબિલ' ડેડાણવી, વેણીભાઈ પુરોહિત વગેરેની ગઝલોનો અભ્યાસ પણ કરો. આ અભ્યાસને કારણે તમે 'મરીઝ'ની ગઝલોને સમગ્રતયા મુલવી શકશો, ગઝલ વિશેની તમારી સમજ પણ વિશદ બનશે.

### ➠ ૭.૯ કવિપરિચય

અબ્બાસ વાસી 'મરીઝ'નો જન્મ તા. ૨૨-૦૧-૧૯૧૭ના દિવસે થયો હતો. તા. ૧૯-૧૦-૧૯૮૩ના દિવસે તેમનું અવસાન થયું હતું. 'મરીઝ' પાસેથી 'આગમન' (૧૯૭૫) અને 'નકશા' (૧૯૮૪) કાવ્યસંગ્રહો પ્રાપ્ત થાય છે. 'સમગ્ર મરીઝ' (૨૦૦૯)માં એમનો ત્રીજો સંગ્રહ 'દર્દ'નો સમાવેશ થયો છે. મૂળ સુરતના વતની પણ પછી વ્યવસાય અર્થે મુંબઈ સ્થાયી થયા હતા. આર્થિક તંગી અને શરાબની લતમાં આ ગઝલકાર ખુવાર થયા હતા.

### ➠ ૭.૧૦ સંદર્ભ

(૧) દવે, હરીન્દ્ર. (સં.) મધુવન મુંબઈ. - સુમન પ્રકાશન.
(૨) પુરોહિત, રમેશ. ગઝલ ૧૦૧, અમદાવાદ. - નવભારત સાહિત્ય મંદિર, ૨૦૧૬.
(૩) રાહી, એસ. એસ. ગઝલના મહેલમાં, અમદાવાદ. - પાર્શ્વ પ્રકાશન, ૨૦૦૫.

❒

એકમ ૮

# ‘શૂન્ય’ પાલનપુરી


૮.૧ ઉદ્દેશ

૮.૨ પ્રસ્તાવના

૮.૩ કૃતિ

૮.૩.૧ કૃતિનો સઘન અભ્યાસ

૮.૪ વસ્તુલક્ષી કસોટી

૮.૫ ભાષાકીય સામગ્રીનો અભ્યાસ

૮.૬ પુનરાવલોકન

૮.૭ લેખનપ્રવૃત્તિ

૮.૮ વિશેષ અધ્યયન

૮.૯ કવિપરિચય

૮.૧૦ સંદર્ભ


## ૮.૧ ઉદ્દેશ

(૧) ગુજરાતી ગઝલના મહત્ત્વના ગઝલકારની ગઝલોનો પરિચય થશે.

(૨) ‘શૂન્ય’ પાલનપુરીની ગઝલોની ભાષાસમૃદ્ધિ અને ભાવસમૃદ્ધિનો ખ્યાલ આવશે.

(૩) ગુજરાતી ગઝલના વિકાસમાં ‘શૂન્ય’ પાલનપુરીના પ્રદાનનો ખ્યાલ આવશે.

## ૮.૨ પ્રસ્તાવના

ગુજરાતી ગઝલનું એક મહત્ત્વપૂર્ણ નામ ‘શૂન્ય’ પાલનપુરી છે. ગુજરાતી ગઝલક્ષેત્રે પાલનપુર ઘરાના જાણીતું છે. એ ઘરાનાના એક મહત્ત્વના ગઝલકાર ‘શૂન્ય’ પાલનપુરી છે. પરંપરાની ગઝલો એ ગુજરાતી ગઝલનો મહત્ત્વનો સમયગાળો હતો. આ ગાળામાં ઘણા બધા ગઝલકારોએ નોંધપાત્ર પ્રદાન આપ્યું હતું. ‘શૂન્ય’ પાલનપુરીનું સ્થાન પણ એમાં મહત્ત્વનું ગણવું પડે. છંદ પરની પકડ અને અભિવ્યક્તિ-નાવીન્યને કારણે ‘શૂન્ય’ની ગઝલો જુદી તરી આવે છે.

## ૮.૩ કૃતિ

*પાગલ છે જમાનો ફૂલોનો, દુનિયા છે દીવાની ફૂલોની,*
*ઉપવનને કહી દો ખેર નથી! આવી છે જવાની ફૂલોની.*
*સૌંદર્યની ચાહતના પરદે, સૌંદર્યની લૂંટો ચાલે છે,*
*ફૂલો તો બિચારાં શુ ફૂલે! દુશ્મન છે જવાની ફૂલોની.*
*અધિકાર હશે કેં કાટાનો, એની તો રહી ના લેશ ખબર,*
*ચિરાઈ ગયો પાલવ જ્યારે છેડી મેં જવાની ફૂલોની.*

*ઉપવનને લૂંટાવી દેવાનો આરોપ છે કોના જોબન પર?*
*કાંટાની અદાલત બેઠી કાં લેવાને જુબાની ફૂલોની?*
*ઝૂરતો પરિમલ ભટકે છે કાં વહેલી સવારે ઉપવનમાં?*
*વ્યાકુળ છે કોના દર્શનની એ રડતી જવાની ફૂલોની?*
*બે પળ આ જીવનની રંગત છે, બે પળ આ ચમનની શોભા છે,*
*સંભળાય છે નિશદિન કળીઓને આ બોધ કહાની ફૂલોની.*
*તું 'શૂન્ય' કવિને શું જાણે? એ કેવો રૂપનો પાગલ છે?*
*રાખે છે હૃદય પર કોરીને રંગીન નિશાની ફૂલોની.*

### ● ૮.૩.૧ કૃતિનો સઘન અભ્યાસ

પરંપરાગત રીતે લખાતી ગઝલના ઉદાહરણ તરીકે આ ગઝલનો અભ્યાસ થઈ શકે એમ છે. પરંપરાની ગઝલોના ક્ષેત્રે 'શૂન્ય' પાલનપુરીનું સ્થાન મહત્ત્વનું છે, એના ઉદાહરણ રૂપે પણ આ ગઝલ જોઈ શકાય એમ છે. 'ફૂલોની' રદીફ જરા જુદી પડતી રદીફ છે. જુદી પડતી રદીફ ગઝલના તમામ શે'રમાં નિભાવવી અઘરી હોય છે. પરંતુ અહીં મોટા ભાગના શે'રમાં ગઝલકારે રદીફ સારી રીતે નિભાવી છે. વળી, એક જ કાફિયા 'જવાની'નો ઉપયોગ ચાર વખત કર્યો છે. એ રીતે કાફિયાનો સંપૂર્ણ ક્યાસ કાઢ્યો છે.

રંગીન, સુગંધી ફૂલોના દીવાના કોણ નથી? ઉપવનમાં ફૂલોની જવાની આવી હોય એ વાતાવરણ જ દીવાના બનવા માટે પૂરતું છે. પાગલ બનવા માટે આ એક જ કારણ પૂરતું છે. પણ આ સૌંદર્યમય જગત પાછળ બીજું એક સત્ય પણ છુપાયેલું છે. જે સૌંદર્યમય છે એની પ્રશંસા તો કરવામાં આવે છે પણ પડદા પાછળ રહીને એ સૌંદર્યને જ લૂંટવાના ખતમ કરવાના પેંતરા પણ રમવામાં આવે છે. સૌંદર્ય જ જાણે દુશ્મન હોય એ રીતે લૂંટ મચાવવામાં આવતી હોય છે. ફૂલોનું રક્ષણ કરવું, એ કાંટાનો અધિકાર હશે, ફરજ હશે પણ એને કારણે કોઈનો નાજુક પાલવ ચિરાઈ જાયે એનું શું? ફૂલોના સૌંદર્યને છેડવામાં આવે ત્યારે પાલવ ચિરાઈ જવાની ઘટના બનતી હોય છે એ પણ ધ્યાનમાં રાખવું જોઈએ. સૌંદર્યનું સન્માન કરતાં ન આવડે ત્યારે કાંટાના અપમાનનો સામનો કરવાનો વારો આવે.

ફૂલોની જુવાનીને કારણે ઉપવન બરબાદ થયું છે, એવો આરોપ ફૂલો પર લગાવવામાં આવે ત્યારે? વળી, અદાલત કાંટાની છે! ન્યાય થશે કે કેમ? જુવાની અનેક રીતે ચંચળ હોય છે. ચંચળ જુવાની ન કરવાનું કરી બેસે છે ત્યારે બધો દોષ ફૂલો ઉપર આવતો હોય છે. પરિમલ જેવી ચંચળ જુવાની ફૂલોને પ્રાપ્ત થઈ છે. જુવાનીનું એક લક્ષણ ભટકવું પણ છે. જુવાની જ્યારે ભટકે છે ત્યારે એક સવાલ એ પણ થાય કે એ કોના દર્શન માટે ભટકે છે? એ કોના દર્શન માટે વ્યાકુળ છે? ફૂલોને કારણે જીવનમાં રંગત છે, ફૂલો એ દરેક ઉપવનની શોભા છે. પરંતુ એ શોભા કેટલો સમય? ફૂલના ખીલવાનો જેટલો આનંદ હોય છે એટલી જ પીડા એનાં ખરવાની પણ હોય છે. જે કંઈ છે એ ક્ષણભંગુર છે. જીવનની પણ આ જ કહાની છે, એવો બોધ આપણને ફૂલો દ્વારા મળે છે. કશું શાશ્વત નથી, કશું અમર નથી. ગઝલકાર હવે પોતાને ઉદ્દેશીને વાત કરે છે. ફૂલોના રૂપ પાછળ ગઝલકાર પાગલ છે. આ પાગલપણાને કારણે જ ફૂલોની નિશાની હૃદય પર કોરી રાખી છે.

'ફૂલોની' રદીફ રાખીને લખાયેલી આ ગઝલ ફૂલો વિષયક જુદી જુદી અભિવ્યક્તિને કારણે જુદી તરી આવે છે. આ પ્રકારની રદીફ પસંદ કર્યા પછી દરેક શે'રમાં વિવિધતા લાવવી અઘરી છે, પણ અહીં 'શૂન્ય' પાલનપુરીનો ગઝલ કસબ કામ કરી ગયો ને સાદ્યંત નોખી પડતી ગઝલ પ્રાપ્ત થાય છે.

ગઝલકાર તરીકે 'શૂન્ય' પાલનપુરીના મિજાજને વ્યક્ત કરતી બીજી ગઝલનો આસ્વાદ પણ માણીએ. જેથી 'શૂન્ય' પાલનપુરીની ગઝલ-પ્રતિભાનો ખ્યાલ આવે.

*પરિચય છે મંદિરમાં દેવોને મારો,*
*અને મસ્જિદમાં ખુદા ઓળખે છે.*
*નથી મારું વ્યક્તિત્ત્વ છાનું કોઈથી,*
*તમારા પ્રતાપે બધા ઓળખે છે.*
*સુરાને ખબર છે, પિછાણે છે પ્યાલી,*
*અરે ખુદ અતિથિ ઘટા ઓળખે છે.*
*ન કર ડોળ સાકી, અજાણ્યા થવાનો,*
*મને તારું સૌ મયકદા ઓળખે છે.*
*મેં લો'યાં છે પાલવમાં ધરતીનાં આંસુ,*
*કરુણાનાં તોરણ સજાવી રહ્યો છું.*
*ઊડી ગઈ છે નીંદર ગગન-સર્જકોની,*
*મને જ્યારથી તારલા ઓળખે છે.*
*અમે તો સમંદર ઉલેચ્યો છે પ્યારા,*
*નથી માત્ર છબછબિયાં કીધાં કિનારે,*
*મળી છે અમોને જગા મોતીઓમાં,*
*તમોને ફક્ત બુદ્દબુદા ઓળખે છે.*
*તબીબોને કહી દો કે માથું ન મારે,*
*દરદ સાથે સીધો પરિચય છે મારો*
*હકીકતમાં હું એવો રોગી છું જેને,*
*બહુ સારી પેઠે દવા ઓળખે છે.*
*દિલે 'શૂન્ય' એવાં મેં જખ્મો સહ્યા છે,*
*કે સૌ પ્રેમીઓ મેળવે છે દિલાસો.*
*છું ધીરજનો મેરુ, ખબર છે વફાને,*
*દયાનો છું સાગર ક્ષમા ઓળખે છે.*

'શૂન્ય' પાલનપુરીની આ અત્યંત જાણીતી ગઝલ છે. ગઝલનો મત્લા તો સુવિચારની પેઠે પ્રસિદ્ધ છે. કોઈપણ કાર્યક્રમના સંચાલકો જરૂર પડે એ રીતે આ ગઝલનો શે'ર રજૂ કરતા હોય છે. 'ઓળખે છે' રદીફ દ્વારા મોટા ભાગના શે'રમાં ગઝલકારની ખુમારી પ્રગટ કરી છે.

મંદિરમાં ભગવાન અને મસ્જિદમાં ખુદા ઓળખે એવું પારદર્શી વ્યક્તિત્ત્વ ગઝલકારનું રહ્યું છે. પણ એ બધું કોને લીધે છે? આ પારદર્શક વ્યક્તિત્ત્વ પાછળ કોણ છુપાયું છે? 'તમારા' શબ્દ દ્વારા ગઝલકારે જે અધ્યાહાર રાખ્યો છે એમાં જ આ શે'રનો મિજાજ પણ છુપાયેલો છે. સુરાવિષયક અભિવ્યક્તિ એ પરંપરાગત ગઝલોમાં વિશેષ જોવા મળે છે. સાકી (સુરા પીવડાવનાર) જ્યારે અજાણ્યા થવાનો ડોળ કરે ત્યારે ગઝલકારે જરા ઊંચા અવાજે કહેવું પડે છે, કે આખું મયકદા ઓળખે છે એટલે અજાણ્યા હોવાનો ડોળ સાકીએ કરવાની જરૂર નથી. માત્ર મંદિર, મસ્જિદ કે મયકદા પૂરની કવિની ઓળખ સીમિત નથી રહી? ધરતીનાં રોમેરોમ અને નભના તારલા સુધી કવિને સૌ ઓળખે છે. આ ઓળખ શાથી છે? ધરતીનાં આંસુ લૂછવાની હિંમત કવિએ કરી છે. પોતાના જીવનમાં કરુણાને જે મહત્ત્વ આપ્યું છે એને કારણે તો ધરતીનાં કણકણ અને તારલા સહિત સહુ ઓળખે છે.

આવી ઓળખને કારણે ગગન સર્જકોની ઊંઘ ઊડી જાય એ સ્વાભાવિક છે. આપણાથી વધારે કોઈનો વિકાસ થાય એ આપણે સાંખી શકતા નથી, એ પણ ગઝલકારે અહીં સૂચિત કર્યું છે.

જીવનરૂપી સમંદરમાં અનેક સંઘર્ષો આવતા હોય છે. એનો અર્થ એ નથી કે સમંદરનો ત્યાગ કરીને કિનારે છબછબિયાં કરવાં? જેમણે મરજીવા થઈને સમંદરને ખેડ્યો છે, એમને મોતીઓ પ્રાપ્ત થયાં છે. બાકી, કિનારે ઊભા રહીને તમાશો જોનાર કે છબછબિયાં કરનારને કિનારે આવીને તૂટી જતાં મોજાં કે પરપોટાથી વિશેષ કોઈ ઓળખતું નથી. એવી વ્યક્તિનું જીવન પણ પરપોટા જેવું જ હોય છે. હવે પછીનો શે'ર પણ અત્યંત જાણીતો છે. 'દરદ સાથે સીધો પરિચય છે મારો' આવી ખુમારી 'શૂન્ય' પાલનપુરી જ દાખવી શકે. જીવનમાં દરદ એવાં મળ્યાં છે કે પીડા અને ઈલાજ બંનેનો સમૂળગો પરિચય ગઝલકારને છે એટલે જ તબીબોને માથું ન મારવાની સલાહ આપે છે. 'માથું ન મારવું' રૂઢિપ્રયોગ કેવી સહજ રીતે અહીં ગોઠવાયો છે.

આખી ગઝલમાં ખુમારીની સાથે સાથે અંતિમ શે'રમાં ગઝલકારની નમ્રતા પણ પ્રગટે છે. હૃદયનાં જખમો એવાં છે કે એ જોઈજોઈને પ્રેમીઓ દિવાસો મેળવે છે. આ જખ્મો આપનાર પ્રત્યે કોઈ દ્વેષભાવ નથી. દયા, ધીરજ અને ક્ષમાથી આ બધાં જ દર્દો સહન કર્યાં છે, હવે કોઈ ફરિયાદ પણ નથી.

### ➠ ૮.૪ વસ્તુલક્ષી કસોટી

(૧) 'શૂન્ય' પાલનપુરીની આ બંને ગઝલના છંદો કયા છે, તપાસો.

(૨) આ બંને ગઝલમાં જે કાફિયાઓનો વિનિયોગ થયો છે એવા બીજા કાફિયાઓની યાદી તૈયાર કરો.

(૩) આ બંને ગઝલના કયા કયા શે'રમાંથી તમને મિજાજનો અનુભવ થયો? કારણ સહિત ચર્ચા કરો.

### ➠ ૮.૫ ભાષાકીય સામગ્રીનો અભ્યાસ

(૧) 'ગગન-સર્જક' શબ્દ એક સમાસ છે આવા બીજા કયા સમાસોનો ઉપયોગ આ બંને ગઝલોમાં થયો છે, એની અર્થસહિત યાદી તૈયાર કરો.

(૨) 'મયકદા' આ ઉર્દૂ શબ્દ છે. જેનો અર્થ થાય છે 'મય' - શરાબ પીવાની જગ્યા. આવા બીજા કયા ઉર્દૂ શબ્દોનો ઉપયોગ આ બે ગઝલોમાં થયો છે, એની અર્થસહિત યાદી તૈયાર કરો.

### ➠ ૮.૬ પુનરાવલોકન

'શૂન્ય' પાલનપુરીની ગઝલોમાંથી પસાર થતાં જે પહેલી લાક્ષણિકતા નજરે પડે છે તે ખુદ્દારી અને ખુમારીનો ગુણ એમના સમકાલીન 'ઘાયલ'માં પણ આ ગુણ વિશેષ જોવા મળે છે. સાવ સરળ રીતે આ ગઝલકાર ખુમારીને વ્યક્ત કરે છે. ગઝલકાર તરીકે 'શૂન્ય' પાલનપુરીની લાક્ષણિકતા રમેશ પુરોહિત આ રીતે વર્ણવે છે, "શૂન્યની પોતાની ભાષા, છંદનું સાંગોપાંગ જ્ઞાન અને કલ્પનોની સુસંગતિ જુદાં તરી આવે છે. આપણે ઐતિહાસિક દૃષ્ટિએ સમયની બહુ નજદીક છીએ એટલે અટકળથી આગળ વધી નહીં શકીએ છતાંયે શૂન્યના સ્થાન વિશે વાત કરવી હોય તો કહી શકીએ કે એમના જમાનાના શાયરોમાં એમનો પોતાનો અવાજ હતો. પોતાનો અવાજ બહુ મહત્ત્વની વસ્તુ છે. ઑડેન જેવા કવિએ કહ્યું છે કે, "that I have is my own voice." કવિનું પોતાનું સત્ત્વ અને તત્ત્વ એટલે પોતાનો અવાજ. એ કવિ પરંપરાના પ્રવાહમાં તરે પણ તણાય નહીં અને સાથે સાથે સમકાલીનોના પ્રતિઘોષરૂપે પણ જીવે. જે પોતાની મુદ્રા અંકિત કરે એ મુખ્યકવિ થાય અથવા મહત્ત્વનો કવિ થાય. આ અર્થમાં શૂન્ય મહત્ત્વના કવિ છે. દરેક સર્જક પરંપરામાંથી શ્વાસ લઈને જન્મતો હોય છે, એટલે એના સર્જનમાં પરંપરા આવે પણ અનુસંધાનરૂપે હોય છે. ધીરેધીરે એ પરંપરા ખરતી જાય અને કવિ પરંપરાગત ન થાય." (ગઝલ અને ગઝલકારો) 'શૂન્ય' પાલનપુરીની ગઝલોની ભાષા વિશે 'જલન' માતરીનો આ મત પણ જોવા જેવો છે

"ગુજરાતી ગઝલભૂમિ ઉપર એમણે એક નવી જ કેડીનું સર્જન કર્યું છે. હિંદુ સંસ્કૃતિની છાપ તેમની કવિતામાં વધારે જોવા મળે છે. વૃંદાવન અને કાશીમાંથી જ્યાં સુધી એમને પ્રતીકો મળે છે ત્યાં સુધી મક્કા-મદીના જવામાં માનતા નથી." (ઊર્મિની ઓળખ ભાગ-૧)

### ૮.૭ લેખન-પ્રવૃત્તિ

'શૂન્ય' પાલનપુરીની અન્ય એક ગઝલ અને કેટલાક શે'રો અહીં પ્રસ્તુત છે. આ રચનાઓનો તમે તમારી રીતે આસ્વાદવાનો - મુલવવાનો પ્રયત્ન કરો.

*રાગ કેરી પ્યાલીમાં, ત્યાગની સુરા પીને,*
*લો અમે તો આ ચાલ્યા!*
*જિંદગીની મસ્તીને આત્મ-ભાન આપીને,*
*લો અમે તો આ ચાલ્યા!*
*બુદ્ધિ કેરી વીણા પર લાગણી આલાપીને,*
*લો અમે તો આ ચાલ્યા!*
*દર્દહીન દુનિયામાં દિલનું મૂલ્ય સ્થાપીને,*
*લો અમે તો આ ચાલ્યા!*
*સૃષ્ટિના કણેકણમાં સૂર્ય જેમ વ્યાપીને,*
*લો અમે તો આ ચાલ્યા!*
*જ્ઞાન કેરા ગજ દ્વારા કુલ જહાન માપીને,*
*લો અમે તો આ ચાલ્યા!*
*ધર્મના તમાચાઓ, બેડીઓ પ્રણોમનની,*
*કોરડા સમય કેરા;*
*એક મૂંગી મુદ્રાની વેદનાઓ માપીને,*
*લો અમે તો આ ચાલ્યા!*
*ધૈર્ય કેરા બુટ્ટાઓ, પાંદડી ક્ષમા કેરી,*
*વેલ છે કરુણાની,*
*પ્રાણના પટોળા પર, દિવ્ય ભાત છાપીને,*
*લો અમે તો આ ચાલ્યા!*
*થાય તે કરે ઈશ્વર! ભાન થઈ ગયું અમને,*
*આપ - મુખત્યારીનું!*
*દમ વિનાના શાસનની આજ્ઞા ઉથાપીને,*
*લો અમે તો આ ચાલ્યા!*
*શૂન્યમાંથી આવ્યા'તા, શૂન્યમાં ભળી જાશું,*
*કોણ રોકનારું છે?*
*નાશ ને અમરતાની શૃંખલાઓ કાપીને*
*લો અમે તો આ ચાલ્યા!*

* * *

- ➢ "અમે તો કવિ, કાળને નાથનારા,
  અમારે તો આઠે પ્રહર છે ખુશાલી;
- ➢ આ બળબળનું હૈયું, આ ઝગમગતાં નયનો
  ગમે ત્યારે હોળી, ગમે ત્યાં દિવાલી."
- ➢ "સસ્તામાં ઓ જમાના! આ સોદો નહીં પતે,
  મારું સ્વમાન મારા યુગોની કમાઈ છે."
- ➢ "હોડીનું એક રમકડું, તૂટ્યું તો થઈ ગયું શું?
  મોજાંની બાળહઠ છે, સાગર! ક્ષમા કરી દે!"
- ➢ "અધીરા સ્વપ્ન પેઠે કાં થયું પ્રગટીકરણ મારું?
  હશે કો અર્ધ-બીડી આંખડી કાજે સ્મરણ મારું!"
- ➢ "કોનો સાથ જીવનમાં સારો, 'શૂન્ય' તમે પોતે જ વિચારો,
  મહેનત પાછળ બબ્બે બાહુ, કિસ્મત પાછળ માત્ર હથેલી."
- ➢ "બાળક સમું હૃદય છે, કદી ટોકશો નહીં,
  બેઠું જો વિફરી તો કયામત ઉઠાવશે."
- ➢ "નથી જેવી તેવી કૃપા પ્રેમ કેરી,
  પ્રથમ એને સર્વસ્વ ધરવું પડે ઈ."
- ➢ "ન કરજો કદી પણ સુખોની તમન્ના
  જે વીતે છે સઘળું વિસરવું પડે છે."
- ➢ "બધાં નામનો નાશ નક્કી છે કિંતુ,
  અમર નામ છે શૂન્ય મારું જગતમાં;
- ➢ ફના થઈને પણ શૂન્ય રહેવાનો હું તો,
  નહીં થાય મુજ નામની પાયમાલી."

## ➠ ૮.૮ વિશેષ અધ્યયન

પરંપરાના ગઝલકારોમાં 'શૂન્ય' પાલનપુરીનું સ્થાન અગત્યનું છે. 'શૂન્ય' પાલનપુરીમાં વાતને જુદી રીતે જોવાની અને એને જુદાં કલ્પન - પ્રતીકો દ્વારા વ્યક્ત કરવાની ક્ષમતા રહેલી છે. એમના સમકાલીન અન્ય ગઝલકારો મૂળશંકર ત્રિવેદી 'પૂજક', હસમુખ મઢીવાળા, મનહર 'દિલદાર' વગેરેની ગઝલોનો અભ્યાસ પણ કરો. આ અભ્યાસને કારણે તમે 'શૂન્ય' પાલનપુરીની ગઝલોને સમગ્રતયા મૂલવી શકશો, ગઝલ વિશેની તમારી સમજ પણ વિશદ બનશે.

## ➠ ૮.૯ કવિપરિચય

અલીખાન ઉસ્માનખાન બલુચ - 'શૂન્ય' પાલનપુરીનો જન્મ તા. ૧૯-૧૨-૧૯૨૨ના દિવસે થયો હતો. તેમનું અવસાન તા. ૧૫-૦૩-૧૯૮૭ના દિવસે થયું હતું. ૬૫ વર્ષની આયુમાં એમની પાસેથી 'શૂન્યનું સર્જન'

(૧૯૫૨), 'શૂન્યનું વિસર્જન' (૧૯૫૬), 'શૂન્યના અવશેષ' (૧૯૬૪), 'શૂન્યનું સ્મારક' (૧૯૭૪), 'શૂન્યની સ્મૃતિ' (૧૯૮૩) વગેરે કાવ્યસંગ્રહો પ્રાપ્ત થાય છે. અમૃત 'ઘાયલ' તરફથી એમને 'શૂન્ય' ઉપનામ પ્રાપ્ત થયું હતું. મૂળ પાલનપુરના પણ એમણે જૂનાગઢમાં રહીને અભ્યાસ કર્યો હતો. 'અરૂઝ' એટલે કે છંદનું જ્ઞાન એમને વિશેષ હતું અને એ વિશેના એમણે ગ્રંથો પણ આપ્યા હતા. ૧૯૪૪ થી તેમણે ગુજરાતીમાં ગઝલો લખવાની શરૂ કરી હતી અને પત્રકારત્વના વ્યવસાય સાથે તેઓ સંકળાયેલા હતા. અમૃત 'ઘાયલ' અને 'શૂન્ય' પાલનપુરી બંને પાજોદ દરબાર 'રૂસ્વા' મઝલૂમીને ત્યાં કામ કરતા હાત. 'ઘાયલ' અને 'રૂસ્વા'ની મૈત્રીને કારણે 'શૂન્ય' ઉર્દૂ ગઝલમાંથી ગુજરાતી ગઝલ તરફ વળે છે. 'શૂન્યનો વૈભવ' એમનો સમગ્ર સંગ્રહ છે.

## ૮.૧૦ સંદર્ભ


(૧) દવે, હરીન્દ્ર. (સં.) મધુવન મુંબઈ. - સુમન પ્રકાશન.

(૨) પુરોહિત, રમેશ, ગઝલ ૧૦૧. અમદાવાદ. - નવભારત સાહિત્ય મંદિર, ૨૦૧૬.

(૩) પુરોહિત, રમેશ, ગઝલ અને ગઝલકારો, અમદાવાદ. - નવભારત સાહિત્ય મંદિર, ૨૦૧૫.

(૪) રાહી, એસ. એસ., રાજેશ વ્યાસ 'મિસ્કીન', અમર ગઝલો. અમદાવાદ, મુંબઈ. - આર. આર. શેઠની કંપની પ્રા. લિ., જાન્યુઆરી, ૨૦૧૬.

(૫) રાહી, એસ. એસ. ગઝલના મહેલમાં, અમદાવાદ. - પાર્શ્વ પ્રકાશન, ૨૦૦૫.


❐

# એકમ ૯

# 'આદિલ' મન્સૂરી


૯.૧ ઉદ્દેશ

૯.૨ પ્રસ્તાવના

૯.૩ કૃતિ

૯.૩.૧ કૃતિનો સઘન અભ્યાસ

૯.૪ વસ્તુલક્ષી કસોટી

૯.૫ ભાષાકીય સામગ્રીનો અભ્યાસ

૯.૬ પુનરાવલોકન

૯.૭ લેખનપ્રવૃત્તિ

૯.૮ વિશેષ અધ્યયન

૯.૯ કવિપરિચય

૯.૧૦ સંદર્ભ


## ૯.૧ ઉદ્દેશ

(૧) ગુજરાતી ગઝલના મહત્ત્વના ગઝલકારની ગઝલોનો પરિચય થશે.

(૨) 'આદિલ' મન્સૂરીની ગઝલોની ભાવસમૃદ્ધિ, ભાષાસમૃદ્ધિ અને પ્રયોગશીલતાનો ખ્યાલ આવશે.

(૩) ગુજરાતી ગઝલના વિકાસમાં અને આધુનિક ગુજરાતી ગઝલ ક્ષેત્રે 'આદિલ' મન્સૂરીએ કરેલ પ્રદાનનો ખ્યાલ આવશે.

## ૯.૨ પ્રસ્તાવના

ગુજરાતી ગઝલની લાંબી પરંપરા રહેલી છે. આ પરંપરા બાલાશંકર કંથારિયાથી શરૂ થઈ 'મરીઝ', 'બેફામ' સુધી આગળ વધી છે. ગુજરાતી ગઝલને વળાંક આપવાનું કામ 'આદિલ' મન્સૂરી કરે છે. પરંપરાગત ગઝલથી આગળ વધીને 'આદિલ' મન્સૂરી અને તેમની સાથેના અન્ય ગઝલકારોની ગઝલોમાં આધુનિકતાનો સ્પર્શ જોવા મળે છે. પરંપરાથી છેડો ફાડીને ગુજરાતી ગઝલને આધુનિક બનાવવાનું શ્રેય 'આદિલ' મન્સૂરીને મળે છે.

## ૯.૩ કૃતિ

*નદીની રેતમાં રમતું નગર મળે ન મળે,*
*ફરી આ દૃશ્ય સ્મૃતિપટ ઉપર મળે ન મળે.*
*ભરી લો શ્વાસમાં એની સુગંધનો દરિયો,*
*પછી આ માટીની ભીની અસર મળે ન મળે.*
*પરિચિતોને ધરાઈને જોઈ લેવા દો,*
*આ હસતા ચહેરા; આ મીઠી નજર મળે ન મળે.*

*ભરી લો આંખમાં રસ્તાઓ, બારીઓ, ભીંતો,*
*પછી આ શહેર, આ ગલીઓ, આ ઘર મળે ન મળે.*
*રડી લો આજ સંબંધોને વીંટળાઈ અહીં,*
*પછી કોઈને કોઈની કબર મળે ન મળે.*
*વળાવા આવ્યા છે એ ચહેરા ફરશે આંખોમાં,*
*ભલે સફરમાં કોઈ હમસફર મળે ન મળે.*
*વતનની ધૂળથી માથું ભરી લઉં 'આદિલ',*
*અરે આ ધૂળ પછી ઉમ્રભર મળે ન મળે.*

### ● ૯.૩.૧ કૃતિનો સઘન અભ્યાસ

આ 'નગરવિરહ'ની ગઝલ છે. ગઝલકારના અંગત જીવનમાં ડોકિયું કરીને કહીએ તો અમદાવાદ નગરનો વિરહ આ ગઝલના દરેક શે'રમાં જુદી જુદી રીતે પ્રગટ થાય છે. આ ગઝલ સંદર્ભે રમેશ પુરોહિત જે કહે છે એ પહેલાં જોઈ લઈએ. ''અમદાવાદને કાયમ માટે છોડતી વખતે આદિલે કહેલી પ્રખ્યાત ગઝલમાં 'મળે ન મળે' રદીફ છે અને આ સંગ્રહનું નામ એ રદીફ બને છે. ગઝલની શરૂઆતના બે શે'ર એમના સંવેદનશીલ અને ભાવુક ચિત્તતંત્રની ઝલક પૂરી પાડે છે.

*નદીની રેતમાં રમતું નગર મળે ન મળે,*
*ફરી આ દૃશ્ય સ્મૃતિપટ ઉપર મળે ન મળે.*
*ભરી લો શ્વાસમાં એની સુગંધનો દરિયો,*
*પછી આ માટીની ભીની અસર મળે ન મળે.*

અમેરિકા ગયા પછીની આદિલની રચનાઓ વાંચતા લાગે છે કે એમના સ્મૃતિપટ પરથી ગુજરાતની ધરતી અને સુગંધ ક્યારેય ઓછાં થયા નથી.'' ('ગઝલ અને ગઝલકારો')

'મળે ન મળે' રદીફ ધરાવતી આ ગઝલ અત્યંત લોકપ્રિય છે. 'મળે ન મળે' શક્યતાની વાત કરે છે. એક નકારાત્મક શક્યતાની વાત છે. નકારાત્મક છે એટલે ગઝલકાર નગર છોડ્યા પહેલાં બધું અંકે કરી લેવા માગે છે, શ્વાસમાં ભરી લેવા માગે છે. વિદેશની ધરતી પર ગયા પછી જે શ્વાસમાં ભરી લીધું છે, એ જ ધબકતું રહેવાનું છે અને એને કારણે ગઝલકાર પણ ધબકતા રહેવાનો છે. 'સુગંધનો દરિયો' સહિત પરિચિતોના ચહેરાને પણ ધરાઈને જોઈ લેવા છે. કારણ કે, આ હસતા ચહેરાઓ અને એ ચહેરા સાથેની મીઠી નજર ફરી ક્યારે મળશે, એની ખબર નથી. જે નગર પોતાને અત્યંત પ્રિય છે, એ નગર છોડવાનો વિષાદ કેવો તીવ્ર હોય? - એ વિષાદની તીવ્રતા આ ગઝલના દરેક શે'રમાંથી પામી શકાય છે. ચહેરાઓની સાથે સાથે ગલી, રસ્તા, બારી, ભીંત આખો પરિવેશ આંખોમાં ભરી લેવો છે. પરિચિત રસ્તાઓ સાથેના સ્મરણો, ગલીના નાકે વળાંક પર ઊભા રહીને કરેલાં તોફાનો, એક ચોક્કસ ઘર અને એ ચોક્કસ ઘરની નિશ્ચિત બારી - આ બધું છૂટવાનું છે ત્યારે ગઝલકાર પાસે એને આંખોમાં કેદ કરવા સિવાય બીજો કોઈ રસ્તો નથી.

સંબંધોને વીંટળાઈને રડવાની વાત ગુજરાતી ગઝલમાં નવી છે અને આ પ્રકારની અભિવ્યક્તિથી જ 'આદિલ' મન્સૂરી ગુજરાતી ગઝલને એક નવો વળાંક આપે છે. ઘર, ગલી, રસ્તા છૂટવાની સાથે સાથે સંબંધો પણ છૂટી રહ્યા છે. એ સંબંધો ફરી ક્યારે પ્રત્યક્ષ થશે, એ ખબર નથી. કોણ, કોને કેટલું યાદ રાખશે એ પણ ખબર નથી. કોઈ એક સંબંધ કબર થઈ ગયો હોય તો એ કબર પણ મળશે કે કેમ? નગર છોડવાનું છે, નવી સફર કરવાની છે એ

પણ હકીકત છે. જે ચહેરાઓ, સંબંધો સાથે વર્ષો વીતાવ્યાં હોય એ બધાં જ અહીં રહી જશે. કોઈ 'હમસફર' બનીને સાથે આવે, એ શક્ય નથી. ગઝલકારનો ઉત્કટ વતનપ્રેમ અંતિમ શે'રમાંથી પ્રગટ થાય છે. જે નદીની રેતનો પરિચય હતો એ રેત છૂટી રહી છે. ધૂળ, માટીથી પણ દૂર થવાનું છે ત્યારે એ વતનની ધૂળને ગઝલકાર માથે ચડાવે છે. વતન પ્રત્યેનો આદર અને સન્માન અહીં પ્રગટ થાય છે. 'હસતા ચહેરા', 'સુગંધનો દરિયો', 'રસ્તાઓ, બારીઓ, ભીંતો', 'હમસફર' - આ બધાના વિયોગની સાથે સાથે વતનવિયોગ અહીં તીવ્ર છે. 'નદીની રેત'થી શરૂ થયેલી આ ગઝલ 'વતનની ધૂળ' આગળ પૂરી થાય છે ત્યારે વતનવિયોગનો તીવ્ર અનુભવ તો થાય જ છે પણ ગઝલની રીતે એક ચક્ર પૂરું થયાની પ્રતીતિ પણ થાય છે. આ અર્થમાં પણ આ ગુજરાતીની એક મહત્ત્વપૂર્ણ ગઝલ છે.

ગઝલકાર તરીકે 'આદિલ' મન્સૂરીના મિજાજને વ્યક્ત કરતી બીજી ગઝલનો આસ્વાદ પણ માણીએ. જેથી 'આદિલ' મન્સૂરીની ગઝલ પ્રતિભાનો ખ્યાલ આવે.

***જ્યારે પ્રણયની જગમાં શરૂઆત થઈ હશે,***
***ત્યારે પ્રથમ ગઝલની રજૂઆત થઈ હશે.***
***પહેલા પવનમાં ક્યારે હતી આટલી મહેક,***
***રસ્તામાં તારી સાથે મુલાકાત થઈ હશે.***
***ઘૂંઘટ ખૂલ્યો હશે અને ઊઘડી હશે સવાર,***
***ઝુલ્ફો ઢળી હશે ને પછી રાત થઈ હશે.***
***ઊતરી ગયા છે ફૂલના ચહેરા વસંતમાં,***
***તારા જ રૂપ-રંગ વિષે વાત થઈ હશે.***
***'આદિલ'ને તે દિવસથી મળ્યું દર્દ દોસ્તો,***
***દુનિયાની જે દિવસથી શરૂઆત થઈ હશે.***

'આદિલ' મન્સૂરીની આ પણ અત્યંત લોકપ્રિય રચના છે. આગળની ગઝલમાં 'નગરવિરહ' કેન્દ્રસ્થાને હતો. આ ગઝલમાં પ્રણયનો ઉન્માદ કેન્દ્રસ્થાને છે. જો કે, ગઝલના સ્વરૂપની રીતે જોઈએ તો પહેલો શે'ર બે અલગ અલગ વિધાનો બને છે. એ બંને વિધાનો વચ્ચે જે તાર્કિકતા અને એમાંથી પ્રગટ થતો મિજાજ અહીં જોવા મળતો નથી. કારણ કે ત્યાં તર્કનો અભાવ છે.

પ્રણયની અભિવ્યક્તિ કેટલી રીતે થઈ શકે એનાં ઉદાહરણરૂપ આ શે'રો છે. પવન પણ અત્યંત સુગંધી લાગે છે. કારણ કે આ પવનની ક્યારેક રસ્તામાં પ્રિયપાત્ર સાથે મુલાકાત થઈ હશે. અહીં પવનને સુગંધી કહેવાની સાથે પ્રિયપાત્રની જુદી રીતે જે પ્રશંસા થઈ છે, આસ્વાદ્ય છે. પછીના શે'રમાં જે કલ્પના છે, એ આમ અત્યંત જાણીતી છે. ઘૂંઘટ ખૂલે ને સવાર થાય અને ઝુલ્ફો ઢળે ને રાત પડે, આ બહુ જાણીતી વાત છે. ઘૂંઘટ ખૂલતાં ચહેરાનો ઉજાસ સવારના ઉજાસમાં ફેરવાઈ જાય છે. એ જ રીતે ઝુલ્ફોનોં કાળો રંગ અંધારું એ રાત્રિના ગાઢ અંધકારમાં પરિવર્તિત થાય છે. ઘૂંઘટ - સવાર ઝુલ્ફો-રાત, આ સાયુજ્ય માણવા જેવું છે. ગઝલકાર તરીકે 'આદિલ'ની પ્રતિભાનો પરિચય હવે પછીના શે'રમાંથી મળે છે. 'ચહેરા ઊતરી ગયા' આ રૂઢિપ્રયોગનો અહીં કુશળતાપૂર્વક વિનિયોગ થયો છે. ચહેરા કોના ઊતરી ગયા છે? ફૂલોના. એ પણ વળી, વસંતમાં. વસંતમાં ચહેરા-ફૂલો ખીલી ઊઠે કે ઊતરી જાય? ઊતરી ગયેલા ચહેરા પાછળનું કારણ શું? અહી સીધી રીતે પ્રિયપાત્રની પ્રશંસા કરવામાં આવી છે. પ્રિયપાત્રનું સૌન્દર્ય એટલું પ્રભાવક છે, કે ફૂલોનું સૌન્દર્ય એની સામે ઝાંખું પડે છે અને એ અર્થમાં ફૂલોના ચહેરા વસંતમાં ઊતરી ગયા છે. પ્રિયપાત્રનાં રૂપરંગ આગળ ફૂલોનાં રૂપરંગની શી વિસાત? ગઝલનો

અંતિમ શે'ર ફરી તાર્કિકતાનો પ્રશ્ન ઉભો કરે છે. દુનિયાના સૌથી દુ:ખી વ્યક્તિ હોવાનો અહીં દાવો છે કારણ કે દુનિયાની જ્યારથી શરૂઆત થઈ હતી ત્યારથી 'આદિલ'ને કેવળ દર્દ મળ્યું છે. આ દર્દ કેવી રીતે મળ્યું એ ગોપિત છે. 'શરૂઆત થઈ હશે' કાફિયા - રદીફથી ગઝલની શરૂઆત થાય છે અને એ જ કાફિયા - રદીફથી ગઝલ પૂર્ણ પણ થાય છે. અહીં પણ એક વર્તુળ પૂરું થાય છે. ગઝલના અંતિમ શે'રને બાદ કરતા પ્રણયની નાજુક અભિવ્યક્તિ અહીં ખાસ કરીને બીજા, ત્રીજા અને ચોથા શે'રમાં જોવા મળે છે. આમ, તો ગઝલનો દરેક શે'ર સ્વતંત્ર વિચાર લઈને આવતો હોય છે એટલે અંતિમ શે'રમાં જરા જુદી વાત આવે ત્યારે જે તે ગઝલની ભાત ખોરવાતી હોય એવું લાગે. બાકી, 'આદિલ' મન્સૂરીની આ લોકપ્રિય રચના છે. પ્રણય વિષયક જુદી જુદી અભિવ્યક્તિને વ્યક્ત કરતી આ ગઝલ ગઝલકાર 'આદિલ' મન્સૂરીની ઓળખ બની ગઈ છે.

### ૯.૪ વસ્તુલક્ષી કસોટી

(૧) 'આદિલ' મન્સૂરીના આ બંને ગઝલના છંદો કયા છે, તપાસો.

(૨) આ બંને ગઝલમાં જે કાફિયાઓનો વિનિયોગ થયો છે એવા બીજા કાફિયાઓની યાદી તૈયાર કરો.

(૩) આ બંને ગઝલના કયા કયા શે'રમાંથી તમને મિજાજનો અનુભવ થયો? કારણસહિત તમારા શબ્દોમાં ચર્ચા કરો.

### ૯.૫ ભાષાકીય સામગ્રીનો અભ્યાસ

(૧) 'સ્મૃતિપટ' શબ્દ એક સમાસ છે. આવા બીજા સમાસ આ બંને ગઝલોમાં જોવા મળે છે? એવા સમાસોની અર્થસહિત યાદી તૈયાર કરો.

(૨) 'હમસફર' આ ઉર્દૂ શબ્દ છે. જેનો અર્થ થાય છે, કે જે સફર - યાત્રામાં સાથે છે તે. આવા બીજા કયા ઉર્દૂ શબ્દોનો ઉપયોગ આ ગઝલમાં થયો છે, એની અર્થસહિત યાદી તૈયાર કરો.

### ૯.૬ પુનરાવલોકન

'આદિલ' મન્સૂરીની ગઝલોમાંથી પસાર થતાં પહેલી લાક્ષણિકતા નજરે પડે છે તે પ્રયોગશીલતા. એ પ્રયોગશીલતા ક્યારેક પ્રયોગખોરીમાં પણ પરિણમે છે પરંતુ ગુજરાતી ગઝલને નવાં કલ્પન પ્રતીક સુધી લઈ જવામાં 'આદિલ' મન્સૂરીનો મુખ્ય ફાળો છે, એ સ્વીકારવું પડે. ગુજરાતી ગઝલને નવો વળાંક આપનાર 'આદિલ' મન્સૂરીની ગઝલો વિશે રાજેશ વ્યાસ 'મિસ્કિન' લખે છે, ''ગુજરાતી પરંપરાની ગઝલને પોતાની પ્રયોગખોરીથી અને પ્રયોગવાદી વલણથી આદિલે જુદી પાડી. અને આજની ગુજરાતી કવિતા સાથે જોડી આપવાનું મોટું કાર્ય કર્યું છે, આદિલ મન્સૂરી અને રાજેન્દ્ર શુક્લ. આ બે ગઝલકારોએ ગુજરાતી ગઝલને મોટો વળાંક આપ્યો છે. મનહર મોદીની જેમ ભાષાને ગઝલમાં એ રીતે પ્રયોજી છે, એટલા પ્રયોગો કર્યા છે કે આદિલ એટલે જ તોડફોડ એમ કહેવાનું મન થાય. ગઝલના બાહ્ય અને અંતઃસત્ત્વમાં એક શુદ્ધ ગઝલની શોધમાં તેમણે સતત તોડફોડ કરી છે.'' (ગઝલ સંદર્ભ) પ્રયોગશીલ, પ્રયોગવાદી, પ્રયોગખોર ઘણાં વિશેષણો 'આદિલ' મન્સૂરી આગળ લાગે છે, પણ હકીકત એ છે કે 'આદિલ' મન્સૂરીની ગઝલો ગુજરાતી ગઝલને પરંપરાથી એક ડગલું આગળ લઈ જાય છે, એમાં બેમત નથી. 'આદિલ મન્સૂરી'ની ગઝલો વિશે રમેશ પુરોહિતનો મત પણ જોઈએ. ''આપણે સૌ જાણીએ છીએ તેમ ગઝલ એ ઊર્મિપ્રધાન કાવ્ય છે અને જે કહેવાનું છે તે ફક્ત બે પંક્તિના શેરમાં સમાવી લેવાનું હોવાથી શાયર સંકેત અને ઈશારાથી પ્રતીકો દ્વારા કહે છે. આદિલ શરૂઆતથી જ જીવનને અખિલાઈમાં જોવાનો પ્રયત્ન કરે છે. એમની પાસે એક ચોક્કસ સૌન્દર્યલક્ષી નજર છે. ગઝલો કરતાં કાવ્યોમાં સમગ્રતા અને જીવનદર્શનની વ્યાપકતાભરી સમગ્રતા વધારે જોવા મળે છે. એ જીવનનું વિવેચન નથી કરતો પણ અરીસો ધરે છે.'' (ગઝલ અને ગઝલકારો)

### ➠ ૯.૭ લેખન-પ્રવૃત્તિ

'આદિલ' મન્સૂરીની અન્ય એક ગઝલ અને કેટલાક શે'રો અહીં પ્રસ્તુત છે. આ રચનાઓનો તમે તમારી રીતે આસ્વાદવાનો - મૂલવવાનો પ્રયત્ન કરો.

*સંબંધોય કારણ વગર હોય જાણે,*
*આ માણસ બીજાઓથી પર હોય જાણે.*
*ઉદાસી લઈને ફરે એમ પાગલ,*
*રહસ્યોની એને ખબર હોય જાણે.*
*મકાનોમાં લોકો પુરાઈ ગયા છે,*
*કે માણસને માણસનો ડર હોય જાણે.*
*હવે એમ વેરાન ફાવી ગયું છે,*
*ખરેખર આ મારું જ ઘર હોય જાણે.*
*પવન શુષ્ક પર્ણો હઠાવી જુએ છે,*
*વસંતોની અહીંયાં કબર હોય જાણે.*
*કરે એમ પૃથ્વી ઉપર કામનાઓ,*
*બધા માનવીઓ અમર હોય જાણે.*
*ક્ષિતિજરેખ પર અર્ધડૂબેલ સૂરજ,*
*કોઈની ઢળેલી નજર હોય જાણે.*

* * *

➢ *હજીયે તાજા છે શબ્દોના સર્વ ઘા 'આદિલ',*
*હજીયે લોહી ટપકતું કલમની ધાર વિષે.*

➢ *વ્હેલી સવારે બાગમાં ડોકાય છે પવન,*
*ખુશ્બૂની રોજ ચોરી કરી જાય છે પવન.*

➢ *જો આપનો પડછાયો પડી જાય જરા પણ,*
*નક્કી પછી રંગીન બની જાય હવા પણ.*

➢ *તેજ, વાયુ, જળ, ધરા ને અનંત આભ આ,*
*સર્વ દૂર દૂર ને સર્વ પાસ પાસમાં.*

➢ *સૂર્ય ઊગે છે સૂર્ય ડૂબે છે,*
*ક્યાં કદી આથમે છે અંધારું.*

➢ *અર્થોના જંગલો તો સળગતાં રહ્યાં અને,*
*વસ્તીની વચ્ચે પાણીનો વહેવાર પણ હતો.*

➢ *મૌનની સરહદ વટાવી જાવ તો,*
*શબ્દ સઘળા બિનજરૂરી હોય છે.*

- ➢ *જી હા આદિલ તો તખલ્લુસ માત્ર છે,*
  *નામ ધંધો ધર્મ ને જાતિ ગઝલ.*

- ➢ *એ જ હાથોમાં છે મારી જિંદગી,*
  *સાચવી જે ના શક્યા મેંદીનો રંગ.*

- ➢ *સમય પણ સાંભળે છે બે ઘડી રોકાઈને 'આદિલ',*
  *જગતના મંચ પર જ્યારે કવિનું મૌન બોલે છે.*

- ➢ *દિલમાં કોઈની યાદનાં પગલાં રહી ગયાં,*
  *ઝાકળ ઊડી ગયું અને ડાઘા રહી ગયાં.*

- ➢ *પાછળ પ્રવાસીઓમાં ઘણા મિત્ર પણ હતા,*
  *કોણે કર્યો પ્રહાર? મને કંઈ ખબર નથી.*

- ➢ *મેં તારી શોધમાં સૌ પરદા ઊંચકી જોયા,*
  *દરેક પરદાની પાછળથી નીકળ્યો છું હું.*

- ➢ *ટહુકે છે કમખેભર્યા મોર દિલમાં,*
  *ને ઊડીને રંગો ભરે છે નજરમાં.*

- ➢ *રસ્તામાં એટલી ખાધી છે ઠોકરો,*
  *મંજિલ સુધી પહોંચતા પગભર બની ગયો.*

## ➠ ૯.૮ વિશેષ અધ્યયન

પરંપરાથી જુદી કેડી કંડારનાર ગઝલકારોમાં 'આદિલ' મન્સૂરીની સ્થાન અગત્યનું છે. આધુનિક મિજાજ અને નવાં કલ્પન - પ્રતીકો 'આદિલ' મન્સૂરીની ગઝલોમાં જોવા મળે છે. એમના સમકાલીન અન્ય ગઝલકારો 'અદમ' ટંકારવી, રમેશ પારેખ, હેમંત દેસાઈ વગેરેની ગઝલોનો અભ્યાસ પણ કરો. આ અભ્યાસને કારણે તમે 'આદિલ' મન્સૂરીની ગઝલોને સમગ્રતયા મૂલવી શકશો, ગઝલ વિશેની તમારી સમજ પણ વિશદ બનશે.

## ➠ ૯.૯ કવિપરિચય

ફરીદ મોહંમદ ગુલામનબી મન્સૂરી 'આદિલ' મન્સૂરીનો જન્મ તા. ૧૮-૦૫-૧૯૩૬ના દિવસે અમદાવાદમાં થયો હતો. તેમનું અવસાન તા. ૦૬-૧૧-૨૦૦૮ના દિવસે થયું હતું. અમદાવાદ છોડ્યા પછી એમણે ન્યૂજર્સી - અમેરિકામાં વસવાટ કર્યો હતો. 'પગરવ', 'સતત', 'ન્યૂયોર્ક નામે ગામ' વગેરે એમના કાવ્યસંગ્રહો છે. 'મળે ન મળે' એમનો સમગ્ર સંગ્રહ છે. વજ માતરી સાથેના સંપર્કના કારણે 'આદિલ' મન્સૂરી ગઝલના સંપર્કમાં આવ્યા. પોતાના વિશે આ રીતે શે'રમાં વાત કરે છે :

***'આદિલ'ના શેર સાંભળી આશ્ચર્યથી કહ્યું,***
***ગઈકાલનો આ છોકરો શાયર બની ગયો.***

'આદિલ' મન્સૂરી પાસેથી ગઝલો ઉપરાંત ઍબ્સર્ડથી પ્રભાવિત નાટકો પણ મળે છે. 'પેન્સિલની કબર અને મીણબત્તી' તથા 'હાથપગ બંધાયેલા છે' એમના નાટ્યસંગ્રહો છે. ગુજરાતી ગઝલક્ષેત્રે મહત્ત્વપૂર્ણ પ્રદાન કરવા

# એકમ ૧૦ ચિનુ મોદી 'ઈર્શાદ'

૧૦.૧ ઉદ્દેશ

૧૦.૨ પ્રસ્તાવના

૧૦.૩ કૃતિ

૧૦.૩.૧ કૃતિનો સઘન અભ્યાસ

૧૦.૪ વસ્તુલક્ષી કસોટી

૧૦.૫ ભાષાકીય સામગ્રીનો અભ્યાસ

૧૦.૬ પુનરાવલોકન

૧૦.૭ લેખનપ્રવૃત્તિ

૧૦.૮ વિશેષ અધ્યયન

૧૦.૯ કવિપરિચય

૧૦.૧૦ સંદર્ભ

## ૧૦.૧ ઉદ્દેશ

(૧) ગુજરાતી ગઝલના મહત્ત્વના ગઝલકારની ગઝલોનો પરિચય થશે.

(૨) ચિનુ મોદીની ગઝલોની ભાવસમૃદ્ધિ, ભાષાસમૃદ્ધિ અને ગઝલ ક્ષેત્રે એમણે કરેલા પ્રયોગોનો ખ્યાલ આવશે.

(૩) ગુજરાતી ગઝલના વિકાસમાં અને આધુનિક ગુજરાતી ગઝલક્ષેત્રે ચિનુ મોદીએ કરેલા પ્રદાનનો ખ્યાલ આવશે.

## ૧૦.૨ પ્રસ્તાવના

ગુજરાતી ગઝલની લાંબી પરંપરામાં ચિનુ મોદી 'ઈર્શાદ'નું સ્થાન અત્યંત મહત્ત્વપૂર્ણ છે. આ પરંપરા બાલાશંકર કંથારિયાથી શરૂ થઈ હતી અને 'આદિલ' મન્સૂરી પછી ચિનુ મોદી 'ઈર્શાદ' એ પરંપરાનો મહત્ત્વનો પડાવ છે. આધુનિક ગુજરાતી ગઝલના વિવિધ રંગો, પ્રયોગશીલ રંગો ચિનુ મોદીની ગઝલોમાં જોવા મળે છે. 'આદિલ' મન્સૂરીએ પરંપરાથી છેડો ફાડી આધુનિક ગઝલો આપી. એ આધુનિક ગઝલોને એક ડગલું આગળ લઈ જવાનું કામ ચિનુ મોદી 'ઈર્શાદ' કરે છે.

## ૧૦.૩ કૃતિ

*પર્વતને નામે પથ્થર, દરિયાને નામે પાણી,*
*'ઈર્શાદ' આપણે તો ઈશ્વરને નામે વાણી.*
*આંસુ ઉપર આ કોના નખની થઈ નિશાની?*
*ઈચ્છાને હાથ પગ છે, એ વાત આજે જાણી.*

*આ શ્વાસની રમતમાં હારી ગયો છું તો પણ,*
*મારા ઘેર પધારો, ઓ ગંજીપાની રાણી.*
*ક્યારેક કાચ સામે, ક્યારેક સાચ સામે,*
*થાકી જવાનું કાયમ, તલવાર તાણી તાણી.*
*થાકી જવાનું કાયમ, તલવાર તાણી તાણી,*
*'ઈર્શાદ' આપણે તો ઈશ્વરને નામે વાણી.*

**● ૧૦.૩.૧ કૃતિનો સઘન અભ્યાસ**

ચિનુ મોદીની આ અત્યંત જાણીતી ગઝલ છે. એમ કહીએ કે ગઝલકાર ચિનુ મોદીની ઓળખ સમાન આ ગઝલ છે. પાંચ શે'રની આ ગઝલમાં દરેક સ્થાને ઊંડાણનો સ્પર્શ અને ચમત્કૃતિનો અનુભવ થાય છે. પરંપરાની ગઝલમાંથી આધુનિક ગઝલ તરફ આવીએ છીએ તેમ શે'રોની સંખ્યા ઘટતી જાય છે, એ પણ નોંધવું રહ્યું. ગઝલકારને પોતાને યોગ્ય લાગે એ જ અભિવ્યક્તિ થાય છે. ભરતીના એટલે કે વધારાના શે'રોની સંખ્યા ઓછી થતી જાય છે અને એને કારણે પાણીદાર ગઝલો પ્રાપ્ત થાય છે. આ કૃતિ ચિનુ મોદીની એવી જ એક પાણીદાર ગઝલ છે.

ઈશ્વરના અસ્તિત્ત્વના સ્વીકારની સાથે સાથે પોતાનું અસ્તિત્વ પણ ઈશ્વરને અધીન છે, એ સંકેત પહેલા શે'રમાંથી મળે છે. પર્વત અને દરિયો બંને પ્રકૃતિનાં વિશાળ રૂપો છે. આ વિશાળ રૂપો મધ્યે, આ વિશાળ સૃષ્ટિ વચ્ચે આપણું અસ્તિત્ત્વ પાણીનાં એક ટીપાં જેવું કે એક સામાન્ય પથ્થર જેવું છે. ગઝલકારે એ અસ્તિત્ત્વનું ગૌરવ 'ઈશ્વરના નામે વાણી' કહીને કર્યો છે. કૃતિનું શીર્ષક જ મત્લાની પ્રારંભ પંક્તિ છે. 'પર્વતને નામે પથ્થર' રામાયણના સંસ્કારધારી ભાવકને તરત યાદ આવે 'રામને નામે પથ્થર'. એવા મિથિકલ પથ્થર ક્યાં તર્યા'તા તે યુગમાં? દરિયામાં. તો સહ અધ્યાસી કડી સાંપડી અહીં, 'દરિયાને નામે પાણી...' (રચનાને રસ્તે ૧૦૧ કાવ્ય - આસ્વાદો)

ગઝલકારની બારીકાઈ અને ઝીણવટભરી કલાનો નમૂનો બીજો શે'ર છે. પ્રશ્ન છે - નિશાની કોની છે? નિશાની વળી ક્યાં થઈ છે, એ પણ અગત્યનું છે. આંસુ ઉપર નિશાની થઈ છે. ઇચ્છા-મહેચ્છાઓ એટલી બધી હોય છે ક્યારેક કે એ આંખમાં આંસુ લાવી દે. આંસુ ઉપર નખ વડે નિશાની થઈ છે. નખ વડે થયેલી નિશાની બહું જલદી દેખાતી નથી પણ એ ઉઝરડો ચચરાટ તો કરાવે જ છે. વળી, પ્રશ્ન તો ઊભો જ છે કે નિશાની કોની છે? પ્રિયતમાની કે પ્રિયતમાને મળવાની જે ઇચ્છા છે એની?

રમતમાં હારી જનારને ભાગે કશું આવતું નથી. પરાજિત થયેલા રામનું કોઈ મૂલ્ય નથી. એણે તો પોતાના રાજપાટની સાથે પોતાની રાણી ગુમાવવાનો વારો પણ આવે. પણ અહીં શ્વાસની રમત છે. એમાં હારી જનારે તો બધું જ ગુમાવવાનો વારો આવે. આ કદાચ અંતિમ ક્ષણની પણ વાત છે. અંતિમ ક્ષણે રાણીને જોવાની-મળવાની ઇચ્છા વ્યક્ત થઈ છે. પણ પોતે પરાજિત છે એટલે આખરે ગજીપાની રાણીને આહ્વાન કરવામાં આવ્યું છે. 'ઓ' સંબોધન એ રીતે અગત્યનું છે.

માણસ માત્રની નિયતિમાં સંઘર્ષ લખાયેલો છે. માણસનું એક લક્ષણ એ પણ છે, કે સંઘર્ષ સામે પીઠ બતાવતો નથી. કાચ સામે તલવાર લઈને ઊભા રહેવું, એ નિરર્થક સંઘર્ષ સાબિત થાય, પરંતુ એ નિરર્થક સંઘર્ષ નિયતિમાં લખાયો હોય તો એનાથી ભાગી શકાતું નથી. એવું જ સાચ-સત્ય સામે છે. વ્યક્તિએ વ્યક્તિએ સત્યની વિભાવના જુદી જુદી છે. મારું સત્ય એ સર્વનું સત્ય બની શક્તું નથી કે સર્વનું સત્ય મારું સત્ય બની શકતું નથી. પોતાના સત્યને ટકાવી રાખવા માટે સામે જે સત્ય છે એની સામે પણ તલવાર તાણવી પડે, પણ આ તલવાર ક્યાં સુધી તાણીને ઊભા રહેવાનું? સંઘર્ષનો પોતાનો પણ એક થાક લાગતો હોય છે.

આ ગઝલનો અંતિમ શે'ર પ્રયોગશીલ ચિનુ મોદીનો પરિચય કરાવે છે. ચોથા શે'રની બીજી પંક્તિ અહીં પાંચમા શે'રની પ્રથમ પંક્તિ તરીકે ગોઠવાઈ છે. જ્યારે બીજા શે'રની બીજી પંક્તિ અહીં પણ બીજી પંક્તિ તરીકે ગોઠવાઈ છે. પણ આ પંક્તિઓની ગોઠવણી માત્ર છે કે પછી એમાંથી કોઈ અર્થ, મિજાજ નિષ્પન્ન થાય છે કે કેમ? આપણી આસપાસના કાચ, સાચ, સંઘર્ષ સામે તો તલવાર તાણીને ઊભા રહીએ, જ્યાં સુધી થાકી ન જઈએ ત્યાં સુધી ઊભા રહીએ પરંતુ ઈશ્વરના અસ્તિત્ત્વ સામે પ્રશ્નો ઊભા થાય ત્યારે? આપણા અસ્તિત્ત્વને ઈશ્વરના અસ્તિત્ત્વ તરીકે સ્વીકારી લીધા પછી એની સામે તલવાર તાણવાનું આવે ત્યારે થાક લાગે એ સ્વાભાવિક છે. રાધેશ્યામ શર્મા આ શે'ર વિશે પણ કહે છે, "કાચ સામે, સાચ સામે કાયમ તલવાર તાણી તાણી થાકી જવાની હતાશ દશા કેવળ કાચ-સાચ સામે જ નહીં, ઈશ્વર સામે પણ ઉપસ્થિત છે." (રચનાને રસ્તે ૧૦૧ કાવ્ય - આસ્વાદો)

આ આખી ગઝલ જુદી જુદી રીતે માણસના અસ્તિત્ત્વનો પરિચય પણ કરાવે છે. એમાં ઈશ્વરના અસ્તિત્ત્વનો સ્વીકાર પણ છે અને નકાર પણ છે. પહેલો શે'ર ઈશ્વરના અસ્તિત્ત્વના સ્વીકારનું સૂચન છે તો અંતિમ શે'ર નકારનું સૂચન કરે છે. આમ, પંક્તિઓની ઊલટ-સૂલટ દ્વારા પણ ગઝલકારે ચમત્કૃતિ સાધી છે. ચિનુ મોદીના પ્રયોગશીલ મિજાજનો પણ એમાંથી પરિચય મળે છે.

ગઝલકાર તરીકે ચિનુ મોદીના મિજાજને વ્યક્ત કરતી અન્ય ગઝલનો આસ્વાદ પણ માણીએ. જેથી ચિનુ મોદીની ગઝલ પ્રતિભાનો ખ્યાલ આવે.

***આ ગઝલ લખવાનું કારણ એ જ છે,***
***પાંદડે ભેગું કરેલું તેજ છે.***
***આ ગઝલ લખવાનું કારણ એ જ છે,***
***આંખને ખૂણે હજીયે ભેજ છે.***
***આ ગઝલ લખવાનું કારણ એ જ છે,***
***શબ્દ પોતે ક્યાં સુંવાળી સેજ છે?***
***આ ગઝલ લખવાનું કારણ એ જ છે,***
***એક ખુરશી છે ને સામે મેજ છે.***
***વાયુમાં વિશ્વાસનું કારણ હતું -***
***વણહલેસે વ્હાણ તો ચાલે જ છે.***
***ખ્યાલ કર પુષ્પો ભરેલી ડાળનો,***
***એ તને શણગાર તો આપે જ છે.***
***બેય આંખો સાવ કોરી રાખજે,***
***રોજ ઝાકળ રાતનાં આવે જ છે.***
***હું ય દેખાતો હતો આ દર્પણે,***
***ઓરડો આ વાત ક્યાં માને જ છે?***
***જ્યાં સુધી 'ઈર્શાદ' નામે જણ જીવે,***
***લાગણી પૃથ્વી ઉપર તો છે જ છે.***

ચિનુ મોદીની આ પણ એક પ્રયોગશીલ ગઝલ છે. ગઝલની ભાષા સાદગીની અપેક્ષા રાખે છે. સાદગીજન્ય ભાષામાં ચમત્કૃતિ કેવી રીતે સાધી શકાય એના નમૂના તરીકે પણ આ ગઝલનો આસ્વાદ થઈ શકે એમ છે. ગઝલના પ્રથમ ચાર શે'રમાં ગઝલકાર ગઝલ લખવા માટેના જુદાં જુદાં કારણો આપે છે, અલબત્ત શે'રનો મિજાજ અકબંધ

રાખીને! પાંદડા પરનું તેજ, આંખના ખૂણાનો ભેજ, સુંવાળી સેજ, સામે પડેલા ખુરશી અને મેજ - આ કારણો છે જે ગઝલકારને ગઝલ લખવા માટે ઉશ્કેરે છે. પ્રથમ ચાર શે'રની પ્રથમ પંક્તિ પુનરાવર્તિત છે. 'જ' નિપાતના ઉપયોગ દ્વારા વાતને ભારપૂર્વક કહેવામાં આવી છે કે ગઝલ લખવાનાં કારણો આ જ છે.

એક માણસનો બીજા માણસ પ્રત્યેનો વિશ્વાસ કેવો હોવો જોઈએ? વહાણ ચલાવવું છે પણ હલેસાં નથી તો એ સંજોગોમાં ખલાસી કોના વિશ્વાસે વહાણ ચલાવે છે? તો વાયુના વિશ્વાસે એની ગતિ આગળ વધે છે. હલેસારહિત સ્થિતિમાં વહાણને ચલાવવા માટે વાયુ ઉપર જે વિશ્વાસ રાખવામાં આવે છે, એવો વિશ્વાસ એક માણસનો બીજા માણસ પ્રત્યે હોવો જોઈએ, એવું એક અર્થઘટન પણ અહીં નીકળે છે. એ પછીના શે'રમાં પણ સરળ અભિવ્યક્તિ છે. પુષ્પો એ ડાળનો શણગાર છે એ વાતે એ જ સરળ ભાષામાં અહીં વ્યક્ત થઈ છે.

આંખોનું સજળ હોવું સારું કે આંખો કોરીકટ હોય એ સારી? અહીં તો જરા આદેશાત્મક સૂરમાં કહ્યું છે, કે 'બેય આંખો કોરી રાખજે.' એ આદેશ પાછળનું કારણ પછી ખબર પડે છે બીજી પંક્તિમાં. ઝાકળથી આંખોને સજળ કરવાની વાત છે. ઝાકળથી આંખોને સજળ કર્યા પછીની સ્થિતિ ગઝલકારને ગઝલ લખવાની પ્રેરણા આપે છે. અસ્તિત્ત્વનો પ્રશ્ન પછીના શેરમાં આવે છે. આપણે હોવા છતાં, દર્પણમાં આપણું પ્રતિબિંબ દેખાતું હોવા છતાં આપણા અસ્તિત્ત્વનો સ્વીકાર નથી થતો. જે ઓરડામાં દર્પણ છે એ ઓરડો જ આપણા અસ્તિત્ત્વ સામે પ્રશ્ન ઊભો કરે છે ત્યારે પીડા વધી જાય છે. નજીકના વ્યક્તિ દ્વારા થતો આવો અનુભવ અહીં ઓરડાના પ્રતીક દ્વારા વ્યક્ત થયો છે. પોતે ગઝલકાર છે અને પોતે લાગણીશીલ માણસ છે. આ વાત સરળ રીતે અંતિમ શે'રમાં રજૂ થઈ છે. જ્યાં સુધી પોતે છે ત્યાં સુધી લાગણી ઓછી નહીં થાય એની ખાતરી પણ આપવામાં આવી છે. આવી ખાતરી એક ગઝલકાર જ આપી શકે!

### ➠ ૧૦.૪ વસ્તુલક્ષી કસોટી

(૧) ચિનુ મોદીની આ બંને ગઝલના છંદ કયા છે, તપાસો.

(૨) આ બંને ગઝલમાં જે કાફિયાઓનો વિનિયોગ થયો છે એવા બીજા કાફિયાઓની યાદી તૈયાર કરો.

(૩) આ બંને ગઝલના કયા કયા શે'રમાંથી તમને મિજાજનો અનુભવ થયો? કારણસહિત તમારા શબ્દોમાં ચર્ચા કરો.

### ➠ ૧૦.૫ ભાષાકીય સામગ્રીનો અભ્યાસ

(૧) 'વણહલેસે' શબ્દ એક સમાસ છે. આવા બીજા સમાસ આ બંને ગઝલમાં જોવા મળે છે? એવા સમાસોની અર્થસહિત યાદી તૈયાર કરો.

(૨) 'ઈર્શાદ' ગઝલકારનું ઉપનામ છે. ઉપનામ માટે ઉર્દૂમાં કયો શબ્દ પ્રચલિત છે? 'ઈર્શાદ'નો અર્થ શોધો. આવા બીજા ઉર્દૂ શબ્દો આ બંને ગઝલમાં જોવા મળે છે?

### ➠ ૧૦.૬ પુનરાવલોકન

ચિનુ મોદીની ગઝલોમાંથી પસાર થતા જે લાક્ષણિકતા નજરે પડે છે એ છે ભાષાની સાદગી. ભાષાના આડંબર વિના સહજ રીતે, સરળ શબ્દોમાં એ મિજાજનો અનુભવ કરાવે છે. રમેશ પુરોહિત ચિનુ મોદીની ગઝલોને આ રીતે મૂલવે છે, "ચિનુ મોદી પાસે કહેવાની નવી રીત મળે છે. આંતરિક રીતે એ ગઝલના તગઝ્ઝુલને નિભાવે છે, શેરિયત સાચવે છે. સંવેદનાને સંવારે છે અને સૌન્દર્યને સંગોપે છે. રદીફને સાર્થક રીતે પ્રયોજે છે. લાગણીના પ્રાકટ્યમાં પરિપક્વતા દાખવે છે. ભાષા સરળ, સચોટ અનો વેધક બનીને અનુભવજન્ય સચ્ચાઈની ખાતરી કરાવે છે. ... ગઝલના માયલાને નાણીને અને દેખાતાં રૂપને જાણીને, ગઝલના ખુમારને સમજીને, ગઝલના મુલાયમ

મિજાજને પિછાણીને, ગઝલના અંદાજે-બયાનને પચાવીને, શબ્દોની છટકબારીઓ વાસીને, ચમત્કૃતિઓના શણગારોને નવલાં રૂપ આપીને સભાનતાપૂર્વક નવી ગઝલોથી ગુર્જરગિરાના અસબાબને અભિવ્યક્તિના નવોન્મેષોથી ચાર ચાંદ લગાવી શકે એવા શાયરોમાં મોખરાનું નામ છે ચિનુ મોદી.'' (ગઝલ અને ગઝલકારો) ચિનુ મોદીની ગઝલોમાં ઝાકળ, ઝાંઝવાં, દર્પણ વગેરે કલ્પન-પ્રતીકો સતત જોવા મળે છે. પણ એમનાં દરેક વખતના વિનિયોગ દ્વારા એ જુદો મિજાજ પ્રગટાવે છે, એ પણ નોંધવું જોઈએ. મનહર મોદી ચિનુ મોદી વિશે કહે છે, ''ચિનુ મોદી 'ઈર્શાદ' ગુજરાતી ગઝલના સભાન યુગનો સબળ સ્તંભ છે. એ આપણો જબરો ગઝલકાર છે.'' (ઇનાયત)

### ➠ ૧૦.૭ લેખનપ્રવૃત્તિ

ચિનુ મોદીની અન્ય એક ગઝલ અને કેટલાક શે'રો અહીં પ્રસ્તુત છે. આ રચનાઓનો તમે તમારી રીતે આસ્વાદવાનો મૂલવવાનો પ્રયત્ન કરો.

*સ્વપ્ન ક્યાં મોટા ગજાનું જોઈએ?*
*જીવવા માટે બહાનું જોઈએ.*
*એક જણ સાચું રડે તો બહુ થયું,*
*મૌન ક્યાં આખી સભાનું જોઈએ?*
*એક પરપોટો ઘણો સુંદર હતો,*
*પણ હવાને, ચાલવાનું જોઈએ.*
*સીમમાંથી ઘર તરફ પાછા જતાં,*
*આ ખભે પંખી મઝાનું જોઈએ.*
*વાટ વચ્ચે લૂંટશે અધવચ તને,*
*જીવ, તારે ચોરખાનું જોઈએ.*
*આંસુ જ્યાં થીજી ગયેલાં હોય છે,*
*સાંભરણ એવી જગાનું જોઈએ.*
*તું કહે ત્યાં આવશે 'ઈર્શાદ' પણ,*
*એક ઢેફું આ ધરાનું જોઈએ.*

* * *

➢ *ઊંઘ આવે તો તરત મીંચો નયન,*
*રાતનો ક્યારે ભરોસો હોય છે?*

➢ *સ્વર્ગની લાલચ ન આપો, શેખજી*
*મોતનો પણ એક મોભો હોય છે.*

➢ *ઝાંઝવા અસલમાં તો*
*પાણીનો ઠઠારો છે.*

➢ *પુષ્પ પર ડાઘો પડ્યાની બીકથી*
*જીવવાની જીદ ઝાકળ ના કરે.*

➢ હું ક્ષણોના મહેલમાં જાઉં અને,
કોક દરવાજો કરી દે બંધ તો?

➢ ગમે તે ક્ષણે આવતું આ મરણ,
મને સરખેસરખું એ સજવા ન દે.

➢ ક્રોધ તો કરતો નથી 'ઈર્શાદ' પણ,
ના ગમે તો વાત આગળ ના કરે.

➢ આપણાં સંબંધના ઈતિહાસનો આ સાર છે,
પાણીની સમજણ નથી ને વ્હાણનો આકાર છે.

➢ જાત ઝાકળની છતાં કેવી ખુમારી હોય છે,
પુષ્પ જેવા પુષ્પ પર મારી સવારી હોય છે.

➢ કૈંક છે 'ઈર્શાદ' તારામાં કશું,
જે મળ્યાં તે તે સુવાસિત થૈ ગયાં.

➢ તું મને મળતી ખરી પણ મન વગર,
ઝાંઝવાં બનતાં સરોવર જળ વગર.

➢ જ્યાં જઉં છું ત્યાં મને સામી મળે
ભીંત પણ ચાલી શકે છે પગ વગર.

➢ હું ફરી ક્યાંથી હવે માણસ બનું?
ડોકમાં ઈચ્છાનો દોરો હોય છે.

➢ ડર મને મારો જ થોડો હોય છે,
કાચમાં ચ્હેરાને જોવો હોય છે.

### ➠ ૧૦.૮ વિશેષ અધ્યયન

'આદિલ' મન્સૂરી પછી ગુજરાતી ગઝલને આગળ લઈ જવાનું કામ ચિનુ મોદી કરે છે. 'આદિલ' મન્સૂરીથી ગુજરાતી ગઝલને મળેલો આધુનિકતાનો સ્પર્શ ચિનુ મોદીમાં પણ જોવા મળે છે. ચિનુ મોદીએ અનેક ગઝલસંગ્રહો આપ્યા છે. એમની આત્મકથાનો આ સંદર્ભે અભ્યાસ થવો જોઈએ. 'જલસા અવતાર' એમની આત્મકથા છે. ગઝલકાર તરીકેની ચિનુ મોદીની યાત્રાનો ખ્યાલ પણ એમાંથી મળશે. ઉપરાંત, અન્ય આધુનિક ગઝલકારોના અભ્યાસને કારણે પણ ચિનુ મોદીની ગઝલોને મૂલવવાની એક દૃષ્ટિ પ્રાપ્ત થશે. ગઝલ વિશેની તમારી સમજ પણ વિશદ બનશે.

### ➠ ૧૦.૯ કવિપરિચય

ચિનુ મોદી 'ઈર્શાદ' ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે એક બળવત્તર નામ છે. ગઝલ ઉપરાંત, નવલકથા, વાર્તા, નાટક, વિવેચન, સંપાદન અનેક ક્ષેત્રોમાં એમનું નોંધપાત્ર પ્રદાન જોવા મળે છે. ખંડકાવ્ય, ગીત, સૉનેટ જેવાં કાવ્યપ્રકારોમાં પણ એમનાં વિલક્ષણ પ્રદાન રહ્યું છે. 'નવલશા હીરજી', 'જાલકા', 'અશ્વમેઘ', 'નૈષધરાય',

'સ્વપ્નદુઃસ્વપ્ન', 'ઢોલીડો' વગેરે એમના જાણીતાં નાટકો છે. 'કાળો અંગ્રેજ' એમની પ્રથિતયશ નવલકથા છે. 'બાહુક' 'કાલાખ્યાન' એમના દીર્ઘકાવ્યો છે. આવા બહુમુખી સર્જક પાસેથી 'ક્ષણોના મહેલમાં' (૧૯૭૨), 'ઊર્ણનાભ' (૧૯૭૪), 'દર્પણની ગલીમાં' (૧૯૭૫), 'શાપિત વનમાં' (૧૯૭૬), 'દેશવટો' (૧૯૭૮), 'ઈર્શાદગઢ' (૧૯૭૯), 'અફવા' (૧૯૯૧), 'ઈનાયત' (૧૯૯૬), 'નક્શાનાં નગર' (૨૦૦૧), 'આઘા-પાછા શ્વાસ' (૨૦૦૭), 'ખારાં ઝરણ' (૨૦૧૦), 'ગતિભાસ' (૨૦૧૨) વગેરે કાવ્યસંગ્રહો પ્રાપ્ત થાય છે. 'ખારાં ઝરણ' કાવ્યસંગ્રહ માટે એમને સાહિત્ય અકાદેમી, દિલ્હીનો પુરસ્કાર પ્રાપ્ત થયો હતો. ગુજરાતી ગઝલક્ષેત્રે મહત્ત્વપૂર્ણ પ્રદાન કરવા બદલ એમને 'વલી ગુજરાતી એવોર્ડ' પણ પ્રાપ્ત થયો હતો. કવિતા ક્ષેત્રે સમગ્રતયા પ્રદાન બદલ એમને 'આદ્યકવિ નરસિંહ મહેતા એવોર્ડ'થી પણ સન્માતિ કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત પણ અનેક સન્માનો એમને પ્રાપ્ત થયાં હતાં. મનહર મોદી ચિનુ મોદીનો પરિચય લાક્ષણિક રીતે આપે છે, "ગુજરાતી સાહિત્યમાં આ એક એવો સખસ છે, જે સતત ફર્યા કરે છે. લખ્યા કરે છે અને ગમતાનો 'ગુલાલ' ઉડાડે છે. એ એવો નાટ્યકાર છે કે ગઝલના શેરની તીવ્રતાનો અનુભવ કરાવે. એ એવો વાર્તાકાર છે કે આખ્યાનની મનોરંજકતા મુખરિત કરે. એ એવો ગઝલકાર છે કે ટૂંકીવાર્તા તથા નાટકનાં પ્રાણભૂત તત્ત્વોને ટુકડે ટુકડે આમ તેમ એની ગઝલના શેરમાં આમેજ કરે. ટૂંકમાં એ પોતાને નિત્ય નૂતન બનવા તરફ પ્રેરે છે." (ઈનાયત)

## ૧૦.૧૦ સંદર્ભ


(૧) દવે, હરીન્દ્ર. (સં.) મધુવન, મુંબઈ. - સુમન પ્રકાશન.

(૨) પુરોહિત, રમેશ. ગઝલ ૧૦૧, અમદાવાદ. - નવભારત સાહિત્ય મંદિર, ૨૦૧૬.

(૩) પુરોહિત, રમેશ. ગઝલ અને ગઝલકારો, અમદાવાદ. - નવભારત સાહિત્ય મંદિર, ૨૦૧૫.

(૪) મોદી, ચિનુ. ઈનાયત, અમદાવાદ. - રન્નાદે પ્રકાશન, મે, ૧૯૯૬.

(૫) રાહી, એસ. એસ. ગઝલના મહેલમાં, અમદાવાદ. - પાર્શ્વ પ્રકાશન, ૨૦૦૫.

(૬) વ્યાસ, રાજેશ 'મિસ્કીન', ગઝલ સંદર્ભ, અમદાવાદ. - નવભારત સાહિત્ય મંદિર, ડિસેમ્બર, ૨૦૧૦.

(૭) શર્મા, રાધેશ્યામ. રચનાને રસ્તે, ૧૦૧ કાવ્યઆસ્વાદો, અમદાવાદ. - પાર્શ્વ પ્રકાશન, ૨૦૧૬.


❐

# એકમ ૧૧ મનહર મોદી


૧૧.૧ ઉદ્દેશ

૧૧.૨ પ્રસ્તાવના

૧૧.૩ કૃતિ

૧૧.૩.૧ કૃતિનો સઘન અભ્યાસ

૧૧.૪ વસ્તુલક્ષી કસોટી

૧૧.૫ ભાષાકીય સામગ્રીનો અભ્યાસ

૧૧.૬ પુનરાવલોકન

૧૧.૭ લેખનપ્રવૃત્તિ

૧૧.૮ વિશેષ અધ્યયન

૧૧.૯ કવિપરિચય

૧૧.૧૦ સંદર્ભ


## ૧૧.૧ ઉદ્દેશ

(૧) ગુજરાતી ગઝલના મહત્ત્વના ગઝલકારની ગઝલોનો પરિચય થશે.

(૨) મનહર મોદીની ગઝલોની ભાષાસમૃદ્ધિ અને ભાવસમૃદ્ધિનો ખ્યાલ આવશે.

(૩) ગુજરાતી ગઝલના વિકાસમાં મનહર મોદીના પ્રદાનનો ખ્યાલ આવશે.

## ૧૧.૨ પ્રસ્તાવના

ગુજરાતી ગઝલક્ષેત્રે પ્રયોગશીલ અને અરુઢ પ્રકારની અભિવ્યક્તિને કારણે મનહર મોદીની ગઝલો ધ્યાન ખેંચે છે. બિલકુલ જુદી જ પદાવલિ અને રચનારીતિ મનહરમોદીની ગઝલોમાં જોવા મળે છે. ચિનુ મોદી અને 'આદિલ' મન્સૂરીની સાથે સાથે પરંપરાની ગઝલથી જુદો વળાંક આપવા માટે પણ મનહર મોદીની ગઝલોનો અભ્યાસ થઈ શકે એમ છે. ગઝલ ક્ષેત્રે ન પ્રયોજાતાં કલ્પન-પ્રતીકો દ્વારા મનહર મોદી ગઝલ સિદ્ધ કરે છે. એક અરુઢ અને પ્રયોગશીલ ગઝલકાર તરીકે મનહર મોદીનું મહત્ત્વ રહ્યું છે.

## ૧૧.૩ કૃતિ

*ગયાં વર્ષો હવે આવ્યાં - અને આઘાત ચાલે છે,*
*સવારે કોણ જાણે કેમ એવી વાત ચાલે છે.*
*ઘણી વેળા મને થઈ જાય કે મારા ઉપર પડશે,*
*અચાનક આંખમાં ઊગીને કેવી રાત ચાલે છે!*
*બને તો એમને કહેજો કે ખુશબો મ્યાનમાં રાખે,*
*બગીચામાં બધાં ફૂલોની હમણાં ઘાત ચાલે છે.*

*હકીકતના બધા દરવાજા તાળું શોધવા લાગ્યા,*
*કોઈ ઊંઘી ગયું છે એનો પ્રત્યાઘાત ચાલે છે.*
*સમયનું નામ મુઠ્ઠી હોય તો એ ખોલવી પડશે,*
*અને ઘડિયાળમાં કાંટા દિવસ ને રાત ચાલે છે.*

**● ૧૧.૩.૧ કૃતિનો સઘન અભ્યાસ**

મનહર મોદીની આ જાણીતી ગઝલ છે. 'ચાલે છે' રદીફ સાથેના આ પાંચ શે'ર જુદી જુદી અભિવ્યક્તિ લઈને આવે છે. 'ચાલે છે' સ્થૂળ રૂપે અને સૂક્ષ્મ રૂપે અહીં પાચં શે'રમાંથી પ્રગટ થાય છે. વીતેલો સમય, વીતેલાં વર્ષો પીડાદાયક હોય અને એ અચાનક ફરી યાદ આવે ત્યારે એનો આઘાત લાગે એ સ્વાભાવિક છે. આ પ્રકારની ઘટના જ્યારે દિવસના પ્રારંભે એટલે કે સવારે બને ત્યારે એનો આઘાત આખો દિવસ રહેતો હોય છે.

મનહર મોદીની ગઝલોની ખૂબી એ છે કે એ રૂઢિપ્રયોગ અને બોલચાલના કાકુઓને બરાબર ખપમાં લે છે. 'રાત પડશે' એ રૂઢિપ્રયોગનો બીજા શે'રમાં સર્જનાત્મક વિનિયોગ થયો છે. 'રાત' એટલે તમારી બધી ઈચ્છા, આકાંક્ષાઓને આરામ આપવાનો સમય દિવસભરના અનેક કાર્યો પછી રાત ક્યારે પડશે એની પ્રતીક્ષા થતી હોય છે. આપણે 'રાત પડશે'ની પ્રતીક્ષા કરતા રહીએ છીએ ને એ રાત ક્યારે આંખમાં ઊગી નીકળે છે એનો ખ્યાલ રહેતો નથી. 'રાત પડવા'માં જે સ્થૂળ અનુભવ છે એને ગઝલકારે બીજી પંક્તિમાં 'રાત ઊગી નીકળવા' સાથે સૂક્ષ્મ અનુભવમાં પરિવર્તિત કર્યો છે. મનહર મોદીની ગઝલકાર તરીકે આ ખૂબી છે.

આ ગઝલનો ત્રીજો શે'ર ગુજરાતી ઉત્તમ શે'રોમાંનો એક છે. મનહર મોદીની ઓળખ સમાન આ શે'ર છે આ શે'ર વિશે રમેશ પુરોહિત લખે છે "ખુશબો દેખાતી નથી એટલે અપૂર્ત છે જ્યારે 'મ્યાન' દેખાય છે. અમૂર્ત અને મૂર્તને એક મ્યાનમાં સાથે રાખવાનું કવિકર્મ અનન્ય છે. ફૂલો તો ખીલે અને કરમાય. ફૂલોની ઘાતની વાત મનહર જ કરી શકે. ભાષાના અને બોલચાલની ભાષાના ગઝલવિનિયોગ માટે સક્ષમ કલમ હોવી જોઈએ. આપણી કહેવતો, પ્રતીકો અને સંજ્ઞાઓ મનહરે બખૂબી પાર પાડી છે." (ગઝલ અને ગઝલકારો, પા. ૧૯૦) અહીં 'બને તો' આગળનો કાકું પણ માણવા જેવો છે. પણ બીજી પંક્તિ જે રીતે આવે છે એ જોતાં 'બને તો' આગળ રહેલો ભાર પામી શકાય છે. મનહર મોદી આવા ઘણા ચમત્કાર ગઝલમાં અરુઢ રીતે કરી જાણે છે. એ એમની ગઝલકાર તરીકેની વિશેષતા પણ છે. આ પ્રકારની ભાષા અને આ પ્રકારની સર્જન-પ્રક્રિયા વિશે મનહર મોદી ખુદ કહે છે"હું એમાં ઓતપ્રોત હોઉં છું. મારા શબ્દને સંવેદનમય કે સંવેદનને શબ્દમય બનાવવા અત્યાર સુધીમાં મને હસ્તગત હોય તે - તેવાં ને ન હોય તે - તેવાં તમામ ઓજારોને એક પછી એક સાથે અડધાં આખાં કે પોણાં કે પા જેવી જરૂર ખપમાં લઉં છું. ત્યારે બધું સટાસટ, પટાપટ, ખટાખટ, ધડાધડ ચાલે છે, ચાલ્યા જ કરે છે." (ગઝલસંનિધિ, પા. ૧૪૯)

'હકીકતના બધા દરવાજા તાળું શોધવા લાગ્યા' - આ પંક્તિ પોતે જ કેટલી સંકુલ અભિવ્યક્તિ ધરાવે છે! દરવાજા છે, પણ શેના છે? હકીકતના... અને એ દરવાજાના તાળાની શોધ ચાલે છે. એટલે, કે હકીકતને તાળું મારવામાં આવે, હકીકતને સંતાડવામાં આવે તો શું થાય? દરવાજાની જે રખેવાળી કરે છે, એ ગાફેલ રહે ત્યારે દરવાજા પોતે પોતાની સલામતી શોધવા માટે નીકળી પડે છે. રખેવાળી કરનાર ગાફેલ રહે છે, એના પ્રત્યાઘાત રૂપે પહેલી પંક્તિ અવતરી છે. રખેવાળ પોતે જ ઊંઘી જાય ત્યારે હકીકતે પોતાની જાતને બચાવવી પડે છે. દરવાજાએ જાતે જ પોતાનું રક્ષણ કરવું પડે છે.

'સમયને મુઠ્ઠીમાં કેદ કરવો' જેવો રૂઢિપ્રયોગ સાંભળ્યો છે? આ રૂઢિપ્રયોગને ગઝલના શે'રમાં ફેરવવામાં આવે તો એનું શું પરિણામ મળે? એનું એક પરિણામ એટલે આ ગઝલનો પાંચમો અને અંતિમ શે'ર. સમયને

મુઠ્ઠીમાં કેદ કરવાની વાત થઈ શકે, પણ એને ખરેખર કેદ કરી શકાય છે? સમયને મુઠ્ઠીમાં કેદ કરવાનો દાવો કરનાર એ ભૂલી જાય છે, કે ઘડિયાળના કાંટા તો દિવસરાત ચાલ્યા જ કરે છે. ઘડિયાળના કાંટાને પણ અટકાવી દેવાથી શું થવાનું છે? સમય કોઈનો અટક્યો ક્યાં અટકે છે? સમયને મુઠ્ઠીમાં કેદ કરવો કે ઘડિયાળના કાંટાને અટકાવી દેવા એ બધા નિરર્થક પ્રયત્નો છે અને એ પ્રયત્નો થકી હાથમાં કશું આવતું નથી. જીવનની નિરર્થકતાનું પણ અહીં સૂચન છે. આપણે આપણો કેટલો બધો સમય આવી નિરર્થક બાબતો પાછળ વ્યતીત કરીએ છીએ ને સરવાળે કશું પામી શકતા નથી. સમય પ્રવાહી છે, એને વહેતો રાખવામાં જ જીવનની મજા રહેલી છે.

ગુજરાતી ગઝલક્ષેત્રે મનહર મોદી અરુઢ ભાવોની અભિવ્યક્તિ માટે જાણીતા છે. અત્યંત તિર્યક રીતે એ વાતને રજૂ કરે છે. ક્યારેક એમની અભિવ્યક્તિ દુર્બોધ પણ બને છે. એમનું ભાષાકર્મ ખાસ દાદ માગી લે છે. રશીદ મીઢ એમના ભાષાકર્મ વિશે જણાવે છે : ''આમ મનહર મોદી મૂળે પ્રયોગધર્મી કવિ છે. ભાષાની સંરચના કે બીબાઢાળ સ્વરૂપને જેવું છે તેવું સ્વીકારી લેવાનું એમના સ્વભાવમાં નથી. જેવું છે તેવું રહેવા દેવાને બદલે એ ઉપરતળે કરીને એમાંથી કશુંક નવું સર્જવાનો પ્રપંચ રચે છે. ભાષાની તોડફોડ કરીને, શબ્દોને થરડી-મરડીને તો ક્યારેક કેવળ લયનો દીર્ઘ ઘોષ મૂકીને એ અર્થને નીપજાવે છે.'' (ગઝલ વાચના, પા. ૦૨)

ગઝલકાર તરીકે મનહર મોદીના મિજાજને વ્યક્ત કરતી અન્ય ગઝલનો આસ્વાદ માણીએ. જેથી મનહર મોદીની ગઝલ-પ્રતિભાનો ખ્યાલ આવે.

***સરસ આંખો વિના કારણ રડેલી લઈને આવ્યો છું,***
***બધી ખોટી વ્યથા સાચી ઠરેલી લઈને આવ્યો છું.***
***તમારી રાહ જોઈ થાકવામાં પણ મજા લે છે,***
***બધીયે સાંજ ઠેકાણે પડેલી લઈને આવ્યો છું,***
***જગત આખું ચળકતું સ્વપ્ન છે કોઈક આંખોનું,***
***મને એ બાતમી એમ જ મળેલી લઈને આવ્યો છું.***
***ભલી થઈ લાગણી દેખાવના દરિયે ડૂબી ગઈ છે.***
***અને ત્યાંથી ફરી બેઠી થયેલી લઈને આવ્યો છું.***
***અહીં એવાય લોકો છે કે અડધું ઊંઘવા દે છે,***
***અને હું ઊંઘ પણ અડધી વધેલી લઈને આવ્યો છું.***
***હકીકત જો કહું તો જિંદગી બળતી બપોરો છે,***
***અને એમાંય હું સંધ્યા ઢળેલી લઈને આવ્યો છું.***
***તમારા સમ હવેથી હું નથી કોઈ જ ઠેકાણે,***
***મને નશ્વર જગા વળગી ગયેલી લઈને આવ્યો છું.***

આ ગઝલની રદીફ 'લઈને આવ્યો છું' - વ્યવહારની ભાષામાં આપણે ઘણી વાર આ શબ્દો સાંભળ્યા છે. જિજ્ઞાસા એ થાય કે ગઝલકાર શું લઈને આવ્યા છે? સ્વાભાવિક છે, કે ગઝલકાર જે લઈને આવ્યા છે, એ સ્થૂળ પદાર્થ કે સ્થૂળ વિગતો નહીં જ હોય! પ્રથમ શે'રમાં એના સંકેત મળે છે, કારણ વગર રડેલી આંખો અને એની પાછળ રહેલી વ્યથાને લઈને આવ્યા છે. અહીં પીડા એટલા માટે પણ વધારે છે, કે જે વ્યથા નહોતી ધારેલી એ પણ સાચી ઠરે છે. પ્રતીક્ષાની પણ એક મજા હોય છે. અને એ પ્રતીક્ષા સાંજના સમયે હોય તો એની મજા પણ અલગ હોય છે. એવી બધી પ્રતીક્ષારત સાંજોને લઈને ગઝલકાર આવે છે. ત્રીજા શે'રમાં 'કોઈક આંખોનું' શબ્દો અગત્યના છે. આ કોઈક પ્રિયપાત્ર સિવાય તો બીજું કોણ હોવાનું? એ પ્રિયપાત્રના આંખોની વાત છે એટલે

તો જગત ચળકતું સ્વપ્ન લાગે છે. સ્વપ્ન આગળ 'ચળકતું' વિશેષણ મૂકવાની હિંમત આ ગઝલકાર જ કરી શકે. ગઝલકારને આ બાતમી 'એમ જ' મળેલી છે. 'એમ જ' દ્વારા પણ આ ગઝલકારે મિજાજ બખૂબી નિભાવ્યો છે.

ક્યાંક દબાઈ ગયેલી લાગણીનાં મૂળને શોધવું અઘરું હોય છે. દરિયાનાં તળમાં છુપાયેલી લાગણી ફરી બેઠી થઈ શકે કે કેમ? પણ કવિ એ લાગણી શોધી પણ કાઢે છે, એને બેઠી પણ કરે છે અને એટલું જ નહીં આપણી સામે પણ લઈને આવે છે. આ ગઝલકારના ઊંઘ વિશેના ઘણા શે'ર જાણીતા છે. પછીના શે'રમાં પણ ચમત્કૃતિ રહેલી છે. વ્યક્તિને અડધું જ ઊંઘવા દેવા પાછળનો સમાજનો ક્રૂર અભિગમ પણ અહીં સ્પષ્ટ થાય છે. એ ક્રૂર અભિગમ હોવા છતાં ગઝલકારની નમ્રતા સ્પર્શી જાય છે. 'અડધી તો અડધી ઊંઘ તો છે ને' આ અભિગમ જ આપણને સહુને જીવંત રાખે છે.

બળતી બપોર જેવી જિંદગીમાં કોઈ ઢળેલી સંધ્યા લઈને આવે ત્યારે કેવો અનુભવ થાય? રણપ્રદેશમાં લીલોતરી જોવા મળે ને જે આનંદનો અનુભવ થાય એવો અનુભવ થતો હોય છે. આમ તો આપણા સહુની વાત અહીં થઈ છે. સહુની જિંદગી બળતી બપોરો જેવી છે. સહુ ઢળેલી સંધ્યાની પ્રતીક્ષા કરતા હોય છે. ઢળેલી સંધ્યાનો શીતળ સ્પર્શ પેલી બળતી બપોરની વેદનાને શાંત કરે છે. અત્ર-તત્ર-સર્વત્ર ઈશ્વર સિવાય તો કોણ છે? હા, કવિનો શબ્દ સર્વત્ર વ્યાપ્ત છે. પણ એ શબ્દના મોહમાંથી બચીને જાતને ક્યાંક કોઈ ઠેકાણે સ્થિર કરવાની જરૂર ક્યારેક ઊભી થતી હોય છે. 'ઈશ્વરતા'માંથી 'નશ્વરતા' તરફની એ ગતિ હોય છે અને જીવનમાં ક્યારેક એ ગતિ જરૂરી પણ છે.

મનહર મોદી આપણા વિલક્ષણ ગઝલકાર છે. એમની ગઝલોનો મિજાજ તરત પામી શકાતો નથી. અરુઢ અભિવ્યક્તિને કારણે એમની ગઝલોમાંથી અત્યંત સાવચેતીપૂર્વક પસાર થવું પડે. મનહર મોદીની અરુઢ અભિવ્યક્તિને સમજવા માટે એમના ભાષાકર્મને તપાસવું પડે. એ જે રૂઢિપ્રયોગો, અલંકારો અને શબ્દસંનિધિ દ્વારા પંક્તિ રચે છે એ સંકુલ હોય છે. એ સંકુલતા તરત હાથમાં આવતી નથી. ભાવકે એ સંકુલતા પામવા મથવું પડે છે.

### ૧૧.૪ વસ્તુલક્ષી કસોટી

(૧) મનહર મોદીની આ બંને ગઝલનો છંદ સરખો છે. એ છંદનું બંધારણ તપાસો.

(૨) આ બંને ગઝલના કયા કયા શે'રમાંથી તમને મિજાજનો અનુભવ થયો? એની કારણસહિત ચર્ચા કરો.

### ૧૧.૫ ભાષાકીય સામગ્રીનો અભ્યાસ

(૧) 'જગત આખું ચળકતું સ્વપ્ન છે' - આ પંક્તિમાં કયા અલંકારનો વિનિયોગ થયો છે? ઉપરોક્ત બંને ગઝલમાંથી અન્ય કયા કયા અલંકારોનો વિનિયોગ થયો છે, એની તપાસ કરો.

(૨) 'હકીકત', 'ખુશબો' સિવાય બીજા કયા ઉર્દૂ-ફારસી શબ્દોનો વિનિયોગ થયો છે? એ શબ્દોની અર્થસહિત યાદી તૈયાર કરો.

### ૧૧.૬ પુનરાવલોકન

મનહર મોદી અરુઢ ગઝલકાર છે. એમની આ પ્રકારની અભિવ્યક્તિને કારણે ગઝલો ધ્યાન ખેંચે છે. અસ્તિત્ત્વવાદ, એબ્સર્ડ વગેરેના પ્રભાવ હેઠળ એમની અભિવ્યક્તિ જોવા મળે છે. 'હું' વિશે અને અસ્તિત્ત્વની સભાનતા સતત એમની ગઝલોમાં દેખાય છે. નિરાશા, હતાશા, ઉદાસી, ગમગીનતા ભાવોનું પ્રાધાન્ય પણ જોવા મળે છે. સામાન્ય રીતે ગુજરાતી ગઝલોમાં જોવા ન મળે એવી અભિવ્યક્તિ એમની ગઝલોમાં જોવા મળે છે, એ અર્થમાં તેઓ અરુઢ ગઝલકાર હતા. આ સંદર્ભે એમણે એમના વિશે જે કહ્યું છે એ પણ નોંધવા જેવું છે

'સતત મથવું, સામા છેડેથી તરવું, પોતાના શબ્દને અણિશુદ્ધ ચોખ્ખો અને સાફસૂથરો રાખવો, સ્વરૂપની 'જડતા'ને ધક્કો મારવો, ગઝુલિયતમાં શેરિયત અને શેરિયતમાં ગઝલિયતના અંશો દાખલ કરવા, વિષયથી માંડીને અ-વિજય

સુધી જવું-આવવું, શબ્દમાંથી શબ્દને improvise કરવો, સાદગીનાં અને છાકનાં અનેક રૂપો સર્જવાં, ‘મસ્તી’ને નોખાં ત્રાજવાં ને કાંટાથી તોલવી, ‘મિજાજ’ને પામવા અને માપવાની સભાન સજ્જતા કેળવવી, ‘અ’ ને ‘ક’ કહેવો અને પુરવાર કરવો. આ અને આવું બધું અમારાથી શરૂ થયું અને ચાલ્યા કરે છે. રૂડી રૂપાળી ગુજરાતી ગઝલ રાણી હોઈ શકવી જોઈએ એવી ને એટલી હેમ-ખેમ છે. એ એવી મંદસ્મિતવતી છે કે, નહિ સાંધો, નહિ રેણ.’ (મનહર અને મોદી, પા. ૭૮).

અહીં પણ જોઈ શકાય છે, કે એમણે વાત તો અરુઢ રીતે જ કરી છે. આ રીતે વાત કરવા માટે મનહર મોદી જાણીતા છે. પણ આ રીતે વાત કરવાને કારણે વાત અરુઢ જરૂર બનતી હોય પણ ગઝલનો મિજાજ ક્યારેક પમાતો નથી. એ દુર્બોધ બની રહે છે. એવી દુર્બોધતાને ગાળી નાખીએ તો મનહર મોદી ચોક્કસપણે આપણા મહત્ત્વના અને વિલક્ષણ ગઝલકાર છે.

### ➠ ૧૧.૭ લેખનપ્રવૃત્તિ

મનહર મોદીની અન્ય એક ગઝલ અને કેટલાક શે’રો અહીં પ્રસ્તુત છે. આ રચનાઓનો તમે તમારી રીતે આસ્વાદવાનો - મૂલવવાનો પ્રયત્ન કરો.

*ઝળહળ ઝળહળ અંધારું છે,*
*હું એનો ને એ મારું છે.*
*આ ઘર ઓ ઘર ને એ ઘર,*
*ના મારું કે ના તારું છે.*
*વાંધો શો છે વ્હેંચી લઈએ,*
*અજવાળું તો મજિયારું છે.*
*દુઃખને દુઃખ ભેટે છે હોંશે,*
*આવું સુખ સૌથી સારું છે.*
*કોક વખત એવું પણ લાગે*
*અજવાળું તો અંધારું છે.*
*આભ અને એથી ઊંચે તું*
*પંખી કેવું ઊડનારું છે!*
*પડવું, ઊઠવું, ચાલ્યા કરવું*
*ભઈલાજી, આ સંસારું છે.*

* * *

- *રાતને પૂછજો કે કેવું છે,*
  *એક તારાનું વ્હાલ સંઘરવું.*
- *જુલ્ફમાં એક મોટો રસ્તો છે,*
  *પુષ્પને સાચવી ચલાવે છે.*
- *અવાજો તો બધેથી આવવાના,*
  *હશે રસ્તા તો લોક ચાલવાના.*

- *ડગલે ડગલે ડરવું હોજી,*
  *આ તે કરવું ફેરવું હોજી!*

- *બધી બારીઓ થાય છે બંધ ત્યારે,*
  *ઊઠે છે ને ઘરમાં ફરે છે અગાસી.*

- *રાતને અળગી કરે છે કૂકડો,*
  *આંખ કિરણોથી ધુએ છે કૂકડો.*

- *દુઃખના પ્રસંગ તો તો વધ્યા હોત એક બે,*
  *ફૂલો મને જો આમ મળ્યા હોત એક બે.*

- *પુષ્પની ભીંતો ચણાવો તો ખરું,*
  *ને પછી બારી મુકાવો તો ખરું.*

- *એમણે મુજ સ્થાન સમજાવી દીધું,*
  *આંગળીથી નખ કરીને વેગળા.*

- *'પ્રશ્નો થયા'તા એક દિવસ અંધકારને,*
  *પાડી શકાય કઈ રીતે ફોટો પ્રકાશનો?*

- *ફૂલ કે કાંટાઓ બદલાતાં નથી,*
  *આપણા મનનાં જ કારણ હોય છે.*

- *ડૂબવું હોય ને તરી જઈએ,*
  *એટલી તાણ હોય તો સારું.*

- *ગુર્જરી ગઝલો વિનાની પાંગળી ફિક્કી હજો ના,*
  *લો લખી લો માલમિલકત આપણા અગિયાર દરિયા.*

- *એક મીંડું અંદર બેઠું છે,*
  *એ આખી દુનિયાને તાગે.*

- *આંખતે આંખના, દૃશ્ય તે દૃશ્યના*
  *ભેદ એ પામવા, જાગ ને જાદવા.*

### ૧૧.૮ વિશેષ અધ્યયન

મનહર મોદીની ગઝલોમાંથી એક જુદો મિજાજ મળશે. અભિવ્યક્તિના વિશિષ્ટ પ્રયોગો મનહર મોદીની ગઝલોમાં છે. ગઝલ ઉપરાંત અછાંદસ કાવ્યપ્રકારમાં પણ એમનું પ્રદાન રહ્યું છે. ત્યાં પણ એમની અરુઢ અભિવ્યક્તિ રહી છે. આધુનિકતાનો પૂરો સ્પર્શ મનહર મોદીની ગઝલોમાંથી અનુભવાય છે. આ સમયારાળાના અન્ય આધુનિક ગઝલકારોની ગઝલોનો અભ્યાસ કરવાથી પણ મનહર મોદીની ગઝલોને જુદી રીતે પામી શકાય છે. આમ કરવાને કારણે ગઝલ વિશેની તમારી સમજ વધારે વિશદ બનશે.

## ➠ ૧૧.૯ કવિપરિચય

મનહર મોદીનો જન્મ તા. ૧૫-૦૪-૧૯૩૭ના દિવસે થયો હતો. તા. ૨૭-૦૩-૨૦૦૩ના દિવસે એમનું અવસાન થયું હતું. મનહર મોદી પાસેથી 'આકૃતિ' (૧૯૬૩), 'ૐ તત્ સત્' (૧૯૬૭), 'અગિયાર દરિયા' (સમગ્ર ગઝલો, ૧૯૮૭), 'હસુમતી અને બીજા' (૧૯૮૭), 'એક વધારાની મીણ' (૧૯૯૩), 'મનહર અને મોદી' (૧૯૯૮) વગેરે સંગ્રહોમાંથી ગઝલો પ્રાપ્ત થાય છે. અધ્યાપક હોવાને નાતે અભ્યાસુ પણ હતા. 'નિરીક્ષક', 'ઉદ્ગાર', 'ઓળખ' અને 'પરબ' સામયિકો સાથે પણ સંકળાયેલા હતા. રન્નાદેની પ્રકાશન પ્રવૃત્તિના તેઓ માર્ગદર્શક હતા. ગુજરાતી સાહિત્યમાં આધુનિકતાના આંદોલન પાછળ 'રે' મઠની પ્રવૃત્તિનો પણ અગત્યનો ફાળો હતો. મનહર મોદી 'રે' મઠ સાથે પણ સંકળાયેલા હતા. અર્થશાસ્ત્ર-આંકડાશાસ્ત્ર સાથે સ્નાતક અને સંસ્કૃત-ગુજરાતી સાથે અનુસ્નાતક થયા હતા. કૉલેજમાં નોકરી કરવા પૂર્વ અનેક પ્રકારની નોકરી કરી ચૂક્યા હતા. ગુજરાતી સાહિત્ય પરિષદના તેઓ ઉપપ્રમુખ પણ રહ્યા હતા. થોડો સમય 'પરબ'નું સંપાદન કાર્ય પણ સંભાળ્યું હતું. આ બધી જ પ્રવૃત્તિઓમાંથી એમનો અરુઢ મિજાજ પ્રગટ થતો હતો.

## ➠ ૧૧.૧૦ સંદર્ભ


(૧) દવે, હરીન્દ્ર. (સં.) મધુવન, મુંબઈ. - સુમન પ્રકાશન.

(૨) પુરોહિત, રમેશ. ગઝલ અને ગઝલકારો, અમદાવાદ. - નવભારત સાહિત્ય મંદિર, ૨૦૧૫.

(૩) પુરોહિત, રમેશ. ગઝલ ૧૦૧, અમદાવાદ. - નવભારત સાહિત્ય મંદિર, ૨૦૧૬.

(૪) મોદી, ચિનુ. (સં.) ગુજરાતી પ્રતિનિધિ ગઝલો, નવી દિલ્હી. - સાહિત્ય અકાદેમી, ૨૦૦૮.

(૫) મોદી મનહર. મનહર અને મોદી, અમદાવાદ. - રન્નાદે પ્રકાશન, ડિસેમ્બર, ૧૯૯૮.

(૬) મીર, રશીદ. ગઝલ વાચના, અમદાવાદ. - રન્નાદે પ્રકાશન, જુલાઈ, ૨૦૧૫.

(૭) રાહી, એસ. એસ., રાજેશ વ્યાસ 'મિસ્કીન', (સં.) અમર ગઝલો, અમદાવાદ. - આર. આર. શેઠ એન્ડ કંપની પ્રા. લિ., જાન્યુઆરી, ૨૦૧૬.

(૮) રાહી, એસ. એસ. ગઝલના મહેલમાં, અમદાવાદ. - પાર્શ્વ પ્રકાશન, ૨૦૦૫.


❐

# એકમ ૧૨ રાજેન્દ્ર શુક્લ


**૧૨.૧ ઉદ્દેશ**

**૧૨.૨ પ્રસ્તાવના**

**૧૨.૩ કૃતિ**

**૧૨.૩.૧ કૃતિનો સઘન અભ્યાસ**

**૧૨.૪ વસ્તુલક્ષી કસોટી**

**૧૨.૫ ભાષાકીય સામગ્રીનો અભ્યાસ**

**૧૨.૬ પુનરાવલોકન**

**૧૨.૭ લેખનપ્રવૃત્તિ**

**૧૨.૮ વિશેષ અધ્યયન**

**૧૨.૯ કવિપરિચય**

**૧૨.૧૦ સંદર્ભ**


## ૧૨.૧ ઉદ્દેશ

(૧) ગુજરાતી ગઝલના એક મહત્ત્વપૂર્ણ ગઝલકારની ગઝલોનો પરિચય થશે.

(૨) રાજેન્દ્ર શુક્લની ગઝલોની ભાષાસમૃદ્ધિ અને ભાવસમૃદ્ધિનો ખ્યાલ આવશે.

(૩) ગુજરાતી ગઝલના વિકાસમાં રાજેન્દ્ર શુક્લના પ્રદાનનો ખ્યાલ આવશે.

## ૧૨.૨ પ્રસ્તાવના

'આદિલ' મન્સૂરી અને ચિનુ મોદીની સાથે સાથે રાજેન્દ્ર શુક્લ પણ એક મહત્ત્વપૂર્ણ ગઝલકાર છે. પરંપરાથી ગુજરાતી ગઝલને એક વળાંક આપવામાં એમની ગઝલોનું યોગદાન પણ રહ્યું છે. ખાસ કરીને ભાષાની નજાકત અને સંસ્કૃતમય ભાષાને કારણે રાજેન્દ્ર શુક્લની ગઝલો જુદી તરી આવે છે. વળી, એમણે ગઝલના સ્વરૂપ સાથે કરેલા પ્રયોગો પણ એમને જુદા ગઝલકાર તરીકે સ્થાપિત કરે છે.

## ૧૨.૩ કૃતિ

*મજા પડે તો તરત હું મિજાજ બદલું છું,*
*ન આંખ બદલું ભલે પણ અવાજ બદલું છું.*

*રમતરમતમાં હું રસ્મોરિવાજ બદલું છું,*
*બદલતો શું છું મને, તખ્તોતાજ બદલું છું.*

*સફર અટકતી નથી કંઈ તૂફાન ટકરાતાં,*
*દિશા બદલતો નથી હું જહાજ બદલું છું.*

*પ્રજળતું કૈંક રહે છે હમેશાં હોઠો પર,*
*કદીક શબ્દ તો ક્યારેક સાજ બદલું છું.*
*સુરાલયે જ હવે ચાલ 'શૂન્યતા' છોડી,*
*દરદ બદલાતું નથી તો ઈલાજ બદલું છું.*

### ● ૧૨.૩.૧ કૃતિનો સઘન અભ્યાસ

રાજેન્દ્ર શુક્લના જુદા મિજાજની આ ગઝલ છે. ગઝલના પ્રથમ શે'રમાં જ મિજાજ બદલવાની વાત કરે છે. મજા પડે છતાં મિજાજ બદલવાની વાત કેમ? એક ના એક મિજાજથી કંટાળી ન જવાય માટે. અને મિજાજ બદલવાની સાથે સાથે અવાજ બદલવાની વાત પણ છે. દૃશ્ય બદલવાની ગઝલકારને આવશ્યકતા જણાતી નથી પણ દૃશ્યમાંથી ઊઠતો ધ્વનિ અને એ ધ્વનિ એકસરખો સાંભળીને કંટાળો ન આવે માટે અવાજ બદલવાની વાત. ક્યારેક આપણને ખબર જ નથી હોતી કે આપણે શું બદલવાનું છે? પરિસ્થિતિ બદલવાની છે કે વ્યક્તિને બદલવાનો છે?

પાત્ર અને પરિસ્થિતિ બદલવાની સાથે સાથે ગઝલકાર પોતાને પણ બદલવાની વાત કરે છે. આ 'બદલવું' એટલે શું? જાતને સતત સજાગ રાખવી. રસ્મોરિવાજ, તખ્તોતાજ બધું બદલી નાખવા છતાં પરિસ્થિતિમાં ફેર ન પડે. કારણ કે, આપણે સજાગ નથી. આ 'સજાગતા' જ વ્યક્તિને જીવંત રાખે છે.

પ્રવાસે જતી વખતે આ પ્રકારની પરિસ્થિતિનો સામનો વધુ થાય છે. જે દિશામાંથી તોફાન આવવાનું હોય એ દિશા બદલી નાખીને આપણે 'હાશકારો' અનુભવીએ છીએ. પણ હકીકતમાં તો આપણે પરિસ્થિતિ સંદર્ભે પલાયન કરીએ છીએ. તોફાન આવે છે ત્યારે દિશા બદલવાને બદલે જહાજ બદલવાની જરૂર છે. વધુ મજબૂત જહાજ લઈને આપણો પ્રવાસ પૂરો કરવાની વાત છે. દિશા બદલી નાખવી એ તો રમત વાત છે. પણ એવી સામાન્ય રમતમાં ગઝલકારને રસ પડતો નથી. એ તો પ્રવાસનો રોમાંચ ઉઠાવવામાં માને છે. ને રોમાંચ જહાજ બદલીને પ્રવાસ પૂરો કરવામાં રહેલો છે.

હોઠો પર રહેલં કંપન ઘણા બધા તર્કોને આમંત્રણ આપે છે. એ કંપન પણ એકધારું રહે તો આનંદ જતો રહે છે. દરેક પ્રક્રિયામાંથી ગઝલકારને આનંદ અપેક્ષિત છે. એ પ્રવાસ હોય, મિજાજ હોય કે હોઠ પર આવીને અટકી ગયેલા શબ્દો હોય એમાં બદલાવ જરૂરી છે. આ 'એકધારાપણા'નો કંટાળો છે. આ કંટાળો દૂર કરવા ગઝલકાર પોતાની આસપાસની પરિસ્થિતિ, પોતાની જાત બધામાં બદલાવ જરૂરી માને છે. એ બદલાવ માટે શબ્દોથી માંડીને સાજ બદલવા સુધીની ગઝલકારની તૈયારી રહેલી છે.

આ ગઝલનો અંતિમ શે'ર પરંપરા સાથે અનુસંધાન ધરાવે છે. સુરાલયમાં જ 'શૂન્યતા'ને છોડવાની વાત છે. જો કે, 'શૂન્યતા', 'નિરર્થકતા', 'એકલતા' - આ બધું આધુનિક જગતની દેણ છે. 'શૂન્યતા'નો ભાવ આધુનિક ભાવ છે. એને ગઝલકારે પરંપરાના સ્થાન 'સુરાલય' સાથે જોડાયો છે. પીડાને બદલી શકવાનું આપણા હાથમાં નથી ત્યારે એનો ઈલાજ બદલવો જરૂરી બની જાય છે. 'શૂન્યતા'ને પોતાની સાથે ઘરે લઈ જઈને દુઃખી થવા કરતાં એને સુરાલયમાં જ છોડીને આવવામાં ભલાઈ રહેલી છે.

રાજેન્દ્ર શુક્લની આ ગુજરાતી ભાષા પણ તપાસવા જેવી છે. ઉર્દૂ-ફારસી શબ્દો અહીં ઘણા છે. રાજેન્દ્ર શુક્લની ગઝલની ભાષા વિશે રમેશ પુરોહિત લખે છે "રાજેન્દ્ર પાસે ભાષાવૈભવ છે તેનાં ત્રણ પાસાં છે. એક સંસ્કૃત શબ્દોનો અર્થવિન્યાસ કરતો અભ્યાસ, આધ્યાત્મિક ભાવની સાથે સાથે સહજતા અને સરળતા વહેતી રહે છે. લોકબાનીનો અનુભવ અને ઉર્દૂ-ફારસી શબ્દોની મીનાકારી ગઝલના એક એક શેરને તગઝઝુલ બક્ષે છે." (ગઝલ અને ગઝલકારો, પા.૨૪૬) રાજેન્દ્ર શુક્લની ગઝલોની ભાષા એકદમ નાજુક અને નમણી પણ છે તો ક્યારેક અતિ તત્સમ અને ઉર્દૂ-ફારસી શબ્દોને કારણે એ ભાષા ભારેખમ પણ બને છે. છતાં વિવિધ પ્રકારના

ભાવોની વિવિધપૂર્ણ અભિવ્યક્તિ એ રાજેન્દ્ર શુક્લની વિશેષતા છે. રમેશ પુરોહિત એ વિશેષતા આ રીતે બતાવે છે "રાજેન્દ્રની ખૂબી એ છે કે એ ગઝલના મૂળભૂત મિજાજને જાળવી રાખે છે એટલે ભાષા ક્યારેક ભજનની, ક્યારેક વેદની ઋચાની તો ક્યારેક સંસ્કૃત શ્લોકની લગોલગ લાગતી હોય તો પણ એ રચના આખરે ગઝલ બને છે. કારણ એ છે કે ગઝલના મૂળભૂત સૌન્દર્યને આધુનિક સંવેદનામાં સાંકળી લઈને એ ગઝલના કારણને એક ડગલું આગળ લઈ જાય છે." (ગઝલ અને ગઝલકારો, પા. ૨૪૧)

ગઝલકાર રાજેન્દ્ર શુક્લની અન્ય એક ગઝલનો અભ્યાસ કરવાથી પણ ગઝલકાર તરીકે રાજેન્દ્ર શુક્લની પ્રતિભાનો ખ્યાલ આવશે.

*પુકારો ગમે તે સ્વરે, હું મળીશ જ*
*સમયના કોઈ પણ થરે હું મળીશ જ*
*ન ખૂલે ન તૂટે કટાયેલું તાળું*
*કોઈ હિજરતીના ઘરે હું મળીશ જ*
*હતો હું સુદર્શન સરોવર છલોછલ*
*હવે કુંડ દામોદરે હું મળીશ જ*
*નગારે પડે ઘા પહેલો કે ચોરે*
*સમીસાંજની ઝાલરે હું મળીશ જ*
*બપોરે ઉપરકોટની સુની રાંગે*
*અટૂલા કાંગરે હું મળીશ જ*
*તળેટી સુધી કોઈ વહેલી સવારે*
*જશો તો પ્રભાતી સ્વરે હુ મળીશ જ*
*કોઈપણ ટૂકે જઈ જરા સાદ દેજો*
*સુસવતા પવનના સ્તરે હું મળીશ જ*
*શિખર પર ચટકતી હશે ચાખડી ને*
*ધરીને કમંડળ કરે હું મળીશ જ*
*છતાં યાદ આવે તો કેદાર ગાજો*
*તરત આવીને ભીતરે હું મળીશ જ*
*શમે મૌનમાં શબ્દ મારા પછી પણ*
*કોઈ સોરઠે - દોહરે હું મળીશ જ*
*હશે, કોક જણ તો ઉકેલીય શકશે*
*શિલાલેખના અક્ષરે હું મળીશ જ*
*મને ગોતવામાં જ ખોવાયો છું આ*
*પત્યે પરકમ્મા આખરે હું મળીશ જ*
*જૂનાગઢ, તને તો ખબર છે, અહીં હર*
*ઝાંખરે, કાંકરે હું મળીશ જ*

ગઝલકાર રાજેન્દ્ર શુક્લના પરિચય સમાન આ ગઝલ છે. જૂનાગઢ સાથે ગઝલકારનો નાતો રહ્યો છે. અહીંના પ્રત્યેક સ્થાન સાથે ગઝલકારને લગાવ રહ્યો છે. એ તમામ સ્થાન સાથે ગઝલકારનું અસ્તિત્ત્વ સંકળાયેલું છે. એટલે

તો કહે છે, 'પુકારો ગમે તે સ્વરે હું મળીશ જ.' જૂનાગઢ સાથે ગઝલકાર ઓતપ્રોત છે. જૂનાગઢનો ઉપરકોટનો વિસ્તાર હોય, દામોદર કુંડ હોય કે અશોકના સમયના શિલાલેખ હોય. આ બધા સાથે ગઝલકારનું તાદાત્મ્ય રહ્યું છે અને એ બધી જગ્યાએ ગઝલકારની ચેતના વિહરી રહી છે. એટલે, તો 'મળીશ જ'નું વારંવાર પુનરાવર્તન થાય છે. એમાં પણ 'જ' નિપાત દ્વારા પોતાની હોવાની વાતને ભારપૂર્વક રજૂ કરે છે.

ગિરનારની ટોચે કે ગિરનારની તળેટીમાં, ઠંડી-મીઠી લહરમાં કે સુસવતા પવનમાં, જ્યાં જેને જે રીતે, જે રૂપમાં મળવું હોય સાદ કરે ગઝલકાર મળી આવશે. આ મળી આવવાની વાત કેવળ સ્થૂળ રીતે અહીં રજૂ નથી થઈ. ગઝલકારને આ બધા સ્થાન સાથે એવો ઘરોબો છે કે સ્થૂળ અસ્તિત્ત્વની હાજરી નહીં પણ ગઝલકારનું સૂક્ષ્મ ચૈતન્યરૂપ અહીં ગાઢ રીતે સંકળાયેલું છે. જૂનાગઢ નરસિંહ મહેતાની ભૂમિ પણ રહી છે. ગઝલકારે આ ગઝલમાં જે જે સ્થળોનો ઉલ્લેખ કર્યો છે એ બધાં સ્થળો સાથે નરસિંહ મહેતાની સ્મૃતિ પણ જોડાયેલી છે. આ ગઝલમાં ગઝલકાર નરસિંહ મહેતાને યાદ ન કરે તો જ નવાઈ લાગે! દામોદર કુંડના સંદર્ભ દ્વારા તો નરસિંહ મહેતા યાદ આવે જ પણ નરસિંહપ્રિય કેદાર દ્વારા પણ એનું સ્મરણ થયું છે. પ્રત્યેક કાંકરે, ઝાંખરે મળવાની વાતનો છે જ પણ ભાવક પોતાની ભીતર ડોકિયું કરે તો ત્યાં પણ ગઝલકારના હોવાની પ્રતીતિ કરશે. જૂનાગઢની આબોહવા જેમના શ્વાસમાં છે એવા આ ગઝલકાર વર્ષો પછી પણ જૂનાગઢને ભૂલી શક્યા નથી. જૂનાગઢ આમ પણ ભુલાય એવું નથી જ્યાં ગિરનાર બિરાજમાન હોય, જ્યાં નરસિંહ મહેતાનાં પ્રભાતિયાં ગૂંજતાં હોય એ જૂનાગઢને ભૂલવું શક્ય પણ નથી.

જૂનાગઢના વિવિધ સ્થળોએ સ્થૂળ-સૂક્ષ્મ રૂપે ગઝલકાર પોતાને અનુભવી રહ્યા છે અને ભાવકને કહે છે, કે ત્યાં ત્યાં મારું અસ્તિત્ત્વ હજી પણ છે. પરંતુ જરા જુદી રીતે વિચાર કરીએ તો ગઝલકાર જૂનાગઢના વિવિધ સ્થળોએ છે કે પછી વિવિધ સ્થળો ગઝલકારની ભીતર ઘર કરીને બેઠાં છે? જૂનાગઢ સાથે એકરૂપ થવાની વાત અહીં જુદા જુદા શે'ર દ્વારા અનેક સંદર્ભો સાથે રજૂ થઈ છે.

### ➠ ૧૨.૪ વસ્તુલક્ષી કસોટી

(૧) રાજેન્દ્ર શુક્લની આ બંને ગઝલના છંદોની તપાસ કરો.

(૨) આ બંને ગઝલમાં જે કાફિયાઓનો વિનિયોગ થયો છે, એવા બીજા કાફિયાઓની યાદી તૈયાર કરો.

(૩) આ બંને ગઝલના કયા કયા શે'રોમાંથી તમને મિજાજનો અનુભવ થયો? કારણ સહિત ચર્ચા કરો.

### ➠ ૧૨.૫ ભાષાકીય સામગ્રીનો અભ્યાસ

(૧) આ બંને ગઝલમાં ઉર્દૂ-ફારસી શબ્દો ઉપરાંત તત્સમ શબ્દોનો વિનિયોગ થયો છે. એવા શબ્દોની યાદી અર્થસહિત તૈયાર કરો.

(૨) 'ગોતવામાં' જેવો તળપદી શબ્દ પણ અહીં છે. એવા બીજા તળપદા શબ્દોની યાદી અર્થસહિત તૈયાર કરો.

### ➠ ૧૨.૬ પુનરાવલોકન

બાલાશંકર કંથારિયાથી ગુજરાતી ગઝલનો આરંભ ગણીએ તો રાજેન્દ્ર શુક્લ સુધી આવતા ગઝલ અવનવા વળાંકો પાસેથી પસાર થાય છે. રાજેન્દ્ર શુક્લ પાસે ગઝલ અટકે છે અને એક નવો વળાંક લઈને આગળ વધે છે. ગઝલની ભાષા, ગઝલમાં છંદ-કાફિયા-રદીફનું નાવીન્ય, સાવ નાજુક મિજાજથી લઈને આધ્યાત્મિક મિજાજ - આ બધી બાબતોમાં ગુજરાતી ગઝલે પૂર્વે ન માણી હોય એવી ગઝલો રાજેન્દ્ર શુક્લ પાસેથી મળે છે. રાજેન્દ્ર શુક્લ લાંબી તેમજ ટૂંકી બંને બહેરોમાં ગઝલને સિદ્ધ કરે છે. છંદવૈવિધ્ય રાજેન્દ્ર શુક્લની ગઝલોમાં જોવા મળે છે. 'લગાગા'નાં

આઠ આવર્તન કે ઝૂલણાંને મળતો આવતો ‘ગાલગાં’નો આઠ આવર્તન સુધી પણ એમની પંક્તિઓ લંબાતી જોવા મળે છે. બહુ પરિચિત ન હોય એવા છંદોમાં એમની ગઝલો ઘૂમી વળી છે. ગુજરાતી ગઝલને પરિચિત ન હોય એવા છંદોમાં રાજેન્દ્ર શુક્લે ગઝલો રચી છે. તો કેટલાયે કાફિયા એવા છે જેનો પહેલી વાર પરિચય રાજેન્દ્ર શુક્લની ગઝલો કરાવે છે. રાજેન્દ્ર શુક્લના સમકાલીન સર્જક ચિનુ મોદી રાજેન્દ્ર શુક્લની ગઝલોની ભાષા વિશે જણાવે છે, “રાજેન્દ્રને કોઈ નાટકકારની જેમ આખેઆખી ગુજરાતી ભાષા આવડે છે. અર્થાત ગુજરાતમાં બોલાતી-લખાતી તમામ છટાઓ રાજેન્દ્રને સહજસિદ્ધ છે. એ તત્સમ શબ્દ કે સામને છેડાના તળપદા શબ્દને એકસરખા કૌશલથી પ્રયોજે છે. એને વ્રજરંગી ગઝલભાષા કરતા પણ આવડે અને અરબી-ફારસી-ઉર્દૂ નો ગઝલમાં માહોલ રચતા પણ આવડે, ખડી બોલી બોલતા બાવાઓની પણ પદાવલિ રાજેન્દ્રને કલમવગી, જ્યારે જે આવશ્યક, એ શબ્દાવલિ સહજ રીતે ઉપયોગમાં લે.” (‘પરબ’, નવેમ્બર-૨૦૦૬, મારા સમકાલીન કવિ રાજેન્દ્ર શુક્લ, ચિનુ મોદી, પા.૫૩)

### ➠ ૧૨.૭ લેખનપ્રવૃત્તિ

રાજેન્દ્ર શુક્લની અન્ય એક ગઝલ અને શે’રો અહીં પ્રસ્તુત છે. આ ગઝલ અને શે’રોને તમે તમારી રીતે આસ્વાદવાનો - મૂલવવાનો પ્રયત્ન કરો.

*હજો હાથ કરતાલ ને ચિત્ત ચાનક,*
*તળેટી સમીપે હજો ક્યાંક થાનક.*

*લઈ નોંવ થાશે સમયરો હળાહળ*
*ધર્યો હોઠ ત્યાં તો અમિયલ પાનક.*

*સુખડ જેમ શબ્દો ઊતરતા રહે છે,*
*તિલક કોઈ આવીને કરશે અચાનક.*

*અમે જાળવ્યું છે ઝીણેરાં જતનથી,*
*મળ્યું તેવું સોંપીશું કોરું કથાનક.*

*છે ચન જેનું એનાં જ પંખી ચૂગે આ,*
*રખી હથ્થ હેવી નિહાળે છે નાનક.*

*નયનથી નીતરતી મહાભાવ મધુરા,*
*બહો ધૌત ધારા બહો ગૌડ ગાનક.*

*શબોરોજ એની મહેકનો મુસલસલ*
*અજબ હાલ હો ને અનલહક આનક.*

* * *

➢ *આ અહીં પહોચ્યા પછી એટલું સમજાય છે,*
*કોઈ કંઈ કરતું નથી, આ બધુ તો થાય છે.*

➢ *શબ્દો રટું કે રહું માત્ર મૌનભેર,*
*એક જ થવાનો અર્થ હવે પ્રેમ...પ્રેમ...પ્રેમ...*

➢ *સૂરજને ઠેઠ સાંજે એની ખબર પડે કે,*
*કોઈ કિરણની ચાદર વણતું રહે સવારે.*

➢ કંઠ રુંધાયણ સાદની એ અવસ્થા હતી,
હા હતી, ઘોર ઉન્માદની એ અવસ્થા હતી.

➢ ક્ષણના કટકા પણ ક્ષણ છે ને ક્ષણનો ચૂરો પણ ક્ષણ,
છટકી આ તો પરબારી સૂડી વચ્ચે સોપારી.

➢ 'શ્વાસ વર્ણવજો તમે વ્યાકુળકથા એવી રીતે,
એક ક્ષણમાં એ સ્વયં અહીં આવવા વ્યાકુળ બને.'

➢ ઈચ્છાની આપમેળે એણે દડી ઉછાળી,
બહુ એકલો હતો એ ને પાડવી'તી તાળી.

➢ એક સંચર્યું સીધી વાટે,
એક સતત આડું ફાટેલું!

➢ હું તો ધરાનું હાસ છું, હું પુષ્પનો પ્રવાસ છું,
નથી તો ક્યાંય પણ નથી, જુઓ તો આસપાસ છું.

➢ ઝાકળ વિશે મળ્યો છે મને પત્ર એકદા,
ઊકલે કદાચ તારા નયનના ઉજાસમાં.

➢ સાવ અમારી જાત અલગ છે, કરવી છે તે વાત અલગ છે,
સૂતેલાંના સ્વપ્ન અલગ ને જાગે તેની રાત અલગ છે.

➢ ભરી સભામાં એક એમની વાત અનોખી કાં લાગે આ?
શબ્દો એના એ જ પરંતુ પોત અલગ છે, ભાત અલગ છે!

➢ કીડી સમી ક્ષણોની આ આવજાવ શું છે?
મારું સ્વરૂપ શું છે, મારો સ્વભાવ શું છે?

➢ દેખૂંગા ઔર દોડૂંગા, મૈં દરવાજા તોડૂંગા!
સાંસ સૂરંગા ફોડૂંગા, મૈં દરવાજા તોડૂંગા!

➢ આંગન આંગન અલખ જગાયા, ગોરખ આયા,
જાગો રે જનનીના જાયા, ગોરખ આયા!

➢ કામરૂપણી દુનિયા દાખે રૂપ અપારા,
રુપના લગ લાગે અતિ સુંદર, ચેત મછંદર!

➢ કથા બધાની પછી કહીશું,
હું તો અટાણે ગઝલ કહું છું.

➢ કોનું ધર્યું છે નામ, કયે રૂપ ઝળહળું,
કોને જપું છું જાપ, મને કૈં ખબર નથી.

- *હું નતો સફર મહીં, સફરમાં તો નાવ હતી,*
  *હું તો હું મહી હતો, કોની આવજાવ હતી?*
- *ચૈત્ર ચાંદની, લ્હાય બળે છે,*
  *તમે જ ચંદન ધરતા, સાજન!*
- *સામાય ધસી જઈયે, આઘાંય ખસી જઈયે,*
  *એકાદ મળે ક્ષણ તો ક્ષણમાંય વસી જઈયે.*
- *આપણા સામટા શબ્દ ઓછા પડે,*
  *એમના મૌનને એટલા રંગ છે.*
- *લો કરું કોશિશ ને ફાવે તો કહું,*
  *શબ્દ જો એને સમાવે તો કહું!*
- *સમાઈ ક્યાં શકું છું હું નગરમાં કે મહાલયમાં?*
  *ગુહા જેવું ગહન કાંઠે મને ગિરનાર સંઘરશે.*

### ૧૨.૮ વિશેષ અધ્યયન

રાજેન્દ્ર શુક્લ આધુનિક ગઝલકાર છે. ભાવ અને ભાષાની રીતે એ અપૂર્વ અભિવ્યક્તિ ગઝલમાં સિદ્ધ કરે છે. આધુનિક ગઝલકારો 'આદિલ' મન્સૂરી, ચિનુ મોદી, મનહર મોદી વગેરે ગઝલકારોએ ગઝલમાં કરેલા પ્રયોગો નોંધપાત્ર છે. એ ગઝલકારોના પ્રયોગોની સાથે સાથે રાજેન્દ્ર શુક્લની ગઝલોની સરખામણી કરવામાં આવે તો પણ આધુનિક ગુજરાતી ગઝલને પામી શકાય એમ છે. આ અભ્યાસને કારણે તમે રાજેન્દ્ર શુક્લની ગઝલોને સમગ્રતયા મૂલવી શકશો, ગઝલ વિશેની તમારી સમજ પણ વિશદ બનશે.

### ૧૨.૯ કવિપરિચય

રાજેન્દ્ર શુક્લનો જન્મ તા. ૧૨-૧૦-૧૯૪૨ના દિવસે થયો હતો. રાજેન્દ્ર શુક્લ પાસેથી 'કોમલ રિષભ' (૧૯૭૦), 'સ્વવાચકની શોધમાં' (૧૯૭૨), 'અંતર ગાંધાર' (૧૯૮૧), 'ગઝલ સંહિતા' (૨૦૦૫) અને 'સેંજળ' (૨૦૧૨) વગેરે સંગ્રહો પ્રાપ્ત થાય છે. ગઝલક્ષેત્રે દીર્ઘ પ્રદાન બદલ એમને 'વલી ગુજરાતી ગઝલ એવોર્ડ' પ્રાપ્ત થયો હતો. 'ગઝલસંહિતા'ને સાહિત્ય અકાદેમી, દિલ્હીનું પારિતોષિક પ્રાપ્ત થયું હતું. ગઝલ ઉપરાંત, ગીત અને છંદમુક્ત કવિતાના ક્ષેત્રમાં પણ એમનું પ્રદાન મહત્ત્વનું રહ્યું છે.

### ૧૨.૧૦ સંદર્ભ


(૧) દવે, હરીન્દ્ર. (સં.) મધુવન, મુંબઈ. - સુમન પ્રકાશન.
(૨) પુરોહિત, રમેશ. ગઝલ અને ગઝલકારો, અમદાવાદ. - નવભારત સાહિત્ય મંદિર, ૨૦૧૫.
(૩) પુરોહિત, રમેશ. ગઝલ ૧૦૧, અમદાવાદ. - નવભારત સાહિત્ય મંદિર, ૨૦૧૬.
(૪) મોદી, ચિનુ. (સં.) ગુજરાતી પ્રતિનિધિ ગઝલો, નવી દિલ્હી. - સાહિત્ય અકાદમી, ૨૦૦૮.
(૫) રાહી, એસ.એસ., રાજેશ વ્યાસ 'મિસ્કીન' (સં.) અમર ગઝલો. અમદાવાદ. - આર. આર. શેઠ એન્ડ કંપની પ્રા. લિ., જાન્યુઆરી, ૨૦૧૬.
(૬) રાહી, એસ. એસ. ગઝલના મહેલમાં, અમદાવાદ. - પાર્શ્વ પ્રકાશન, ૨૦૦૫.


❒

# એકમ ૧૩ મનોજ ખંડેરિયા

૧૩.૧ ઉદ્દેશ
૧૩.૨ પ્રસ્તાવના
૧૩.3 કૃતિ
૧૩.૩.૧ કૃતિનો સઘન અભ્યાસ
૧૩.૪ વસ્તુલક્ષી કસોટી
૧૩.૫ ભાષાકીય સામગ્રીનો અભ્યાસ
૧૩.૬ પુનરાવલોકન
૧૩.૭ લેખનપ્રવૃત્તિ
૧૩.૮ વિશેષ અધ્યયન
૧૩.૯ કવિપરિચય
૧૩.૧૦ સંદર્ભ

## ૧૩.૧ ઉદ્દેશ

(૧) ગુજરાતી ગઝલક્ષેત્રે જેમનું મહત્ત્વપૂર્ણ પ્રદાન છે એવા ગઝલકારની ગઝલોનો પરિચય થશે.
(૨) મનોજ ખંડેરિયાની ગઝલોની ભાષાસમૃદ્ધિ અને ભાવસમૃદ્ધિનો ખ્યાલ આવશે.
(૩) ગુજરાતી ગઝલના વિકાસમાં મનોજ ખંડેરિયાના પ્રદાનનો ખ્યાલ આવશે.

## ૧૩.૨ પ્રસ્તાવના

ગુજરાતી ગઝલને નવો વળાંક આપનારા જે અગ્રગણ્ય ગઝલકારો છે એમાં મનોજ ખંડેરિયાને પણ ગણવા પડે. પરંપરા સાથે અનુસંધાન જાળવીને એમણે ગઝલોમાં નાજુક અભિવ્યક્તિ કરી છે. તળપદ બાનીનો લહેકો પણ એમની ગઝલોમાંથી સાંભળવા મળે છે. ગઝલકાર તરીકે એમણે કેટલાક પ્રયોગો પણ કર્યા છે. આ પ્રયોગો મુખ્યત્વે ગઝલના સ્વરૂપ સાથેના છે. સાદી, સરળ ભાષા એ ગઝલકાર તરીકે મનોજ ખંડેરિયાની વિશેષતા છે.

## ૧૩.3 કૃતિ

*પકડો કલમ ને કોઈ પળે એમ પણ બને,*
*આ હાથ આખેઆખો બળે એમ પણ બને.*
*જ્યાં પહોંચવાની ઝંખના વરસોથી હોય ત્યાં*
*મન પ્હોંચતાં જ પાછું વળે એમ પણ બને.*
*એવું છે થોડું છેતરે રસ્તા કે ભોમિયા?*
*એક પગ બીજા પગને છળે એમ પણ બને.*
*જે શોધવામાં જિંદગી આખી પસાર થાય,*
*ને એ જ હોય પગની તળે એમ પણ બને.*

*તું ઢાળ ઢોલિયો : હું ગઝલનો દીવો કરું,*
*અંધારું ઘરને ઘેરી વળે એમ પણ બને.*

### ● ૧૩.૩.૧ કૃતિનો સઘન પરિચય

મનોજ ખંડેરિયાની આ જાણીતી ગઝલ છે. આ ગઝલની મજા 'એમ પણ બને' રદીફમાં રહેલી છે. આપણે વાતચીતમાં લહેકામાં 'આમ પણ થાય'ને 'તેમ પણ થાય' બોલતા હોઈએ છીએ. 'એમ પણ બને'માં પણ એ જ લહેકો છે. જે વસ્તુ સ્થિતિ છે એની બીજી બાજુ અહીં ઉજાગર થઈ છે. ક્યારેક જે દેખાય છે, જે સંભળાય છે, જે વંચાય છે એનાથી જુદી સંભાવના પણ નીપજી આવતી હોય છે. એ જુદી જુદી સંભાવનાઓ અહીં જુદા જુદા શે'ર દ્વારા વ્યક્ત થાય છે.

પહેલો શે'ર સર્જન પ્રક્રિયા સંદર્ભે છે. મનોજ ખંડેરિયા જૂનાગઢના વતની હતા. જૂનાગઢ આવે એટલે નરસિંહ મહેતા યાદ આવે. હાથ આખે આખો બળવાની વાતમાં નરસિંહના હાથ બળવાનો સંદર્ભ રહેલો છે. રાસલીલા જોતી વખતે નરસિંહ મહેતા તન્મય થયા હતા તે હાથમાં પકડેલી મશાલને બદલે હાથ બળવા લાગ્યો, એનું ભાન સુદ્ધાં ના રહ્યું. સર્જક માટે હાથમાં કલમ પકડવી એ મશાલ પકડવા બરાબર જ છે. સર્જન સાથે એટલા બધા ઓતપ્રોત થઈ જવાય કે હાથ બળવા સુધીની અનુભૂતિ થાય! સર્જનની પ્રક્રિયાનો એટલે તો મહિમા રહ્યો છે. એ અનુભવ પીડાદાયક હોય છે પણ નરસિંહ મહેતાને પછી કૃષ્ણદર્શનનો જે આનંદ પ્રાપ્ત થયો એવો જ આનંદ સર્જન સાથે પણ રહ્યો હોય છે. બીજા શે'રમાં મનની ગતિ વિશે બહું જ સરળ રીતે અભિવ્યક્તિ થઈ છે. મનની લીલા અકળ છે. વરસોથી જેની ઝંખના હોય, મનમાં એને પામવાની કે એ જગ્યા સુધી પહોંચવાનો તલસટ હોય, પણ જેવી એ ક્ષણ આવે મન પાછું વળતું હોય છે. તલસાટ-આવેગ-તીવ્રતા-ઝંખના- બધું જ શમી જતું હોય એવું પણ બનતું હોય છે. દરેક વ્યક્તિનો આ અનુભવ રહેતો હોય છે. પદાર્થ કે પરિસ્થિતિ નથી હોતી ત્યાં સુધી જ એની ઝંખના હોય છે. જેવું એની સંમુખ થવાની સ્થિતિ આવે મન પાછું વળતું હોય છે.

આ દુનિયામાં કોણ, ક્યારે, કેવી રીતે વર્તે એ કહી શકાતું નથી. પડછાયો પણ આપણને છેતરી જાય એ કહી શકાતું નથી. ભોમિયાના વિશ્વાસે પ્રવાસ પૂરો કરવાનો હોય અને ભોમિયો ભૂલ કરે તો? ભૂલ કરે ત્યાં સુધી વાંધો નથી પણ એ બદઈરાદો ધરાવતો હોય તો? જીવનમાં કે પ્રવાસમાં આવા કેટલાયે ભોમિયા આપણી આસપાસ હોય છે જે બદઈરાદો ધરાવતા હોય છે. પણ માત્ર ભોમિયાને જ શું કામ દોષ દેવો? આપણે આપણા પગના વિશ્વાસે પ્રવાસે નીકળી પડ્યા હોઈએ અને એ પગ જ તમારો વિશ્વાસભંગ કરે ત્યારે શું? ટૂંકમાં, એકદમ અંગત નજીકની વ્યક્તિ દ્વારા છેતરાયાની લાગણી અહીં જુદા સંદર્ભો દ્વારા તીવ્ર રીતે વ્યક્ત થઈ છે. બીજા અને ચોથા શે'રને સાથે મૂકીને આસ્વાદ કરવા જેવો છે. વરસોની ઝંખના પછી મન તરત જ પાછું વળતું હોય છે એમ વરસોની શોધ પછી ખબર પડે કે એ તો પોતાની પાસે જ હતું. પોતે જ પોતાના પગ નીચે દબાવી રાખ્યું હતું અને જગતમાં શોધ્યા કરતા હતા. જે શોધવાનું પોતાની ભીતર હતું. એને બાહ્ય જગતમાં શોધ્યા કરવાનો અર્થ ખરો? વર્ષોના વર્ષો નિરર્થક ગયા, એ અનુભૂતિ પણ અહીં તીવ્ર રીતે વ્યક્ત થઈ છે.

સર્જક શબ્દના અજવાળે જીવતો હોય છે. શબ્દ ઉપર સર્જકને ભરોસો હોય છે. આ ભરોસો વર્ષોની શબ્દસાધનાને કારણે ઊભો થતો હોય છે. ગઝલકાર મનોજ ખંડેરિયા માટે ગઝલનો દીવો-ગઝલનું અજવાળું સર્વસ્વ છે. પણ ક્યારેક એવું પણ બને કે ગઝલનો દીવો પ્રગટે કે તરત અંધારું ઘરને ઘેરી વળતું હોય છે. બહારનું અંધારું એટલું તીવ્ર હોય છે કે ભીતરનું અજવાળું પણ એ અંધારાને ઠેલી શકતું નથી. મનોજ ખંડેરિયાની બીજી એક ગઝલનો અભ્યાસ કરવાથી પણ ગઝલકાર તરીકે મનોજ ખંડેરિયાની પ્રતિભાનો ખ્યાલ આવશે.

*ક્ષણોને તોડવા બેસું તો વરસોનાં વરસ લાગે,*
*બુકાની છોડવા બેસું તો વરસોનાં વરસ લાગે.*
*કહો તો આ બધાં પ્રતિબિંબ હું હમણાં જ ભૂંસી દઉં,*
*અરીસો ફોડવા બેસું તો વરસોનાં વરસ લાગે.*
*કમળ-તંતુ સમા આ મૌનને તું તોડ મા નાહક,*
*ફરીથી જોડવા બેસું તો વરસોના વરસ લાગે.*
*આ સપનું તો બરફનો સ્તંભ છે, હમણાં જ ઓગળશે,*
*હું એને ખોડવા બેસું તો વરસોના વરસ લાગે.*
*મને સદ્ભાગ્ય કે શબ્દો મળ્યા તારે નગર જાવા,*
*ચરણ લઈ દોડવા બેસું તો વરસોનાં વરસ લાગે.*

ગઝલકાર તરીકે મનોજ ખંડેરિયાની વિશેષતા એ છે, કે એ પાંચ શે'રમાં પોતાની વાત પૂરી થઈ જતી હોય તો આગળ વધતા નથી. આગળની ગઝલમાં પણ પાંચ શે'ર હતા અને આ ગઝલમાં પણ પાંચ શે'ર છે. બીજી વિશેષતા એ છે કે રદીફ વૈવિધ્ય એમની ગઝલોમાં પુષ્કળ જોવા મળે છે. રદીફ પ્રમાણમાં લાંબી પણ હોય છે. 'એમ પણ બને' અને આ ગઝલની રદીફ 'બેસું તો વરસોના વરસ લાગે' ઉદાહરણ તરીકે જોઈ શકાય. અહીં પણ 'બેસું તો વરસોના વરસ લાગે' રદીફ દ્વારા જુદી જુદી વસ્તુસ્થિતિ અને એનાં પરિણામોની સંભાવના વ્યક્ત કરી છે.

જીવનની પ્રત્યેક ક્ષણમાં કોઈ ને કોઈ સમસ્યા રહેલી હોય છે. આપણે એ ક્ષણોને હટાવી નથી શકતા કે નથી તો એને દૂર કરી શકતા. કાળ બુકાની પહેરીને આવે છે અને આપણે એને ઓળખી નથી શકતા. ક્ષણ અને ક્ષણના દીર્ઘ પરિમાણ એવા કાળને ઓળખવા મથીએ છીએ, એમાં વરસોના વરસ વીતી જતાં હોય છે. બુકાની બાંધીને આવતા સમયનો ચહેરો ઓળખવો એ સૌથી અઘરું કામ છે. ક્યારેક એ કામમાં જ જિંદગી આખી પસાર થઈ જતી હોય છે.

અરીસાને માણસના પ્રતિબિંબ સાથે સંબંધ રહેલો છે. માણસનો ચહેરો જેવો છે એવો અરીસો બતાવે છે. પણ પ્રતિબિંબ અરીસાની અંદર રહેલું હોય છે અને ચહેરો બહાર હોય છે. ક્યારેક એક સાથે એ બધાં પ્રતિબિંબ ભૂંસી નાખવાનો અવસર આવે ત્યારે? બધા ચહેરા અને એ તમામ ચહેરાનાં તમામ પ્રતિબિંબ અજાણ્યા બનીને અરીસાની અંદર જ આપણી સામે ઊભા રહે ત્યારે? ત્યારે એ બધાં પ્રતિબિંબ ભૂંસી નાખવાનું મન થાય પણ અરીસો ફોડવાનું કામ એટલું સહેલું નથી. આ અરીસો તો આપણને આપણો અસલી ચહેરો બતાવે છે. આપણે જેટલા પ્રામાણિક અરીસો પણ એટલો જ પ્રામાણિક! આવા પ્રામાણિક અરીસાને ફોડવામાં વરસોનાં વરસ લાગે એ સ્વાભાવિક છે.

અરીસો તો સ્થૂળ પદાર્થ છે, ફૂટી પણ જાય, પણ મૌન? અને એ પણ કમળ-તંતુ જેવું નાજુક મૌન? મૌન આગળ કમળ-તંતુ વિશેષણ લગાડીને ગઝલકારે મૌનનો મહિમા કર્યો છે. આવું મૌન વિશેષ હોય છે. એવા મૌનનું જતન કરવું પડે. પણ આપણે મૌનનો મહિમા સમજી શકતા નથી. રમત-રમતમાં એ નાજુક મૌનને ખંડિત કરી નાખીએ છીએ. ફૂટી ગયેલો અરીસો જેમ પહેલા જેવો થતો નથી એમ તૂટેલું મૌન પણ સાંધી શકાતું નથી. અરીસો અને મૌન બંનેમાં રહેલી તિરાડો અનેક પીડાની ચાડી ખાતી હોય છે.

કમળ-તંતુ સમાન મૌન હોય અને બરફના સ્તંભ જેવાં સપનાં હોય ત્યારે વ્યક્તિત્ત્વ કેટલું નાજુક હશે, એનો ખ્યાલ આવે છે. સપનું જોયા પછી એ પૂરું ક્યારે થાય એની પ્રતીક્ષા રહેતી હોય છે પણ અહીં તો એવો સમય જ નથી. બરફના સ્તંભ જેવું સપનું તો બીજી જ ક્ષણથી ઓગળવાનું શરૂ કરી દે છે. સપનું જાણો-માણો એ પહેલાં

તો એનું પ્રવાહીકરણ થઈ ચૂક્યું હોય છે. એ પ્રવાહીનો ફરી બરફ બને, એમાંથી સ્તંભ બને અને એ સ્તંભને ખોડવાનો હોય ત્યારે? - આ આખી પ્રક્રિયા કહીએ એટલી સહેલી નથી હોતી. વરસોના વરસ વીતી જતાં હોય છે. એક સપનું જોવું અને એક સપનું પૂરું થવું - આ આખી પ્રક્રિયા બરફના સ્તંભને ફરી ખોડવા બરાબર છે. આ આખી પ્રક્રિયા આખી જિંદગી માગી લે, વરસોના વરસ માગી લે.

સર્જક બનવાનું સદ્ભાગ્ય સહુને નથી મળતું. પ્રિયપાત્રના નગર સુધી પહોંચવા માટે માઈલોના માઈલો કાપવા પડતા હોય છે. સર્જક પાસે શબ્દનો સથવારો છે. એ શબ્દના સથવારે તો સૂક્ષ્મરૂપે એ તુરંત જ પ્રિયપાત્રના નગરમાં પહોંચી જતો હોય છે. શબ્દ સાથેનો સથવારો એ સૂક્ષ્મ ઘટના છે. એ સૂક્ષ્મ ઘટના થકી સૂક્ષ્મ રૂપે પ્રિયપાત્ર પાસે પહોંચી જવાતું હોય છે. બાકી, ચરણ લઈ દોડવા બેસીએ તો વરસોનાં વરસ લાગવાનાં છે. ગઝલકારે અહીં એ રીતે શબ્દનો મહિમા પણ કર્યો છે.

મનોજ ખંડેરિયાની આ બંને ગઝલોની રદીફ ઘણું બધું સિદ્ધ કરે છે. 'એમ પણ બને' અને 'વરસોના વરસ લાગે' આ બંને રદીફો જુદી જુદી પરિસ્થિતિમાં રહેલી સંભાવનાઓ પ્રત્યે આપણું ધ્યાન ખેંચે છે. 'આમ પણ થઈ શકે' અને 'આટલો સમય પણ જાય' - વ્યવહારમાં થતી વાતોને ગઝલકાર મનોજ ખંડેરિયાએ કાવ્યાત્મક રૂપ આપ્યું છે.

## ૧૩.૪ વસ્તુલક્ષી કસોટી

(૧) મનોજ ખંડેરિયાના આ બંને ગઝલોના છંદની તપાસ કરો.

(૨) આ બંને ગઝલમાં જે કાફિયાઓનો વિનિયોગ થયો છે, એવા બીજા કાફિયાઓની યાદી તૈયાર કરો.

(૩) આ બંને ગઝલના કયા કયા શે'રમાંથી તમને મિજાજનો અનુભવ થયો? કારણ સહિત ચર્ચા કરો.

## ૧૩.૫ ભાષાકીય સામગ્રીનો અભ્યાસ

(૧) 'કમળ-તંતુ' જેવા સમાસ અને વિશેષણ હોય તો એની યાદી તૈયાર કરો.

(૨) 'ઢોલિયો' તળપદા શબ્દનો અર્થ શોધો. આવા બીજા તળપદા શબ્દોની યાદી અર્થસહિત તૈયાર કરો.

## ૧૩.૬ પુનરાવલોકન

ગુજરાતી ગઝલને નાજુક વળાંક આપવામાં મનોજ ખંડેરિયાનો ફાળો પણ અનન્ય છે. મરીઝ પછી ભાષાની સાદગી અને સોંસરાપણું મનોજ ખંડેરિયાની ગઝલોમાં જોવા મળે છે. બહું સાદા શબ્દોથી આ ગઝલકાર નોખી અભિવ્યક્તિ કરે છે જે તરત જ સ્પર્શી જાય છે. પ્રયોગશીલ અભિગમ આ ગઝલકારનો નથી પણ સરળ શબ્દોમાં વેધક વાત કરવાનું લક્ષ્ય એમનું જરૂર રહ્યું છે. મનોજ ખંડેરિયાની ગઝલોની વિશેષતા રમેશ પુરોહિત આ શબ્દોમાં વ્યક્ત કરે છે. ''મનોજના ભાષાકર્મને લીધે, બોલચાલના લહેકાવાળા રદીફોને લીધે પ્રથમ નજરે સરળ લાગે છે પણ તેમાં રહેલા સૂક્ષ્મ ભાવાર્થો ગઝલિયત બક્ષે છે. મનોજની વિશિષ્ટતા એ છે કે સંયમનો કવિ છે. લખ્યા જ કરવું એને ફાવતું નથી અને જ્યારે લખે છે ત્યારે તેમની પાસેથી રસાયણ બનીને આવેલી ઘૂંટાયેલી પંક્તિઓ મળે છે. મનોજે ગઝલોને સભારંજની બનવા દીધી નથી પણ અંગત અનુભૂતિની વાહક બનાવી છે.'' (ગઝલ અને ગઝલકારો, પા.૨૧૧) ગિરનાર અને જૂનાગઢનો પરિવેશ પણ એમની ગઝલોમાં સતત જોવા મળે છે. ગઝલોમાંથી કાઠિયાવાડી લહેકો પણ સંભળાય છે તો અદ્દલ કાઠિયાવાડી શબ્દો પણ જોવા મળે છે. ભાષાના સાદગીપૂર્ણ વિનિયોગ દ્વારા આ ગઝલકારની ગઝલ ભાવની તીવ્રતા પ્રગટાવી શકે છે, એ એમની મોટી સિદ્ધિ છે. નરસિંહ મહેતાના સ્થાનકની આ ગઝલકારની ગઝલ વિશે રમેશ પુરોહિત વિશેષમાં જણાવે છે, ''નરસિંહના ચોરાના આ કવિએ નરસિંહનું નામ આપ્યા વગર ઝૂલણા છંદમાં પલળતા પ્રથમ પ્હોરની, શામળશા શેઠની, રાગ કેદારની,

તળેટીમાં પડઘાતા કરતાલના ધ્વનિની, દામોદર કુંડની, ભક્તિ પદારથની તમામ ઘટનાઓનો પોતાની ગઝલોમાં વિનિયોગ કર્યો છે એટલું જ નહીં પદાવલિઓ લઈને તેમાં પોતીકા ચિંતનને ઉમેરી સોનામાં સુગંધ ભેળવી છે.'' (ગઝલ અને ગઝલકારો, પા.૨૧૯)

### ➠ ૧૩.૭ લેખનપ્રવૃત્તિ

મનોજ ખંડેરિયાની અન્ય એક ગઝલ અને શે'રો અહીં પ્રસ્તુત છે. આ ગઝલ અને શે'રોને તમે તમારી રીતે આસ્વાદવાનો - મુલવવાનો પ્રયત્ન કરો.

*ઈજાગ્રસ્ત - સણકા - સબાકાનો માણસ*
*તૂટી જાય સીવેલ ટાંકાનો માણસ.*
*ઉખેળો તો કાયમ ઉખેળાયા કરતો,*
*ન પૂરો થતો કેમે તાકાનો માણસ.*
*ગમે તે તરફથી અડો તો ચિરાશે,*
*બનાવ્યો છે બેધારા ચાકાનો માણસ.*
*ફરે આંખમાં તો ખબર પણ પડે ના,*
*નજાકતનો, સુરમા-સલાકાનો માણસ.*
*અમારી જ અંદર જવા પ્રયત્ન કરતાં-*
*સતત અમને રોકે છે નાકાનો માણસ.*
*શિરાએ શિરામાં સુરંગો પડી છે,*
*ગમે ત્યારે ફૂટશે ભડાકાનો માણસ.*
*નગર આખું થઈ જાય ગમગીન-મૂંગુ.*
*થતો ચૂપ જ્યારે તડાકાનો માણસ.*

* * *

- *કદી ન રોકી શકી આ ફૂલોની સમૃદ્ધિ,*
  *મને તો માળીની આ સાદગીએ રોક્યો છે.*

- *હું જ છું એક જે ગમું એને,*
  *બાકી ભેટે છે પાનખર કોને?*

- *ચલો મારી ભીતર ભર્યાં લાખ વિશ્વો,*
  *તમે જોયું છે આ જગત માત્ર એક જ!*

- *તમારું ખુદનું અંધારું ન ઘેરે તમને રસ્તામાં,*
  *કવિતાના કિરણનો હાથ ઝાલીને જરા નીકળો,*

- *લાલઘૂમ તાપમાં મ્હોરતો, મસ્તીનો તોર તે ક્યાં ગયો*
  *કોઈ કહેતું નથી,*
  *આ નગરની વચોવચ હતો એક ગુલમ્હોર તે ક્યાં ગયો*
  *કોઈ કહેતું નથી,*

➢ 'બુકાની બાંધી ફરનારાનું આ તો નગર મિત્રો!
મને ખુદને જ મળવામાં ઘણી તકલીફ પ્હોંચી છે.'

➢ 'ચમત્કારો નથી તો આ લખાતા શબ્દો બીજું શું?
સતત કાગળ ઉપર કંકુ ખરે છે આંગળીમાંથી.'

➢ 'પ્રવાહી અન્ય ન ચાલે ગઝલની રગરગમાં,
જરૂરી રક્ત છે ને રક્તનો વિકલ્પ નથી.'

➢ 'મારો અભાવ મોરની માફક ટહુકશે,
ઘેરાશે વાદળો ને હું સાંભરી જઈશ.'

➢ 'એક સાચી કવિતા જન્મે તો
વિશ્વ માટે વધાઈ છે પાનબાઈ.'

➢ 'આ સીધી વાટ છોડીને ચાલ્યો જવાનો સાવ,
શબ્દો સપાટ છોડીને ચાલ્યો જવાનો સાવ.'

➢ 'છંદ-શબ્દો-ધ્વનિ-અર્થ-લય સર્વ તૂટી પડે સામટા,
બસ અચાનક ગઝલકારનું કેન્દ્ર જ્યારે ખસી જાય છે.'

➢ 'ભીંત ફાડી પીળો ઊગતો તમે જોયો હશે,
છાતી ફાડી મ્હોરતો ગુલમ્હોર જોયો છે તમે?'

➢ 'વસ્યાં લોહીમાં ગામ નવસો નવાણું,
કવિતા વગરનું ન એકેય થાણું.'

➢ 'તેજ હશે કે ઝરમર? સૌરભ?કોણ હશે આ?
કૈં નમણી અટકળ જેવું છે દરવાજો ખોલ.'

➢ 'હલબલે છે ધરા, પ્યારનું કેન્દ્ર જ્યારે ખસી જાય છે,
શેષનાગે ઝીલ્યા ભારનું કેન્દ્ર જ્યારે ખસી જાય છે.'

➢ 'ચાદની દીધી ને સ્મરણ દીધાં,
ને ઉપરની ઋતુ શરદ આપી.'

➢ 'જીવનભર જળમાં સળગ્યો છું ઘડીભર શ્વાસ લેવા દે,
ઝીણી ઝાકળમાં સળગ્યો છું ઘડીભર શ્વાસ લેવા દે.'

➢ 'આત્મીયતા દીવાલથી ખરખર ખરી પડી,
ઓચિંતા ઘરમાં સાવ અટૂલા પડી ગયા.'

➢ 'ફરકતું પડે ત્યારે ભૂરી હવામાં,
ઝીણાં શિલ્પ કૈં કોતરી જાય પીંછુ.'

➢ *'આ ડાળ ડાળ જાણે કે રસ્તા વસંતના,*
*ફૂલો એ બીજું કૈં નથી પગલાં વસંતના.'*

➢ *'આવીને પાછું બેઠું'તું પંખી યુગો પછી,*
*ક્યાં અમથું શુષ્ક વૃક્ષ ભલા પાંગર્યું હતું.'*

➢ *'વહ્યા જાય વૃક્ષોના પડછાયા ધખધખ*
*બની મુગ્ધ એને નિહાળ્યાં કરે જળ.'*

## ➠ ૧૩.૮ વિશેષ અધ્યયન

મનોજ ખંડેરિયાના ભાવોની નજાકત સ્પર્શી જાય એવી છે. સરળ ભાષા દ્વારા એ આવા નાજુક ભાવો વ્યક્ત કરી શકે છે, એ એમની વિશેષતા છે. મનોજ ખંડેરિયાએ ગઝલો ઉપરાંત અંજની ગીતો અને 'શહામૃગ કાવ્યો' પણ લખ્યાં છે. એક કવિને સમજવા માટે એ રચનાઓનો અભ્યાસ પણ જરૂરી છે. મનોજ ખંડેરિયાની સાથે એમના સમકાલીન ગઝલકારોનો ગઝલોનો અભ્યાસ કરવાથી પણ આ ગઝલકાર ભાવ અને ભાષામાં ક્યાં નોખા તરી આવે છે, એનો ખ્યાલ આવશે. ગઝલ વિશેની તમારી સમજ પણ સ્પષ્ટ થશે.

## ➠ ૧૩.૯ કવિપરિચય

મનોજ ખંડેરિયાનો જન્મ તા. ૦૫-૦૭-૧૯૪૩ના દિવસે થયો હતો. તેમનું અવસાન તા. ૨૭-૧૦-૨૦૦૩ના દિવસે થયું હતું. મનોજ ખંડેરિયા પાસેથી 'અચાનક' (૧૯૭૦), 'અટકળ' (૧૯૭૯) અને 'હસ્તપ્રત' (૧૯૯૧) વગેરે સંગ્રહોમાંથી ગઝલો પ્રાપ્ત થાય છે. આ ગઝલકાર સર્જન પ્રક્રિયાને બહુ બારીકાઈથી સમજવાનો પ્રયત્ન કરે છે. શબ્દ અને શબ્દ દ્વારા થતા ચમત્કારનો મહિમા સતત એમણે ગઝલોમાં કર્યો છે.

## ➠ ૧૩.૧૦ સંદર્ભ

(૧) પુરોહિત, રમેશ. ગઝલ અને ગઝલકારો, અમદાવાદ. - નવભારત સાહિત્ય મંદિર, ૨૦૧૫.
(૨) મીર, રશીદ. ગઝલવાચના, અમદાવાદ. - રન્નાદે પ્રકાશન, જુલાઈ, ૨૦૧૫.
(૩) રાહી, એસ. એસ. ગઝલસંનિધિ, અમદાવાદ. - ડિવાઇન પબ્લિકેશન્સ, ૨૦૧૫.
(૪) વ્યાસ, રાજેશ 'મિસ્કીન', ગઝલ સંદર્ભ, અમદાવાદ. - નવભારત સાહિત્ય મંદિર, ડિસેમ્બર ૨૦૧૦.

❒

# એકમ ૧૪ ભગવતીકુમાર શર્મા


૧૪.૧ ઉદ્દેશ

૧૪.૨ પ્રસ્તાવના

૧૪.૩ કૃતિ

૧૪.૩.૧ કૃતિનો સઘન અભ્યાસ

૧૪.૪ વસ્તુલક્ષી કસોટી

૧૪.૫ ભાષાકીય સામગ્રીનો અભ્યાસ

૧૪.૬ પુનરાવલોકન

૧૪.૭ લેખનપ્રવૃત્તિ

૧૪.૮ વિશેષ અધ્યયન

૧૪.૯ કવિપરિચય


## ૧૪.૧ ઉદ્દેશ

(૧) ગુજરાતી ગઝલક્ષેત્રે અનેક સર્જકોનું મહત્ત્વનું પ્રદાન છે. એવા એક મહત્ત્વના ગઝલકારની ગઝલોનો પરિચય થશે.

(૨) ભગવતીકુમાર શર્માની ગઝલોની ભાષાસમૃદ્ધિ અને ભાવસમૃદ્ધિનો પરિચય થશે.

(૩) ગુજરાતી ગઝલના વિકાસમાં ભગવતીકુમાર શર્માના પ્રદાનનો ખ્યાલ આવશે.

## ૧૪.૨ પ્રસ્તાવના

આદિલ મન્સૂરી, ચિનુ મોદી, મનહર મોદી, મનોજ ખંડેરિયા, રાજેન્દ્ર શુક્લ વગેરે ગઝલકારોને ગઝલ સાથેના પ્રયોગો સાથે વધારે નિસબત હતી. આદિલ મન્સૂરી કે મનહર મોદીનો મિજાજ વધારે આધુનિક હતો. ભગવતીકુમાર શર્મા પરંપરા સાથે અનુસંધાન ધરાવીને જુદી અભિવ્યક્તિ નીપજાવે છે. ક્યારેક પ્રયોગશીલ મિજાજ પણ એમની ગઝલોમાં જોવા મળે છે.

## ૧૪.૩ કૃતિ

*અમે આંધી વચ્ચે તણખલાંના માણસ;*
*પીળા શ્વાસની તુચ્છ ઘટનાના માણસ.*
*ફટાણાંના માણસ, મરશિયાંના માણસ;*
*અમે વારસાગત સમસ્યાના માણસ.*
*'કદી'થી 'સદી'ની અનિદ્રાના માણસ;*
*પ્રભાતોની શાશ્વત પ્રતીક્ષાના માણસ.*

*અમે અમને મળવાને ઝૂરતા જ રહીએ;*
*સડકવન્ત ઝિબ્રાતા ટોળાના માણસ.*
*શિખર? ખીણ? ધુમ્મસ? સૂરજ? કે કશું નૈં?*
*'ટુ બી - નૉટ ટુ બી'ની 'હા-ના'ના માણસ.*
*ભરત કોઈ ગૂંથતું રહે મોરલાનું;*
*અમે ટચ્ચ ટૂંપાતા ટહુકાના માણસ.*
*મળી આજીવન કેદ ધ્રુવના પ્રદેશે,*
*હતા આપણે મૂળ તડકાના માણસ.*

### ● ૧૪.૩.૧ કૃતિનો સઘન અભ્યાસ

'માણસ' રદીફ રાખીને અનેક ગઝલકારોએ ગઝલ રચી છે. પરંતુ અગાઉ માણેલી મનોજ ખંડેરિયાની આ જ રદીફ રાખીને રચાયેલી ગઝલ અને ભગવતીકુમાર શર્માની આ ગઝલ અત્યંત જાણીતી છે. પરિસ્થિતિ અને એની વચ્ચે રહેલું માણસનું અસ્તિત્ત્વ કેવી રીતે ટકી રહે છે, એની અભિવ્યક્તિ અહીં જુદા જુદા શે'રમાં જોવા મળે છે.

જોરદાર આંધીની વચ્ચે એક તણખલાંનું અસ્તિત્ત્વ શું? શ્વાસ પીળો પડવા લાગે, અસ્તિત્ત્વ નામશેષ થતું હોય એવી ઘટના છે. વળી, આ ઘટનાનું કોઈ મહત્ત્વ નથી. કારણ કે માણસ માત્રની આ જ નિયતિ છે. એટલે એ ઘટના તુચ્છ ઘટના જ બની રહે છે. ક્યાંક આનંદનો અવસર હોય કે ક્યાંક પીડાનો પ્રસંગ હોય, બંનેમાં માણસની હાજરી અનિવાર્ય છે. આવી તો કેટલીયે સમસ્યા જીવનનો ભાગ બની જતી હોય છે. વળી, આવી કેટલીયે સમસ્યા આપણને વારસાગત મળી હોય છે. એવી વારસાગત સમસ્યાઓના ભાર સાથે આપણે જીવ્યે જવાનું હોય છે, અટક્યા વગર!

આ ગઝલનો ત્રીજો શે'ર ભાષાની રીતે પણ માણવા જેવો છે 'કદી' થી 'સદી'. અનિશ્ચિતતાથી નિશ્ચિતતાનો સમય. પણ એ સમય કેવો છે? અનિદ્રાનો સમય. આધુનિક મનુષ્યજગતનો અભિષાપ છે, અનિદ્રા. આવે વખતે માણસ કેવળ સવાર ક્યારે પડે, એની પ્રતીક્ષા જ કરતો હોય છે. એ પછીના શે'રમાં ગઝલકારે નવા શબ્દો પ્રયોજીને મિજાજ સિદ્ધ કરવાનો પ્રયત્ન કર્યો છે. પણ આ નવા શબ્દો પ્રયોજવાની જરૂર શું કામ પડી? માણસ પોતાને જ મળી શકતો નથી. પોતાને મળવા માટે ઝૂરવું પડે એવી પરિસ્થિતિ વચ્ચે એ જીવી રહ્યો છે. એ પરિસ્થિતિમાં પોતાની જાત સાથે વાત કરવા માટે નવા રસ્તા શોધવા પડે. 'સડકવન્ત', 'ઝિબ્રાતા' જેવા શબ્દો માણસ માટે નવા રસ્તાની ગરજ સારે છે. માણસ ટોળા વચ્ચે રહે છે, પણ એ ટોળામાં એના અસ્તિત્ત્વનો એને ખ્યાલ હોય છે? ટોળાથી અલગ થયા પછીની એકલતામાં એણે પોતાની જાત સાથે વાત કરવાની હોય છે.

સંવેદનશીલ વ્યક્તિ બહુ જલ્દી નિર્ણય કરી શકતી નથી. એ સતત દ્વિધામાં રહેતો હોય છે. 'શું કરવું અને શું ન કરવું' - 'ટુ બી ઓર નોટ ટુ બી'ની દ્વિધા વચ્ચે રહેતો માણસ કશું નક્કી કરી શકતો નથી. શેક્સપિયરના 'હેમ્લેટ'ની આ પ્રસિદ્ધ ઉક્તિનો ગઝલકારે આ શે'રમાં વિનિયોગ કર્યો છે. શિખર-ખીણ, ધુમ્મસ-સૂરજ આ વિપરીત પરિસ્થિતિઓ છે. શિખર પર રહેવું કે ખીણમાં રહેવું, ધુમ્મસ વચ્ચે રહેવું કે સૂરજનાં કિરણો સાથે રહેવું - આ દ્વિધાભાવ માણસ જાત સાથે સતત રહેતો હોય છે. આ દ્વિધાભાવ જાણે માણસની નિયતિ હોય એવું લાગે છે.

ભરતગૂંથણની કળા સાથે પણ માણસના અસ્તિત્ત્વને જોડવાની વાત છે. મોરલાનું ભરતગૂંથણ થતું હોય એ કળા માણવા જેવી હોય છે. એ ગૂંથાતા મોરલામાંથી ટહુકા નથી સંભળાતા પણ જેમ તેમ ભરત ગૂંથાતું જાય છે તેમ તેમ માણસનું અસ્તિત્ત્વ પણ ગોઠવાતું જતું હોય છે. કોઈ પણ સ્થિતિમાં માણસે પોતાનું અસ્તિત્ત્વ ગોઠવવાનું, ટકાવવાનું હોય છે. આ ગઝલનો અંતિમ શે'ર ભગવતીકુમાર શર્માની ઓળખ સમાન શે'ર છે. અહીં

પણ વિપરીતપણાનો ભાવ વ્યક્ત થયો છે. આપણી નિયતિ, આપણું હોવું જે કંઈ પણ હોય છે, એનાથી વિપરીત પરિસ્થિતિ વચ્ચે આપણે જીવવાનું હોય છે. તડકા જેવો સ્વભાવ ધરાવનાર માણસને ઠંડા - ધ્રુવ પ્રદેશ વચ્ચે જીવવાનું હોય ત્યારે? માણસે અસ્તિત્ત્વ ટકાવી રાખવા માટે વિપરીત પરિસ્થિતિનો સામનો કરીને પણ જીવવાનું હોય છે. આ પ્રકારની અભિવ્યક્તિ અને આ પ્રકારની ગઝલ સંદર્ભે ભગવતીકુમાર શર્મા પોતે કહે છે - "મારું સદા પ્રત્યગ સાંવેદનિક અંતર્વિશ્વ, અવિરત ઝુરાપાની મારી લાગણી, કલ્પના રસિકતા અને વિષાદમયતાનો મારો સ્થાયી ભાવ, આ બધું ગઝલ જેવા આત્મલક્ષી, ઊર્મિકવિતાના પ્રકાર માટે સર્વથા સાનુકૂળ, બલકે વિલક્ષણ, ક્રીડાભૂમિ સમાન જ છે." (ગઝલ અને ગઝલકારો, પા.૧૬૨) ગઝલકાર તરીકે ભગવતીકુમાર શર્માની પ્રતિભાનો ખ્યાલ આવે એ માટે બીજી એક ગઝલનો અભ્યાસ કરીએ.

***ઉદાસી આ સૂરજની આંખે ચઢી છે,***
***તમારા વિના સાંજ ડૂસકે ચઢી છે.***
***મને ઊંબરે એકલો છોડી દઈને,***
***હવે ખુદ પ્રતીક્ષા ઝરૂખે ચઢી છે.***
***અનુભવ છે દરિયાના તોફાનનો પણ***
***આ રેતીમાં હોડી ખરાબે ચઢી છે.***
***લખ્યું'તું કદી નામ મારું તમે જ્યાં,***
***મધુમાલતી એ જ ભીંતે ચઢી છે.***
***ઘણાં રૂપ લઈ લઈને જન્મે છે સીતા,***
***હવે લાગણી પણ ચિતાએ ચઢી છે.***
***જરા ગણગણી લઉં તમારી સભામાં,***
***ભુલાયેલ પંક્તિઓ હોઠે ચઢી છે.***

ભગવતીકુમાર શર્માની આ જાણીતી ગઝલ છે. પહેલાં આ ગઝલમાં પાંચ શે'ર હતા પછી એમાં બે બીજા શે'રોનો ઉમેરો કરવામાં આવ્યો હતો. 'ચઢી છે' ટૂંકી પણ અરુઢ રદીફ દ્વારા અહીં ગઝલ સિદ્ધ થઈ છે. પહેલા બે શે'રમાં પ્રણય તગઝ્ઝુલનો મિજાજ વ્યક્ત થયો છે. સૂરજ ઉદાસ થાય ત્યારે આખું વાતાવરણ ગમગીન બને છે. સૂરજની આ ઉદાસી બધાના ધ્યાનમાં આવી ગઈ છે. 'આંખે ચઢવું' રૂઢિપ્રયોગનો અહીં સરસ વિનિયોગ થયો છે. સૂરજની ઉદાસી સાંજ પડતામાં તો ડૂસકે ચઢી છે. આ ઉદાસી, ડૂસકે ચઢવું, ગમગીની પાછળ સ્થિતિ તો વિરહની રહી છે. વિરહ સહન નથી થતો ત્યારે એ કોઈને કોઈ રીતે પ્રગટ થાય છે. ગઝલકારે અહીં સૂરજ અને સાંજને સ્થિતિ દ્વારા એ વિરહને વ્યક્ત કર્યો છે. બીજો શે'ર પ્રતીક્ષાને વ્યક્ત કરે છે. પ્રતીક્ષા વધતી જાય તેમ તેમ વિરહ પણ વધતો જાય છે. ઊંબરે ઊભા રહીને શેરીમાં તાક્યા કરવું કે ઝરૂખે ઊભા રહીને દૂર ક્ષિતિજ સુધી નજરો દોડાવવી, આ બધી જ પ્રતીક્ષા સ્થિતિ છે. પણ પ્રતીક્ષા જાતે ઊંબરો છોડી ઝરૂખે પહોંચે ત્યારે વિરહ એની ચરમસીમાએ હોય છે. ઊંબરેથી તો માત્ર શેરીમાં ડોક્યું કરી શકાય પણ ઝરૂખે ચઢવાથી દૂર દૂર સુધી નજર દોડાવી શકાય. પ્રતીક્ષાની તીવ્રતા વ્યક્ત કરવા ગઝલકારે પ્રતીક્ષાને ઊંબરેથી ઉઠાવીને ઝરૂખે ચઢાવી છે. ગઝલકારનું સાદગીભર્યું ભાષાકર્મ અહીં દાદ માગી લે છે.

પ્રણયના અનેક ભાવો - પ્રતીક્ષા, વિરહ, મિલન, સ્પર્શ - ગુજરાતી ગઝલમાં અનેક રીતે વ્યક્ત થયા છે. આ ગઝલના ચોથા શે'રને આ સંદર્ભે આપણે પહેલાં જોઈશું. પ્રેમમાં રહેલું યુગલ ભીંત પર એકબીજાના નામ ન કોતરે એવું બને ખરું? જરા ફિલ્મી લાગે પણ પ્રેમનો એ પણ એક રંગ છે. આ રંગ વિરહની સ્થિતિ પ્રગટાવે

ત્યારે? જે ભીંતો પર નામ કોતરાયાં હોય છે, એ ભીંતો પર મધુમાલતી જોવા મળે છે. મધુમાલતીનું ભીંત પર ચઢવું એ પણ એક રીતે તો વિરહનો જ ભાવ વ્યક્ત કરે છે. આમ, આ ગઝલના ત્રણ શે'ર જુદી જુદી રીતે તગઝ્ઝુલનો મિજાજ પ્રગટ કરે છે. મિજાજ સંદર્ભે ભગવતીકુમાર શર્મા પોતે કહે છે, ''મિજાજ એ ઘણી છટકિયાપ ચીજ છે. 'મિજાજ' ન હોય છતાં શેર સારો હોય એમ બની શકે, કેમ કે ઉતેમ શેરરચનાની અનેક રીતિઓ છે મિજાજ - પ્રગટ્ય તેમાંની એક છે. શેરમાં મિજાજ એ લગભગ અવ્યાખ્યેય છતાં આસ્વાદી શકાય તેવું તત્ત્વ છે. કવિ દ્વારા શેરમાં નિપજાવેલો મિજાજ અને ભાવકની તે વિશેની સમજ વચ્ચે ભિન્નતા સંભવી શકે. મિજાજ એ શેર કે ગઝલનાં ઘણાં રસ્યસ્થાનો પૈકીનું એક છે.'' (ગઝલસંનિધિ, ૧૪૬) ભગવતીકુમાર શર્માનો 'મિજાજ' વિશેનો આ અભિપ્રાય પણ ધ્યાનમાં રાખવા જેવો છે.

ખલાસીને દરિયાનાં અનેક તોફાનોનો અનુભવ છે. એ અનુભવને આધારે એ ફરી દરિયો ખેડવાનું સાહસ કરે છે. પણ હોડી જો રેતીમાં જ ખરાબે ચડે ત્યારે? આ અનુભવ નવો છે. એક અનુભવને આધારે બીજી પરિસ્થિતિમાં ટકી શકાય કે કેમ? બીજી પરિસ્થિતિનો અનુભવ વળી પાછો જુદો હોય છે. જિંદગી એનું જ નામ છે. ક્ષણે ક્ષણે એ તમને એકબીજાથી વિપરીત અનુભવ કરાવતી રહી છે. માણસે એ દરેક સ્થિતિનો સામનો કરવાનો હોય છે, ટકી રહેવાનું હોય છે. સીતા અનેક રૂપમાં આપણી સાથે હોય છે. લાગણીને અહીં ચિતાએ ચઢાવવાની વાત છે. પુરાકલ્પનનો આધાર લઈને લાગણીને સીતા સાથે સરખાવી છે. પળેપળે જીવનમાં કસોટીઓ થતી રહી છે. સતત બળ્યા કરવું, તાપનો સામનો કરવો એનું નામ જ જીવન છે. લાગણી-ઇચ્છા-આકાંક્ષા-સપનાં- આ બધાનાં કારણે દાહક અનુભવ થતો રહે છે.

અંતિમ શે'રમાં આમ તો એક કવિનો અનુભવ વ્યક્ત થયો છે, પણ એ અનુભવ ક્યારેક આપણા સહુનો અનુભવ પણ બની રહે છે. કશુંક કહેવું હોય અને યાદ ન આવે ત્યારે અકળામણભરી સ્થિતિ હોય છે. પણ અત્યારે તો ભુલાયેલ પંક્તિઓ યાદ આવી છે. કવિ ક્યારના યાદ કરવા મથતા હતા. એ ભુલાયેલ પંક્તિઓ યાદ આવે છે ત્યારે બસ એને ગણગણી લઈને આનંદ વ્યક્ત કરવો છે. અહીં ભુલાયેલ પંક્તિઓ યાદ આવી છે, એનો મહિમા છે તો સાથે સાથે 'તમારી સભામાં' કહીને કવિએ ભાવકનો, વાચકનો, ગઝલપ્રેમીઓનો મહિમા પણ કર્યો છે.

## ૧૪.૪ વસ્તુલક્ષી કસોટી

(૧) ભગવતીકુમાર શર્માની આ બંને ગઝલોના છંદની તપાસ કરો. બંને ગઝલના છંદ એક છે કે અલગ અલગ?

(૨) આ બંને ગઝલમાં કાફિયાઓ જુદા છે. આ પ્રકારના અન્ય કાફિયાઓની યાદી તૈયાર કરો.

(૩) આ બંને ગઝલના કયા કયા શે'રમાંથી તમને મિજાજનો અનુભવ થયો? એની કારણ સહિત ચર્ચા કરો.

(૪) મનોજ ખંડેરિયાની 'માણસ' રદીફવાળી ગઝલ અને ભગવતીકુમાર શર્માની એ જ રદીફવાળી ગઝલની એકબીજા સાથે તુલના કરો. કઈ ગઝલ તમને વધારે ગમી, એની ચર્ચા કરો.

## ૧૪.૫ ભાષાકીય સામગ્રીનો અભ્યાસ

(૧) 'સડકવન્ત', 'ઝિબ્રાતા' આવા બીજા શબ્દોની યાદી તૈયાર કરો.

(૨) 'આંખે ચઢવું' જેવાં બીજા રૂઢિપ્રયોગ આ ગઝલોમાં જોવા મળે છે? એની અર્થસહિત યાદી તૈયાર કરો.

(૩) 'ટચ્ચ' રવાનુકારી શબ્દ છે. આવા બીજા રવાનુકારી શબ્દો તમને આ બે ગઝલમાંથી મળે છે? એની યાદી તૈયાર કરો.

## ➠ ૧૪.૬ પુનરાવલોકન

પરંપરા સાથે અનુસંધાન જાળવીને પણ ભગવતીકુમાર શર્માએ ગઝલ ક્ષેત્રે કેટલાક પ્રયોગો કર્યા હતા. આ પ્રયોગો ભાષાકર્મ સંદર્ભે વિશેષ છે. ભગવતીકુમાર શર્માનું ગઝલ ઉપરાંત સાહિત્યના મોટાભાગના ક્ષેત્રોમાં મહત્ત્વનું પ્રદાન રહ્યું છે છતાં ગઝલ એમને વિશેષ ગમતો કાવ્યપ્રકાર રહ્યો હતો. ગઝલ કાવ્યપ્રકાર અને અન્ય સાહિત્યસ્વરૂપો સંદર્ભે આ ગઝલકાર પોતાનો અનુભવ આ રીતે વ્યક્ત કરે છે, "શબ્દને મેં અનેક સ્વરૂપે ઘૂંટ્યો છે - સેવ્યો છે નવલકથાનો પરિપક્વ શબ્દ, વાર્તાનો શબ્દસ્ફુલિંગ, લલિતનિબંધનો સર્જનાત્મક શબ્દ, પત્રકારિતાની શબ્દગતિ, ગીતનો લયાત્મક શબ્દ, સૉનેટના શબ્દની અર્થઘનતા - આ સર્વની બીચોબીચ અને ખીચોખીચ પણ, ગઝલનો રંગદર્શી, લાઘવપૂર્ણ, ધારદાર, ઊર્મિપ્રમાણિત શબ્દ પણ મારાં લેખન અને શોધનો વિષય બલકે પ્રકલ્પ રહ્યો છે. શબ્દે મને જિવાડ્યો છે તો ગઝલનાં શબ્દ-લય-છંદ-ભાવ-સંવેદનાએ મને ટકાવ્યો છે." (ગઝલ અને ગઝલકારો, પા.૧૫૮) ગઝલના શબ્દથી ટકી જનાર આ ગઝલકાર પાસેથી નાજુક અને સૂક્ષ્મ સંવેદનોની ગઝલો પ્રાપ્ત થઈ છે. એમના દસેક કાવ્યસંગ્રહોની કાવ્યરાશિ ઉપર નજર નાખીએ તો પણ ખ્યાલ આવે એમ છે, કે ગઝલ એમને વધારે અનુકૂળ આવેલો કાવ્યપ્રકાર છે. એમની ગઝલો વિશે રમેશ પુરોહિત જણાવે છે, "ગઝલના રંગને, ગઝલના તસવ્વુફને અને ગઝલના તત્ત્વ વગેરેને સાચવીને ભાવજગતના વિશ્વને વ્યાપક બનાવવા માટે ભગવતીકુમાર શર્મા સતત પ્રયત્નશીલ રહ્યા છે. ગઝલના બાહ્યતત્ત્વ એટલે કાફિયા, રદીફ, છંદ, મત્લા, મક્તા વગેરે સાથે આ ગઝલકારે ક્યારેક ક્યારેક, છૂટછાટ લીધી છે, પણ એમ છતાં આંતરતત્ત્વને લીધે ગઝલ બની છે." (ગઝલ અને ગઝલકારો, પા. ૧૬૦)

## ➠ ૧૪.૭ લેખન પ્રવૃત્તિ

ભગવતીકુમાર શર્માની અન્ય એક ગઝલ અને શે'રો અહીં પ્રસ્તુત છે. આ ગઝલ અને શે'રોનો તમે તમારી રીતે આસ્વાદવાનો - મૂલવવાનો પ્રયત્ન કરો.

***અમે તો તત્ત્વની સાથેના તાલ્લુકાત છીએ,***
***અમે અમારાપણા અંગે અલ્પજ્ઞાત છીએ.***
***અમે સુગંધનો સોના પે દૃષ્ટિપાત છીએ,***
***ધરો જો મૂર્તિને ચરણે તો પારિજાત છીએ.***
***ફળે જો સ્વપ્ન તો ઝળહળ અમે પ્રભાત છીએ,***
***તૂટે છે સ્વપ્ન તો ફૂલોનો અશ્રુપાત છીએ.***
***અમે ફલાણા ફલાણા નથી, ફલાણા નથી,***
***અમે તો જે છીએ તેવા જ દૃષ્ટિપાત છીએ.***
***છે વ્યર્થ શોધ અમારી સળંગ હસ્તીની,***
***અમે આ વિશ્વમાં કેવળ પ્રસંગોપાત છીએ.***
***સમુદ્ર મોજું ધસે ત્યાં સુધી તો ક્ષેમકુશળ,***
***અમે તો રેત પે ચીતરેલી રમ્ય ભાત છીએ.***
***યમુના હો કે હો દરિયો - થઈ જશે રસ્તો,***
***અમે પ્રભુના ચરણ પરનો પક્ષપાત છીએ.***

થોડી તો મેલી જ હોવી જોઈએ મથરાવટી,
તો ફરિશ્તાઓના ટોળાથી અલગ માણસ પડે.

* * *

➢ હું લઈને નીકળું છત્રી સરસ વર્તુળાકાર,
ને ગગનમાંથી ચમકતી વીજળી ચોરસ પડે.

➢ સમ્રાટમાં નથી અને દરવેશમાં નથી;
મારી મનુષ્યતા કોઈ ગણવેશમાં નથી.

➢ શ્વાસ-ધબકારા-હૃદય-લોહી-શિરાઓ;
લાગણી-ડૂસકું-ચિતા બળબળ વગેરે...

➢ કંકુ ખરખર, તોરણ સૂકાં, દીવાની ધોળી રાખ ઊડે;
હું અવસર એકલવાયો છું આ ઘર, ઉંબર ને ફળિયામાં.

➢ સિક્સ ચેનલ સ્ટીરિયોફોનિક અવાજો છે અહીં;
કે હવે હદપાર પંખીઓના ટહુકા થઈ ગયા.

➢ વૃક્ષ છોડીને વસાવ્યાં પંખીઓએ એરિયલ;
લીલાં લીલાં પાંદડાં તરડાઈ પીળાં થઈ ગયાં.

➢ શબ્દ, ઊર્મિ, રંગ, સૌરભ, તેજ ને થોડી ભીનાશ;
લ્યો, અમે બેસી ગઝલની પાલખીમાં નીકળ્યા.

➢ મારી એકલતા છે મારું ઉપનિષદ,
શબ્દ, લેખણ, સાહી, કાગળ કંઈ નથી.

➢ હોડ છે સટોસટની તો ય હું નહીં થાકું,
મારે ઓ સમય, તારી હારોહાર લખવું છે.

➢ હું અને ટોળું પરસ્પરમાં વસ્યાં,
સૌ સહે છે પોતપાતાનો અભાવ.

➢ આ જાણો પછીથી નહીં રહે, ન સુવાસ ફોરશે શ્વાસમાં,
ચલો સંગ થોડુંક ચાલીએ આ સમયના દીર્ઘપ્રવાસમાં.

➢ દરિયો હંમેશ ખોઈ નાંખે છે,
એની વહાલી નદીનું સરનામું.

➢ એકમેકને ટેકેટેકે
શ્વાસો લેવા પડે દરેકે.

➢ વધઘટ થતો રહ્યો છે એ સૂરજની સાથ સાથ
પડછાયો મારો એવો અમર્યાદ ક્યાં હતો?

- *ચાલે છે શ્વાસ ત્યાં જ સુધીનો પડાવ છે;*
  *સ્વીકારી લ્યો કે આ હવે છેલ્લો પડાવ છે.*
- *અધવચ્ચે શ્વાસ અટકે તો આશ્ચર્ય કંઈ નથી,*
  *છોડ્યાં ઘણાંયે કામ મેં પૂરા કર્યા વગર.*
- *લાંબાલચક તો કેટલા પત્રો લખ્યા તને!*
  *ક્યાં મોકલી શકાય છે હૈયું ટપાલથી?*
- *તીર ખૂંચ્યું છે પગની પાનીએ,*
  *ચક્રધારીનો ઠાઠ ઠાલો છે.*
- *તું એક વખત માનવીને વ્હાલ કરી જો!*
  *કેવો તું થશે ધન્ય, જરા ખ્યાલ કરી જો!*
- *શંકા ન પડે તે માટે હું ચીરાઈ ગયેલો કાગળ છું;*
  *છાતીમાં વસેલો છું તો યે ખોવાઈ ગયેલો કાગળ છું.*
- *હતું એક મારું ય ઘર ભીનું ભીનું, પૂરનું છતાં લાગણીથી મઢેલું;*
  *હવે એનાં સગડ શોધવાના પ્રયત્નો કરું છું નિરર્થક નિરર્થક!*
- *સૂના મકાન પર હજી તકતી છે નામની*
  *તારે જ હાથે તું હવે એને ઉખેડ મા!*
- *લાગણીઓ ઘણી દૂધપીતી થઈ;*
  *મારે હાથે ઘણી ખૂનરેજી થઈ.*

### ૧૪.૮ વિશેષ અધ્યયન

સાહિત્યનાં અનેક સ્વરૂપોમાં ભગવતીકુમાર શર્માનું નોંધપાત્ર પ્રદાન રહ્યું છે. અન્ય ગઝલકારોની જેમ માત્ર ગઝલસાધના જ એમનું લક્ષ્ય નહોતું. ગીત, અછાંદસ, સૉનેટ કાવ્યપ્રકારોમાં પણ એમનું પ્રદાન છે. આ કાવ્યપ્રકારોમાં એમણે કરેલા પ્રદાનનો પણ અભ્યાસ કરવો જોઈએ. ભગવતીકુમાર શર્માની સાથે સાથે એમના સમકાલીન ગઝલકારોના ગઝલોનો અભ્યાસ કરવાથી પણ આ ગઝલકાર અભિવ્યક્તિની બાબતે કેવા નોખા તરી આવે છે એનો ખ્યાલ આવશે. વાર્તા, નવલકથા, નિબંધ ગદ્યસ્વરૂપોમાં એમણે કરેલા પ્રદાનનો અભ્યાસ પણ કરવો જોઈએ.

### ૧૪.૯ કવિપરિચય

ભગવતીકુમાર શર્માનો જન્મ તા. ૩૧-૦૫-૧૯૩૪ ના દિવસે થયો હતો અને અવસાન તા. ૦૫-૦૯-૨૦૧૮ના દિવસે થયું હતું. સુરત શહેર એમની રગરગમાં વસ્યું હતું. એમની પાસેથી ‘સંભવ’ (૧૯૭૫), ‘છંદો છે પાંદડાં જેનાં’ (૧૯૮૭), ‘નખદર્પણ’, ‘ઝળહળ’, ‘ઉજાગરો’, ‘ગઝલાયન’, ‘એ ક્ષણો ગઝલની છે’ વગેરે સંગ્રહોમાંથી ગઝલો પ્રાપ્ત થઈ છે. ‘આત્મસાત્’ એમનો સૉનેટસંગ્રહ છે. આદ્યકવિ નરસિંહ મહેતા એવોર્ડ, વલી ગુજરાતી ગઝલ એવોર્ડ વગેરે એવોર્ડથી તેઓ સન્માનિત હતા. ‘અસૂર્યલોક’ નવલકથા માટે એમને કેન્દ્રીય સાહિત્ય અકાદમીનો એવોર્ડ પ્રાપ્ત થયો હતો.

# એકમ ૧૫ જવાહર બક્ષી


૧૫.૧ ઉદ્દેશ

૧૫.૨ પ્રસ્તાવના

૧૫.૩ કૃતિ

૧૫.૩.૧ કૃતિનો સઘન અભ્યાસ

૧૫.૪ વસ્તુલક્ષી કસોટી

૧૫.૫ ભાષાકીય સામગ્રીનો અભ્યાસ

૧૫.૬ પુનરાવલોકન

૧૫.૭ લેખનપ્રવૃત્તિ

૧૫.૮ વિશેષ અધ્યયન

૧૫.૯ કવિપરિચય

૧૫.૧૦ સંદર્ભ


## ૧૫.૧ ઉદ્દેશ

(૧) ગુજરાતી ગઝલના મહત્ત્વના ગઝલકારની ગઝલોનો પરિચય થશે.

(૨) ગઝલકાર તરીકે જવાહર બક્ષીની ગઝલોની ભાવસમૃદ્ધિ અને ભાષાસમૃદ્ધિનો ખ્યાલ આવશે.

(૩) ગુજરાતી ગઝલના વિકાસમાં જવાહર બક્ષીના પ્રદાનનો પરિચય મળશે.

## ૧૫.૨ પ્રસ્તાવના

ગુજરાતી ગઝલના ઈતિહાસમાં જવાહર બક્ષી પ્રમાણમાં ઓછા ચર્ચાયેલા પણ મહત્ત્વના ગઝલકાર છે. એકબાજુ અમૃત 'ઘાયલ', ચિનુ મોદી, ભગવતીકુમાર શર્મા જેવા ગઝલકારો છે, કે જેમની પાસેથી વિપુલ માત્રામાં ગઝલો મળે છે. બીજી બાજુ જવાહર બક્ષી જેવા ગઝલકારો છે, કે જે પ્રમાણમાં ઓછું લખે છે. પણ ગઝલ સિદ્ધ થતી હોય તો બંને પ્રકારના ગઝલકારોનું આગવું મહત્ત્વ રહ્યું છે. આધુનિકતાથી લઈને અનુઆધુનિકતા સુધીનો વ્યાપ જવાહર બક્ષીની ગઝલોમાં જોવા મળે છે.

## ૧૫.૩ કૃતિ

*ઉપેક્ષામાં નહિ તો બીજું તથ્ય શું છે, છે બસ એક એની મનાનો અનુભવ*
*મળ્યાનો વળી બીજો આનંદ શું છે, સિવાય એ કે એની રજાનો અનુભવ.*
*હવે જો હું માનું તો ખોટું નથી, કે હતું એને મારા તરફ પ્રેમ જેવું,*
*ગમે તેમ હો પણ મને છોડી દઈને, કરે છે એ કોઈ ગુન્હાનો અનુભવ.*
*કદાચિત્ તને ભૂલવામાં મજા હો, એ માની ઘટાડ્યે ગયો યાદ તારી,*
*હજી પણ મને યાદ આવી રહ્યો છે, તને ભૂલવાની દશાનો અનુભવ.*
*કદી હું તને મેળવી પણ ચૂક્યો છું, એ ત્યારે જ સાચી પ્રતીતિ તો થઈ'તી,*
*મને જે ક્ષણે થઈ ગયો'તો અચાનક, તને ક્યાંક ખોઈ દીધાનો અનુભવ.*

*મેં હમદર્દીની દોસ્ત તારીય પાસે, પ્રથમથી જ ક્યાં કંઈ અપેક્ષા કરી'તી*
*ફક્ત દેવા માટે દિલાસાઓ દે નહિ, તને ક્યાં છે મારી દશાનો અનુભવ.*
*હરણ તરસે માર્યું આ હાંફી રહ્યું છે, પ્રથમ એને પાણી પિવાડો ઓ લોકો,*
*તરત એ બિચારાને એ તો ન પૂછો, કે કેવો રહ્યો ઝાંઝવાનો અનુભવ.*
*મને થોડી અગવડ પડી રહી'તી એથી 'ફના' ઘર બદલતાં મેં બદલી તો નાખ્યું,*
*પરંતુ નવા ઘરના સામાન સાથે મેં બાંધ્યો છે જૂની જગાનો અનુભવ.*

**● ૧૫.૩.૧ કૃતિનો સઘન અભ્યાસ**

લાંબી બહેરમાં ગઝલ લખવા માટે જવાહર બક્ષી જાણીતા છે. અહીં 'અનુભવ' રદીફ દ્વારા સાત શે'રની ગઝલમાં જુદા જુદા અનુભવો વ્યક્ત થયા છે. પહેલાં આ ગઝલ પાંચ શે'રની હતી. ચોથો અને પાંચમો શે'ર પાછળથી ઉમેરાયા છે. આ 'અનુભવ'ના કેન્દ્રમાં પ્રેમ રહ્યો છે. પ્રેમનો અલગ અલગ મિજાજ અહીં જુદા જુદા શે'રમાં વ્યક્ત થયો છે.

પ્રેમમાં ઉપેક્ષાનો ભાવ અસહ્ય હોય છે. પ્રિયપાત્ર ઉપેક્ષા કરતું હોય અને ત્યારે એ જીરવવું મુશ્કેલ હોય છે. મળવાનો જેટલો આનંદ હોય છે એટલી જ સામેના પાત્રની 'મના' અસહ્ય હોય છે. વળી, આ બંને સ્થિતિ પ્રેમના રંગને જ વ્યક્ત કરે છે. 'મરીઝ'નો એક શે'ર અહીં જોવા જેવો છે :

*'હું ક્યાં કહું છું આપની 'હા' હોવી જોઈએ,*
*પણ 'ના' કહો છો એમાં 'વ્યથા' હોવી જોઈએ.'*

આ ગઝલના બીજા શે'રમાં પણ વાત તો ઉપેક્ષાની છે. શે'રની પ્રથમ પંક્તિના 'હવે જો હું માનું' શબ્દો અગત્યના છે. હવે, માનવાની વાત છે જ્યારે પ્રિયપાત્રની ગેરહાજરી છે. હવે માનવા પાછળનું કારણ શું છે? કારણ બીજી પંક્તિમાં મળે છે. પોતાને છોડી દઈને હવે પ્રિયપાત્ર કોઈ ગુન્હાનો અનુભવ કરે છે. એ અનુભવ હવે એવું માનવા માટે પ્રેરે છે કે એને પણ 'મારા તરફ પ્રેમ જેવું' હતું. હાજરી કરતા ક્યારેક ગેરહાજરી ઘણું બધું શીખવતી હોય છે, ઘણા બધા અનુભવો કરાવતી હોય છે. શક્ય છે કે ભૂલી જનાર પ્રિયપાત્ર પણ ભૂલી ગયા પછી, ગેરહાજરીમાં, પસ્તાવાનો ગુન્હાનો અનુભવ કરતી હોય. ત્રીજા શે'રની પ્રથમ પંક્તિનો, પ્રથમ શબ્દ 'કદાચિત્' પણ એટલો જ અગત્યનો છે. ભૂલી જવામાં મજા છે એવું માની પ્રિયપાત્રની યાદથી હાથ ખંખેરી નાખવાની વાત છે. પણ ખરેખર એમ કરવામાં મજા છે? યાદને ખરેખર ભુલાવી શકાય એમ છે? યાદ આપણા નિયંત્રણમાં રહી છે ખરી? પણ અહીં દ્વિધા જરા જુદી છે. હવે યાદને ભૂલી જવાનો જે અનુભવ એ યાદ આવી રહ્યો છે. એ અનુભવ વિશિષ્ટ છે એટલે તો 'ભૂલવાની દશાનો અનુભવ' યાદ આવી રહ્યો છે. પ્રિયપાત્રને ભૂલી જવું, એ ભૂલી જવાની અસહ્ય સ્થિતિ અને એ અસહ્ય પીડાદાયક સ્થિતિ યાદ આવવી - આ બધું જ પ્રેમમાં શક્ય છે. હા, ભાવક તરીકે આપણે પણ યાદ રાખવાનું છે, તે એ છે કે આ બધું જ 'કદાચિત્' છે.

મળવાના આનંદની સાથે સાથે ગુમાવવાની પીડાનો અનુભવ ભળે ત્યારે? ત્યારે અભિવ્યક્તિ ચોથા શે'ર જેવી થાય છે. પ્રિયપાત્રને ખોઈ દીધાનો અનુભવ થાય ત્યારે જ ખબર પડે કે એ પ્રિયપાત્ર આપણું હતું. અથવા તો એવી પ્રતીતિ પણ થાય કે આપણું હતું એટલે જ એને ગુમાવવાની પીડા તીવ્ર રીતે અનુભવાય છે. આપણું હતું અને હવે આપણું નથી - આ ક્ષણ અત્યંત વ્યથાજનક હોય છે. વ્યક્તિ તરીકે આપણે સહુ એકબીજાને દિલાસાઓ આપતા રહીએ છીએ. એ દિલાસાઓને આધારે જ ક્યારેક વ્યક્તિ ટકી જતો હોય છે. પણ દિલાસાઓ ઠાલા આશ્વાસનો સાબિત ન થાય એ પણ જોવું રહ્યું. વ્યક્તિની માઠી દશાનો પરિચય કર્યા વગર ખાલી દિલાસાઓ વ્યક્ત કરવામાં તો કદાચ વ્યક્તિની પીડામાં આપણે વધારો કરીએ છીએ. વ્યક્તિને પોતાને પણ એવા ખોટા દિલાસાઓની

જરૂર નથી. વ્યક્તિ પોતે એવી અપેક્ષા પણ રાખતો નથી. દોસ્ત પાસેથી હમદર્દીની અપેક્ષા નથી, એ સ્પષ્ટ વાત ગઝલકાર જ્યારે કરે છે ત્યારે વ્યક્તિ ઠાલા આશ્વાસનોથી કેટલો આહત થયો હશે એનો વિચાર પણ કરવો રહ્યો.

આ ગઝલનો છઠ્ઠો શે'ર ગુજરાતીના ઉત્તમોત્તમ શે'રોમાં સ્થાન પામી શકે એવો છે. માણસ જાતની પ્રકૃતિ, માણસ જાતના વિચિત્ર સ્વભાવ પર અહીં કટાક્ષ કરવામાં આવ્યો છે. હરણ તો અહીં પ્રતીક તરીકે આવે છે. હરણ જેવી માણસની સ્થિતિનો વિચાર બીજા માણસ તરીકે આપણે કરતા નથી. રણ તરીને આવેલા હરણને પાણી પીવડાવવામાં આપણને રસ નથી. પણ આપણને રસ પડે છે હરણને થયેલા ઝાંઝવાના અનુભવમાં. એ અનુભવથી આપણે સમૃદ્ધ થવાના હોઈએ એમ આપણે ખણખોદ કરતા રહીએ છીએ. એ ખણખોદ કરવાને બદલે જરૂરી એ છે, કે હરણનો થાક કેવી રીતે ઊતરે? એ થાક ઊતરે એની આપણને પરવા નથી. માણસ તરીકે આપણને પરિણામમાં જ રસ પડે છે, એ પરિણામની પ્રક્રિયામાં બહુ રસ પડતો નથી. સમજવાનું એ પણ છે, કે મહત્ત્વ પ્રક્રિયાનું હોવું જોઈએ, પરિણામનું નહીં.

'ફના' જવાહર બક્ષીનું ઉપનામ-તખલ્લુસ છે. ઘર બદલવાની વાત છે. જે ઘરમાં અત્યારે છે એ ઘરમાં અગવડ પછી રહી'તી એટલે ઘર બદલી નાખ્યું. માણસનો આ સ્વભાવ છે. જે પરિસ્થિતિમાં એને અગવડ પડતી હોય એ પરિસ્થિતિને એ વશ નથી થતો પણ એને બદલે છે. પણ આ વાતમાં મિજાજ નથી. મિજાજ એ વાતમાંછે, કે ઘર બદલવાની સાથે સાથે જૂની જગાનો અનુભવ પણ સાથે લઈ જાય છે. હવે, જે જગ્યાએ અગવડ પડતી હતી એ જગાનો અનુભવ સાથે લઈ જવામાં કયું ડહાપણ રહેલું છે? 'સંઘરેલો સાપ પણ કામનો' એ કહેવત અહીં લાગુ પડે છે. નવી જગ્યાએ અગવડમાંથી બચવા જૂની જગ્યાનો અનુભવ કામે લાગી શકે કે નહીં? ટૂંકમાં અનુભવ કેવી રીતે ઉપકારક છે, અનુભવ કેવી રીતે પીડાકારક છે, પ્રેમમાં અનુભવની શી અગત્યતા છે, માણસ જાતના જીવનમાં અનુભવનું શું મહત્ત્વ છે. આ બધી બાબતો જુદા જુદા શે'રમાં જવાહર બક્ષીની આ ગઝલમાં વ્યક્ત થઈ છે.

ગઝલકાર તરીકે જવાહર બક્ષીની પ્રતિભાનો ખ્યાલ આવે એ માટે એમની અન્ય એક ગઝલ અહીં પ્રસ્તુત છે. આ ગઝલનો પણ અભ્યાસ કરીએ.

***દશે દિશાઓ સ્વયમ્ આસપાસ ચાલે છે,***
***શરૂ થયો નથી તોપણ પ્રવાસ ચાલે છે.***
***કશેય પહોંચવાનો ક્યાં પ્રયાસ ચાલે છે?***
***અહીં ગતિ જ છે વૈભવ વિલાસ ચાલે છે.***
***કોઈનું આવવું, નહિ આવવું, જવું, ન જવું,***
***અમસ્તો આંખમાં ઉઘાડ-વાસ ચાલે છે.***
***દશે દિશામાં સતત એકસામટી જ સફર!***
***અને હું એ ય ન જાણું... કે શ્વાસ ચાલે છે.***
***અટકવું એ ય ગતિનું જ કોઈ રૂપ હશે!***
***હું સા...વ સ્થિર છું, મારામાં રાસ ચાલે છે.***

આ ગઝલ સર્જકની આધ્યાત્મિક યાત્રાના અનુભવની નીપજ છે. ભાવક તરીકે એ અનુભવ આપણો પણ બની શકે, જો આપણી ચેતના એ અનુભવને પામી શકે તો? આ ગઝલની મજા અથવા મિજાજ 'ચાલે છે' રદીફમાં છે. બધું જ સ્થિર હોય છતાં બધું જ ગતિમાન લાગે, બધું જ ચાલે છે એવા ભાવની પ્રતીતિને જ કદાચ આધ્યાત્મિક સ્થિતિ કહેતા હશે, નહીં? અહીં દરેક શે'રમાં એવા જ ભાવની અભિવ્યક્તિ થઈ છે.

પ્રવાસ શરૂ નથી થયો છતાં પ્રવાસ ચાલુ થઈ ગયો છે, એવો ભાવ ક્યારે આવે? આપણી આસપાસ રહેલી પરિસ્થિતિ, આપણી આસપાસની દિશાઓ સ્વયમ્ ગતિમાન થઈ જાય ત્યારે પ્રવાસ પણ આપોઆપ શરૂ થઈ જતો

હોય છે. દિશાઓ જાતે પ્રવાસમય થઈ જાય ત્યારે બેઠાબેઠા પણ પ્રવાસનો અનુભવ થાય એ સ્વાભાવિક છે. આ અનુભવ સુધી પહોંચવા માટે મનની ગતિ એકદમ સ્થિર હોય એ જરૂરી છે. મનની ગતિ સ્થિર હોય, દિશાઓ સ્વયમ્ આસપાસ ચાલતી હોય ત્યારે આપણે કશે પણ પહોચવાનો પ્રયાસ ટાળવો જોઈએ. અહીં 'પ્રયાસ' કાફિયા અગત્યનો છે. અનાયાસ જે ચાલે છે એનું મહત્ત્વ છે. કોઈપણ પ્રયાસ ન કરવો એ પણ એક અગત્યની સ્થિતિ છે. પ્રયાસ કર્યા વગર અનાયાસ જે અનુભવ થાય એ અનુભવ વૈભવ-વિલાસનો અનુભવ કરવો - અનુભવ થયો એ સ્થિતિ પરમ આનંદનો અનુભવ કરાવનારી હોય છે.

'કોઈનું આવવું, નહિ આવવું, જવું, ન જવું' - એક જ પંક્તિમાં ચાર ક્રિયાપદોના વિનિયોગ દ્વારા 'ટુ બી ઓર નોટ ટુ બી'ની દ્વિધા જુદી રીતે વ્યક્ત થઈ છે. 'ન યયૌ ન તસ્થૌ'ની આ સ્થિતિ છે. જવું કે ન જવું, આવવું કે ન આવવુંની આ પરિસ્થિતિ મીઠી મૂંઝવણ ઊભી કરે છે. આવું શા માટે થાય છે? એનો ઉત્તર બીજી પંક્તિમાંથી મળે છે. આંખને અમસ્તી ઉઘાડ-બંધ કરવાથી પણ આ અનુભવ થતો હોય છે. પણ ફરી યાદ અપાવવાનું કે આ અનુભવ મનની સ્થિર ગતિને જ આભારી છે. 'ઉઘાડ-વાસ' કાફિયા ગઝલકારે અહીં જડબેસલાક રીતે પ્રયોજાયો છે.

મનની સ્થિર ગતિની સાથે સાથે શ્વાસની ગતિ પણ અગત્યની છે. શ્વાસ ચાલે છે કે નથી ચાલતો એ ભૂલી જવું - એ પણ એક પ્રકારની આધ્યાત્મિકતા છે. શ્વાસની ગતિ અનાયાસ હોય અને એ ભૂલી જવું, કે શ્વાસ ચાલે છે ને માત્ર ચાલી રહેલી સફરનો આનંદ લૂંટવો. દિશાઓ સ્વયમ્ સફરનો અનુભવ કરાવે ત્યારે એ સફરનો આનંદ લૂંટવો જ રહ્યો. કારણ કે આ સફર અનાયાસ છે, એ માટે કોઈ પ્રયાસ કરાયો નથી. જે અનાયાસ છે એનો મહિમા, એનો આનંદ અનેરો હોય છે.

આ ગઝલનો અંતિમ શે'ર જવાહર બક્ષીની ઓળખ સમાન છે. આધ્યાત્મિક અનુભવના પરમ આનંદ સમાન આ શે'ર છે. અટકી જવા છતાં ગતિનો અનુભવ ક્યારે થાય? આપણા સ્થિર મનમાં ગતિનો અનુભવ થાય ત્યારે. આ ગતિ પણ કેવી? રાસની ગતિ? 'રાસ' અહીં માત્ર કાફિયા તરીકે છે કે એની પાછળ ગઝલકારને કશું બીજું પણ અભિપ્રેત છે? રાસ જોયા પછી નરસિંહ મહેતાને જે અનુભવ થયો હતો એ અનુભવ ગઝલકારે વ્યક્ત કરવો છે. જવાહર બક્ષી પોતે પણ જૂનાગઢ સાથે અનુસંધાન ધરાવે છે એટલે 'રાસ' કાફિયા અહીં અનાયાસ આવી ગયો છે.

### ➠ ૧૫.૪ વસ્તુલક્ષી કસોટી

(૧) જવાહર બક્ષીની આ બંને ગઝલના છંદનું બંધારણ તપાસો.
(૨) આ બંને ગઝલના અલગ-અલગ કાફિયા જેવા કાફિયાઓની યાદી તૈયાર કરો.
(૩) આ બંને ગઝલના કયા કયા શે'રમાંથી તમને મિજાજનો અનુભવ થયો? એ અનુભવને તમારા શબ્દોમાં તૈયાર કરો.

### ➠ ૧૫.૫ ભાષાકીય સામગ્રીનો અભ્યાસ

(૧) 'ગુન્હા' જેવો ઉર્દૂ ભાષાના અન્ય શબ્દો આ બે ગઝલમાંથી મળે છે? એનો અર્થસહિત અભ્યાસ કરો.
(૨) આ બંને ગઝલમાંથી 'આવવું' જેવા અન્ય ક્રિયાપદો મળે છે કે કેમ?
(૩) અપેક્ષાનું વિરુદ્ધાર્થી ઉપેક્ષા છે. આવા વિરોધી યુગ્મો આ બંને ગઝલમાંથી મળે છે કે કેમ?

### ➠ ૧૫.૬ પુનરાવલોકન

જવાહર બક્ષીની ગઝલો વિશે બહુ વાત નથી થઈ. ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની ડિગ્રી, મહર્ષિ મહેશ યોગી સાથે સ્વીટઝર્લેન્ડમાં ગાળેલા દસ વર્ષ અને એ વર્ષો દરમિયાન અનેક યોગ અને સાધના પદ્ધતિઓનું મેળવેલું જ્ઞાન, નરસિંહ મહેતાની કવિતામાં આધ્યાત્મિક વિષય પર કરેલું પી.એચ.ડી. - આ બધી બાબતોની અસર એમની ગઝલો પર દેખાય છે. આધ્યાત્મિક અનુભવ એમની ગઝલોમાં વિશેષ જોવા મળે છે. એ સંદર્ભ પોતે જણાવે છે, "જે

પરમાત્માના સ્મરણમાં ખોવાઈ જઈને સ્થિતિ પ્રાપ્ત થાય છે તેમાં પરમાત્મા પોતે પ્રગટ થઈને વાત કરવા આવે તો પણ ખલેલ પહોંચે છે તે વાત જ એ અનુભૂતિની રમણીયતાની દ્યોતક છે.'' આ સંદર્ભમાં તેમણે વધુ જણાવ્યું, કે ''આ અવસ્થામાં સઘળી લૌકિકતા નાશ પામે અને એ સ્થિતિને સૂફીઓ 'ફના' કહે છે.'' યાદ રાખીએ કે જવાહર બક્ષીએ પોતાનું ઉપનામ 'ફના' રાખ્યું હતું. જવાહર બક્ષી આપણા એક મહત્ત્વના ગઝલકાર છે. છતાં એમની ગઝલોનું યોગ્ય મૂલ્યાંકન થયું નથી. દસમા દાયકાની કવિતા વિશે વાત કરતી વખતે રાજેશ પંડ્યાએ 'તારાપણાના શહેરમાં' સંગ્રહ સંદર્ભે આ રીતે નોંધ લીધી હતી ''...જવાહર બક્ષીના 'તારાપણાના શહેરમાં' સંગ્રહની ગઝલ રચનાઓ સાંપ્રત ગઝલલેખનમાં આશ્વાસનરૂપ છે. કવિએ ગઝલ સ્વરૂપને પૂરેપૂરું આત્મસાત્ કર્યું છે. એની પ્રતીતિ ઘણી ગઝલોમાં થાય છે. ટૂંકી, મધ્યમ અને લાંબી એમ ત્રણે બહેરમાં કવિ જુદી જુદી મુદ્રા પ્રગટાવી શકે છે. લાંબી બહર, રચનારીતિના પ્રયોગ અને ભાષાકર્મ માટે અનુકૂળ નીવડે છે તો ટૂંકી બહરને કવિ, પરંપરા સાથે અનુસંધાન જાળવી, ચિંતનાત્મકતાને પોતીકી રીતે પ્રગટાવવા માટે ખપમાં લે છે. આ રીતે, ગઝલ સ્વરૂપને આવશ્યક એવી ને એટલી પ્રયોગશીલતા કવિ દાખવે છે, સાથે સાથે સ્વરૂપની સ્વાભાવિકતા ન અળપાય તેની ખેવના પણ રાખે છે.'' અહીં યોગ્ય રીતે જવાહર બક્ષીની ગઝલોનું મૂલ્યાંકન થયું છે.

### ➠ ૧૫.૭ લેખનપ્રવૃત્તિ

જવાહર બક્ષીની અન્ય એક ગઝલ અને કેટલાક શે'રો અહીં પ્રસ્તુત છે. આ રચનાઓનો તમે તમારી રીતે આસ્વાદવાનો - મૂલવવાનો પ્રયત્ન કરો.

*ટોળાની શૂન્યતા છું જવા દો કશું નથી,*
*મારા જીવનનો મર્મ છું, હું છું ને હું નથી.*
*હું તો નગરનો ઢોલ છું દાંડી પીટો મને,*
*ખાલીપણું બીજા તો કોઈ કામનું નથી.*
*શૂળી ઉપર જીવું છું ને લંબાતો હાથ છું,*
*મારામાં ને ઈશુમાં બીજું કૈં નવું નથી.*
*નામર્દ શહેનશાહનું ફરમાન થઈ જઈશ,*
*હું ઢોલ છું, પીટો, મને કૈં પણ થાતું નથી.*
*સાંત્વનનાં પોલાં થીંગડામાં સૂઈ ગઈ છે રાત,*
*બીડીના ઠૂંઠિયામાં કોઈ બોલતું નથી.*

* * *

➢ *પોત જળનું તો નિરક્ષર હોય છે,*
*કઈ કલમથી આમ આલેખાઉં છું.*

➢ *શબ્દો ઘડું હું છંદ બંધાવું, વ્યવસ્થિત પ્રાસ પહેરાવું,*
*અલંકારો રચું, ત્યાં અંગ મરડે એક અનાદિ વેદના,*

➢ *આયાસનો આ ખેલ જે સદીઓ ઉપર સામ્રાજ્ય લઈ બેસેલ*
*તે આખો ને આખો મ્હેલ બસ પળવારમાં તૂટી પડે!*

➢ *મૃગજળમાં શું છે એની ખબર છે મને 'ફના'*
*દોડીને માત્ર જાળવું છું રણની એક અદબ.*

- જળ છું બરફ છું ભેજ છું ઝાકળ છું વાદળ છું,
  સતત મૃગજળ સુધી ભીનો જ છું,
- તરસ્યા વિનાના શહેરમાં જો તું મને શોધ્યા કરે
  તો હું તને ક્યાંથી મળું?
- ઉત્સવ સમું આ શું હશે તારા અભાવમાં?
  દરરોજ મારી આંખમાં મેળો ભરાય છે.
- મારાથી આજ તારી પ્રતીક્ષા થઈ નહીં,
  મારો વિષાદ જાણે કે શ્રદ્ધા બની ગયો.
- અમે તો ઊજળા છીએ તમારી છત્રછાયામાં
  તમે આકાશી અંધારું અમે ઝીણા ઝગારા સમ.
- તારો ભલેને શ્વાસ ભળ્યો હો સુગંધમાં,
  મારુંય કૈંક નામ છે પર્ણોના કંપમાં.
- હું તારી ગેરહાજરી જેવો સફેદ છું,
  સારું થયું કે હું નથી રહે તો ઉજાસમાં.
- તારાં વહાણ આવવાનો થઈ જશે સમય,
  ને હું જ એકાએક વમળ થઈ જઈશ તો?
- કંઈ પણ થતું નથી હવે તારા વિચારમાં
  સ્વપ્નોય આજકાલ મળે છે... સવારમાં.
- ઓળંગ્યા સર્વ પ્હાડ, નદી, દરિયા, વન ને રણ,
  એક ભીંત તૂટતી નથી તારા વિચારની.
- જળનો જ જીવ છું ફરી જળમાં વહી જઈશ,
  પળભર બરફમાં બંધ છું, પળમાં વહી જઈશ.
- એક ઘર મનમાંથી ખાલી થાય...ને,
  શહેર આખું સૂનકાર હોય છે.
- પ્રત્યેક ઘર કરચોથી છે વેરણ-છેરણ છે
  ને તે છતાં અકબંધ આખું શહેર છે.
- આવું અજબ તે એક પળમાં કોણ ફૂટ્યું
  બિંબ કે પ્રતિબિંબ કે દર્પણ કે હું?
- બધાના પગ તળે કચડાઈ ગઈ કોઈ બાબત
  અને શહેરના ખૂણેખૂણે તપાસ થઈ.
- તારા વિનાનો આ મારો ભીનો ઉજાગરો,
  કૂવાની જેમ અર્ધો ભરેલો રહે રે લોલ.

➢ *આ છેલ્લા શ્વાસ જઈ રહ્યા છે અંધકારના,*
*હમણાં નીકળશે કોઈ કિરણ... સાંભળ્યા કરો.*

➢ *મસ્તી વધી ગઈ તો વિરક્તિ થઈ ગઈ,*
*ઘેરો થયો ગુલાલ તો ભગવો થઈ ગયો.*

➢ *છે એક મસ્તીનો મહાસાગર અને છું મોજમાં*
*આ પાર, પેલે પાર અપરંપાર કોને ભાન છે.*

➢ *કેમ ન હો જીવન ધુમાડો?*
*ઈંધણમાં ભીનાશ મળી છે.*

➢ *આ ઉપેક્ષિત બારણાંને કાંઈ કહેશો નહિ 'ફના'*
*એમને જોવા દે કોઈનાં ચરણ ઘરની બહાર.*

➢ *આમ અનહદ વરસતી કૃપાના અમે માંડ પીધા હશે બે'ક પ્યાલા,*
*ઝીલતાં, ઝાલતાં, મ્હાલતાં, માણતાં, મેલતાં મેલતાં વાર લાગી.*

## ➠ ૧૫.૮ વિશેષ અધ્યયન

જવાહર બક્ષીની પાસેથી ગુજરાતી ગઝલની લાંબામાં લાંબી અને વિશિષ્ટ રદીફો ધરાવતી ગઝલો મળે છે. પરંપરા અને આધુનિકતાનો સમન્વય એમની ગઝલોમાં જોવા મળે છે. આ વિશિષ્ટતા રદીફ અને કાફિયાની પસંદગી સંદર્ભે છે. લાંબી રદીફો એમના સમકાલીન અને એમની જેમ જૂનાગઢ સાથે ઘરોબો ધરાવનાર મનોજ ખંડેરિયા પાસેથી પણ મળે છે. આ બંને ગઝલકારોએ પસંદ કરેલી વિશિષ્ટ રદીફોનો પણ અભ્યાસ કરવો જોઈએ. એમના સમકાલીન અન્ય ગઝલકારોની ગઝલોનો અભ્યાસ કરવાથી પણ ગઝલ વિશેની તમારી સમજ વધારે વિશદ બની શકે એમ છે.

## ➠ ૧૫.૯ કવિપરિચય

જવાહર બક્ષીનો જન્મ તા. ૧૯-૦૨-૧૯૪૭ના દિવસે થયો હતો. એમની પાસેથી 'તારાપણાના શહેરમાં' (૧૯૯૯) અને 'પરપોટાના કિલ્લા' (૨૦૧૨) બે સંગ્રહોમાંથી ગઝલો પ્રાપ્ત થાય છે. 'તારાપણાના શહેરમાં'ની ગઝલોનો સમયગાળો ૧૯૬૮-૧૯૯૮ સુધીનો છે. જ્યારે 'પરપોટાના કિલ્લા' સંગ્રહની ગઝલોનો સમયગાળો ૧૯૬૭-૨૦૧૨ સુધીનો છે. જૂનાગઢ સાથે સંબંધ ધરાવનાર આ ગઝલકાર હાલ મુંબઈ રહે છે. ગઝલલેખન સંદર્ભે એમને દલપતરામ એવોર્ડ અને નર્મદ સુવર્ણચંદ્રક પ્રાપ્ત થયાં છે.

## ➠ ૧૫.૧૦ સંદર્ભ


(૧) પુરોહિત, રમેશ. ગઝલ અને ગઝલકારો, અમદાવાદ. - નવભારત સાહિત્ય મંદિર, ૨૦૧૫.
(૨) પુરોહિત, રમેશ. ગઝલ ૧૦૧, અમદાવાદ. - નવભારત સાહિત્ય મંદિર, ૨૦૧૬.
(૩) પંડ્યા, રાજેશ. દસમા દાયકાની કવિતા, પરબ
(૪) રાહી, એસ. એસ., રાજેશ વ્યાસ 'મિસ્કીન'. (સં.) અમર ગઝલો, અમદાવાદ. - આર. આર. શેઠ એન્ડ કંપની પ્રા. લિ., જાન્યુઆરી, ૨૦૧૬.


❒

## એકમ ૧૬ રાજેશ વ્યાસ 'મિસ્કીન'


૧૬.૧ ઉદ્દેશ

૧૬.૨ પ્રસ્તાવના

૧૬.૩ કૃતિ

૧૬.૩.૧ કૃતિનો સઘન અભ્યાસ

૧૬.૪ વસ્તુલક્ષી કસોટી

૧૬.૫ ભાષાકીય સામગ્રીનો અભ્યાસ

૧૬.૬ પુનરાવલોકન

૧૬.૭ લેખનપ્રવૃત્તિ

૧૬.૮ વિશેષ અધ્યયન

૧૬.૯ કવિપરિચય

૧૬.૧૦ સંદર્ભ


### ૧૬.૧ ઉદ્દેશ

(૧) ગુજરાતી ગઝલક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન કરનાર ગઝલકારની ગઝલોનો પરિચય થશે.

(૨) રાજેશ વ્યાસ 'મિસ્કીન'ની ગઝલોની ભાવસમૃદ્ધિ અને ભાષાસમૃદ્ધિનો ખ્યાલ આવશે.

(૩) ગુજરાતી ગઝલના વિકાસમાં રાજેશ વ્યાસ 'મિસ્કીન'ના પ્રદાનનો પરિચય થશે.

### ૧૬.૨ પ્રસ્તાવના

ગુજરાતી ગઝલક્ષેત્રે આદિલ મન્સૂરી - ચિનુ મોદીની પેઢી પછી એક અગત્યનું નામ રાજેશ વ્યાસ 'મિસ્કીન' છે. આધુનિક ગુજરાતી ગઝલ પછી એને અનુઆધુનિક તરફ લઈ જવામાં રાજેશ વ્યાસ 'મિસ્કીન'નો ફાળો અગત્યનો છે. બોલચાલની ભાષાના વિશિષ્ટ કાકુઓ, મિશ્રભાષા અને સાંપ્રત સાથે રાજેશ વ્યાસ 'મિસ્કીન'ની ગઝલો અનુસંધાન ધરાવે છે. આ લક્ષણોને કારણે એમની ગઝલો અન્ય ગઝલકારો કરતા નોખી તરી આવે છે અને એ રીતે એમનું મહત્ત્વનું પ્રદાન રહ્યું છે.

### ૧૬.૩ કૃતિ

*તારું કશું ન હોય તો છોડીને આવ તું,*
*તારું જ બધું હોય તો છોડી બતાવ તું.*

*અજવાળું જેના ઓરડે તારા જ નામનું,*
*હું એ જ ઘર છું એ જ ભલે ને ન આવતું.*

*પહેર્યું છે એ ય તું જ છે ઓઢ્યું છે એ'ય તું,*
*મારો દરેક શબ્દ તું મારો સ્વભાવ તું.*

*સાકરની જેમ ઓગળી જઈશ હુંય પણ,*
*છલકાતો કટોરો ભલેને મોકલાવ તું.*
*મિસ્કીન સાત દરિયા કરી પાર એ મળે,*
*એ રેખા હથેળીમાં નથી તો પડાવ તું.*

### ૧૬.૩.૧ કૃતિનો સઘન અભ્યાસ

રાજેશ વ્યાસ 'મિસ્કીન'ની આ જાણીતી ગઝલ છે. અથવા તો એમ પણ કહી શકાય કે આ ગઝલથી તેઓ વધારે જાણીતા થયા. આ ગઝલનો મત્લા પણ આ ગઝલકારની ઓળખ સમાન છે. આખી ગઝલ સરળ ભાષાભિવ્યક્તિના ઉદાહરણ તરીકે પણ જોઈ શકાય એમ છે. 'તું' એકાક્ષરી રદીફ દ્વારા પ્રિયપાત્રને સંબોધન છે અને એ સંબોધન મિજાજ પ્રગટાવવામાં ઉપયોગી નીવડે છે.

ભક્તિ હોય કે પ્રેમ હોય સમર્પણનો ભાવ જરૂરી છે. પ્રિયપાત્રને સંબોધીને ભારપૂર્વક કહ્યું છે કે કશું પણ તારું નથી તો છોડીને આવવામાં વાંધો શો છે? પહેલી પંક્તિ જરા સાધારણ લાગે પણ બીજી પંક્તિને કારણે આખો શે'ર અસાધારણ બને છે, વાતને નવો વળ ચઢે છે. કશું ન હોય તો છોડીને આવવામાં બહુ વાંધો ન હોય પણ બધું જ હોય તો? એ બધું છોડી શકાય છે? મીરાં જેમ રાજપાટ છોડીને ગિરધર માટે ચાલી નીકળી હતી એમ છોડીને નીકળી શકાય છે? 'છોડી બતાવ તું'માં પ્રિયપાત્ર માટે એક પડકાર પણ ફેંકવામાં આવ્યો છે. કશું ન હોય અને છોડીને નીકળવું તથા બધું જ હોય ને છોડીને બતાવવું આ બંને સ્થિતિ વચ્ચે ભેદ છે. સિદ્ધાર્થની જેમ મહાભિનિષ્ક્રમણ કરવાની તૈયારી હોવી જોઈએ તો જ પ્રેમ નામના તત્ત્વને પામી શકાય છે.

પહેલા શે'રમાં બધું જ છોડીને આવવાની ભારપૂર્વક રજૂઆત છે. જ્યારે બીજા શે'રમાં એનાથી જરા જુદો મિજાજ જોવા મળે છે. ઘરના ઓરડામાં અજવાળું આવે છે અને એ અજવાળાને પ્રિયપાત્રના નામ સાથે જોડવામાં આવ્યું છે. હવે, વિડંબના એ છે કે, અજવાળા સાથે પ્રિયપાત્રનું નામ જોડવામાં આવ્યું છે પણ પ્રિયપાત્રની ગેરહાજરી છે. બીજી પંક્તિમાં વધારે ભારપૂર્વક રજૂઆત છે પણ આખી વાતને વળ તો 'ભલે ને ન આવ તું'થી ચઢે છે. પ્રિયપાત્રનાં સ્મરણનું અજવાળું પૂરતું છે. આ અજવાળું પ્રિયપાત્રની ગેરહાજરીને સાલવા નથી દેતું. પ્રિયપાત્ર 'ભલે' ન આવે, અજવાળું તો છે. અહીં 'ભલે' આગળનો કાકુ (tone) પામી શકો તો શે'રનો વધારે આસ્વાદ માણી શકશો.

હિન્દીના પ્રખ્યાત ગઝલકાર દુષ્યંતકુમારનો એક શે'ર જાણીતો છે :

*'મૈં જિસે ઓઢતા બિછાતા હું,*
*વો ગઝલ આપકો સુનાતા હું.'*

ગઝલકાર ગઝલ સાથે કેટલો ઓતપ્રોત છે, એનો ખ્યાલ આવે છે. દરેક પ્રણયીજન પોતાના પ્રિયપાત્ર સાથે ઓતપ્રોત હોય છે. પ્રણયની એ લાક્ષણિકતા પણ છે, કે તમે પ્રિયપાત્ર સાથે કેટલા ઓતપ્રોત છો. ગઝલ સાથે ઓતપ્રોત હોય તો પહેરવા - ઓઢવાનું પણ ગઝલમય હોય અને પ્રિયપાત્ર સાથે ઓતપ્રોત હોય તો શબ્દથી લઈને સ્વભાવ સુધી બધું જ પ્રિયપાત્રમય થઈ જાય. પ્રણયનો આ જાદુ છે. આપણાપણું મટી જાય અને પ્રિયપાત્રનો રંગ ચઢવા લાગે. 'મેરો તો ગિરિધર ગોપાલ, દૂસરો નવા કોઈ'ની સ્થિતિનો અનુભવ થવા લાગે.

ચોથા શે'રની વિગત જાણીતી છે. પારસીઓ જેમ દૂધમાં સાકરની દેમ ભળી ગયા એમ પ્રિયપાત્રના પાત્રમાં ભળી જવાની વાત છે. જરા જુદી રીતે વિચારીએ તો અહીં પણ ઓતપ્રોત થવાની વાત નથી શું? અહીં પણ 'ભલેને'નો કાકુ પકડવા જેવો છે. કટોરો ભલેને છલકાતો હોય એમાં ઓગળી જતા આવડે છે. ગમે તે સ્થિતિમાં પ્રણયીજનને પ્રિયપાત્ર સાથે ઓતપ્રોત થતા આવડે છે. કટોરો છલકાવ્યા વગર એમાં સાકરની જેમ ભળી જવાની કળા આવડતી હોય એ જ પ્રણયનો મર્મ પામી શકે છે. ઓતપ્રોત થયા વગર પ્રણયમાં મજા રહી છે ખરી?

સાર્થ જોડણીકોશ પ્રમાણે 'મિસ્કીન'નો અર્થ થાય છે, 'મુફલિસ, ગરીબ'. મક્તા શે'રમાં ગઝલકારે તખલ્લુસનો વિનિયોગ કર્યો છે. જો કે, આખા શે'રમાં એ તખલ્લુસ જ રહે છે. અહીં પણ મિલન માટેની ઝંખના તીવ્ર રીતે પ્રગટ થઈ છે. સાત દરિયા પાર કર્યા પછી મિલનની ક્ષણ આવશે, એવું ખબર પડે પછી? એ સાતે દરિયા એકીશ્વાસે પાર કરવાની તત્પરતા હોય છે. સાતે દરિયા પાર કર્યા પછી ખબર પડે, કે નસીબમાં પ્રિયમિલનની ક્ષણ જ નથી લખાઈ ત્યારે? ત્યારે બીજી પંક્તિનો વિચાર આવે. હાથમાં એ મિલનની રેખા પડાવવી પડે અને નસીબને હંફાવવું પડે. સામાન્ય રીતે તો નસીબ આપણને હંફાવતું હોય છે પણ પ્રણયની વાત જુદી છે. મૃત્યુને ગળે લગાડીને પણ મિલનની ક્ષણને જતી ન કરાય. પ્રણયીજને જ પોતાના પ્રેમનો માર્ગ કંડારવો પડે. એ માર્ગ પરની બધી આપત્તિઓને દૂર કરીને પણ પ્રિયપાત્ર સુધી પહોંચવું પડે.

ગઝલકાર તરીકે રાજેશ વ્યાસ 'મિસ્કીન'ને સમજવા માટે, એમની અભિવ્યક્તિને સમજવા માટે એમની અન્ય એક ગઝલનો આસ્વાદ માણીએ. જેથી રાજેશ વ્યાસ 'મિસ્કીન'ની ગઝલ પ્રતિભાનો ખ્યાલ આવશે.

***બધાય ઊંઘી જાય, થાય મધરાત અચાનક ડોસી ખાંસે,***
***છાતીમાં ખખડે ડૂસકાં - આઘાત અચાનક ડોસી ખાંસે.***
***કેટકેટલાં વરસો કરચલીઓ પાછળ ઢંકાઈ ગયાં છે,***
***કોઈ પૂછે જ્યાં કશીક અંગત વાત અચાનક ડોસી ખાંસે.***
***કોનું કોનું કોણ સમંદર પાર દૂર પરદેશ રહે છે,***
***કરે ડોશીઓ ભેગી થઈ પંચાત અચાનક ડોસી ખાંસે.***
***ભર્યું ભર્યું ઘર હતું, માગનારા ખાલી પાછા ના ફરતા,***
***યાદ આવતી બધી ભેટ-સોગાત અચાનક ડોસી ખાંસે.***
***થતું મૂળિયાં સોનું ઊડશે બધું, પરંતુ કશું થતું નહિ,***
***ઊંડે કાળજે એવો ઝંઝાવાત, અચાનક ડોસી ખાંસે.***
***હરખ-શોકથી દૂર, ઘણીયે દૂર ઝૂંપડી બાંધી બેઠી,***
***છતાંય પીડે સગપણ ઝંઝાવાત અચાનક ડોસી ખાંસે.***

આદિલ મન્સૂરી, ચિનુ મોદી, મનહર મોદી, રાજેન્દ્ર શુક્લ, મનોજ ખંડેરિયા વગેરેની ગઝલો પરંપરાથી જુદી પડતી હતી અને આધુનિક મિજાજ ધરાવતી હતી. રાજેશ વ્યાસ 'મિસ્કીન'ની આ ગઝલ આધુનિક મિજાજથી જુદી પડે છે અને અનુઆધુનિક અભિવ્યક્તિ ધરાવે છે. 'અચાનક ડોસી ખાંસે' આ રદીફની પસંદગી જ ગઝલકાર પાસે જુદા પ્રકારની અભિવ્યક્તિ કરાવે છે. એક ડોશી વિશેની આ ગઝલ છે. એટલે અહીં એક શે'ર સાથે બીજા શે'રનું અનુસંધાન જોવા મળે છે. એક ભાવજગતની આ ગઝલ છે. જેને 'મુસલસલ' ગઝલ કહેવામાં આવે છે. ભાવનું સાતત્ય ધરાવતી આ ગઝલ છે.

જગત આખું શાંત થઈ જાય રાતે, પણ ડોસી અશાંત છે, ખાંસે છે. આ ખાંસી પાછળ અનેક કારણો છે. ડોસીનું સ્વાસ્થ્ય સારું નથી એ તો સમજી શકાય પણ માત્ર સ્વાસ્થ્ય જ સારું નથી એટલે આ ખાંસીની પીડા છે. જરા બીજી પંક્તિનો વિચાર કરીએ તો કારણ મળી આવશે. છાતીમાં ડૂસકાં ખખડી રહ્યાં છે. આંખોથી વ્યક્ત ન થઈ શકેલા ડૂસકાં છાતીમાં ખખડી રહ્યા છે. કેટલાયે વરસોથી સંઘરી રાખેલાં ડૂસકાં હવે ખખડી રહ્યાં છે. અર્થ તો એ પણ થયોને કે વરસોથી એક પછી એક પીડાને ડોસીએ છાતીમાં સંઘરી રાખી છે. એ પીડા ડૂસકાં બનીને ડોસીની છાતીમાં જામી ગઈ છે. 'આઘાત' કાફિયાને પણ અહીં ધ્યાનમાં રાખવા જેવો છે. આઘાત પીડા, ડૂસકાં બનીને ખાંસી રહ્યો છે, એવું નથી લાગતું?

તમને વૃદ્ધ માણસનો ચહેરો વાંચતા આવડે છે? કરચલીઓને કારણે વૃદ્ધ માણસના ચહેરા પર જોવા મળતી વિવિધતાને તમે ઓળખી શકો છો? ક્યારેક વૃદ્ધ માણસના ચહેરાને વાંચવાની કોશિશ કરજો. કંઈ કેટલીયે લાગણીઓ, આકાંક્ષાઓ, સપનાં તમને એ કરચલીવાળા ચહેરામાં જોવા મળશે. એના વિશે વૃદ્ધ માણસ સાથે વાત કરશોને તો પણ એમના ચહેરાનો રંગ બદલાતો લાગશે. કારણ, એક એક કરચલી પાછળ એક એક ઘટના છુપાયેલી છે અને એ અંગત ઘટનાઓનું સ્મરણ ડોસી જેવા વૃદ્ધપાત્ર માટે તો પીડાદાયક જ રહેવાનું. આ આખી ગઝલમાં 'ખાંસે છે' એ માત્ર ક્રિયાપદ નથી પીડાનો અનુભવ પણ છે.

'ઓટલા પંચાત'ની વાત સાંભળી છે? એક થી વધુ ડોસીઓ ભેગી થાય ત્યારે એમની પંચાતનો વિષય શો હોય? દરેકનાં સ્વજન દૂર, પરદેશમાં રહેતાં હોય ત્યારે પોતાનાં સ્વજનો સિવાય તો એમની વાતચીતનો વિષય બીજો કયો હોવાનો? માત્ર વાતચીત સુધી કે પંચાત સુધી જ વાત હોત તો આ શે'રમાં મિજાજ નથી એમ કહેવું પડે પણ 'ડોસી ખાંસે છે' એ રદીફ આ શે'રને મિજાજ બક્ષે છે. સ્વજનોની પંચાત કરતાં કરતાં પણ ડોસી ખાંસે છે, એ અગત્યનું છે. સ્વજનોનો વિરહ અસહ્ય છે. એ વિરહ અહીં આંસુ રૂપે નહીં પણ ખાંસી રૂપે પ્રગટ થાય છે. ભૂતકાળની જાહોજલાલી હવે નથી. એક સમૃદ્ધ ભૂતકાળ હતો. દાનવીર કર્ણની જેવી શાખ હતી કે માગનારા કોઈ ખાલી હાથે પાછું ન ફરતું. પણ અત્યારે તો એ બધું ભૂતકાળ હતું. ભૂતકાળ પણ ડોસીની ખાંસી બનીને પ્રગટ થાય છે. કાળ સૌથી મોટો નિર્ણયકર્તા છે. કાળની થપાટો આગળ કોઈનું અસ્તિત્ત્વ ટકી શક્યું નથી. ક્યારેક તો એવું પણ લાગે કે મૂળસમેત બધું ઊખડી જશે, સ્વાહા થઈ જશે! કુદરતનો ઝંઝાવાત અને ભીતર ઊઠતો ઝંઝાવાત બંનેમાં ફેર છે. ભીતર ઊઠતા ઝંઝાવાતને માત્ર અનુભવી શકાય છે, એ દેખાતો નથી. એવો ઝંઝાવાત ઊઠે છે ત્યારે પણ ડોસીની વેદના ખાંસી દ્વારા પ્રગટ થાય છે.

જીવનમાં ક્યારેક એવો સમય પણ આવે છે કે બધાં સ્વજનો, બધાં વળગણો, હરખ-શોકથી દૂર બધાં આવરણો હટાવીને પોતાનું અસ્તિત્ત્વ ટકાવી રાખવું પડે છે. સ્થૂળ રીતે આવો નિર્ણય કર્યા પછી પણ સૂક્ષ્મસ્તરે બધાં વળગણોથી દૂર થઈ શકાય એમ છે? એ સગપણ ક્યારેક ઝંઝાવાત થઈને પીડે છે. રાજેશ વ્યાસ 'મિસ્કીન'ની આ ગઝલ ડોસીની વેદનાને અનેક રીતે પ્રગટ કરે છે. અહીં જે રદીફ પસંદ થઈ છે એને કારણે આખી ગઝલ જુદી તરી આવે છે.

### ➠ ૧૬.૪ વસ્તુલક્ષી કસોટી

(૧) રાજેશ વ્યાસ 'મિસ્કીન'ની આ બંને ગઝલના છંદ તપાસો. એનું બંધારણ તમે નક્કી કરો શકો છો?

(૨) આ બંને ગઝલના કયા કયા શે'રમાંથી તમને મિજાજનો અનુભવ થયો? તમારા શબ્દોમાં એની ચર્ચા કરો.

### ➠ ૧૬.૫ ભાષાકીય સામગ્રીનો અભ્યાસ

(૧) 'સમંદર' જેવા અન્ય ભાષાના બીજા કયા શબ્દો મળે છે? એની અર્થસહિત યાદી તૈયાર કરો.

(૨) 'ખખડે' રવાનુકારી શબ્દ છે. આવા બીજા શબ્દો તમને મળે છે? યાદી તૈયાર કરો.

(૩) 'કોનું કોનું' દ્વિરુક્ત શબ્દ છે. આવા બીજા શબ્દો તમને મળે છે? યાદી તૈયાર કરો.

### ➠ ૧૬.૬ પુનરાવલોકન

ઈયત્તા અને ગુણવત્તા બંને રીતે રાજેશ વ્યાસ 'મિસ્કીન' મહત્ત્વના અનુઆધુનિક ગઝલકાર છે. એમની અન્ય ગઝલોમાંથી પસાર થતા એમની ભીતર ચાલી રહેલા સંઘર્ષનો ખ્યાલ આવે છે. ભીતર સાથેનો સંવાદ, ભીતર વિશેનો સંવાદ, બાહ્ય ઘટનાઓથી અજંપ થતું ભીતર અને ભીતર-બહાર વિશે ચાલતો સંઘર્ષ અનેક શે'રોમાંથી

પ્રગટ થાય છે. એમની ગઝલોમાંથી માણસ સાથેની નિસબત પણ અનેક રીતે પ્રગટ થાય છે. માણસને માણસ સાથેની નિસબત પણ અનેક રીતે પ્રગટ થાય છે. માણસને માણસ હોવાને કારણે ઊભા થતા પ્રશ્નો, કાચિંડાની જેમ રંગ બદલતો માણસ કે અફવાની જેમ જીવતો માણસ જુદાં જુદાં રૂપે-રંગે માણસ એમની ગઝલોમાંથી પ્રગટ થાય છે, ગામ છૂટવાની પીડા, શહેરની મિશ્ર સંસ્કૃતિ અને એને કારણે ઊભા થતા પ્રશ્નો, મિશ્ર બનતી ભાષા, વૃદ્ધોની સમસ્યા કે અતીતરાગપણું - આ બધું પણ એમની ગઝલોમાંથી પ્રગટ થાય છે.

### ➠ ૧૬.૭ લેખનપ્રવૃત્તિ

રાજેશ વ્યાસ 'મિસ્કીન'ની અન્ય એક ગઝલ અને કેટલાક શે'રો અહીં તમારા અભ્યાસ માટે છે. આ રચનાઓનો તમે તમારી રીતે આસ્વાદવાનો - મૂલવવાનો પ્રયત્ન કરો.

*હૈયે તો છું પણ હોઠેથી ભુલાઈ ગયેલો માણસ છું,*
*હું મારા ડાબા હાથે ક્યાંક મુકાઈ ગયેલો માણસ છું.*
*સૌ જાણે છે કે ચાવું છું હું પાન હંમેશા મઘમઘતાં,*
*હર પિચકારીમાં રોજ અહીં થુંકાઈ ગયેલો માણસ છું.*
*પાણીમાં પડેલા કાગળના અક્ષર જેવા છે શ્વાસ બધા,*
*જીવું છું ઝાંખું પાંખું હું ભુંસાઈ ગયેલો માણસ છું.*
*પાણીનો છે આભાસ એવો લાગું છું સ્વયં દરિયા જેવો,*
*કંઈ એવી તરસથી રણ જેવું સુકાઈ ગયેલો માણસ છું.*
*ક્યારેક એવું પણ લાગે છે આ વસ્તીમાં વસનારાને,*
*એક સાવ બજારું ઓરત છું ચુંથાઈ ગયેલો માણસ છું.*
*સૌ આવી ગુનાહો પોતાના કબૂલીને મનાવે છે મિસ્કીન,*
*કોને કહેવું હું મારાથી રિસાઈ ગયેલો માણસ છું.*

* * *

- *'જળપરીની વારતાથી છેક ઉપનિષદ સુધી,*
  *એક આ મનને ન ગોઠે, ક્યાંય કોઈ શું કરે?'*
- *'તૂટે નહીં કશુંયે ખૂટે નહીં કશુંયે*
  *ભીતર બહાર સઘળું લાગે સળંગ જેવું.'*
- *'એક વખત થૈ જાય ડોકિયું મિસ્કીન ભીતર,*
  *પછી બોલ દુનિયાનું વળગણ ક્યાં લગ ટકશે?'*
- *'હોય છે ઘરમાં જુદો ને બહાર જુદો હોય છે,*
  *એક માણસનો સતત વ્યવહાર જુદો હોય છે.'*
- *'એ જ એના એ જ માણસનો વખત બદલાય છે,*
  *દોસ્ત સૌની આંખ - સંબોધન તરત બદલાય છે.'*
- *'એ નહીં આવે જરાયે ભાવ, એ સમથિંગ છે,*
  *તું હવે વાંકો પડી બોલાવ, એ સમથિંગ છે.'*

➢ 'તું સદાય ટાળે છે, ક્યાંય પણ ઉઘડવાનું,
પ્રેમની શરત શું છે? કોદ દી તો જાણી જો.'

➢ 'કોક ફોટા પાડવા આવે કવર સ્ટોરી કરે,
ગામ આખ્ખાની કહાની મશ્કરી જેવી જ છે.'

➢ 'દવાથી તે દુઆ લગ બ્હાર-ભીતર જાત સચવાતી,
જીવનના પાઠ કેવા શિખવ્યા મોઘમ અભણ માએ.'

➢ 'ફાનસના અજવાળે ભણનારી પેઢી પરદેશ ગઈ,
જતી આવતી ઝીણી લાઈટ વૃદ્ધ ઊભાં ટમટમતાં ઘર.'

➢ 'એમ બસ એમ જ આ મનને સાંભળું છું એકલો,
જેમ તમરાંના અવાજો શાંત રાતે સાંભળું.'

➢ 'કદી મળ્યા ના, કદી મળીશું નહીં એય સાચું છે કિંતુ,
હોય આશરો છેલ્લો એક જ એમ ક્ષણેક્ષણ તમને શોધું.'

➢ 'બાપદાદના સમયનાં વૃક્ષ સુક્કાં આંગણામાં,
ને ઊધઈના રાફડા જોયા વતનમાં - બારણામાં.'

➢ 'વૃદ્ધ આંખે આજ વર્ષો બાદ ઘર જોયું વતનનું,
થાય છે શું શું જિવાડી રાખતું'તું ધારણામાં.'

➢ 'ક્યાંક ફૂટતું કૂંપળ જેવું,
ક્યાંક મૂળ થઈ સડતું જી.'

➢ 'મન તો મિસ્કીન અજબ માછલું,
તરતું ને તરફડતું જી.'

➢ 'કેટલાં તોફાન છાતીમાં સહન કરવાં પડે,
પ્રેમમાં સહેલાઈથી બોલાય છે એવું નથી.'

➢ 'ના નથી પંપાળતો, એ આપતો ચીમકી સતત,
પિંજરે પંખી ખુશીથી ગાય છે એવું નથી.'

➢ 'ખરેખર થૈ ગયો ખડિયો સમંદર,
ઝબોળું છું મને, પુષ્કળ લખું છું.'

➢ 'ઘણા પંડિત નિરંતર અર્થ શોધે,
રહું છું મોજમાં કેવળ લખું છું.'

➢ 'ધ્યાન જે તે સદા ગણાવે મન,
એય મનનો વિચાર છે વ્હાલા.'

➢ 'કોઈ ક્યાં મારનાર છે સાધો,
સર્વ ખુદના શિકાર છે સાધો.'

➢ *'બ્હાર ડૂબો કે મનમાં ડૂબો,*
*ડૂબવું યાદગાર છે સાધો.'*

➢ *'શરૂશરૂમાં જે લાગ્યું' તું નિરર્થક-બોગસ,*
*બનીને એ જ તો ઘટમાળ રહ્યું છેક લગી.'*

➢ *'રઝળવાની કદર રૂપે તરસ પોતે કૃપા થઈ ગઈ,*
*હશે ક્યાં કેટલું પાણી? અને કેવું? બતાવી ગઈ.'*

➢ *'એ તરસ્યો રાજિયો પાણીકળો મિસ્કીનના નામે,*
*અભણને કોઈ પણ અભ્યાસક્રમ વિના ભણાવી ગઈ.'*

### ➠ ૧૬.૮ વિશેષ અધ્યયન

રાજેશ વ્યાસ 'મિસ્કીન' પોતે પોતાની ગઝલ પ્રક્રિયા વિશે જણાવે છે. ''મારી ગઝલો વિશે વાત કરું તો મારી ગઝલો એ મારી આત્મકથાનાં પાનાં જેવી છે. ક્યારેક જે જીવ્યો છું એમાંથી ગઝલો રચાઈ છે. ક્યારેક પહેલાં ગઝલ લખાઈ છે અને પછી જિવાયું છે. સાવ અંગત જિવાયું તે બિનઅંગત બની ગયું છે. ઘણીયે રાતો ખુલ્લા આકાશ નીચે સાવ અજાણ્યા ગામ કે નગરમાં એક વણઝારાની જેમ વિતાવી છે. કેટકેટલું છૂટી ગયું છે પાછળ અને જીવનમાં કેટલું સચવાયું છે એના ઉપર નજર નાખું છું ત્યારે આ બચીકુચી ગઝલો હાથ લાગે છે. ઘણી ગઝલો ક્યાં હશે તે ખબર નથી. ઘણી ગઝલો ઘણા સંબંધોની જેમ ખોવાઈ ગઈ છે. આ ક્ષણે એટલું જ કહી શકું તેમ છું કે મેં ગઝલોને નથી સાચવી, ગઝલોએ મને સાચવ્યો છે.'' (શબ્દસૃષ્ટિ, ઓક્ટોબર-નવેમ્બર, ૨૦૧૧) ગઝલોએ જેમને સાચવ્યા છે એવા ગઝલકારની આ પ્રકારની કેફિયત પણ એમની ગઝલોને સમજવા માટે ઉપયોગી છે. આ સમયના અન્ય ગઝલકારો હરીશ મીનાશ્રુ, ભરત વિંઝુડા, લલિત ત્રિવેદી, હર્ષદ ત્રિવેદી, મુકુલ ચોક્સી વગેરેની ગઝલોના અભ્યાસથી પણ તમારી ગઝલ વિશેની સમજ વિશદ બની શકે એમ છે.

### ➠ ૧૬.૯ કવિપરિચય

રાજેશ વ્યાસ 'મિસ્કીન'નો જન્મ તા. ૧૬-૧૦-૧૯૫૫ ના દિવસે થયો હતો. 'છોડીને આવ તું' (૨૦૦૫), 'કોઈ તારું નથી' (૨૦૦૭), 'એ પણ સાચું આ પણ સાચું' (૨૦૦૮), 'પહેલી નજર' (૨૦૦૮), 'બદલી જો દિશા' (૨૦૦૯), 'એ ઓરડો જુદો છે' (૨૦૧૩), 'પાણીયારાં ક્યાં ગયાં' (૨૦૧૫), 'એ સમથિંગ છે' (૨૦૧૬), 'મળેલાં જ મળે છે...' (એપ્રિલ, ૨૦૧૭) વગેરે સંગ્રહોમાંથી ગઝલો પ્રાપ્ત થાય છે. આ ઉપરાંત એમણે એસ. એસ. રાહી સાથે મળીને 'અમર ગઝલો' એવું એક મહત્ત્વપૂર્ણ સંપાદન પણ આપ્યું છે. આઈ.એન.ટી. તરફથી એમને ગઝલક્ષેત્રે પ્રદાન બદલ 'કલાપી એવોર્ડ' પણ પ્રાપ્ત થયો હતો. નવી પેઢીના ગઝલકારોને તૈયાર કરવામાં પણ એમની ભૂમિકા મહત્ત્વની રહી છે.

### ➠ ૧૬.૧૦ સંદર્ભ


(૧) મોદી, ચિનુ. (સં.) ગુજરાતી પ્રતિનિધિ ગઝલો, નવી દિલ્હી. - સાહિત્ય અકાદમી. ૨૦૦૮

(૨) રાહી, એસ. એસ., રાજેશ વ્યાસ. 'મિસ્કીન' (સં.) અમર ગઝલો, અમદાવાદ. - આર. આર. શેઠ એન્ડ કંપની પ્રા. લિ., જાન્યુઆરી, ૨૦૧૬.

(૩) વ્યાસ, રાજેશ 'મિસ્કીન'. 'મારી ગઝલયાત્રા અભાવ, ભાવ, અહોભાવ', શબ્દસૃષ્ટિ, ઓક્ટોબર-નવેમ્બર, ૨૦૧૧.


❒

એકમ ૧૭

# મુકુલ ચોક્સી

૧૭.૧ ઉદ્દેશ
૧૭.૨ પ્રસ્તાવના
૧૭.૩ કૃતિ
૧૭.૩.૧ કૃતિનો સઘન અભ્યાસ
૧૭.૪ વસ્તુલક્ષી કસોટી
૧૭.૫ ભાષાકીય સામગ્રીનો અભ્યાસ
૧૭.૬ પુનરાવલોકન
૧૭.૭ લેખનપ્રવૃત્તિ
૧૭.૮ વિશેષ અધ્યયન
૧૭.૯ કવિપરિચય
૧૭.૧૦ સંદર્ભ

## ૧૭.૧ ઉદ્દેશ

(૧) ગુજરાતી ગઝલના અંતિમ પડાવના મહત્ત્વના ગઝલકારની ગઝલોનો પરિચય થશે.
(૨) મુકુલ ચોક્સીની ગઝલોની ભાષાસમૃદ્ધિ અને ભાવસમૃદ્ધિનો ખ્યાલ આવશે.
(૩) ગુજરાતી ગઝલના વિકાસમાં મુકુલ ચોક્સીના પ્રદાનનો ખ્યાલ આવશે.

## ૧૭.૨ પ્રસ્તાવના

ગુજરાતી ગઝલ અનેક પ્રકારના સ્થિત્યંતરોમાંથી પસાર થઈ છે. ગુજરાતીમાં ગઝલ દોઢસોથી પણ વધારે વર્ષ જૂની છે. ગઝલના તમાન પડાવમાંથી પસાર થયા પછી અંતે મુકુલ ચોક્સીની ગઝલો પાસે અટકવું પડે. સરળ ભાષા અભિવ્યક્તિ અને નવા કાફિયાઓના વિનિયોગ દ્વારા મુકુલ ચોક્સી મિજાજ સિદ્ધ કરે છે. ‘સજનવા’ રદીફ રાખીને આપેલી એમની દીર્ઘરચના અત્યંત લોકપ્રિય સાબિત થઈ હતી. નવાં કલ્પનો એમની ગઝલોની વિશિષ્ટતા રહી છે.

## ૧૭.૩ કૃતિ

*સામેનો રથ આ વાતથી અણજાણ પણ નથી,*
*કે મારી પાસે એક્કે ધનુષ-બાણ પણ નથી.*
*વિસ્તરતી ચાલી મારી ક્ષિતિજો આ દૂર... દૂર...*
*ને આમ કોઈ જાતનું ખેંચાણ પણ નથી.*
*પાણીના વેશમાં મને ઘેર્યો છે કોઈએ,*
*જ્યાં ભાગવાને માટે કોઈ વહાણ પણ નથી.*
*માટે તો અર્થહીન આ ઊભા રહ્યા છીએ,*
*ત્યજવું નથી, ને કાયમી રોકાણ પણ નથી.*

*સંપૂર્ણ શાંતિ કેવી રીતે સંભવી શકે!*
*કરફ્યૂ નખાય એટલું રમખાણ પણ નથી.*

મુકુલ ચોક્સીની આ ગઝલના આસ્વાદમાં 'પણ નથી' રદીફ અગત્યની છે. આ રદીફને કારણે દરેક શે'રમાં એક વિરોધ ઊભો કરવાની અને એ દ્વારા મિજાજ સિદ્ધ કરવાની કોશિશ ગઝલકારે કરી છે. પ્રમાણમાં ઓછા પ્રચલિત કાફિયાના વિનિયોગ દ્વારા પણ ગઝલકારે મિજાજ નિપજાવવાનો પ્રયત્ન કર્યો છે.

યુદ્ધ કરવા નીકળ્યા હો તમે અને શસ્ત્ર ન હોય ત્યારે? ધનુષબાણ નથી, હવે આ વાતની તમને જ ખબર છે, એવું પણ નથી. શત્રુ પણ એ વાતથી અણજાણ નથી. એવી એક સ્થિતિ ગઝલકારે બે પંક્તિમાં ઊભી કરી છે, કે એ અત્યંત દ્વિધાભરી અને નાટ્યાત્મક છે. યુદ્ધ કરવાનું છે પણ શસ્ત્ર વિના, કેવી રીતે? શત્રુનું આવી સ્થિતિમાં કેવું વલણ હશે? એ યુદ્ધ અટકાવી દેશે? કે પછી વધુ આક્રમક થઈને પ્રહાર કરશે? બે પંક્તિમાં આ રીતે સ્થિતિ નિપજાવીને ગઝલકારે વિચારનાં અનેક વલયો સર્જી આપ્યાં છે. મુકુલ ચોક્સીની ગઝલોની આ ખૂબી છે.

જીવન જીવવા માટે જીવન પ્રત્યે ખેંચાણ જરૂરી છે. આપણી જિંદગી પ્રત્યે આપણને આસક્તિ ન હોય તો જીવવાની મજા શી? આપણાં કામનો, આપણા નામનો સતત યશ થતો રહે, કીર્તિપતાકા દૂર દૂર સુધી લહેરાતાં રહે, પણ એ વાતથી આપણને કોઈ હરખ ન થતો હોય તો એ યશ શા કામનો? જીવનમાંથી રસ ઊડી ગયા પછી જીવન નિરર્થક લાગે છે. રોમેરોમમાં નિરાશા વ્યાપી ગઈ હોય ત્યારે કોઈ કીર્તિ, કોઈ યશ જીવન પ્રત્યે ખેંચાણ ઊભું કરી શકતું નથી.

'પાણીના વેશમાં મને ઘેર્યો છે કોઈએ' - આ પંક્તિમાં 'કોઈએ' શબ્દ અગત્યનો છે. અહીં સ્પષ્ટ કહેવામાં આવ્યું નથી. અધ્યાહાર રાખીને ગઝલકારે વધુ અર્થો માટે અવકાશ રાખ્યો છે. સમગ્ર પૃથ્વી જળસૃષ્ટિ બની જાય ત્યારે? એમાંથી ભાગી નીકળવા માટે વહાણ જોઈએ. જેમ, પ્રથમ શે'રમાં યુદ્ધ કરવાનું છે પણ ધનુષ-બાણ નથી તેમ અહીં પાણીના ઘેરાવમાંથી ભાગવાનું છે પણ વહાણ નથી. બંને શે'રમાં સ્થિતિ સમાન છે. સંઘર્ષ કરવાનો છે પણ એ સંઘર્ષ કરવા માટે સાધન નથી. બંને સ્થિતિમાં સામેના પાત્રને એ શત્રુ હોય કે પાણીનો વેશ ધારણ કરનાર હોય જાણે છે કે આપણી પાસે સાધન નથી. જોવાનું એ છે કે આ સ્થિતિમાં સામેવાળું પાત્ર આપણી નિઃસહાયતાનો ગેરલાભ ઉઠાવે છે કે પછી આપણા પ્રત્યે સહાનુભૂતિ દાખવે છે. 'પાણીના વેશમાં' આ કલ્પના રમ્ય છે અને આખા શે'રને આસ્વાદ્ય બનાવે છે.

ચોથા શે'રમાં પણ દ્વિધાભરી પરિસ્થિતિ જ છે. અસમજંસ અહીં પણ છે. શું કરવું અને શું ન કરવું - ની કશમકશ વચ્ચે માણસ અટવાયો છે. આ સ્થિતિ અર્થહીન સાબિત થતી હોય છે. કશું નક્કી ન કરી શકવાની સ્થિતિ કશું નિપજાવી શકતી નથી. એ ક્ષણો વ્યર્થ, અર્થહીન સાબિત થતી હોય છે. પરિસ્થિતિ ત્યજવી પણ નથી અને પરિસ્થિતિ સામે એવો કોઈ લગાવ પણ નથી કે કાયમ માટે રોકાણ કરી લઈએ. દરેકના જીવનમાં આવી દ્વિધાભરી સ્થિતિ આવતી હોય છે. મધદરિયે હોઈએ અને ક્યાં જવું એ નક્કી થઈ શક્તું નથી. પરિસ્થિતિ માટે કોઈ ખેંચાણ પણ નથી અને પરિસ્થિતિ ત્યજી પણ શકાતી નથી. આ દ્વિધાભાવને ગઝલકારે સરળ શબ્દોમાં અહીં નિપજાવ્યો છે.

આ ગઝલના અંતિમ શે'રમાં પણ વિરોધનો ભાવ ઊભો કર્યો છે. સંપૂર્ણ શાંતિની અપેક્ષા છે. આ અપેક્ષા પાછળનું કારણ એ છે કે અત્યારે વાતાવરણ અશાંત છે, પરિસ્થિતિ તંગ છે. સરકારી તંત્ર આવી પરિસ્થિતિમાં શું કરે છે? રમખાણને કારણે ઊભી થયેલી અશાંત પરિસ્થિતિને કાબૂ કરવા માટે તંત્ર પાસે એક રસ્તો છે કરફ્યૂ. પણ તંત્ર આ રસ્તો અપનાવી શકતી નથી. વાતાવરણ અશાંત છે, પરિસ્થિતિ તંગ છે એની ના નથી પણ એટલી બધી પણ પરિસ્થિતિ વણસી નથી કે કરફ્યૂ નાખવો પડે. પણ જે નાના-અમથા છમકલાંથી, અટકચાળાથી પણ ભયભીત થઈ જાય અને સંપૂર્ણ શાંતિની અપેક્ષા રાખે છે, એનું શું કરવું? સંપૂર્ણ શાંતિની એની અપેક્ષા ખોટી નથી. સંપૂર્ણ

શાંતિ ત્યારે જ સંભવે કે કરફ્યૂ નાખવામાં આવે. તંત્ર એવું માને છે, કે કરફ્યૂ નાખી શકાય એવી પરિસ્થિતિ હજી ઉદ્ભવી નથી. એટલે, સંપૂર્ણ શાંતિની અપેક્ષા પણ ખોટી નથી અને કરફ્યૂ નાખી શકાય એવી પરિસ્થિતિ પણ નથી - આ બે વાતોને એક સાથે મૂકીને ગઝલકારે મિજાજ સિદ્ધ કર્યો છે. આમ, વિરોધી ભાવોને એકસાથે મૂકી આપીને ગઝલકારે આખી ગઝલમાં મિજાજ જાળવી રાખ્યો છે. સુરેશ દલાલ, મુકુલ ચોક્સીની ગઝલકાર તરીકેની વિશેષતા આ રીતે બતાવે છે. "મુકુલ ચોક્સી નીવડેલા છતાંય તાજા ને તાજા એવા ગઝલકાર છે. એ પરંપરા પર કાતર નથી મૂકતા પણ પરંપરાની ગાંઠને હળવેથી છોડીને પોતાની રીતે ગઝલના પ્રદેશમાં પ્રવેશ કરે છે. માત્ર ગઝલ માટે જ સાચું નથી. કોઈપણ સાહિત્યકૃતિ કે કોઈપણ સાહિત્ય પ્રકાર ખુદવફાઈ માંગી લે છે. મુકુલ ચોક્સીની ગઝલ વાંચતા આ ખુદવફાઈની આપોઆપ પ્રતીતિ થાય છે. અવાજને એ બુલંદ કરતા નથી પણ એમના શબ્દલયમાં ધ્વનિનો ઈશારો છે અને વ્યંજનાના ભણકારા છે." (તાજા કલમમાં એ જ કે.... પા. ૦૬)

ગઝલકાર તરીકે મુકુલ ચોક્સીના મિજાજને વ્યક્ત કરતી અન્ય ગઝલનો આસ્વાદ માણીએ. જેથી મુકુલ ચોક્સીની ગઝલપ્રતિભાનો ખ્યાલ આવે.

*આપણી અંદરથી મરી પરવારી ગયેલા કોઈએ,*
*બાગમાં પથ્થર બનીને જન્મ લેવો જોઈએ.*
*સ્વપ્રના ફાનસના અજવાળામાં જેને જોઈએ,*
*ખુલ્લી આંખોના આ અંધાપામાં તેને ખોઈએ.*
*ચાલુ ટ્રેને બારી પાસે બેસવાની વાતમાં,*
*બારીમાંથી કૂદવા જેવું ઝગડતા હોઈએ.*
*આંસુની અધિકૃત વિક્રેતા છે થોડી આંખ આ?*
*ખાત્રીપૂર્વકનું ને જથ્થાબંધ ક્યાંથી રોઈએ!*
*પૂર માટે માત્ર સ્થાનિક વાદળો પૂરતાં નથી,*
*કંઈક ઉપરવાસમાં વરસાદ જેવું જોઈએ.*
*ખાઈ પીને નાહીને કવિતા નથી બનતી હે દોસ્ત!*
*લોહી વહે ત્યારે જ કાગળ વચ્ચે ધરવો જોઈએ.*

આ ગઝલમાં 'કોઈએ', 'જોઈએ' જેવા હમ રદીફ - હમ કાફિયા છે. બોલચાલની ભાષાનો કાકુ (tone) અહીં સાદ્યંત જળવાયો છે અને એટલે જ આ ગઝલના પ્રત્યેક શે'ર આસ્વાદ્ય બન્યા છે.

સંવેદનશીલ વ્યક્તિ ખરેખર અંદરથી જીવતી હોય છે. પણ અંદરથી મરી પરવારેલા વ્યક્તિને બાહ્ય દુનિયાનો સ્પર્શ બહુ ઓછો થતો હોય છે. આવી રીતે મરી પરવારેલી વ્યક્તિ જડ પથ્થર બની જતી હોય છે. આવી વ્યક્તિની જડતા સમાજ માટે ક્યારેક હાનિકારક સાબિત થાય છે. બીજા શે'રમાં ફાનસના અજવાળાની વાત છે. પણ આ અજવાળું સ્વપ્રમાં છે. સ્વપ્ર છે, ફાનસનું અજવાળું છે અને એમાં કોઈનો ચહેરો જોવાની વાત છે. સ્વપ્ર છે એટલે આંખો બંધ હોય એ સ્વાભાવિક છે. બીજી પંક્તિમાં એનો વિરોધી ભાવ રજૂ થયો છે. અંધાપો છે પણ એ ખુલ્લી આંખોનો છે. ટૂંકમાં, અજવાળું ફાનસનું છે અને સ્વપ્નમાં છે અને અંધાપો ખુલ્લી આંખોનો છે. આ વિરોધ દ્વારા ગઝલકાર મિજાજ ઉત્પન્ન કરે છે.

માણસના સ્વભાવ વિશે ત્રીજા શે'રમાં વાત કરી છે. સાવ સામાન્ય વાતમાંથી મોટો ઝઘડો ઊભો કરવાની એને જાણે કે આદત હોય છે. એ આદત ક્યારેક જીવલેણ પણ સાબિત થતી હોય છે. ટ્રેનમાં બારી પાસે બેસવાની વાત અત્યંત સામાન્ય છે. આ સામાન્ય વાતમાં ટ્રેનમાંથી કૂદી જવા જેવું એટલે કે આત્મઘાતી વલણ કોઈ અપનાવે

ખરું? પણ રજનું ગજ કરવાનો જેનો સ્વભાવ હોય એ કોઈ ક્ષણે આવું આત્યંતિક પગલું ભરે પણ ખરો! સામાન્ય વાતમાં જીવ ગુમાવનારા વિશે આપણે રોજબરોજ છાપાંમાં નથી વાંચતા?

આ ગઝલના અંતિમ ત્રણ શે'ર ગઝલકાર મુકુલ ચોક્સીની ઓળખ સમાન છે. 'વિક્રેતા', 'ખાત્રીપૂર્વક', 'જથ્થાબંધ' આ બધા શબ્દો વેપારી ભાષાના છે. એ શબ્દોનો ઉપયોગ દ્વારા આંખની નાજુક સ્થિતિ આપણી સામે મૂકી છે. આંખનું કામ માત્ર આંસુનું જ છે? આંખ જાણે 'અધિકૃત વિક્રેતા' હોય એમ આંસુ સારવાનું કામ જ કરે છે? અથવા તો માણસે એને આંસુ સારવા પૂરતી સીમિત કરી દીધી, એવું નથી લાગતું?

મુકુલ ચોક્સી સુરતના ગઝલકાર છે. ગત વર્ષોમાં સુરતે ભયાનક પૂરનો સામનો કરવો પડ્યો હતો. એ પૂરના અનુભવ સાથે હવે પછીનો શે'ર સરખાવવો જોઈએ. જે વિસ્તારમાં પૂર આવ્યું હોય ત્યાંના સ્થાનિક વાદળોનો એમાં કોઈ હાથ હોતો નથી. સ્થાનિક વાદળોએ વરસાવેલું પાણી તો ક્યાંય વહી જતું હોય છે. ક્યાંક ઉપરવાસમાં ધોધમાર પડેલો વરસાદ સ્થાનિક વિસ્તારમાં પૂર માટે કારણભૂત હોય છે. અહીં આખી વ્યવસ્થા સામે પણ કટાક્ષ છે. સરકારી તંત્રમાં બધું ઉપરથી જ નક્કી થઈ જતું હોય છે. સરકારી તંત્ર દ્વારા લેવાયેલા પૂરરૂપી નિર્ણયનો સામાન્ય માણસે તો સામનો જ કરવાનો રહે છે. સર્જન પ્રક્રિયા સંદર્ભે અંતિમ શે'ર પણ અગત્યનો છે. કવિતા એ કંઈ અંગ-કસરતની તાલીમ નથી. મોટા મહેલમાં બેસીને આરામથી કવિતાનું સર્જન થતું નથી. તમારા લોહીમાં કવિતાનો સળવળાટ થાય છે કે કેમ? તમારા ધબકાર સાથે તમે શબ્દનો ધબકાર ઝીલી શકો છો કે કેમ? લોહી વડે લખવાની જે પીડા છે, એ પીડાનો અનુભવ તમે કરી શકો છો કે કેમ? કવિતાને પીડા સાથે લગાવ છે, પીડા એ કવિતાનો સ્વભાવ છે. એશોઆરામથી કવિતા નથી થતી, લોહી વહેવાની પીડાનો અનુભવ જરૂરી છે.

### ➠ ૧૭.૪ વસ્તુલક્ષી કસોટી

(૧) મુકુલ ચોક્સીની આ બંને ગઝલના છંદનું બંધારણ તપાસો.

(૨) આ બંને ગઝલમાં જે કાફિયાઓનો વિનિયોગ થયો છે, એવા અન્ય કાફિયાઓની યાદી તૈયાર કરો.

(૩) આ બંને ગઝલના કયા કયા શે'રમાંથી તમને મિજાજનો અનુભવ થયો? એની કારણસહિત ચર્ચા કરો.

### ➠ ૧૭.૫ ભાષાકીય સામગ્રીનો અભ્યાસ

(૧) 'મરી પરવારવું' જેવા અન્ય રૂઢિપ્રયોગો આ બંને ગઝલમાં જોવા મળે છે? અર્થસહિત એની ચર્ચા કરો.

(૨) 'કરફ્યૂ' જેવો અન્ય ભાષાના બીજા શબ્દો મળે છે? અર્થસહિત ચર્ચા કરો.

(૩) આ બંને ગઝલમાં ક્યાંય અલંકારનો વિનિયોગ થયો છે? જો થયો હોય તો અની ઉદાહરણ સહિત ચર્ચા કરો.

### ➠ ૧૭.૬ પુનરાવલોકન

મુકુલ ચોક્સીની ગઝલોની સહજ લાક્ષણિક્તા સરળ રીતે થતી અભિવ્યક્તિ છે. બહુ સરળ અને બોલચાલના શબ્દોમાં આ ગઝલકાર ગહન અભિવ્યક્તિ કરે છે. મુકુલ ચોક્સી 'સજનવા'ના સર્જક તરીકે પણ જાણીતા છે. 'સજનવા' રદીફ રાખીને લખાયેલી રચનામાં પણ એ સરળ અને સહજ અભિવ્યક્તિ કરે છે.

જેમ કે :

***'હાથમાં રાખ્યા જીવનભર પેન ને પોથી સજનવા,***
***પણ લખી અંતે જીવનની જોડણી ખોટી સજનવા.'***
***'ટેરવાં માગે છે તમને આટલું પૂછવા સજનવા,***
***આંસુઓ સાથે અવાજો કઈ રીતે લૂછવા સજનવા.'***

સુરેશ દલાલ આ ગઝલકાર વિશે કહે છે. ''એમનું ગઝલવિશ્વ સીમિત નથી. એમની ઉન્માદ ગઝલો, ગઝલનો એક વિશિષ્ટ પ્રદેશ છે. એક જ ભાવને કેન્દ્રમાં રાખીને અનેક ભાવની રમણીયતા પ્રગટ કરતી આ ગઝલો માત્ર મુકુલના જ નહીં પણ સમગ્ર ગુજરાતી ગઝલના સાહિત્યમાં જુદી તરી આવે છે. ક્યારેક એવું પણ લાગે કે 'ઉન્માદ' તકલ્લુસની અવેજીમાં કામ કરતો કોઈ શબ્દ તો નથી ને. મુકુલ પ્રલંબ ગઝલ પણ લખી શકે છે. જેની કલમ ઊંડા શ્વાસ લેતી હોય એ જ કામ કરી શકે. મુકુલે અછાંદસ કાવ્યો પણ લખ્યાં છે. છતાં પણ મુકુલ એટલે ગઝલ એમ જ અંતે કહેવું પડે.'' (તાજા કલમમાં એ જ કે..., પા. ૦૮)

### ૧૭.૭ લેખનપ્રવૃત્તિ

મુકુલ ચોક્સીની અન્ય એક ગઝલ અને કેટલાર શે'રો અહીં પ્રસ્તુત છે. આ રચનાઓનો તમે તમારી રીતે આસ્વાદવાનો-મૂલવવાનો પ્રયત્ન કરો.

*બે'ક હંસો ચાંચ બોળીને ઊડી ચાલ્યા જુઓ,*
*ને સરોવરમાંથી જળ કેવાં ખૂટી ચાલ્યા જુઓ.*

*એકબીજામાં આ પડછાયા ભળી ચાલ્યા જુઓ,*
*ને આ જીવતા માણસો અળગાં રહી ચાલ્યા જુઓ.*

*જે તૂટે ને લાકડા જેવું ય તરતા રહી શકે,*
*વહાણ આખેઆખાં તો પળમાં ડૂબી ચાલ્યા જુઓ.*

*રાહ જોતા'તા સદીથી એક મહેફિલની અમે,*
*ને મળી તો આમ અડધેથી ઊઠી ચાલ્યા જુઓ.*

*કોઈને ગમતા નહોતા તેઓ પણ આજે મુકુલ,*
*અમથું અમથું એક અરીસાને ગમી ચાલ્યા જુઓ.*

* * *

- *'ભલે એ ખેરવે ફૂલો નજર ચૂકવીને માળીની,*
  *ઉદાસી વ્યક્ત થઈ શકતી નથી ક્યારેય ડાળીની.'*
- *'તન જિવાડી રાખતા એક જોશી જેવું હોય છે,*
  *મન કોઈ મરવા પડેલી ડોશી જેવું હોય છે.'*
- *'ખબર પડતી નથી કે કેમ અન્યોને ગમે છે એ,*
  *લખાતું હોય છે જે કંઈ ફક્ત એકાદ જણ માટે.'*
- *'પૂછ્યું મેં કોણ છે? ઉત્તર મળ્યો યયાતિ છે,*
  *ને બહાર જાઉં તો આખી મનુષ્યજાતિ છે.'*
- *'શક્ય છે રાક્ષસ વિષેની સાચી શંકા નીકળે,*
  *રોજ સાંજે એક-બે ઘેટાઓ ઓછાં નીકળે.'*
- *'જ્યાં ભૂલી ગઈ છે હવે જીજીવિષા અમૃત થવું,*
  *શી રીતે રોકું બધી ક્ષણનું અહીં યમદૂત થવું.'*

- ‘નીચે અંધારનો કાળો તમાશો ચાલતો જોઈ,
ઉપરથી સૂર્ય લૂંટાવ્યા કરે તડકાનું પરચૂરણ.’
- ‘ફાડી નથી શકાતું પાનું વીત્યા વરસનું,
મનને છે કેવું ઘેલું આ જર્જરિત જણસનું.’
- ‘જેવા સહજ મળાય ને છૂટા પડાય છે,
એવા સહજ એ ક્ષણ પછી ક્યાં રહી શકાય છે?’
- ‘અશ્વો કદી ન પોતાના અસવાર થઈ શકે,
આથી વધુ તો કોણ નિરાધાર થઈ શકે?’
- ‘બારણાને એમ કે અમથો અહીં,
ટહેલવા આવી ચડ્યો છે ઊંબરો.’
- ‘ત્યાં નદી હોવાનો સંભવ ખૂબ ઓછો હોય છે,
જે નદીકાંઠા ઉપર તું બેસી રહેતો હોય છે.’
- ‘ઊગવામાં જેને કંઈ આનંદ પણ હોતો નથી,
તૂટવાનો ભય કદી હોતો નથી એ ઘાસને.’
- ‘તમે દીવાલને ભૂરાશ પડતા રંગે રંગી કેમ?
હવે આકાશની તમને પડી લાગે છે તંગી કેમ?’
- ‘જેને નદી કહો છો બધા, બીજું કઈ નથી,
અશ્રુની એક ધાર જરા વિસ્તરી ગઈ.’
- ‘કિસ્સો કેવો સરસ મજાનો છે!
બેઉ વ્યક્તિ સુખી થયાનો છે;
- પલ્લું તમારી તરફ નમ્યાનો તને,
મુજને આનંદ ઊંચે ગયાનો છે.’
- ‘એ વર્ષોમાં તો રચાઈ નહોતી ભાષા છતાં
હું બૂમ પાડી બધું બોલતો, ખબર છે તને?’
- ‘સમયની શોધ થઈ તેની આગલી સાંજે
મેં ઈન્તજારને શોધ્યો હતો, ખબર છે તને?’
- ‘ને અંતે બાકી રહી ગયેલી બે’ક વાત કરીશ,
કે હું મહાન રીતોથી જ મુજને મ્હાત કરીશ;
- હું વિષના વાતાવરણ વચ્ચે પાંગરીશ સદા
ને પ્રાણવાયુની ટાંકીમાં આપઘાત કરીશ.’

## ➠ ૧૭.૮ વિશેષ અધ્યયન

મુકુલ ચોક્સીની ગઝલો અને શે'રોમાંથી પસાર થશો તો જુદા પ્રકારના ભાષાકર્મનો અનુભવ થશે. સામાન્ય રીતે ન વપારાત અરુઢ પ્રકારના કાફિયાઓનો વિનિયોગ જોવા મળશે છતાં ભાષા ભારેખમ બનતી નથી. મુકુલ ચોક્સી પ્રમાણમાં ઓછું લખે છે પણ જે લખે છે એ સોંસરું લખે છે. નવા ભાવ સાથે જુદી રીતે અભિવ્યક્તિ કરવી એ એમની ગઝલોની વિશેષતા છે. એમના સમકાલીન અન્ય ગઝલકારો રઈશ મનીઆર, ભરત વિંઝુડા, લલિત ત્રિવેદી, હર્ષદ ત્રિવેદી, સંજુ વાળા, ઉર્વીશ વસાવડા, મહેન્દ્ર જોશી, દિલીપ જોશી વગેરેની ગઝલોનો અભ્યાસ કરવાથી પણ તમારી ગઝલ વિશેની સમજ વિશદ બનશે. ગુજરાતી ગઝલના સમગ્ર પ્રવાહનો પણ ખ્યાલ આવશે.

## ➠ ૧૭.૯ કવિપરિચય

મુકુલ ચોક્સીનો જન્મ તા. ૨૧-૧૨-૧૯૫૯ના દિવસે થયો હતો. એમની પાસેથી 'તરન્નુમ' (૧૯૮૧), 'આજથી પત્રોને બદલે લખજે નક્ષત્રો સજનવા' અને 'તાજા કલમમાં એ જ કે...' (જાન્યુઆરી-૨૦૦૧) સંગ્રહોમાંથી ગઝલો પ્રાપ્ત થાય છે. પિતા મનહરલાલ ચોક્સી પાસેથી ગઝલનું વાતાવરણ વારસામાં મળ્યું હતું. માતા મનુબહેન ચોક્સી પણ પછીથી ગઝલો લખતાં હતાં. વ્યવસાયે મનોચિકિત્સક હોવાને કારણે માનવીય ભાવોની સૂક્ષ્મ અભિ-વ્યક્તિ નવાં કલ્પનો સાથે કરી શકે છે. 'તાજા કલમમાં એ જ કે...' સંગ્રહને ગુ. સા. અકાદમીનું પારિતોષિક મળ્યું હતું. આઈ.એન.ટી. સંસ્થા તરફથી ગઝલક્ષેત્રે પ્રદાન કરવા બદલ 'કલાપી એવોર્ડ' પણ એમને પ્રાપ્ત થયો હતો.

## ➠ ૧૭.૧૦ સંદર્ભ


(૧) ચોક્સી, મુકુલ. તાજા કલમમાં એ જ કે... મુંબઈ. - ઈમેજ પબ્લિકેશન્સ પ્રા. લિ., જાન્યુઆરી, ૨૦૦૧.

(૨) પુરોહિત, રમેશ. ગઝલ ૧૦૧, અમદાવાદ. - નવભારત સાહિત્ય મંદિર, ૨૦૧૬.

(૩) મોદી, ચિનુ. (સં.) ગુજરાતી પ્રતિનિધિ ગઝલો, નવી દિલ્હી. - સાહિત્ય અકાદેમી, ૨૦૦૮.

(૪) રાહી, એસ. એસ., રાજેશ વ્યાસ 'મિસ્કીન' (સં.) અમર ગઝલો, અમદાવાદ. - આર. આર. શેઠ એન્ડ કંપની પ્રા. લિ., જાન્યુઆરી, ૨૦૧૬.


❒